ગૃહવાચનને યોગ્ય

સ્ત્રીઓની રંગભૂમિ.

કર્તા

મણિલાલ છબારામ ભટ્ટ.

રાયપુર પંડિતજીની પોળ,

અમદાવાદ.

છાપી પ્રસિદ્ધ કરનાર.

હરિભાઈ દલપતરામ પટેલ.

ઠે. શાહપુર—અમદાવાદ.

સોલ એજન્ટ:-

હરગોવનદાસ હરજીવનદાસ બુકસેલર.

ઠે. પાનકોર નાકા—અમદાવાદ.

આવૃત્તિ. ૨ જી. પ્રત ૧૦૦૦

સંવત ૧૯૭૮ સને ૧૯૨૨

કીંમત. રૂ. ૨-૮-૦

અમદાવાદ—શાહપુર વનમાળી વાંકાની પોળમાં [illegible]
[illegible] પોતાના "[illegible]" પ્રેસમાં

પ્રસ્તાવના.

આ લેખ છુટક છુટક " સમાલોચક " માં આગળ આવ્યો હતો. મિત્રોએ તે પૂરો કરવાની ઇચ્છા બતાવી અને તેમની ઇચ્છાને આજ્ઞા ગણી આજ તે પૂરો કર્યો. ' કેવો થયો છે ' તે મારે કહેવાનું નથી. હું તો વાચનારને પસંદ પડશે તોજ લખ્યું સાર્થ ગણીશ.

જિજ્ઞાસા ઉત્પન્ન કરવી અને ટુંકામાં માત્ર જુદી જુદી વિદ્યાઓની દિશા દર્શાવવી એ મારો હેતુ હતો અને અદ્યાપિ પણ એજ છે. વિશેષ જાણવા ઇચ્છનાર માટે તે તે વિષયોના ખાસ ગ્રન્થો વિદ્વાનોએ લખેલા છે તે જોવા જોઇએ.

વાચનારને વિનંતિ છે કે, ઉમેરવા કિંવા કાઢી નાખવા જેવું જણાય, તે મને જણાવવા કૃપા કરવી એજ

અમદાવાદ. | લિ.

આષાઢી પૂર્ણિમા. | મણિલાલ છબારામ ભટ્ટ.

સંવત. ૧૯૭૪

અનુક્રમણિકા.

પ્રકરણ.	વિષય.	પૃષ્ઠ.
૧	ભણવાની ભાવના.	૧
૨	રસાયન.	૨૧
૩	ચિત્રકળા ને નાચ.	૩૪
૪	ઘર ચલાવવાની ચતુરાઇ.	૪૩
૫	સતી ચરિત.	૫૭
૬	ભૂગોળ.	૭૪
૭	સતી સાવિત્રી.	૮૯
૮	શહેર ને ગામનું જીવન.	૯૯
૯	શકુંતલા.	૧૦૯
૧૦	વનસ્પતિવિદ્યા.	૧૧૫
૧૧	આપણો સંસાર.	૧૨૧
૧૨	સંસારની રચના.	૧૩૦
૧૩	ગૃહસ્થાશ્રમ.	૧૩૮
૧૪	વિવાહ વિધિ.	૧૪૫
૧૫	સ્ત્રીઓ લોકચરિતને ઘડે છે.	૧૫૪
૧૬	સ્ત્રીઓએ કેવાં થવું જોઇએ.	૧૬૦
૧૭	સાસરવાસ.	૧૮૭
૧૮	દમયંતીની કથા.	૨૦૨
૧૯	દરિયાની સહેલ.	૨૨૪
૨૦	નિયમ અને વ્યવસ્થા.	૨૪૦
૨૧	શરીર સંબંધી જ્ઞાન.	૨૫૯
૨૨	ગ્રહવૃ—ખગોળ.	૨૭૯
૨૩	ઇતિહાસ.	૨૯૩
૨૪	આપણો ધર્મ.	૩૦૬
૨૫	રાજ સંબંધી કંઇક.	૩૨૩

અર્પણપત્રિકા.

આનંદભાભી,

મિસિસ. ચુનીલાલ કેશવલાલ દવે,

એમને

‘અમર છે ગુણ તે ગુણને અહી
ગુણકથા કરૂં અર્પણ આ સહી.’

મણિલાલ છબારામ ભટ્ટ.

સ્ત્રીઓની રંગભૂમિ.

સ્ત્રીઓની રંગભૂમિ

યા

ગૃહશિક્ષણ.

પ્રકરણ ૧ લું.

ભણવાની ભાવના.

મુંબાઈ ભુલેશ્વર લત્તાના એક મોટા માળામાં આશરે બેએક વાગે તાર ઑફિસના એક સિપાઈએ દાદરે ચઢતાં બુમ મારી કે, ‘ રામદાસ નારણદાસ કૌન હૈ. ’

પહેલા માળના દિવાનખાનામાંથી બહાર નિકળી એક સ્ત્રી બોલી કે, ‘ માળપેં દેખો. કયા હૈ? ’

‘ ઉન્હોંકા તાર હૈ. ’

‘ તાર ’ શબ્દ સાંભળતાંજ સૌએ પોતપોતાના બારણામાં આવી બહાર જોયું અને સિપાઈ ઉપર ગયો તેની પાછળ માળાની કેટલીક સ્ત્રીઓ ત્રીજે માળ રામદાસશેઠના દિવાનખાનામાં ગઈ. શેઠાણી હરકોરે તારને હાથમાં લીધો અને છોકરીએ સિપાઈએ બતાવ્યું તે ઠેકાણે સહી કરી આપી, એટલે તે પોતાને રસ્તે પડ્યો.

તારવાળો સિપાઈ ગયો ત્યાર પછી તો ઘણીક સ્ત્રીઓ એક બીજીને પડાપુછ કરતી કરતી ઉપર ચઢી આવી. આખો

માળો જાગ્રત થઇ ગયો. બપોરનો વખત હતો, પુરૂષ વર્ગ ચાકરી ધંધે ગયેલો હતો અને માળામાં સર્વત્ર સ્ત્રીઓજ હતી. તારની વાત સાંભળીને કોઇ ઉંઘતી ઉઠી ઉપર ગઈ, કોઇ ચોટલો વાળતી ઉપર ગઈ અને કોઇ બહાર કાઢેલાં કપડાં એમનાં એમ કબાટમાં હડસેલી ચાવીઓ રમાડતી રમાડતી ઉપર ચઢી ગઇ.

દિવાનખાનામાં પેસતાં દરેક જણી પુછતી કે, 'અલિ! કોનો તાર છે ?' કોણુ જવાબ આપે ? હરકોરશેઠાણી હાથમાં તાર લેઇને ઉભાં હતાં. તેમની આગળ પાછળ બધી વિંટાઇ વળી, કોઇ કહેવા લાગી કે, 'શાનો હશે, વંચાવોને ? કોઈ વાંચનાર છે કે નહિ ?'

કોણુ વાંચે ? માળામાં કોઈ આટલું ઇંગ્રેજી ભણેલી નથી ?' શેઠાણીએ અધીરા મનથી ઉત્તર દીધો.

'હમણાં મારા દિયરજી કલાકની છુટીમાં આવ્યા હતા તે ગયા.' 'હમણાંજ મારો રમુ ગયો, સિપાઇને સામો બી મળ્યો હશે' અને 'હમણાંજ થોડી મિનિટ ઉપર મારા ઘર-માંથી સુઈ ગયા હતા તે બહાર ગયા,' એમ ભેગી થયેલી સ્ત્રીઓએ પરસ્પર ઉત્તર વાળ્યા. કોઈ બોલી કે, 'પણુ તાર તો બા વંચાવો. શાનો હોય કે શાનો નહિ. સાંજના પાંચ છ વાગે પુરુષો ઘેર આવે ત્યાં સુધી તાર જેવી ચીજ, વગર વં-ચાવ્યે રાખી મુકવાની હિમ્મત કેમ રહે ?' ટોળામાંથી ડહા-ઇઓ બોલી કે, 'ના પરાયાની પાસે વંચાવાય નહિ. કોઇ સમજ્યો ન સમજ્યો 'નવનું તેર વેતરી નાંખે' મન મારીને સાંજ સુધી બેસી રહેવું તે સારૂં, પણુ રસ્તાના જનાર પાસે

તો વંચાવાય નહિ.'

ભેગી મળેલી સ્ત્રીઓ વાતને જેમ મનમાં આવે તેમ ચર્ચવા લાગી, તે ઉપરથી હરકોરશેઠાણીના મનમાં કંઈને કંઈ અનિષ્ટની ખોટી લાગણી થઈ આવી.

સ્ત્રીઓનાં હૃદય કોમળ હોય છે. તેઓ સારા કરતાં માઠાને બહુ વાંચે છે. શેઠાણીને પોતાનાં સગાંસાગવાંનું માઠું મનમાં વસ્યું. તાર ચંચવાળતાં તેમની આંખમાં પાણી ભરાઇ આવ્યાં. માની આંખમાં પાણી જોઇ દીકરી ગળગળી થઇ ગઇ, ને બોલી કે; ' બા ! કોઈની પાસે વંચાવને ત્યારે ! માળામાં કોઇ બાઈડી આટલું ઇંગ્રેજી ભણેલી નથી ?'

' નહિસ્તો ! બધીઓ બૂટ ને પોલકા પહેરવામાં તૈયાર ! વરની સાથે બહાર જવું અને જાંગલી ફેશને ફરવું એજસ્તો! મડમ સાહેબ બનવા સૌ તૈયાર, પણ કોઇને આટલું ઇંગ્રેજી આવડે છે ? માળામાં સુધરેલીઓ અને ફેશનેબલ મડમો જોઈએ તો અરધી કોડી નિકળે, પણ કોઇ અત્યારે તાર વાંચવા બહાર પડે છે ?' એક ગોદાવરી નામની આધેડ બાઇએ આ પ્રમાણે ટીકા કરી.

' ગોદાવરી બહેન ખરૂં કહે છે. ઠઠારો જોઇએ તો મડમનો અને ઇંગ્રેજીનો તો હરફે આવડે નહિ. અલિ ! માણેકવહુ ! કેમ તું કંઈ બોલતી નથી ? તું તો બહાર જતાંએ હાથમાં ચોપડી રાખે છે.'

' ચોપડી દેખાડવાની, ભભકાની, કોઇ ન ભણેલી હોય તેને આંજી નાંખવાનીસ્તો ' બીજીએ માણેક ઉપર ટકોર કરી.

'ત્યારે ગુલાબ ક્યાં ગઈ ? એને પુછોની, આટલું આવડતું હોય તો ! ગુજરાતી તો, બહુએ ચીપીચીપીને બોલે છે.'

'ઠાલી ઠકરાઇ ! બૂટ સ્ટોકિંગ પહેરનારીઓ ઉપર આ પ્રમાણે કેટલીક જણીઓએ ટીકા કરી, તેથી તેઓ મનમાં બળી ગઇ, પણ શું કરે ? માણેક, જે મડમના જેવો ઠકારો રાખવામાં અને ગુલાબ જે પાંચ છ ગુજરાતી ચોપડીઓનું જ્ઞાન બતાવવાને આખા માળામાં મોટી પંડિતા જેટલી મગરૂરી અને ઇસ્કાઈ રાખતી હતી તે, આ ટીકા સાંભળી બળી ગઇ. શેઠાણી બોલ્યાં કે, 'હશે, એવી ટકોર ને ટીકાઓ જવા દો. મારો જીવ ઉંચો થયો છે. તાર લઇ મારા ભાઇને ત્યાં જાઉં. હમણાં વંચાવી પાછી આવીશ.

'પણ બા, મામાએ ઘેર નહિ હોય !'

'ખરી વાત, હરકોરબહેન.' ગોદાવરીએ ટેકો આપ્યો.

'ત્યારે શું કરવું ?મને કંઇ સુઝતું નથી ? તારમાં શું હશે અને તે કોનો હશે ?' આટલું બોલતાં બોલતાં શેઠાણીનું મોં ઉતરી ગયું. ભેગાં થયેલાં સૌ ગમગીન થઈ ગયાં.

'હરકોરકાકી ! ત્યારે ઉભાં રહો. હું મારાં ભાભીને બોલવું. એ તાર વાંચી આપશે.' એક છોકરીએ ટોળાની વચમાં આવી શેઠાણીને કહ્યું.

'અરે અમસ્તી ! ચલ ખસ છોકરી.' ગુલાબે તેને આઘી ખસેડી, પણ શેઠાણીએ આતુરતાથી કહ્યું કે, 'ત્યારથી ક્યાં ગઈ હતી બેટા ! ઝટ બોલાવી લાવને !

'આ આવી. બોલાવી લાવું છું.' છોકરી દોડતી દોડતી

તેની ઓરડી તરફ ગઈ, એટલે માણેક બોલી કે, ' કહેતા બી ફિવાના ને સુણતા બી દિવાના ' સાંભળ્યું મોંઘી બહેન ! પેલાં ચંદા તાર ઉકેલશે ! ગરીબ બિચારાંને બોલતાં તો મોંઢે ફાકા પડે છે. '

" અરે તાર ઉકલે એટલાં પાણી હોય, તે છાનાં રહે ? ' અમસ્તી, બિચારીની મશ્કરી થશે ! છોકરી ગુજરાતી કાગળપત્તર સમજી હશે. ' ગુલાબે હસીને ટકોર કરી.

' મુંબાઇ કે હાલ ચાલતા સુધારાનો વા વહાયેલો હોય એમ જણાતું નથી. ગામડેગોઠડે રહેલી, બિચારી ભલી સ્ત્રી છે. જાણી બુજીને તેની મશ્કરી કરવામાં શો માલ ? ' માણેક નાગરિક અભિમાનમાં હસી.

' હશે, હમણાં જણાશે. આપણને વળી એક નાટક જોવાનું મળશે ' મોંઘીએ ઉત્તર આપ્યો. સૌ આતુરતાથી ચંદાની રાહ જોવા લાગ્યાં.

છોકરી દોડતી પાછી આવી એટલે માણેકજ અધીરાઇથી બોલી કે, ' કેમ અલિ ! તારી ભાભી ક્યાં ગયાં ? મોંઘાં થય છે કે શું ? ' તેણે આડું જોઇ મુખ મરડી મશ્કરી કરી.

' ના, વાસણ માંજતાં હતાં તે હાથ ધોઇને તરત આવે છે. ' તેણે જવાબ આપ્યો; એટલામાં તેમની અધીરતા વચ્ચે ચરકામનું છાયલ પહેરેલી સાદી ચંદા આવી લાગી. તારવાળો હાથ તેની તરફ લાંબો કરી, હરકોરશેઠાણી ટોળામાંથી આગળ વધી સામાં ગયાં.

ભેગી થયેલી સુધરેલીઓ હવે બહુજ આતુર થઇ જોવા

લાગી. શું થાય છે, ને ચંદાની કેવી મજાક ઉડે છે, તે જોવાને કેટલીક તેની આસપાસ ફરી વળી. ચંદાએ તેમની તરફ ન જોતાં હરકોર શેઠાણીના હાથમાંથી તાર લીધો. પરબીડીયું ચીરી નાખી તારના કાગળની ગેડ ઉકેલી હસી. હરકોર બોલ્યાં કે 'ચંદાવહુ ! બોલને શું છે ? ઝટ બોલ, ઉકલે છે કે અમસ્તીજ ? મારા જીવને કંઈ કંઇ થઈ જાય છે.'

'કેમ ઉકલે નહિ કાકીજી ? પેંડા મંગાવો ત્યાર પછી તાર સંભળાવાશે.' ચંદાએ હસીને જવાબ આપ્યો, અને પેલી સુધરેલી ટચાકડીઓના ગાલ ઉપર શેરડા પડી ગયા.

'હમણાં મંગાવીશું. બોલ તો ખરી, શું છે ?!'

ચંદા—જુઓ—અમરેલીથી શેઠ વૃંદાવનદાસ ભૂખણદાસે તાર મુકાવેલો છે. અહિં મારા કાકાજીના નામ પર આવેલો છે. અંદર લખ્યું છે કે—" જમનાંએ આજ પરોઢીએ છોકરાને જન્મ આપ્યો છે, અને મા દીકરો બેઉ સારાં છે."

શેઠાણી હસ્યાં અને છોકરી બોલી કે વધાઇ ! મારાં મોટાંભાભીને છોકરો આવ્યો.'

'તમે ફોઈ થયાં !' ગોદાવરીએ હસીને કહ્યું. હરકોર શેઠાણી બોલ્યાં કે 'હવે તો સૌ બેસો, હું ગોળધાણા લાવું, તે લઈને જાઓ.'

'ગોળધાણા તો એ છોકરાનું વેવાઈસાળ કરો ત્યારે વહેંચજો કાકીજી ! આજ તો પેંડા અથવા સાકર હોય.' ચંદાએ જતાં જતાં કહ્યું ગોદાવરીએ બોલાવી, ત્યારે તેણે જવાબ દીધો કે, 'મારે ઘણું કામ પડયું છે, અને વખત થઈ

ગયો છે. મારાં નણંદને ગોળધાણા અપાવજો એટલે બસ !

' તમારે ઘેર ઘાટી નથી કે શું સુમન ?' માણેકે ધીરેથી પુછયું.

' છે, પણ મારાં ભાભી તો દર ત્રીજે યા ચોથે દિવસે બધાં વાસણ પોતે જાતેજ માંજી નાંખે છે. '

ગોદાવરી-ઘાટીને વાસણ આપ્યા પછી તમે કદી તપાસી પણ લ્યો છો ?

' ના ના નહિજ. ઘાટી રાખીએ અને પાછા હાથ ઘસીએ એવાં કંઇ અમે ઘેલાં નથી ! '

ગુલાબનો આ જવાબ સાંભળી ગોદાવરી આકળાં થઈ બોલ્યાં કે, ' બહુ ડાહ્યાં, આ તમારી ચતુરાઈને વિદ્યા જણાયાંને ! વગર ગાંડાંએ ગાંડાંજ સ્તો ! ટાપટીપ તો આવડેસ્તો, એમાં શું ? ઘરનાં કામ આવડે છે ? વખત જેવું બોલતાં આવડે ત્યારે ડહાપણ ? મોટી મોટી વાતો ને ગર્વના બોલ બોલીશ માં, મારાથી કંઈક કહી જવાશે અને તને રીસ ચઢશે.'

હરકોરશેઠાણીએ પતાસાં આપી સૌને ગળ્યું મોં કરાવ્યું ને પાન ખાવા બેસાર્યાં. પાન કરતાં કરતાં હરિગંગા બોલ્યાં કે હરકોરબહેન ! આ તો રતન જેવી બાયડી દેખું ! આપણે તો આટલું બધું નહતાં જાણતાં. અહો ! સાદો ગુજરાતી પોષાક અને થોડું બોલવું ! વાહ ! આપણે તો સમજતાં હતાં કે-હશે કોઈ પણ ખરેખર ઉસ્તાદ બાઈડી. સપાટાબંધ તાર વાંચી નાંખ્યો. ઈંગ્રેજી સારૂ ભણ્યાં હશે. ' સુધરેલીઓ સામું જોઈ-' આ બાઈઓ ચંદ્રાનું નાટક જોવા તૈયાર થઇ હતી પણ કોનું

નાટક થયું ?' જુઓને સૌનાં મોં કેવાં લોઠાં પડી ગયાં. એણે તાર વાંચ્યો ને મારી માણેકવહુની આંખમાં તો ઝળઝળીયાં આવી ગયાં, કેમ માણેકવહુ ! તમારાં બુટસ્ટોકિંગની કિમ્મત અંકાઈ કે ચંદાના ઉઘાડા પગ પૂજાયા.' જોયું કે, 'ગુણને આપ્યાં બેસણાં ને રૂપને કર્યા જુહાર.'

માણેકનું ઉપરાણું લઈ શેઠાણી બોલ્યાં કે, 'માણેકને શું છે ? સર્વે બૂટસ્ટોકિંગ અને પોલકાં પહેરે છે ? આજની કયી મુંબાઇગરીને ઇતરાટ નથી ? ન ધણીનું ગજુ જોવું, ન પોતાની આવક જોવી અને દેખાદેખી આખા ગામની કરવી. એજ આજની વહુઓ સમજી છે. 'ફલાણીને જીકની સાડી ને મને નહિ, બસ કરાવો.' આ બોલ કયી બાઇડી નથી બોલતી ? ધણીને માણુમાણ પુરૂં થાય એટલો પગાર મળતો હોય, તેમાં બાઇસાહેબને શેઠાણી થવું, આ તે કોના ઘરની વાત ? ખાવું પીવું ને તાગડધીન્નાં કરવાં, એજ ભણ્યાં તેમાંથી સમજ્યાં. બા, મુંબાઇનાં બૈરાંનું હવે ઝાઝા દહાડા નીભવાનું નથી તો ? ઠાલી ઠકરાઈમાં તો સોનાનાં નળિયાં હોય તેએ ઉતરી જાય ? 'બે આનાની છિંટ અને છ આના સિલાઈ !' જુઓને કેવો કળિજુગ આવ્યો છે ? ભાયડો બિચારો શું રળે ? મુંબાઈમાં ભાયડાઓનાં શરીર ગળી જાય છે તે આવી ને આવી ઢુગ્ધાઓમાં તો ? બાઇ સાહેબને શું ? બે પતેલીઓ ઉતારીને ખવરાવ્યું એટલે આખો દહાડો નવરાં ! વાતો કરવી, સોગટાં ટીચવાં સહેલસપાટા મારવા અને સારા ખોટા પરવેષના વાદ લેવા બેસતો !

હાય, હાય, મારૂં બધું ઘરેણું ગયું ! કોઇ સિપાઈને

સિપાઈને બોલાવોરે ! બોલાવો ! ' માળામાં એક તરફ રહેતી નર્મદા નામની સ્ત્રીએ બૂમ પાડી અને સઘળાં બૈરાં દિવાનખાનામાંથી ફ્રડી પોત પોતાનાં ઘર સંભાળવા ગયાં.

સાંજના ચાર વાગ્યા, અને નર્મદાને ત્યાં થયેલી ચોરી બાબત દિલગીરી બતાવી સૌ પૌતાના ઘર તરફ વદાય થયાં. માત્ર જમનાં નામે એક સાદી સ્ત્રી ચંદાગૌરીને ઘેર ગઇ.

આ વખતે ઘરકામથી પરવારી તે તેની નાની નણંદ સુમનનો ચોટલો વાળવા બેઠી હતી. જમનાં શરમાતી શરમાતી અંદર પેઠી. આદરથી તેને બોલાવી ચંદાગૌરીએ પોતાની સામે ખુરસી ઉપર બેસવા કહ્યું. પરંતુ તે નીચે સેતરંજી ઉપરજ બેસી ગઇ. ચંદાના ઘરની સફાઇથી ખુશ થઈ આમ તેમ જોઇ તે બોલી કે, ' ચંદાબહેન ! તમે તો જેવાં ઘરકામમાં હોંશિયાર છો તેવાંજ ભણેલાં ગણેલાં પણ છો ! વાહ મેં તો આજેજ જાણ્યું. '

બીજી હલકી સ્ત્રીઓની માફક પોતાનાં વખાણ સાંભળી ફુલાઇ ન જતાં, ચંદાગૌરી જમનાંના શબ્દો સાંભળ્યાજ ન હોય તેમ થોડીવાર ચૂપ રહી પછી બોલી કે, ' હાં હાં, જમનાં બહેન ! નર્મદાનાં ઘરેણાંનું શું થયું ? કંઈ પત્તો લાગ્યો કે નહિ ? '

જમનાં—આવા મોટા શહેરમાં પત્તો લાગે ? ગયું તે ગયુંજ ! આજની ઘડી ને કાલનો દહાડો ! ' પત્તો શાનો લાગે ! હરકોરકાકીને ત્યાં તાર સાંભળવાને ઉઘાડાં બારણાં મુકી ઉપર આવી તેની એને શિક્ષા થઈ. ઘરની કાળજી ન રાખે તેને એમજ થાય તો !

'ખરૂં છે. બૈરા માણુસે રૂંવેરૂંવે જીવ રાખવો જોઇએ. પોતાનું ઘર મૂકી પારકે ઘેર ભટકવાની રીતજ સારી નહિ. સંસારમાં બાઇડી ઓરડાનું અજવાળું કહેવાય છે. કામકાજે કહિં જવું પડે તો ઘરનો બંદોબસ્ત કરીને જવું જોઇએ. શું બધાએ દાગીના ગયા?

'બધાએ. ચોર કઈ સગો હતો કે એકાદ બે એને પહેરવા માટે રહેવા દે? કબાટના કાચ ભાગી ખાનું ખેંચી કાઢી પેટીજ આખી ઉંચકી ગયો. લુગડું લત્તું લીધું નથી.

ચંદા–શહેરના ચોર તો સોનું રૂપું ચોરે, વાસણ કે અનાજ ચોરે નહિ.

તે પછી સુમને સઘળી હકીકત મીઠી વાણીએ ધીરેથી કહી સંભળાવી અને જમનાંએ અંદર અંદર તેમાં ટાપસી પુરી. ચંદાગૌરીએ એટલામાં મઝેનો અંબોડો ગુંથી કાઢયો. જમનાં તે જોઇને બોલી કે, સુમનબહેનના ધન્યભાગ કે આવાં રૂડાં ભાભી મળ્યાં છે. જયારે જોઇએ ત્યારે એમનો અંબોડો નવીન રીતે ગુંથેલો હોય! ચંદાબહેનને સૌ આવડે, અમે રડયાં બોથડ તે કંઈએ આવડે નહિ.

જમનાંને પોતાને કંઇ આવડતું નથી, એવો ખેદ પામતી જોઇ ચંદાગૌરી બોલી કે 'જમનાંબહેન! તમે શા માટે દિલગીર થાઓ છો! મને શું આવડે છે? સ્ત્રીઓ તો કેવી કેવી ચતુર અને આવડવાળી હોય છે. ઘરકામ કરવું, રસોઈ બનાવવી, સરસામાનની વ્યવસ્થા રાખવી, હરેક વસ્તુને સંભાળીને સાફસુફ કરી તેની જગાએ ગોઠવવી, ઘર આંગણું સુશોભિત

રાખવાં, ભરવું, સિવવું, ગુંથવું, બોલવું, ચાલવું, વાતચીત કરવી, હસવું, શણગાર સજવા, સફાઈ રાખવી અને માથું ગુંથવું, એવી એવી ઘરગતુ આવડતો આપણે બૈરાં માણસે અવશ્ય જાણવી જોઈએ. જગતમાં સુંદરતાની રાણી, આપણે સ્ત્રીઓજ છીએ. જે કંઈ નાજુક, સુંદર અને મજેનું હોય તે આપણું છે. આપણને જે ન આવડે તે આપણું નહિ અને આપણે એટલાં અજ્ઞાન! માણસ ઈચ્છે તો શું ન કરી શકે? જગતમાં આપણે જે કંઇ જોઈએ છીએ, તે બધું માણસનું કરેલુંજ છેને? જમનાંબહેન! તમે શું જોયું, સાંભળ્યું છે? સાહેબ લોકોની સ્ત્રીઓ કેવી ભણી ગણી હુન્નરકળામાં પાવરધી હોય છે. એમના દેશમાં સ્ત્રીઓને નાનપણથી એવી જાતની કેળવણી આપવામાં આવે છે. ચિત્રકામ, ફૂલઝાડ ઉછેરવાં અને ગાવું બજાવવું, વગેરે બધું કન્યાઓને નિશાળોમાં શિખવાય છે'

આ બોધથી ગદ્‌ગદ્ થઈ જઇ જમનાં વચમાંજ વિનયથી બોલી કે, ચંદાબહેન! તમારૂં કહેવું અક્ષરે અક્ષર ખરૂં છે. ને મને ગમે છે. આપણે એ બાબત જાણવી જોઇએ. એવું એવું ન આવડે, એટલી આપણી અનાવડજ કહેવાય.

ચંદાગૌરી—જુઓ ત્યારે, માથું ગુંથવું એમાં હોશિયારી શી! આપણા પોતાના કેશ આપણે ન સમારીએ, તો કોણ સમારે? મુખ ઉપર વાળ લબડે અને માથું ગંધાય, તે શું સારૂં? માથાની અવ્યવસ્થાને લીધે કેટલીએ રૂપાળી બાઈડીઓ કુવડ જેવી લગે છે.

જમનાં—હા, આપણા સાળામાં પણ બે ત્રણ જણીઓ

એવી છે. આખો દિવસ આમ તેમ ફરે અને લટિયાં ફગફગે ચોટલોજ વાળે નહિ. ખરેખર ચંદાબહેન ! એ કળા આવડવી જોઇએ. સારો મજેનો અંબોડો વાળ્યો હોય તો ગમે તેવું મોઢું પણ ઠાવકું અને રૂપાળું લાગે. માથાં હોળવાંચોળવાં અને ગુંથવાં એમાં બહુ ચતુરાઇ જોઇએ છીએ.

ચંદાગૌરી–જમનાંબહેન ! ખરૂં છે કળા માત્ર વખતે કામની છે. કામ પડ્યું ન હોય ત્યાં સુધી આવડની કિમ્મત સમજાતી નથી. કેશ સમારવાની કળા કોઇને અમસ્તી ટાપ-ટીપ જેવી નકામી લાગે. પણ એમ નથી.

સુમન–ભાભી ! એ કળા શા કામની, મારા જેવી નાન-કડી નણંદો રીઝાવાય, એજ કે બીજી ?

ચંદાગૌરી–એય ખરીને ! તમે રીઝયાં તે પણ અમને તો કામનાંને, જુઓ, તમે પણ સાંભળો. માથું ગુંથવાની કળા કેવી કામ લાગે છે તે કહું.

દ્રૌપદી–સૈરંધ્રી બની–

ભરતખંડમાં ગંગાજમનાના પ્રદેશમાં પૂર્વે ચંદ્રવંશી રાજાઓનું એક મોટું રાજ્ય હતું. કાકા કાકાના છોકરાઓમાં તે મહારાજ્ય વહેંચાઇ જવા છતાં, ધૃતરાષ્ટ્ર રાજાના સો છોકરા, કે જેમને કૌરવો કહેવામાં આવતા તેમને, તેમના કાકા પાંડુ-રાજાના પુત્રો પાંડવો ઉપર અદેખાઈ રહી. કૌરવોનો વડો ભાઈ દુર્યોધન અનેક રીતે પાંડવોનું રાજ્ય પડાવી લેવાની પેરવી કર્યા કરતો. પાંડવો સત્યવાદી, શૂરા અને એકવચની હતાં. દુર્યોધન પોતાની ધારણામાં ફાવતો ન હતો, એટલામાં શકુની સામે

તેના મામાએ કહ્યું કે 'બાપુ! યુધિષ્ઠિરને જુગટું રમવા બોલાવ. છળભેદથી હું તને જીતાડી પાંડવોને હરાવી આપીશ. જ્યાં બળ ચાલે એવું ન હોય ત્યાં છળથી સ્વાર્થ સાધવો એ પણ રાજનીતિ છે. યુક્તિ કરવાથી તું એમનું રાજ્ય મેળવી શકીશ.' દુર્યોધને મામાની સલાહ પ્રમાણે પાંડવોના મોટાભાઈને જુગટું રમવા બોલાવ્યા.

બેઉનું સારૂં ઈચ્છનારાં વડીલોએ જુગટું રમવાની ના કહી છતાં કૌરવ પાંડવો તે રમવા બેઠા. શકુનિએ રમતમાં દગલબાજી ખેલવા માંડી. આખરે યુધિષ્ઠિર રાજા એવી સરતે હાર્યા કે, રાજ્યપાટ છોડી બાર વર્ષ વનમાં રહેવું અને તેરમું વર્ષ કૌરવોને ખબર પડે નહિ તેમ ગુપ્ત રહેવું. તેરમા વર્ષમાં કૌરવો તેમને શોધી કાઢે તો ફરી અજ્ઞાતવાસમાં રહેવું. શકુનિની દગલબાજીથી યુધિષ્ઠિર રાજા બાજીમાં હાર્યા અને દુર્યોધને સર્વસ્વ લઈ લીધું. વિજયથી ઉન્મત્ત થયેલા કૌરવોએ પાંડવોનું સર્વસ્વ લઈનેજ સંતોષ લીધો નહિ, પરંતુ માતાના ઠેકાણાનાં મોટાં ભાભી દ્રુપદ રાજાની પુત્રી—દ્રૌપદીને સભામાં આણી તેમનાં વસ્ત્ર ખેંચી કુળને કલંક લગાડયું. શ્રીકૃષ્ણે દ્રૌપદીની લાજ રાખી, પણ કૌરવોને કાળાટીલી આવી. વડા ભાઈને વચને બંધાયેલા પાંડવો, રોતાં ને કકળતાં સ્નેહીઓને મૂકી વનવાસ નિકળ્યા. જેણે સૂર્યનાં કિરણ પણ નહિ જોયેલાં એવાં મહારાણી દ્રૌપદી અડવાણે પગે પતિ સાથે વનવાસ જવા નિકળ્યાં. મહા મહા સંકટ વેઠતા પાંડવો મહારાણી દ્રૌપદી સાથે વને વન ભટકવા લાગ્યા. વનમાં અનેક જાતનાં દુઃખ પડયાં છતાં બહુ હિમ્મતથી બાર વર્ષ, એક ઠેકાણેથી

બીજે ને બીજેથી ત્રીજે વસતાં અને કષ્ટ વેઠતાં ગાળ્યાં પણ જ્યારે તેરમું વર્ષ અજ્ઞાતવાસમાં રહેવાનું આવ્યું ત્યારે સૌને મોટી ફિકર ઉત્પન્ન થઈ. એક પછી એક પાંચે ભાઇઓએ જુદે જુદે વેષે વિરાટ રાજાને ત્યાં રહેવાનો ઠરાવ કર્યો, પણ રાણી ક્યાં રહે ? સ્ત્રીજાત એક વર્ષ દિવસ ઓળખાય નહિ તેમ શી રીતે રહેવું ? યુધિષ્ઠિર રાજાએ સૌ ભાઇઓને પૂછયા પછી દ્રૌપદીના સામું જોયું. તેમની આંખમાંથી આ વખતે આંસુની ધાર ચાલી રહી.

યુધિષ્ઠિર રાજાની એ વખતની દયાજનક સ્થિતિનું વર્ણન કરતાં કહેલું છે કેઃ—

“ દ્રૌપદીને દેખીને રાજા આણે અશ્રુપાત
ઘડા જેવડું માણેક માનિની, કયમ રે’, છાની જાત ?
પુરૂષતણી સૌ વાત પાધરી, જયમત્યમ કરી દિન વ્હેશે
પરણ્યૂ પરવશ પડી પ્રેમદા, કેઈ પેરે દિન લેશે.
અમો અણછતા અળગા રહીશું, નહિ બોલાયે વાણ્;
કંદર્પ કોટીકળા કામિની, મુખશોભા શશી ભાણ્.
તે દુઃખ માંહે આ દુઃખ મોટું, કયમ સ્ત્રી છાની રહેશે;
સુઝે તેમ કહે લોક બહિર્મુખ, કુડા બોલ કયમ સહેશે.
આમ વિચારે દુઃખ ધરી રાજા, મૂકે મુખ નિશ્વાસ;
નયણે ધારા નિરખી રાણી, આવ્યાં રાયની પાસ.

લજ્જારામ.

જમનાંનું હૃદય પણ ભરાઇ આવ્યું. તે બોલી કે, ચંદ્રા બહેન ! અરેરે ! મહારાણીની એ દશા ? હાં, પછી શું થયું ? ઝટ કહો.

ચંદા—રાજાની આંખમાં આંસુ જોઇ રાણી બોલ્યાં કે મારે માટે તમે ફિકર કરશો નહિ. તમે બધા જેમ જુદો જુદો વેષ લઇને વિરાટ રાજાના દરબારમાં રહેશો તેમ સૈરંધ્રી નામ ધારણ કરી હું પણ વિરાટના અંતઃપુરમાં દાસી થઇ આપની આંખ નીચે રહીશ. મને ચોટલો ગુંથવાની કળા બહુ સારી આવડે છે. રાણીઓ અવશ્ય પાંડવોની મહારાણીની દાસી ગણી મને રાખશે, માટે મારી લગીરે ચિંતા કરશો નહિ.

જમનાં—શાબાશ, શાબાશ, એનું નામ સ્રી !

ચંદા—યુધિષ્ઠિર રાજા ને તેમના ચાર ભાઇઓ વેષ લઇને વિરાટના દરબારમાં પાંડવોના સેવક તરીકે પોતાને ઓળખાવી રહ્યા. મહારાણી દ્રૌપદી પોતાને પોતાની દાસી તરીકે ઓળખાવી સૈરંધ્રી નામથી રાણી પાસે શણગાર સજાવવાના અને માથું ગુંથવાના કામ ઉપર રહ્યાં. સહેજ વાતમાં છુપા રહેવાનું વર્ષ નિકળી ગયું અને સરતનો અવધિ વીતી ગયા પછી રાજ્ય મેળવી સુખી થયાં.

આનંદથી જમનાં બોલી કે—'ચંદાબહેન ! ખરેખર, દાખલો લેવા જેવી વાત છે. રાજાની રાણીને પણ ચોટલો વાળવાની કળા આવડતી હતી તો કેવી કામ લાગી. આપણા લોક તો રડયા અમસ્તા, જે ને તે કંઇ શીખતાં હોઇએ તો કહેશે કે 'આપણે શું કામ છે ?' છોકરીઓ ભણવા જાય તો કહેશે કે, 'આપણે બૈરાંને ક્યારે કચેરીઓમાં બેસવું છે તે ભણીએ ?' પણ નહિ, ભણ્યાં હોઇએ તે કામનું છે. જે કંઇ આવડ હોય તે કામની. કોઇ વખત તેનું કામ પડે છે. મને વાંચતાં લખતાં આવડતું નથી તે બહુએ પસ્તાવો થાય છે, મારે પિયેર કાગળ

લખવો હોય ત્યારે કેટલાની ખુશામત કરવી પડે છે. વળી કંઇ છાનું છપનું લખાવવું હોય તે તો લખાવાયે નહિ.

ચંદાગૌરી--તમે પિયેર હો અને તમારા ઘરના માણસને કાગળ લખવો હોય ત્યારે તેના મનને કેટલી અમુઝણ !

જમનાં—અરે ! કંઈ કહેશોજ નહિને ! સૌ સૌના મનની વાત મનમાંસ્તો ! જ્યારે મળીએ ત્યારે વાત !

'જાણે જગતમાં ટપાલખાતુંજ ન હોય એમસ્તો ! જમનાંભાભી !' સુમને મશ્કરી કરી.

'એમસ્તો બહેન !' જમનાં શરમાઇ અને અધીન અંતઃકરણે બોલી કે, 'ચંદાબહેન, મને એ અક્ષર બતાવવાની મહેરબાની કરશો ? હું તો બહુ અકળાઉં છું. અહીંથી પિયેર જતાં હોઇએ અને લાખો રૂપિયાનું કામ હોય પણ ગાડી ઉપડી ગઇ એટલે થઇ રહ્યું ! જ્યારે મળીએ કે મુંબાઇ આવીએ ત્યારે વાત ! વખત ગયો એટલે થઈ રહ્યું.'

ચંદાગૌરી—ઘણી ખુશીથી શીખવીશ. વાંચતાં લખતાં તો તમને થોડાજ દિવસમાં આવડી જશે.

જમનાં—હેં ! ચંદાબહેન ! આવડશે ? લોક તો કહે છે કે 'પાકી કોઠીએ કાના ન ચઢે.'

થોડા દિવસ ઉપર સુમનના ભાઇ સાંજના મોડા આવ્યા ત્યારે મેં પૂછ્યું કે, 'આજ કેમ વાર થઈ ?' તેમણે ઉત્તર આપ્યો કે, એક વિદ્વાન્ ભાઈના ભાષણમાં ગયો હતો. શું મજેનું છટાદાર ભાષણ ! આપણાં ધર્મશાસ્ત્રોનું કેવું જ્ઞાન ! આપણે શું જાણીએ છીએ.

એક પરદેશી બાઈ થોડાં વર્ષ ઉપર આપણું કંઇ પણ જાણતી ન હતી. હિંદુસ્તાનનું તત્ત્વજ્ઞાન જાણવાની ઇચ્છા થતાં મોટી ઉમ્મરે તેણે પૂર્વ તરફના સાહિત્યનો અભ્યાસ કરવાનો ઠરાવ કર્યો અને થોડાંજ વર્ષમાં તેમાં એવી હોશિયાર થઈ કે, જેઓ જન્મથી ભણનારા છે, તેઓ પણ જેવી છટા અને છૂટથી ન બતાવી શકે તેવી છટા અને છૂટથી તે મોટાં મોટાં નગરોની હજારો વિદ્વાનોથી ભરેલી સભાઓની રંગભૂમિઓ ઉપર ઉભી રહી ભાષણ આપતાં વિદ્વાનોનો ધન્યવાદ પોતાની તરફ ખેંચે છે. મોટી વયનું માણસ લાગણીથી અભ્યાસ કરે તો નાના છોકરા કરતાં પણ થોડા વખતમાં અમુક ભાષા કે વિષય શીખી જાય. તમારે કયારે બીજી ભાષા ભણવી છે? પોતાની ભાષા કે જેમાં રાત દહાડો બોલો છો, તેમાં લખતાં વાંચતાં શીખવું, એમાં શું મોટું કામ છે? હિમ્મત રાખો અને ખંતથી મારી પાસે આવતાં જાઓ, એટલે સપાટાબંધ વાચતાં આવડશે. વાચતાં લખતાં શરમાતાં નહિ. કોઇ મશ્કરી કરે તોયે શું? મોટાં થઇને પણ ભણવું છે ને? ગુજરાતમાં ‘ અલાઉદ્દીન ખુની ’ ને નામે જે પાદશાહ ઓળખાય છે તે નોકાકો સિત્તેર વર્ષની ઉમ્મરે ગાદીએ બેઠા પછી ભણ્યો હતો. મોટાં થઈને ભણનારના ઘણાએ દાખલા છે.

‘ મારાં ભાભીએ ભાઈની પાસે ભણે છે. ’ સુમને બાલ્ય બતાવ્યું, ચંદ્રાગૌરી અને જમનાં તેનો નિખાલસ ઉદ્ગાર સાંભળી એક બીજાની સામું જોઈ હસ્યાં. સુમન બોલ્યા પછી કંઇક શરમાયો, એટલે ચંદ્રાગૌરી બોલી કે, ‘ હા, ઈશ્રેજી હું! એમની પાસે ભણું છું. ’

'પણ આપણામાં એમ કોણ ભણે છે ?'

'બરાબર છે, હાલ ભણતાં નથી. આપણા લોકમાં બહુ અસલના વારાથી સ્ત્રીઓ ભણે છે. ભરતખંડના આર્યોમાં કેવી કેવી ભણેલી સ્ત્રીઓ થઇ ગઇ છે. ગાર્ગી કરીને એક બાઇ હતાં, તે કઠણમાં કઠણ તત્ત્વજ્ઞાનનાં અભ્યાસી હતાં; અને રાજર્ષિઓને તેમણે પોતાના જ્ઞાનથી છક કરી નાંખ્યા હતા. હિસાબી કામ કંઈ ઓછું કઠણ ?'

જમનાં–લખતાં વાચતાં આવડે પણ એ તો ન આવડે ?

ચંદાગૌરી–અરે, એમ શું બોલોછો ? ભાસ્કરાચાર્ય નામના જોશીની છોકરી લીલાવતી કરીને હતી, તેણે ઉંચામાં ઉંચું અને આજ પણ જેનાં વખાણ થાય છે એવું ગણિતશાસ્ત્ર લખેલું છે. સીતા, દમયંતી, અને દ્રૌપદી વગેરે સતીઓ શું થોડું ભણેલીઓ હતી ? ત્યાર પછીના વખતમાં પણ ઘણી રાણીઓ અને શેઠાણીઓ થઈ છે, કે જે ઉત્તમ પ્રકારનું જ્ઞાન ધરાવતી હતી. ગરીબ લોકોની સ્ત્રીઓ ઘરકામ અને આજીવિકા કરવામાં તેમના પતિને મદદગાર થાય છે એટલે તેમને વખત મળતો નથી, પરંતુ જેઓ ગૃહસ્થ છે તેઓને તો ઘર કામ ઉપરાંત ઘણો વખત મળે છે, અને તેમાં તેમણે અવશ્ય કંઇક જ્ઞાન મેળવવું જોઇએ. મુંબાઇ અને દેશનાં મોટાં શહેરો તરફ નજર કરીને કહો કે, શહેરમાં સારા ઘરની સ્ત્રીઓ શું કામ કરે છે ? તેઓને કેટલો બધો વખત મળે છે અને તેનો તેઓ શું ઉપયોગ કરે છે ?

જમનાં–વખત તો ઘણોએ મળે છે. પહેલી જુવાનીમાં જ્યારે છોકરાં છૈયાં હોતાં નથી ત્યારે જુવાન સ્ત્રીઓને ઘરકામ

સિવાય કંઈજ કામ હોતું નથી. બીજાનો શું કામ, હું મારોજ દાખલો આપું. જુઓ, અગિયાર વાગે મારા ઘરમાંથી જમીને જાય, તે પછી સાંજના ચાર વાગતા સુધી હું નવરી. અહિં તહિં વાતો કરૂં કે ફરૂં.

ચંદા—વાતો પણ અભણ બૈરાં શાની કરે ? એક બીજાની કુથલી કરે કે ઝગડા માંડે ?

જમનાં—હા હા, એવુંજ. કોઇનું સારૂં ખોટું બોલવું, કોઈને કંઈ બતાવવું અને કોઈને કંઇ સમજાવવું એજ. કાં તો એકઠાં થઈ મિજબાની કરવી અને તેમાંથી કુસંપ શોધી કાઢવો. લોકનાં ભંગાવવાં અને મંડાવવાં. મને એવાં બૈરાંમાં બેસવાનો અભાવ થયો છે, ને જેની પાસેથી કંઈ શિખાય તેની સોબત કરવા ચાહું છું, પણ ચંદાબહેન ! ખરૂં પુછાવો તો માણેક વગેરે તો મારી સાથે બરોબર બોલતાં પણ નથી. એ એમના અભિમાનમાં મને હલકી અને અભણ ગણે છે, એટલે મને તેમની પાસે જવું ગોઠતું નથી. તમે મારો હાથ પકડો તો હું તમને બતાવું કે મને કેવી હોંશ છે.

ચંદા—બેફિકર રહો અને આવતી કાલથી ઘરકામથી પરવારી મારી પાસે આવતાં જાઓ. તમને કંઈ દેખાડવામાં મને પણ લાભ છે. સુમનબહેન પણ હમણાં ઘેરજ ભણે છે. તે ને હું બેઉ તમને સપાટાબંધ વાચતાં લખતાં શીખવી દઈશું અભિમાન એજ અજ્ઞાન છે. માણસે માણસને પોતાથી નાનુ મોટું ગણવું એના જેવું ખરાબ બીજું કંઇજ નથી. સ્ત્રીઓએ તો હમેશાં મોટું પેટ રાખવું જોઇએ. છાલકા સ્વભાવની સ્ત્રી ગૃહિણી કહેવાય નહિ. માણેકબહેન તમને એવાં લેખતાં હોય

તો મને તેમની સોબત ગમે નહિ. હું અને તમે સૌ સરખાં. હું ભણીને તમે શું ન ભણો? ભણો તો મારા કરતાં પણ વધારે જ્ઞાનવાળાં અને સમજુ બની જાઓ. શું અભણને માટે આપણે તિરસ્કાર રાખવો? કદીએ નહિ. તેની પર દયા રાખવી અને સન્માર્ગ બતાવવો.

બહુ સારૂં. આવતી કાલથી હું જરૂર આવીશ. મારે તેને માટે શું મંગાવવું? એ તો હમેશાં કહે છે કે, 'તું કંઈ ભણ.'

તમારે કંઇ મંગાવવું નહિ. સુમનબહેન પાસે સૌ છે.'

'જમનાંભાભી! મારી પાસે સ્લેટપેન ચોપડીઓ સૌ છે. તમને હું બતાવીશ. આવજોને, આપણે બેઉ સાથે ભણીશું.' સુમને તેને ઉત્તેજન આપ્યું.

ઘડિયાળમાં સાંજના છ વાગ્યા એટલે ચંદાગોરી ઉઠી અને જમનાં પણ ભણવાની હોંશભેર તેના ઘર તરફ ગઈ.

પ્રકરણ ૨ જું.

રસાયન.

નાગ પાંચમનો દિવસ હતો અને જે માળાનાં આપણે પરિચિત છીએ તે માળામાં સૂર્યોદય સાથેજ ઉમંગ જણાવા માંડ્યો. સઘળી સ્ત્રીઓ વહેલી ઉઠી નહાઇ ધોઈ. સ્વચ્છ અને પવિત્ર લુગડાં ઘરેણાં પહેરી નાગદેવના પૂજનની તૈયારી કરવા લાગી. આપણા લોકમાં એવો રિવાજ છે કે, દેવસંબંધી કોઇ પણ કામ, જેના કુટુંબમાં થતું હોય ત્યાંજ થાય, અને જેને ત્યાં ન થતું હોય ત્યાં ન થાય. ન થતું હોય તે કરે અને બીજે વર્ષે ન થાય તો કરેહું પડે. કરતું હોય તેણે તો કરવુંજ જોઈએ. નાગ પાંચમને દિવસે નાગ કાઢવા બાબત પણ એવોજ રિવાજ છે. જેને ઘેર કાઢતા હોય તે કાઢે, કુટુંબની રીતભાતો અને પરંપરાઓ સાચવવા માટે આવા રિવાજ સારા છે.

નાગદેવના પૂજન વાસ્તે માળાની જુવાન અને આધેડ સ્ત્રીઓ ચાંદીની, જર્મન સીલવરની અને કોપરબરાસની તબકડીઓમાં પૂજાપો, દીવાનું નિરંજન, કાચા રૂનો તાર પલાળેલું કઠોળ, લાડુ, પૈસો, સોપારી અને ટોયલીમાં પાણી લઇ ક્યારનીએ તૈયાર થઇ હતી. જેવો ઉછરંગ સ્ત્રીઓમાં હતો તેવો બલકે તેથી પણ વધારે ઉછરંગ નાનાં બાળકોમાં જણાતો હતો, અને તેઓજ મોટે ભાગે સ્ત્રીઓને ઉતાવળ કરાવતાં હતાં.

વર્ષોવર્ષ આ માળામાં મણિગૌરી નામની બ્રાહ્મણ સ્ત્રીને

ઘેર નાગ કહાતા હતા, અને બહુધા સઘળી સ્ત્રીઓ ત્યાંજ નાગ પૂજન કરતી હતી. સ્ત્રીઓ તૈયાર થઇ હતી અને નાનાં બાળક ઉતાવળ કરતાં હતાં, પરંતુ આજ હજી સુધી મણિગૌરીની ઓરડીનાં બારણું ઉઘાડયાં ન હતાં. અત્યાર અગાઉ કેટલીક જણીઓ તેના ઘર આગળ આવી તથા બારણાં ઢોકી ઢોકીને પાછી ગઈ હતી. સાત વાગ્યાનો સમય થયો એટલે, ગોદાવરી બાઇની ધીરજ રહી નહિ. તે તૈયાર થઇ મણિગૌરીને ઘેર આવ્યાં અને તેનાં બારણાં ઠેલ્યાં. મણિગૌરીએ જાણ્યું કે 'બોલીશ નહિ એટલે એમની મેળે પાછાં જશે' પણ ગોદાવરી હઠયાં નહિ. બારણાં ખખડાવી મણિનું નામ દઇ તે તો હાંકોજ મારવા લાગ્યાં.

મણિગૌરીનો વર સવારમાં વહેલો ઉઠી અગત્યના કામસર પોતાને ધંધે ગયો હતો. અંદર મણિગૌરી એકલી હતી. ગોદાવરીના ઘોંઘાટથી માળાનાં બીજાં પણ બે ત્રણ બૈરાં પડપૂછ કરતાં મણિના આંગણા આગળ એકઠાં થયાં. બહાર ધાંધલ થતી જોઇ 'બારણાં ઉઘાડવાંજ પડશે' એમ લાગતાં, અંદર મણિગૌરીના જીવને બહુ કઢાપો થયો. મુખ ઉતરી ગયું, આંખમાં ઝળઝળિયાં આવ્યાં અને કંટાળતી તથા ફફડતી ચોકડી ઉપરથી ઉઠી બારણાં ઉઘાડવા ગઇ.

નિત્યે વહેલી ઉઠનારી મણિગૌરી આજ સપરમે દહાડે, પહોર દહાડો ચઢતા સુધી સૂઇ રહે, તે નહિ માનતી બારણામાં ભેગી થયેલી સ્ત્રીઓ, આવા મોડા માટે વિધવિધ તર્ક કરતી હતી. કોઇ તેને માંદી થયાનો ભય બતાવતી હતી, કોઇ બાણી

ધણિયાણી વચ્ચે કંકાસ થયાનું અનુમાન કરતી હતી અને કોઈ કોઈ કંઈ કંઇ ધારતી હતી. હાથમાં પૂજાપાની તબડકી લઈ બારણાને અઢેલી ગોદાવરી તેઓનાં અનુમાનોમાં ટાપસી પુરતાં અવળી પુંઠે ઉભાં હતાં એટલામાં કંટાળેલી અને પોતાની ઉપર ચિડાયેલી મણિગૌરીએ અંદરથી ધીરે રહીને બારણાની કડી ઉઘાડી નાખી. ગોદાવરી અઢેલીને ઉભેલાં હોવાથી બારણું ઉઘડતાંજ એકદમ ધબ દઇને અંદર પડી ગયાં શરમની મારી મણિગૌરી મોઢું ઢાંકી એક ખુણા તરફ જતી રહી, પરંતુ તેમ કરતાં તેનું મુખ માણેકની નજરે પડયું અને તેણે બૂમ પાડી કે, ઓઈ! ઓઇરે! ઓરડીમાં મણિ નહિ, પણ ભૂત જેવું કંઇક છે. મેં તેનું કાળુંમેંશ જેવું બિહામણું મોઢું જોયું. બાપરે કંઈક કૌતૂક છે!'

માણેકના મુખમાંથી 'ભૂત' શબ્દનો ઉચ્ચાર થતાંવાંતજ તેની આસપાસ ઉભેલી સ્ત્રીઓ દડબડ દડબડ આમ તેમ નાસી ગઇ અને નીચે પડવાથી અફળાયેલાં તથા ભૂતને ભણકારે સોફાયેલાં ગોદાવરી વહેલાં વહેલાં ત્યાંથી ઉઠીને ચાલીમાં ખસી ગયાં. ગોદાવરી ઉઠતાંને વાર 'તે પોતાને પકડી લેશે' એવા ભયથી માણેક કેટલાંક કદમ દૂર ખસી ગઇ. ગોદાવરી ચાલીનો કઠેડો પકડી ઉભાં રહ્યાં, પણ બનેલા ઓચિંતા બનાવથી અને ભયથી તેમના પગ થરથર ધ્રૂજવા માંડયા.

દૂર ઉભેલી અને ભૂતને ભણકારે બીનેલી સ્ત્રીઓ ગોદાવરીને બોલાવવા લાગી, પણ મોટી મોટી આંખે ચકળ વકળ આંખે આમતેમ જોતાં તે તો કઠેડો મૂકી ખસ્યાં પણ નહિ, અને બોલ્યાં પણ નહિ. જમનાંએ થોડીવાર તેમના સામું જોયા

પછી પાસે જઈ ખભો હલાવી આતુર સ્વરે પૂછ્યું કે, ' બચ્યું ગોદાવરી કાકી ! બોલોને શું છે ? કેમ થરથર ધ્રૂજો છો ? હજી ગોદાવરીને શાન્તા વળી નહતી. તે બોલ્યાં નહિ પણ દૂર ઉભેલી માણેક બોલી કે, ' ગોદાવરી કાકીજી શું બોલે ? તે તો કાળા મોઢાની ભૂતડીની ખરેખરી ઝપટમાં આવ્યા છે ? બા, આપણે તો આજ જ આવું કૌતૂક જોયું ! ' માણેકના ખુલાસાથી સ્ત્રીઓમાં ભૂતનો વહેમ જરા વધારે દ્રઢ થયો અને અંદરથી મણિએ ડુસકાં લઇ રોવા માંડયું તે સાંભળી ઘણી જણીઓને ખાતરી થઈ. વિજળીના ચમકારાની માફક માળાની સ્ત્રીઓમાં વાત ફેલાઇ ગઇ. હરકોર શેઠાણી એ વાત સાંભળી તરત ત્યાં આવ્યાં. તે ઠરેલ અને હિમ્મતવાન હતાં. ભૂતની વાતો કરતી સ્ત્રીઓનાં મોંઢાં બંધ કરી તે ઓરડીમાં દાખલ થયાં, એટલે એક બે જણુ બીજાં પણ તેમની પાછળ જવાને હિમ્મત કરી શકયાં.

ભોગજોગે મણિગૌરીની ઓરડી જરા અંધારી હતી, તેમાં વળી બહાર વરસાદનો ઘેરંભો, એટલે અંધારામાં કંઇ પૂછવા જેવું ન હતું. બહારથી આવેલાં હરકોરશેઠાણી આશરે આશરે અંધારામાં મણિગૌરી તરફ જવા લાગ્યાં, પણ તેમના મનમાંએ ભય હતો. ફંફળાવતાં ફંફળાવતાં તેમનો હાથ મણિના માથાને અડક્યો. હવે મનુષ્યનો કંઈક ભાસ થયો અને તેમણે કહ્યું કે, ' મણિ ! મણિ ! અલિ મણિ ! કેમ રૂવે છે ? શું થયું છે ? '

હરકોર શેઠાણીએ મણિની સામે બેસી ધીરે રહીને તેનું મુખ ઉઘાડયું. અંધારામાં અજવાળું કરે એવી ગોરી ગલાક

જેવી મણિનું કાળું સાહી જેવું મુખ જોઇને હરકોરશેઠાણીને કંપારી વછુટી. મણિ બિચારી શરમિંદી પડી ગયેલી હોવાથી કંઈ બોલી નહિ. સાહસની હબકમાં ને હબકમાં શેઠાણીથી હિમ્મત ભર્યો પણ ભયાકુલ ઘાંટે બોલાઈ જવાયું કે, ' બોલ-નાં કોણ છે ? મણિ કે ન હોય ? ' આટલું બોલતાં તેમને શ્વાસ ભરાઈ આવ્યો, અને પાછળ ઉભેલી સ્ત્રીઓ અંદર આવેલી પાછી ભયથી બહાર દોડી ગઇ. બહાર ઉભેલીઓ ત્યાંથી પણ વધારે દૂર ખસી ગઈ અને માળામાં વિચિત્ર દેખાવ થઈ રહ્યો.

મણિએ ધીરજ રાંખી ધીરેથી કહ્યું કે, ' હરકોરકાકી ! એતો હું મણિજ છું. ડરો છો કેમ ? ' આટલું બોલતાં બોલ-તાં પોતાના ભવાડા માટે તેને ખોટું લાગ્યું અને રડી જવાયું. હરકોરશેઠાણીએ હવે ધીરજથી, વિશ્વાસથી અને પ્રેમથી તેને આશ્વાસન આપી છાની રાખવા માંડી. માણેક, ગોદાવરી અને બીજાં બૈરાં પાછાં અંદર આવ્યાં. મણિના મુખ સામું જોઈ માણેક જેવાં કેટલાંક નવલોહિયાંને હસવું આવ્યું પણ ગોદા-વરીની કડક આંખને લીધે તેઓ ચૂપ રહ્યાં. તેમણે મણિને પૂછ્યું કે, ' ત્યારની કેમ બોલી નહિ ? અમે તો તને ભૂત જાણી ડરી ગયાં ! હશે જે થયું તે થયું, પણ કહે તો ખરી કે, તારાં હાથ મોં કેમ કાળાં થયાં છે ?

મણિ–મારૂં ડહાપણ મને નડયું અને આ ફજેતો થયો. ગઈ કાલે મને એવો વિચાર આવ્યો કે ' કોલતારના નાગદેવ કાઢયા હોય તો બહુ સારા ને કાળાભમ્મર જેવા ઉઘડે. ' ચાકર પાસે કાચના ચલાણામાં કોલતાર મંગાવ્યો. આજે સવારના વહેલા ઉઠી એ બહાર ગયા પછી, નહાઇ ધોઇ મેં નાગ કાઢયા

માટે કોલતારનું ચલાણું હાથમાં લીધું અને ' વખતે ઠરી ગયું હોય ' એમ ધારી બે આંગળાંથી જરા ઘુંટયું. પછી નાગ કાઢવા બેઠી, દરમિયાન, ચહેરા ઉપર ખણુજ આવી અને બેફામમાં ખણુવા જતાં નાક અને કપાળ ઉપર કોલતાર લાગ્યો. નાગ કાઢવા એમના એમ રહેવા દઈ તખતા આગળ ગઇ અને નાક ઉપર પડેલું ટપકું લૂછી નાખવા જતાં વધારે ખરડાયું. ' પાણીથી ધોઈ નાંખી નાગ કાઢવા બેસું ' એવો વિચાર કરી ચોકડી ઉપર ગઇ, અને સાબુ લઇ ધોવા લાગી પરંતુ ધોતાં તો આખા મોં ઉપર કાળપ પ્રસરી ગઈ અને હાથ પણ કાળા થઈ ગયા. સાબુની ગોટી ખપી ગઈ અને ઘસી ઘસીને હાથ રહી ગયા પણ કંઇ વળ્યું નહિ ત્યારે કઢાપો આવ્યો. ' અને સૌને શું મોઢું બતાવીશ ' એમ વિચાર થયો, એટલામાં તમે બહારથી બૂમો પાડી. તમે બારણાંને અઢેલીને ઉભાં હશો તેનો ખ્યાલ ન કરતાં મેં અંદરથી કડી ઉઘાડી નાંખી અને તમે ધબ દઇને ઓરડીમાં પડી ગયાં તેથી હું વધારે ઝંખવાણી પડી રોઇ ગઇ. '

' તમે બોલ્યાં નહિ, એટલે મને ખરેખર ભૂતનો વહેમ આવ્યો. ' માણેકે પોતાનો બચાવ કર્યો.

' હું શું બોલું મારૂં કર્મ ?' મણિ વધારે ગળગળી થઇ ગઇ. ઢીલે મોંએ હરકોરશેઠાણી સામું જોઇ રડતી સુરતે વળી તે બોલી કે, ' કાકીજી ! મને આ ફજેતીમાંથી હવે બચાવો. કંઇ ઉપાય કરો કે આ કાળાશ જાય. '

' સાબુ સારો નહિ હોય. રહો, હું મારા ઘરમાંથી મજેનો સાબુ લાવું ?' એમ બોલી માણેક પોતાની વડાઇ અને મોટાઇ

બતાવવા પોતાનો ઉંચો સાબુ લઇ આવી. 'મણિ બિચારી થાકી ગઇ હશે, તું જ માણેક જરા એનું મોઢું સાફ કરી નાખને' હરકોરશેઠાણીએ ભલામણ કરી. પોતાના ઉંચા કિમતી સાબુને માટે અભિમાનવાળી માણેકે તેમ કરવાને કબુલ્યું. તેણે પોતાના હાથમાં ખૂબ ફીણ કરી મણિને આંખો મિચાવી મુખ ધોવા માંડયું; પરંતુ તેમ કરતાં તો તેના હાથ ઉલટા કાળા થયા. મણિના ચહેરા ઉપરની કાળપ ધોવાઇ નહિ, પરંતુ માણેકના હાથ ઉલટા કાળા થયા. એકને બદલે બે જણ ખરડાયાં. માણેકે બે ત્રણવાર પોતાના હાથ ધોયા પણ કાળાશ ગઇ નહિ, એટલે તેને ડહાપણનો પસ્તાવો થયો અને ગભરાઇ. 'હરકોરકાકી! આ તો ઉલટી અલ્યા કોટે વળગી! હું પણ ફજેતામાં ફસાઇ!' માણેક ઝંખવાણી પડી, ગરીબડી બની ગઈ.

'બળ્યા! આ રંગ' ગોદાવરીએ કંટાળો બતાવ્યો.

'વિલાયતી રંગ તો કશાથી ન જાય.' હરકોરશેઠાણીએ પરાકાષ્ઠાનું સૂચન કર્યું.

ત્યારે! હવે શું થશે? મારા ઘરમાંથી હમણાં મને કોઇ બૂમ પાડશે ત્યારે! મુઇ મણિ! સપરમે દહાડે આ કયાંથી પીડા લાવી! માણેક ખરેખરી ગભરાઈ.

સ્ત્રીઓને કંઇ ઉપાય સૂઝયો નહિ. સૌ વિચારમાં પડી ગયાં. જમનાંએ કહ્યું કે, 'રહો, રહો, હું ચંદાબહેનને બોલાવું. તે કંઇ ઉપાય બતાવશે.'

'હા, હા, એને બોલાવ જમનાં!' ગોદાવરીએ વિશ્વાસથી અનુમોદન આપ્યું.

ચંદાગૌરીને ઘેર જઇ જમનાં તેને તેડી લાવી. તેણે મણિની હકીકત સાંભળી લઇ એક ચલાણામાં તેલ કાઢી તેમાં માણેકના હાથ ચોળાવી કપડાથી લૂછી નંખાવ્યા. બે ત્રણવાર તેલ ચોળી ચોળીને લૂછતાં માણેક તે પીડામાંથી છુટી. સૌ સ્ત્રીઓ ખુશી થઇ. પછી એજ રીતે મણિનું મુખ અને હાથ સાફ કરાવ્યાં અને છેવટે સાબુથી મુખ હાથ ધોવરાવી કોરા ટુવાલથી લૂછી નાંખ્યાં એટલે સઘળી કાળપ જતી રહી. ગોદાવરી અને હરકોરશેઠાણી બહુ ખુશ થયાં. ગોદાવરીએ ખીલી ઉપરથી તખતો ઉતારી મણિની સામે ધરી કહ્યુ કે—' જો મણિવહુ ! હવે હતી એવી થઇને ?' માણેકના સામું કટાક્ષ કરી તેમણે તખતો પાછો ભરવ્યો, દરમિયાન હરકોરશેઠાણીએ આભાર ભર્યા વચને કહ્યું કે, ' વાહરે ! ચંદાવહુ ! અમારા માળામાં તું તો એક રતન દેખું ! તે દિવસે તાર વાંચી સંભળાવ્યો અને આજે આ એક અચંબો કરી બતાવ્યો !'

ચંદા–કાકીજી ! આમાં અચંબા જેવું કંઇ નથી. ન જાણતું હોય તેને એમ લાગે ? નવું સવું સૌ એવું લાગે. પંચમહાલનાં જંગલોમાં મારા જેઠ પહેલાં નોકરી ઉપર હતા. તેમણે એકવાર જંગલમાંથી ઉંચી જાતની કેરીઓ એક ભિલની સાથે મારી જેઠાણી ઉપર જોડેના ગામમાં મુકામપર મોકલાવી. મારા જેઠે કેરીઓ સાથે એક ચીઠ્ઠીમાં કેટલીક હકીકત સાથે પોતે કેટલી કેરી મોકલી છે તે લખ્યું હતું. પેલો જંગલી ભીલ.કેરીઓનો કરંડિયો લઇ, જંગલમાંથી નિકળ્યો પણ બપોરનો વખત હોવાથી એક ઠેકાણે તેના જાતભાઇઓએ વિસામો લેવા બેસાડ્યો. વ્યસન કર્યા પછી તેઓએ પેલા કરં-

ડિયામાંથી બે ત્રણ કેરી કાઢીને ખાધી. તેમના મનમાં એમ કે કોઈ શું જાણનાર છે ?

બીજે ગામમાં આવી સાંજના મારાં જેઠાણીને કરંડિયો આપ્યો ત્યારે તેમણે બે ત્રણ કેરી ઓછી હોવાનું કારણ પૂછ્યું અને તેણે અચંબાથી બૂમ પાડી કે, 'બાપરે આ તો દેવી છે કે શું ?'

માણેક—એમ કેમ ?

ચંદા—એમ કે, જંગલમાં તેણે બે ત્રણ કેરી ખાધી તે તેમણે કેમ જાણ્યું ? લખવા વાચવાનું અજ્ઞાન એટલે તેને અચંબો લાગ્યો. અજ્ઞાન અભણ લોક કંઇ જાણે છે કે, લખાણથી પોતાના વિચાર બીજાને જણાવી શકાય છે ? આપણે જાણીએ છીએ તેથી આપણને અચંબો લાગતો નથી. તમે આ બાબત જાણતાં નથી એટલે તમને અચંબો લાગે એ સ્વાભાવિક છે. જાણનારાઓને મન સહેલ, તે અજ્ઞાનને મન અચંબો !'

'હાસ્તો, બળદ વગર પહેલાં જ્યારે ગાડી ચાલતી જોઈ ત્યારે ગુજરાતના લોકો ઘણાં કહે છે કે, ગામેગામથી તે જોવાને જતા અને તેને નાળિયેર ચઢાવતા. એ કળા આપણે જાણી એટલે આપણને હવે અચંબો નથી લાગતો.' ગોદાવરીએ અજ્ઞાનજ અચંબાનું કારણ છે, એમ સમજાવ્યું.

માણેક—બરોબર છે, પણ સાબુથી કે પાણીથી આ રંગ ન ગયો અને તેલથી કેમ ગયો ? તે તો સમજાવો ?

ચંદા—કેટલીક જાતુઓ પાણીમાં અને કેટલીક તેલમાં

ઓગળે છે. તેલિયા રંગ તેલમાં ઓગળે ને તેલથી જાય.

હરકોર–એમ તે હોય ? પાણીમાં વળી શું ન ઓગળે ?

ચંદાગૌરી વિનયથી બોલી કે, ' કાકીજી ! એમ છે. મીણુ કંઇ પાણીમાં ઓગળે ? મીઠું કે માટી તેલમાં ન ઓગળે.

ગોદાવરી–હરકોરબહેન ! બંધાઇ ગયાં કે ! ?

ચંદા–એમાં બંધાઇ જવાનું શું છે ? રસાયન જેવું જ્ઞાન હોય તો એવી એવી બાબતો સમજાય. ન હોય તો નવાઈ જેવું લાગે ? રસાયનની ચોપડીમાં એવી ઘણીએ બાબતો છે કે, જે આપણને અચંબા જેવી લાગે ! કેટલીક બાબતો તો આપણે રસોઇ કરતાં રોજ અનુભવીએ છીએ, પણ તે કેમ બને છે તે જાણતાં નથી, અને એમને એમ જન્મારો કર્યે જઈએ છીએ.

માણેક–એવું વળી શું ?

ચંદા–જુઓ ! તેલ પાણી કંઈ મળે ? લોકમાંએ કહેવત છે કે, ' તેલ ને પાણી જુદાં ને જુદાંજ !

' તે ખરૂંજ છે તો. તેલ પાણી ક્યારે મળે છે ? '

ચંદા–પાતરામાં અને ગુવારફળીમાં તમે ખારાનું દૂધ છાંટો છો તે શાનું બનાવો છો ?

ગોદાવરીએ હસીને ઉત્તર આપ્યો કે, ' બરોબર છે, જુઓને હરકોરબહેન ! સંચોરાના પાણીમાં તેલ નાંખીને હલાવતાં તે કેવું દૂધ જેવું મિશ્રણ થઈ જાય છે. એમાં તેલ પાણી ક્યારે જુદાં રહે છે ?

ચંદા–અરે ! એ તો બહુ મજેની વાત છે. હું ક્યાંથી

જાણું, મનેએ તમારી માફક રસાયન શું ? તેની ખબર ન હતી એકવાર એવો બનાવ બન્યો કે, મારે ત્યાં કેટલાક સારા સારા મિત્રોને જમવાનું કહેલું ને હું રસોઈ કરવા પેઠેલી. બટાકાનું શાક મારાં નણંદે શઘડી ઉપર મૂકેલું તે બરાબર તાપ નહિ હોવાથી કથળી ગયું. પૂરી કર્યા પછી મેં તેને ચુલે મૂક્યું પણ થાય નહિ. આખરે કંટાળીને ખારો નાંખ્યો. થોડી વાર પછી પુરૂષવર્ગ સોળે થઇ જમવા તૈયાર થયો. મેં શાક ઉઘાડી જોયું તો એવું લાલચોળ થઈ ગયેલું કે, કંઇ પૂછોજ નહિ. હળદ આગળ પડતી નાંખેલી તેમાં ખારાનું મિશ્રણ થતાં બટાકા એવા લાલ થયેલા કે, જોવા પણ ગમે નહિ. મારી આંખમાં આંસુ ભરાઇ આવ્યાં અને હવે શું કરવું તે સૂઝ્યું નહિ. ઝંખવાણા જેવી બેફામ હું તો પાટલા ઉપર સ્તબ્ધજ થઈ ગઈ, મારી નણંદ પણ શાક જોઇને ઝંખવાણાં પડી ગયાં. અમે નણંદ ભોજાઈ આ પ્રમાણે એક બીજાની સામું જોઇ રહેલાં હતાં એટલામાં મારા દિયેરજી આવ્યા, તેમણે મને સવાલ કર્યો કે, કેમ ભાભી ! બેસી રહ્યાં છો ?

તેમને શાક બતાવી મેં કહ્યું કે, આ પ્રમાણે થયું છે. હવે શું કરવું ? બીજું શાક લઇ આવો અને તમારા ભાઇને કહો કે થોડીવાર થોભે.' તે બોલ્યા કે નહિ, કંઈ જરૂર નથી. લિંબુ છે કે નહિ ? હોય તો તે નિચોવો એટલે ખારાને ખાઇ જશે. હરકોરકાકી ! મેં તેમ કર્યું અને થોડી વાર પછી ઉઘાડીને જોયું તો કેવું મજેનું શાક થયેલું. તે દિવસથી મેં રસાયનની ચોપડી વાચી, નહિ તો હુંએ આ બધાંના જેવી જ તદન અજ્ઞાન હતી.

માણેક—લિંબુથી એમ થાય ?

ચંદા—અલબત્ત, લિંબુની ખટાશ ખારાને ખાઇ જાય એટલે ખારો ને હળદરથી ઉત્પન્ન થયેલી લાલાશ જતી રહે.

ગોદાવરી—ખરોબર છે, આપણે ખટાશથી ઘણાએ રંગ ઉપટાઇ જતા જોઇએ છીએ.

માણેક—રસાયનની ચોપડીમાં બીજી પણ એવી ગમ્મતની બાબતો હશે કે ?

ચંદા—તેમાં ગમ્મત, જ્ઞાન અને ઘરમાં નિત્ય અગત્યની ઘણી બાબતો હોય છે. તમે જરૂર એ વાંચો. ચોપડી મંગાવો, તમને નહિ સમજાય તે હું બતાવીશ. તેમાં સાબુ બનાવવાનું પણ છે.

હરકોર—સાબુ શાનો બનતો હશે ?

ચંદા—તેલ પાણી ને ખારાનો સાબુ બને છે.

'હેં'! તેલ પાણી ને ખારાનો સાબુ થાય ? હરકોર-શેઠાણીએ અચંબો બતાવ્યો.

હા, કાકીજી ! તેનોજ. રંગ ને સુગંધિ તેના મિશ્રણમાં ઉમેરે. પારાની એક મેળવણી તે હિંગળોક અને હળદ ખારાની મેળવણી તે કંકુ. એવી તો ઘણીએ ઘરગતુ વસ્તુઓ છે કે જેને માટે આપણાં બૈરાં કંઇજ જાણતાં નથી.

માણેક હોંશથી બોલી ઉઠી કે, 'બસ આજેજ હું તે ચોપડી મંગાવું, ચંદાભાભીજી ! મને દેખાડશો ખરાંની ?'

'વાહ ! ઘણી ખુશી સાથે' ચંદાગૌરી રસાયન વિદ્યાના

વાંચનનો ઉત્સાહ આપીને હવે ઉઠી એટલે ગોદાવરીએ કહ્યું કે, 'ચંદાવહુએ મોહનીમાં ને મોહનીમાં નવ વગાડી દીધા. મણિવહુ ! હવે વહેલી વહેલી નાગ કાઢ, તે પૂજીને ઘરકામે લાગીએ !'

મણિ–હું તો આજે નાગ કાઢવાની નથી.

ચંદા–તમારે નાગ પૂજવા હોય તો મેં કાઢયા છે, પૂજો.

'તમારા ઘરમાં મેં જોયા નહિને ?'

'મારાં ભાભીનો જન્મદિવસ નાગપંચમીએ છે. તે પાટી ઉપર ખાનગી પોતાની હોંશથી નાગ કાઢે છે.' સુમને ઉત્તર દીધો અને માણેક, જમનાં વગેરે એકઠી થયેલી સ્ત્રીઓ નણંદનાં સુમધુર વચનથી ખુશ થઈને હસી.

ચંદાગૌરી સુમનને લઇ ઉઠી અને ગોદાવરી વગેરે નાગ પૂજવા તેને ત્યાં ગયાં.

પ્રકરણ ૩ જું.

ચિત્રકળા ને નાચ.

મણિગૌરીએ નાગ કાઢવાની ના પાડવાથી હરકોરશેઠાણી, ગોદાવરી, માણેક અને જમનાં વગેરે સ્ત્રીઓ, નાગ પૂજવાને ચંદાગૌરીની પાછળ તેને ત્યાં ગઈ. એક પાટી ઉપર તેણે પાતાળના શેષ ભુવનનો ચિતાર જુદા જુદા રંગથી બહુ મનોહર દેખાવમાં ચીતર્યો હતો. પાટી સુમને સર્વે સ્ત્રીઓની સંમુખ લાવી મૂકી. ચિત્રકળાની ચતુરાઈ જોઇ કેટલીક સ્ત્રીઓ ખુશ ખુશ થઈ ગઈ. કેટલીક જણીઓ તો એકી સે તેને ધારી ધારીને જોવા લાગી. જમનાં કે જે ચંદાગૌરી પાસે વાચતાં લખતાં શીખતી હતી તે થોડી વાર ચિત્રપાટી સામું જોઇ રહ્યા પછી બોલી કે, 'વાહ! વાહ! શું મજેનું નાગમંદિર અને શેષનાગનો વૈભવ ચિતરાયો છે? આપણે તો આવું કંઈજ શીખ્યાં નહિ. આપણને શીખવાનું મળે પણ કયાંથી?'

ચંદા–જમનાંબહેન! પાછાં એવું બોલ્યાં કે? આપણા લોકમાં ચિત્રવિદ્યા શીખવાનો આપણને ઘણોએ અવકાશ અને કારણો છે. તહેવારના દહાડાઓમાં આપણા લોકમાં સાથિયા અને મંડળ પુરવાનો રિવાજ છે તે શું છે? હોંશ હોય તે એમાંથી ચિત્રકળા ન શીખે કે? દક્ષિણી લોકનાં બૈરાં આપણા કરતાં વધારે હોંશીલાં હોઇ ઘણાં સારાં મંડળ કાઢે છે. આપણા દેશમાં હાથે કાઢીએ છીએ અને આ મુંબાઈમાં તો આયતાં

છાપાં મળી આવે, એટલે શા માટે ખડીમાં આંગળાં બગાડવાં? પારસી અને સાહેબ લોકની સ્ત્રીઓ આપણામાં જેમ અસલને વારે સ્ત્રીઓ મોટાં મોટાં ચિત્ર કાઢતી હતી તેમ હાલ કાઢે છે, અને ઇનામો મેળવે છે.

માણેક–ત્યારે શું અસલના વારામાં આપણા લોકમાં સ્ત્રીઓ મોટાં મોટાં ચિત્રો કાઢતાં?

ચંદા–હા, ચિત્રલેખા આપણામાં ચતુર કહેવાય છે. તમે નથી જાણતાં?

જમનાં–ચિત્રલેખા તે કોણ?

ચંદા–ચૈત્ર મહિનામાં તમે કોઈ વાર 'ઓખાહરણ' સાંભળ્યું છે?

માણેક વચમાંજ બોલી ઉઠી કે, 'હાય, હાય, જમનાં-બહેન! કેવાં દેખાય છે? ઓખાહરણ સાંભળ્યું નથી!

ચંદા–ગામડામાં કયાં સાંભળે? જુઓ–પૂર્વે શોણિત-પુરના રાજા બાણાસુરને ઓખા કરીને એકની એક પુત્રી હતી. બાણાસુરને મહાદેવે કહ્યું હતું કે, 'જયારે એ છોકરીનાં લગ્ન થશે ત્યારે તારા હાથ કપાશે અને તોર ઉતરશે.' રાજાએ મહાદેવના ભવિષ્યને ખોટું પાડવા ઓખાકુંવરીને એકદંડિયા મહેલમાં એકાંત રાખી. કુંવરીની ગમત માટે પટ પ્રધાન કોભાંડની પુત્રી ચિત્રલેખાને તેની પાસે રાખી અને ત્યાં એવો પહેરો મૂકયો કે, એ બે કન્યાઓ સિવાય બીજા કોઈથી એકદંડિયા મહેલમાં જવાયજ નહિ.

હરકોરશેઠાણી–અરેરે! પોતાના સુખને માટે માવીતર

પણ પોતાનાં છોરૂ ઉપર કેવાં નિર્દય થાય છે ?

ચંદા–કન્યાકાળ થઈ ગયો પણ રાજા શું કરવાને ઓખા કુંવરીને પરણાવવાનું નામ લે. એકવાર એકદંડિયા મહેલમાં ઓખાને રાત્રિએ સ્વપ્ન આવ્યું અને તેમાં તે જાણે પરણી.

સુમન વચમાંજ બોલી ઉઠી કે, જમનાંભાભી ! તમે ઓખાહરણ કદાપિ નહિ સાંભળ્યું હોય, પણ ગૈરાંને ગાતાંએ નથી સાંભળ્યાં ? આપણે નથી ગાતાં કે:–

" સ્વમાંતરમાં આવી સોરઠિયાની જાનરે,
સ્વમાંતરમાં વડસસરા ભગવાનરે. "

'હશે, સાંભળો બહેન !' હરકોરશેઠાણીએ વધારે ગાવાનું કહેવા છતાં ચંદાગૌરીએ નણંદને ચૂપ રાખી આગળ ચલાવ્યું કે, પછી સ્વપ્નમાંથી જાગતાં ઓખાએ ચિત્રલેખાને વાત કરી અને તેણે કહ્યું કે, 'તમારૂં સ્વપ્ન જ્યારે તમને આટલું બધું યાદ છે, ત્યારે તમે એ વરની છબિ જુઓ તો ઓળખો ખરાં કે?'

ઓખા–કેમ નહિ ?

ચિત્રલેખાએ ઓખાકુંવરીના આગ્રહથી જુદાં જુદાં રાજકુળ ચીતરી ચીતરીને તેને દેખાડયાં અને ઓખાએ તેમાંથી શ્રીકૃષ્ણના પૌત્ર–દીકરાના દીકરા અનિરૂદ્ધને ઓળખી બતાવ્યો. પછી ચિત્રલેખા, એ કુંવરને અંતરિક્ષ માર્ગે એકદંડિયા મહેલમાં લઈ આવ્યાં અને ઓખા તથા અનિરૂદ્ધનાં લગ્ન કરાવી આપ્યાં. આખરે એ વાત બાણાસુરના જાણવામાં આવી અને અનિરૂદ્ધને કેદ કરવાથી યાદવો સાથે તેને યુદ્ધ થયું. રાજાનો ગર્વ ઉતરી ગયો. તે હાર્યો અને રાજીખુશીથી

ઓખાકુંવરીને અનિરૂદ્ધ સાથે પરણાવી. એ ચિત્રલેખા ચિત્રકળામાં શું ઓછાં હોંશિયાર હશે કે ?

'નહિસ્તો' હિરામણિએ ટાહુકો પુર્યો. 'પણ એવાં થોડાં.'

ચંદા—ના ઘણાંએ. સીતાજી, દમયંતી ને માલતી વગેરે સતીઓ એવી કળાઓ જાણતી હતી. મોટા ઘરની ઘણીએ સ્ત્રીઓ આગળ ચિત્રવિદ્યા જાણતી.

જમનાં—પણ એથી ફાયદો શો ? મોટા ઘરનાં બૈરાં નવરાં હોય તે ચીતર્યા કરે.

ચંદા—કોઈ પણ વિદ્યા કે આવડ નકામી નથી. ચિત્રકળામાંથી સ્ત્રીઓને ધીરો અને સ્વચ્છતા રાખવાનો ગુણ લેવાનો છે. ધીરી ગંભીર પ્રકૃતિ ને સ્વચ્છતા હોય, તોજ ચિત્ર સારૂં કઢાય. ઘરસંસારમાં એ ગુણ આપણને બહુ કામનો છે. પેલી કહેવત નથી જાણતાં કે, 'ઉતાવળા સો બહાવરા, ને ધીરા સો ગંભીર.'

'વાહ ! ઠરેલો હાથ તથા ધીરો ને ગંભીર સ્વભાવ, એ તો સ્ત્રીઓનું મુખ્ય લક્ષણ છે.' ગોદાવરીએ પુરતી આપી.

હરકોરશેઠાણીએ વાર્તાકૌતુક શિથિલ થતું જોઈ સુમનને પોતાના ખોળામાં બેસારીને કહ્યું કે, આવ બેટા ! હવે તું ગા. ભાભી લડશે નહિ. અમને કંઇ નવું નવું સંભળાવ.' ચંદાગૌરીના સામું જોઇ 'ચંદાવહુ ! તમે લડશો નહિ.'

ચંદા—ના ના, હું લડતી નથી. વચમાં બોલતાં રોકવાં જોઇએ, તેથીજ. સુમનબા ! ગાઓ.

સુમને ઓખાહરણુમાંના કેટલાક ટુચકા બહુ સારી રીતે સ્ત્રીઓને ગાઈ સંભળાવ્યા. તેના ઝીણા મધુરા રાગથી સર્વે ખુશ ખુશ થઇ ગયાં. સુમનનું ગાન સાંભળી માણેક બોલી કે, ‘ સુમનબ્હેન તો મજેનું નાટક જેવું ગાયન કરે છે ? ઘણીએ સુધરેલીઓ હમણાં ગાનતાન શીખે છે. ’

ગોદાવરી—ગાનતાનથી કુચ્છંદ શિખાય છે. એ તો મને બિલકુલ પસંદ નથી. બૈરાંને ગાનતાન ન આવડતું હોય તો શું ?

ચંદા—ગોદાવરીકાકી તો મારી પણ વળી મશ્કરી કરશે, પરંતુ એમ નથી. એ પણ એક નાજુક કળા છે અને સ્ત્રીઓએ શીખવી જોઇએ.

ગોદાવરી—લાલસાહેબ જેવા ભાયડા હોય તો તેમને રીઝવવા, એ કળા કામ લાગે ખરી !

સ્ત્રીઓ હસી પડી, પણ ચંદા હસી નહિ. તે બોલી કે, ‘ એય ખરૂં ને કાકીજી ? સ્ત્રીઓની એવી તેવી અનાવડથી સંસારની નીતિમાં બગાડો થાય છે. જુના વખતના ઇતિહાસોમાં એવા કેટલાક દાખલા છે. ગૃહિણીઓ—ગૃહસ્થઘરની સ્ત્રીઓની એવી તેવી અનાવડને લીધે રોમના ડાહ્યા અને મોટા મોટા રાજપુરૂષો ગણિકાઓને ઘેર જઈ બેસતા, દેશની તેમાંથી ખરાબી થઇ હતી. અરે એ તો શું ? ગુજરાતમાં નવાણુ બંધાવવા માટે પ્રસિદ્ધ થઈ ગયેલાં રાજમાતા મિનળદેવી નાચરંગની કળામાં પાવરધાં હોવાથી તેમનો સંસાર સુધર્યો હતો. ચિત્રકળા અને નૃત્યકળાની સાથે મળતી આવતી એ વાર્ત્તા ત્યારે તો હવે સાંભળીનેજ જાઓ.

મિનળદેવી.

દક્ષિણમાં કર્ણાટક દેશમાં જયકેશી કરીને એક રાજા હતો. તેને મિનળદેવી નામે એક રૂપાળી કુંવરી હતી. રાજાએ કુંવરીને જુદી જુદી વિદ્યાઓ ભણાવરાવી હતી. તે નૃત્યકળા, ચિત્રકળા શાસ્ત્ર અને બીજાં અનેક વ્યાવહારિક પુસ્તકો ભણી હતી. રાજા રાણી કુંવરીની વિદ્યા અને રૂપ જોઈ સદા પ્રસન્ન રહેતાં. એમ કરતાં કરતાં કન્યાકાળ આવ્યો, દક્ષિણના રાજકુંવરો તરફથી રાજકુંવરીનાં માગાં થવા માંડયાં, પણ મિનળદેવીએ પરણવાની ના પાડી. એક પછી એક માગાં પાછાં ફરતાં જોઈ કુંવરીની માતાએ એકવાર તેને બહુ ઠપકો દીધો, પણ તે તો એકની બે થઇજ નહિ. લાડકી કુંવરી ને તે વળી ભણેલી, એટલે માતપિતા તેની ઇચ્છાને દિલગીરી સાથે વશ થઇ મૌન રહ્યાં. કેટલોક કાળ ગયા પછી મિનળદેવીને સ્વપ્ન આવ્યું અને તેમાં તે જાણે એક રાજકુંવર સાથે પરણી.

ગોદાવરી—ઓખાબાઈના જેવું થયું.

ચંદા—હા, એમ થયું. સવારમાં ઉઠી તેમણે સ્વપ્નમાં પરણેલા વરની, પાટી ઉપર આબેહુબ છબિ ચીતરી. સખીઓ મારફત, તે રાજમાતા ઉપર મોકલાવી કહેવાવ્યું કે, ‘ જો આ રાજકુંવર મળે તો હું તેને પરણું. ’

રાજમાતાએ પોતાના દરબારના જુદાં જુદાં રાજ્યોના એલચીઓને બોલાવી પેલી છબિ બતલાવી. ગુજરાતના એલચીએ તે ઓળખી; રાજમાતાને કહ્યું કે, ‘ આ છબિ અમારા પાટણના જુવાન રાજા કર્ણરાયની છે. પાટણની ગાદીને શો-

ભાવે એવી કન્યાની શોધમાં તેઓ હજી કુંવારા છે.

રાજમાતાએ રાજા જયકેશીને કહી છબિ લઈ એક ભાટને મિનળદેવીનું નાળિયેર આપવા પાટણ મોકલાવ્યો. ભાટે પાટણ આવી રાજાને તેની છબિ બતાવી બનેલો બનાવ વર્ણવી સંભળાવ્યો. કર્ણાટકની કુંવરીના રૂપનાં વખાણ કરી તેણે નાળિયેર લેવાને વિનંતિ કરી.

મિનળદેવીની છબિ જોઈ તથા પોતાના સંબંધમાં બનેલો બનાવ, ભાટના મુખથી સાંભળી, રાજાએ માગું સ્વીકાર્યું. ભાટને મોટો સરપાવ આપી ખાંડા સાથે વિદાય કર્યો. પછી જ્યારે મિનળદેવી પાટણ આવ્યાં ત્યારે માર્ગના પરિશ્રમને લીધે ઝાંખાં પડેલાં હોવાથી જુવાન રાજાને છબિ જેવાં સુંદર જણાયાં નહિ. રાજા નારાજ થયો અને પ્રધાનો તથા માતુશ્રીએ ઘણુંએ કહ્યું તોપણ તેમની સાથે સંસાર માંડવાની ના પાડી. પ્રધાને બીજી રાણી કરવાનું કહ્યું ત્યારે તેમ કરવાની પણ ના પાડી. મિનળદેવી પોતાની અવગણનાથી પાટણની ભાગોળે બળી મરવાને તૈયાર થયાં પણ સાસુજીએ સમજાવી પોતાની પાસે રાખ્યાં.

સાસુએ, રાજકુળે અને પ્રજાએ તેમને પટરાણી તરીકે માનવા માંડયાં અને રાજા પણ સંસાર માંડવા સિવાય બીજી બધી વાતે તેમને રાણીની માફકજ માન અપાવવા લાગ્યો. એમ કરતાં કરતાં એકવાર એક ગણિકા પાટણ આવી. દરબારમાં તેણે નાચ કરી એવો મુજરો કરી બતાવ્યો કે, જુવાન રાજાએ મોહ વશ થઈ તેને રંગમહેલમાં બોલાવી.

પાટણનો વાણિયો પ્રધાન ઘણો ડાહ્યો હતો. જુવાન

રાજાની વાત તેણે રાજમાતાને કહી અને બેઉએ મળી ગણિકાને કેટલુંક ધન આપી તેજ વખતે પાટણથી દૂર નસાડી મૂકી. મિનળદેવી ઋતુસ્નાતા હતાં તેમને રંગમહેલમાં મોકલવાની ગોઠવણ કરી. મિનળદેવીને નૃત્યકળા એવી સરસ આવડતી હતી કે, ગણિકાઓ પણ તેમની આગળ પાણી ભરે ! કર્ણાટકી ગણિકાના સુમનોહર વેષે દેવી રાત્રિના રંગમહેલમાં ગયાં અને મોહપરાયણ રાજાએ તેમના અતિ મનોહર રૂપમાં, રાગમાં ને અભિનયના હાવભાવમાં મોહિત થઇ તે રાત્રિ ગુજારી. રાણીએ મોહને વશ થયેલા રાજા પાસેથી સંગના સંભારણા તરીકે વિંટી લઈ લીધી.

બીજે દિવસે રાજાનો મોહ ઉતરી ગયો અને ગણિકા ગમન માટે તેને મોટો પશ્ચાત્તાપ થયો. વિદ્વાનો પાસે તેનું પ્રાયશ્ચિત્ત જોવરાવ્યું તો તેમણે કહ્યું કે, ગણિકાના જેવી તપ્ત પુતળીને ભેટી પ્રાયશ્ચિત્ત કરવું જોઇએ. પાટણનો ધાર્મિક રાજા દેહાન્ત પ્રાયશ્ચિત્ત કરવાને તત્પર થયો અને નગરવાસીઓમાં હાહાકાર થઈ રહ્યો.

સરસ્વતી નદીના કિનારા ઉપર ધાતુની પુતળી તપાવીને તૈયાર કરવામાં આવી અને હજારો લોક આંસુભરી આંખે ' મહારાજને ગણિકાગમનનું પાપ નથી ' એમ વિનંતિ કરવા ટોળે મળ્યા. રાજા તૈયાર થઈ ધાતુની પુતળીને ભેટવા જતો હતો એટલામાં પેલો ભેદ મહારાણીએ ઘુંટણમંડીએ પડી ભાગી નાંખ્યો, ને ક્ષમા માગી. પોતાને એક મહા પાતકમાં પડતાં બચાવવા સારૂ રાજાએ વિનયથી નીચા નમી બહુ માનપૂર્વક રાણીનો ઉપકાર માની આટલો બધો વખત અવગણના

કરવા વાસ્તે માફી ચાહી, પણ સ્વામી એજ જેનું પરમ દૈવત છે, એવી પતિપરાયણ આર્યાને માફી આપવા જેવું શું હોય? રાજમાતાએ પ્રસન્ન થઈ રાણી સગર્ભા છે. એમ જાહેર કરી, મોટા સમારંભથી, તેમને નગરમાં આણવાનો વરઘોડો કઢાવરાવ્યો અને અન્યોઅન્ય ઉપર ઉપકારથી, પ્રેમથી અને ખરા સ્નેહથી અનુરક્ત થયેલાં રાજા રાણી રાજમાતાને પગે પડ્યાં. લોકો પ્રસન્ન થયા, રાણીનાં માન વધ્યાં અને એજ અપૂર્વ પ્રસંગના અમર સંભારણા તરીકે પરમેશ્વરે ગુજરાતના ચક્રવર્તીઓમાં મુખ્ય, મહારાજ સિદ્ધરાજ જયસિંહને જન્મ અપાવ્યો.

'વાહ! નૃત્યકળા અને ચિત્રકળા બેઉ રાણીને તો ફળ્યાં! એવી સ્ત્રીઓને ધન્ય છે.' એમ કહી સૌ પ્રસન્ન થઇ નાગદેવની પૂજા કરી પોતપોતાને ઘેર ગયાં.

પ્રકરણ ૪ થું.

ઘર ચલાવવાની ચતુરાઈ.

'હોંશથી માણસ કેવું સપટાબંધ શીખે છે તે જોયુંને સુમનબા !' ચંદાગૌરીએ એકવાર સોળાભેર રસોડામાંથી બહાર નિકળતાં નિકળતાં પોલકાના કાપ કાઢતી નણંદને સવાલ કર્યો.

"જમનાંભાભી તો ખરેખર બહુ હોંશથી ભણે છે ભાભી! આખો દહાડો ઘેર વાંચ વાંચ કરે છે. એક ઘડીએ એળે જવા દેતાં નથી. ત્રીજી ચોપડી આખી કડકડાટ વાંચી જાય છે. હું તો ધારૂં છું કે, એક બે મહીનામાં મારીએ આગળ જતાં રહેશે." સુમને ચંદાગૌરીએ બતાવેલા કાપના કાગળ પ્રમાણે બીજા કાગળ ઉપર કાપ મૂકતાં મૂકતાં ઉત્તર આપ્યો અને જમનાંને પોતાની આગળ જવારૂપ ભીતિ દર્શાવી.

ચંદા—એ તો હજી એકલું વાંચનજ શીખે છેને ? તમે ધોરણો પ્રમાણે ભૂગોળ, ઇતિહાસ અને હિસાબ બધું ભણો છો. હવે મારે એમને પણ એ બતાવવું છે. તમે તમારા ભાઈ આવે એટલે ખેલતાં ફરો અને મારાથી એ હોય ત્યારે તમને કંઇ કહેવાય નહિ.

'મારા ભાઈ અને તમે બેઠાં હતાં ને હું તે દિવસે પૂછવા આવી ત્યારે તમેજ ભાભી મને કહ્યું હતુંને કે, 'હમણાં નહિ.' વળી મારા ભાઇ તમને કહેતા હતા કે, સુમનને થોડીવાર

રમવા દેજો. તેમણેજ પેલાં બાવલાંના ઢિંગલાં મને રમવા લાવી આપ્યાં છેને ? એટલી વારે હું ના રમું ?' સુમને કંઈક નમ્ર પ્રીતિ બતાવી એટલામાં જમનાં ત્યાં આવી પહોંચી. નણંદભોજાઈને કાગળ કાપતાં અને વાતો કરતાં જોઈ તે બોલી કે, 'કેમ ચંદાબહેન ! શું ચાલે છે ? નણંદ ભોજાઇ કંઇક ધીરી ધીરી મીઠી વાતો કરો છો ?'

'તમારાં જમનાંભાભીનો આવરદા બહુ મોટો છે હો સુમનબહેન !' ચંદાગૌરી જમનાંને પોતાની પાસે બેસાડતાં બેસાડતાં હસી.

'શું છે ? મારી વાત ચાલતી હતી કે શું ?'

ચંદા–હા, સુમનબાને બિચારાંને તમારો ભય લાગ્યો છે. કહે છે કે, 'જમનાંભાભી મારી આગળ જતાં રહેશે તો ?'

'પણ ક્યાંથી ? એમને તો મારા કરતાં કેટલીએ બાબતો વધારે આવડે છે. હું માત્ર વાંચું છું એટલુંજ. એ જેવી કવિતાઓ અને ગરબીઓ ગાય છે, એ જેવા હિસાબ ગણે છે, એ જેવાં ભરે છે, સિવે છે અને મોતીના દાણા જેવા અક્ષર લખે છે, એવું હજી મને કંઇ આવડે છે ? સુમનબાની બરોબરી મારાથી ક્યાંથી થાય ? વળી એમને કંઇ કામ છે ? આખો દહાડો બેઠાં બેઠાં ભણ્યાંજ કરે છે.'

'હમણાં હું એજ મારાં ભાભીને કહેતી હતી અને તે મને ઠપકો દેતાં હતાં કે, 'તમે બહુ રમો છો.' તમે તો તેથી ઉલટું બોલ્યાં. મારા કરતાં તો તમે મસ વાંચો છો ! વળી ઘરનું કામે હું નથી કરતી કે ભાભી ?' સુમને પોતાને માથે

આવેલો દોષ ઉતારવા ચંદાગૌરીને સવાલ કર્યો.

‘જુઓ, હું તમારો ઝઘડો ચૂકવું.’ ચંદાગૌરી બોલી. ‘સુમનબાને એક નહિ પણ અનેક અભ્યાસ ચાલે છે અને જમનાંબહેન! તમે પોપટની માફક હજી એકલું વાંચન શીખો છો. સુમનબાને ઘરકામ કરવાં, રસોઈ કેમ કરવી, સરસામાન કેમ ગોઠવવો અને પોતાની, પોતાનાં કપડાંલત્તાંની તથા ઘરની સફાઈ કેમ રાખવી, ઇત્યાદિ અનેક બાબતનું શિક્ષણ આપવામાં આવે છે. એ બાબત તમને કે એમને સમજાય નહિ, એ તો હુંજ જાણું. લખવા વાંચવામાંજ કંઈ જમનાં-બહેન! ભણતર કે કેળવણીનો સમાવેશ થતો નથી. કેળવણી એટલે મનુષ્યનું દરેક કામકાજ, કે હિલચાલને લગતું શિક્ષણ. સાહેબલોકના દેશમાં એકવાર કોઇ એક માતા તેના છોકરાને લઇને એક ઘરડા મહેતાજી પાસે ગઇ અને તેને કહ્યું કે, ‘આ છોકરાને સારી કેળવણી આપો. તેને કંઇ કેળવણી મળી નથી. મહેતાજીએ ઉત્તર આપ્યો કે, ‘બાઇ! એ શું બોલો છો? જ્યારથી એણે આ દુનિયામાં આંખ ઉઘાડી ને શ્વાસ લીધો ત્યારથીજ એની કેળવણી શરૂ થઈ ગયેલી છે.’

‘તે કેમ? હું તો કંઇ સમજી નહિ.’

ચંદા–ન સમજ્યાં? એનો અર્થ એટલોજ કે, છોકરૂં જ્યારથી આંખ ઉઘાડીને ‘ઉંઆ ઉંઆ’ કરવા માંડે છે ત્યાર-થીજ તેની કેળવણી શરૂ થાય છે. તમે આવડાં મોટાં થયાં ત્યાંસુધી તમને વાંચતાં લખતાં આવડતું ન હતું, છતાં બધો વ્યવહાર કરી શકતાં હતાં કે નહિ? બાળક આપણે

ચાલતાં હોઇએ તેમ ચાલે, બોલે અને કામ કરે, એ બધું કેળવણીમાંજ આવ્યું. 'પોપટનાં બે બચ્ચાંની વાત તમારા વાંચવામાં આવી ગઈ કે નહિ?'

જમનાં–હા, ત્યારે તો એમજ કહોની કે, આપણે બોલીએ, ચાલીએ અને જે કંઇ કરીએ, તે બધુંએ ભણુતર કહેવાય. અક્ષર તો આપણા વિચાર જણાવવાનું અને સામાના વિચાર જાણવાનું સાધન. ખરેખર, હું તો હજી પોપટની માફક વાંચીજ જાણું છું, કંઇ સમજતી નથી.

સુમન–ત્યારે જમનાંભાભી! તમે પેલી કવિતા મોંઢે રાખોને:–

' વાંચે પણ નહિ કરે વિચાર,
તે સમજે નહિ સઘળો સાર. '

ચંદ્રા–તમને કડકડાટ વાંચતાં આવડયું ત્યારે હવે જે વાંચો તેની ઉપર વિચાર કરવા માંડો, અને ન સમજાય તે મને પૂછતાં જાઓ. આંધળું દળે એવું વાંચન તો કાંઈજ કામનું નહિ.

' ત્યારે જુઓ સુમનબા! તમેજ આગળને. હું તો પાછી બધું ફરીને વાંચીશ ત્યારે. '

' અલબત, તમે સઘળું સમજીને વાંચશો ત્યારે. અર્થ ગોખવા જોઈશે, સાર કહેતાં અને સમજતાં આવડવો જોઈશે, અને વાતની મતલબ સમજવી પડશે. કંઈ અમસ્તું ભણાય કે જમનાંભાભી!' સુમને આખા પોલકાના કાપ તૈયાર કરીને ચંદ્રાગૌરીને દેખાડતાં દેખાડતાં જમનાંને સમજીને વાંચવાની સમજ આપી.

બસ, બરાબર છે. હવે કાલ જુનાં કપડાંમાંથી તમારો પોલકો તૈયાર કરજો. ચંદાગૌરીએ નણંદને શાબાશી આપી. એટલામાં બહારથી મોંઘી નામની એક નાની છોકરી બૂમ પાડતી આવી કે, ' સુમન ! અહિં આવ, અહિં આવ ! જોની, જોવાની મઝા છે. પેલાં મંછાભાભીને માર પડે છે. '

કુવડનો ફજેતો.

જમનાં આ વાત સાંભળી ત્યાંથી ઉઠીને જોવા ગઇ અને સુમન પણ કાગળના કકડા ચંદાગૌરી ઉપર નાંખી દઇ હસતી હસતી બહાર દોડી ગઇ. ચંદાગૌરીએ સઘળું ઠેકાણે મૂકયું. તમાસાને કંઇ તેડું હોય છે ? મંછાનો વર પાઘડી પહેરીને બબ્યોઝબ્યો બહાર ગયો, એટલે માળાની તમાસગીર સ્ત્રીઓ તેની ઓરડીમાં જઇ ભરાઇ. મંછાની ઓરડી તેના જેવીજ કુવડતા બતાવી આપતી હતી. નવું છાયલ ખુણામાં તો સાવરણી ઘર વચ્ચે, તપેલી પાણિયારે તો ઘડો રસોડે અને સારી વસ્તુ રઝળતી તો નઠારી વસ્તુ ઠેકાણે મૂકેલી. પુંજો એટલોજ, માંખો પણ તેટલીજ, અને જયાં જુઓ ત્યાં બધે ગંદવાડ. માણેક જેવાં છીછવાં તો ઓરડીમાં પેઠાં ત્યારનાં નસકોરાં ચઢાવી મોઢું કટાણું કરાને ચીતરી બતાવતાં હતાં. મેલું ઘાણુ જેવું, કોઇ સુઘડની ઉપર નાંખ્યું હોય તો તેને પાછું ફરે, એવી પસિનાની ઘાણ મારતું, પુંઠેથી પલળેલું અને પાલવે આંસુ તથા લાળથી ભિંજાયલું કંતાનનું અબોટિયું પહેરી મંછા લાલઘુમ જેવે ચહેરે અને ડળક ડળક આંસુભરી આંખે માબાપોને ગાળ દેતી અને ઘરઘરે ઘાંટે રોતી તથા કૂટતી બે પગ

લાંબા ઘાલી ઓરડી વચ્ચે, તાડકા બેઠી હોય તેમ બેઠી હતી. બૈરાં તેને કંઇને કંઇ પૂછી પૂછીને વધારે અને વધારે ઉશ્કેરતાં હતાં. વરને ગાળો દેતી અને કપાળ કૂટતી તે રોતી હતી. મંછાના ઘરના કંકાસનો ઇતિહાસ આ પ્રમાણે હાસ્ય વિનોદમાં અને ટીકાઓમાં ભેગી મળેલી સ્ત્રીઓ ગમતને ખાતર લંબાવતી હતી એટલામાં અંદરની–રસોડાની ઓરડીમાં ધબકારો થયો અને કારમી ચીસ તથા છિંકૂકાર સાથે બે બિલાડાં સ્ત્રીઓથી ભરાઇ ગયેલી આગલી ઓરડી વચ્ચે થઇને નાઠાં. શિખંડથી ખરડાયલા એક બિલાડાને લીધે કેટલીક વચમાં બેઠેલી અને ઉભેલી સ્ત્રીઓનાં લુગડાં અને શરીર બગડયાં. શીખંડના તપેલામાં પડવાથી એક બિલાડું આખે ડીલે શીખંડથી ખરડાયેલું હતું. એક જણીએ અંદર નજર કરી ચોંકીને બૂમ પાડી કે, ‘ એ ઈ બાપરે ! મોટાં દૈત્ય જેવાં બે માંકડાં પૂરીઓ લઈને બારી ઉપર બેઠાં છે. ’ મંછા આ સાંભળી તરત રોતી રહી ગઇ. ભયથી ધ્રુજતાં કેટલાંક બૈરાં બહાર નાસી ગયાં અને કેટલાંક ઉભાં થયાં. હવે મંછાને બીજુંજ જોર ચઢયું. તેણે રસોઈની ઓરડી તરફ ધસી જઇ એક મોટું લાકડું ઉપાડી માંકડાંને નસાડી મૂકયાં અને પાછી ફરી ઘરમાં અને બારણામાં ઉભેલી સ્ત્રીઓને ‘ શું જોવાને આવીઓ છો ?’ એમ કહી ધમકાવી. સૌનાં મુખ ઉતરી ગયાં અને ઝંખવાણી પડી. શીખંડવાળા બિલાડાથી બગડેલાં લુગડાંને જોતી અને કોઈ પોતાને તેનો નહોર લાગ્યો, એમ કહેતી ત્યાંથી વિખરાઇ ગઈ. માણેક અને જમનાં મોટેથી હસતાં ને વાત કરતાં કરતાં ત્યાંથી ચંદાગૌરીને ઘેર આવ્યાં. તેઓ આવે ત્યાર પહેલાં તો,

રસોડામાં બિલાડાં અને માકડાંની મારામારી થતાંજ ઘેર નાસી આવેલી સુમન, મંછાના ઘરની વાત ચંદ્રાગૌરીને કહેતી હતી.

'માણેકબ્હેન ! શું છે ? માળામાં શાના ભવાડા થાય છે ?' ચંદ્રાગૌરીએ આવકારક વાણીએ માણેકને સંબોધીને સવાલ કર્યો.

ચંદ્રાગૌરીનો સવાલ સાંભળતાં અને તેના ઘરમાં પગ દેતાંજ માણેકે હાથમાંનો રૂમાલ ખીસામાં નાખ્યો અને છુટે હાથે હિંડતાં ખભા ઉપર ચઢાવેલો છાયલના પાલવ નીચે નાખી, ઠાવકાપણું ધારણ કરીને કહ્યું કે, 'આપણા હિંદુ-સંસારના ભવાડાસ્તો. રડયાં રોજ લડે અને આવા ભવાડા કરે, તેમને શું ? મંછા મોઈ કુવડ અને ભાયડો લાલસાહેબ ! એટલે સંસાર પછી શી રીતે ચાલે ?'

'સાહેબ તો મડમને ન મારે ? એ તો તમે બોલતાં ચૂકયાં માણેકબ્હેન !' જમનાંએ ટીકા કરી.

'એ લોકમાંએ અજ્ઞાન ને અણુસમજુ ધણીધણિયાણી વચ્ચે કંકાસ થાય છે. એટલું સારૂં જે, ન પાલવ્યું કે છેડો ફાડી લઈ કંકાસનું મોં કાળું કરાય. આપણામાં કંઈ એવું છે ? કણુકમાં પાણી પડયું તે પડયુંજ. જન્મારો વહી છુટે વારો.' માણેકે જમનાંને જવાબ આપ્યો.

ચંદ્રા—હશે. ચાલુ વાતજ કરોની. મંછા શું એવી પુવડ છે ? આજ સપરમે દહાડે અરેરે ! એને બિચારીને ઘેર કંકાસ !

જમનાં—કુવઠ શાની ? કોઈ જરા વધારે ઠીકઠાક હોય, ને કોઈ જરા ગબડગંદી હોય, એમાં શું થઇ ગયું ?

માણેક—એમ કેમ, સફાઇ અને ચંચળાઇમાં તો ફેરસ્તો ! વસ્તુ માત્રની કેળવણી જોઇએ. આપણે ઘઉંની રોટલી કરીએ છીએ, અને ગામડિયાં બિચારાં તિક્કડ કૂટે છે.

ચંદા—જમનાંબ્હેન ! કેળવણીની વાત જુદી છે. ઘર ચલાવવામાં સ્ત્રીને એવું તેવું બધું આવડવું જોઇએ. વસ્તુને વિવેકથી કેળવીને વાપરતાં અને ખાતાં આવડે તેની વાત જુદી ! એ બાબત ઉપર તો એક બહુ મજેની શિખામણની વાત છે.
જમનાં—કહો તો ખરાં. અમે તેમાંથી શિખામણ લઇશું.

કેળવણીનો કંસાર.

ચંદા—જુઓ, આપણા માળા જેવો એક માળો હતો અને તેમાં બે ભિક્ષુક બ્રાહ્મણો, તેમની સ્ત્રીઓ સાથે તળે ઉપર રહેતા હતા. બેઉ જણ ઝાઝું ભણેલા નહિ, એટલે બિચારા ‘ વિદ્યાર્થીના આશરવાદ ’ કરી વસ્તીમાં ભીખ માગતા હતા. એકની બાઇડી ચતુર, વિવેકી અને ઘર કેમ ચલાવવું તે જાણનાર હતી, અને બીજાની બાઇડી મંછા જેવી ઓથડ હતી.

ગામમાં ભિક્ષા માગીને થાકયા પાકયા હોય ત્યારે પેલા બે મિત્રો કોઇ કોઈ વાર એકાંતમાં કહિં બેસીને સુખદુઃખની વાતો કરતા. પેલી ચતુર વિવેકી સ્ત્રીનો પતિ, ઘર ને પત્ની તરફના પોતાના સુખથી પૂર્ણ સંતોષ બતાવતો એટલુંજ નહિ, પરંતુ જ્યારે જ્યારે પેલો તેને ‘ શું જમ્યા ? ’ એવો પ્રશ્ન કરે, ત્યારે તે ‘ દાળ, ભાત, રોટલી, શાક ’ વગેરે વાનીઓ, વારાફરતી જમ્યાનો ઉત્તર આપતો. પેલી પુવડનો વર તેનો જવાબ સાંભળી હંમેશ મનમાં વહેમ લાવતો કે, ‘ આ ભૂખો,

અમસ્તો એની બાઇડીની અને ખાધાપીધાની બડાઇ મારે છે. હું ને એ બેઉ, ભિક્ષાવૃત્તિ કરીએ છીએ અને ભીખમાં પંચરાઉ કણુક* મળે છે. એમાંથી નાના પ્રકારની રસોઇ ક્યાંથી જમતો હશે ? મારે મોઢે અમસ્તી બડાઈ મારે છે.

જમનાં—એ તો ખરૂ સ્તો ચંદાબહેન ! બેઉજણુ ભીખની કણુક લાવે, તેમાંથી પેલો સારી સારી વાનીઓ ક્યાંથી જમે ? બાઈડીનું પિયેર પૈસાદાર હોય અને ત્યાંથી લાવીને સારૂં સારૂં જમાડતી હોય તો કોણુ જાણે ?

ચંદા—ના ના, એવું કંઈ ન હતું. એ બાઇડીની પોતાની ઘર ચલાવવાની ચતુરાઈજ. પુવડના વરને શક પડયો તેથી તપાસ કરી અને બે ચાર વાર જમવા વખતે તે તેને ઘેર ગયો. ત્યાં તે કહેતો તેવુંજ જમતાં તેણે તેને જોયો. એકાદ બે વાર પેલી સ્ત્રીના વિવેકને લીધે તેના હાથની મજેની સ્વાદિષ્ઠ રસોઈ પણુ જમ્યો. તેને પછી ખાતરી થઇ કે, ' મારો મિત્ર બડાઇ મારતો નથી પણુ ખરેખર સારૂં જમે છે અને મારા કરતાં વધારે સુખ ભોગવે છે. ' પોતાને ખાતરી થયા પછી તેણે બાઈડીને બે ચાર વાર ઠપકો દીધો અને મિત્રની વહુનો દાખલો લેવા કહ્યું. પેલી પુવડે પ્રથમ તો તમારા જેવોજ વહેમ લીધો અને કહ્યું કે, ' એના શા વાદ ? પિયેર બે પૈસે સુખી હશે એટલે ત્યાંથી લાવેલું ભાયડાને વહાલી થવાને ખવરાવતી હશે ? ' જ્યારે તેને તપાસ કરતાં જણાયું કે, તે પિયેરથી લાવેલી નથી ત્યારે તેને અચંબો લાગ્યો. કુવડથી જ્યારે વિચાર કરી કરીને થાકવા છતાં પણુ સમજાયું નહિ અને ભાયડો ાજ રોજ

* કણુક—દાળ, ચોખા, મગ ઇત્યાદિ સંમિશ્ર ભિક્ષાન્ન તે કણુક.

ટોકણી કરવા લાગ્યો ત્યારે તેણે પેલીને પૂછવાનો વિચાર કર્યો.

એક બીજીના વર દોસ્તદાર, એટલે સ્ત્રીઓને પણ એક બીજીને મળવાનો પરિચય તો હતોજ. એકવાર બપોરના પેલી ફુવડ તેને ઘેર ગઈ. તેનું ઘર એવું સ્વચ્છ કે, બેસવાનું કોઇનેએ મન થાય. ફુવડ પણ સમજુ અને અંતરની નિખાલસ હતી. નાનપણથી કામકાજમાં ઢસોરપણું આવેલું તે આવેલું. પેલીએ તેને વિવેકથી પોતાની પાસે બેસાડી ખબર અંતર પૂછી. પછી વાતે વાત નીકળાં તેણે પૂછયું કે, 'બહેન ! એક વાત મને કે-દહાડાની તમને પૂછવાનું મન છે અને મારા ઘરમાંથી પણ રોજ રોજ મને ટોકયા કરે છે. તમે તમારા ઘરમાં રોજ સારૂં સારૂં કરીને જમો છો અને અમે કણકના ભાખર કૂટી મરીએ છીએ તેનું શું કારણ ?'

પેલી ચતુર સ્ત્રીએ હસીને જવાબ આપ્યો કે, "ઓહો ! એ તમે સમજ્યાં નહિ ! એ તો સહેલું ને સટ છે. એવું પૂછતાં શરમાયાં શું કામ ? તમે કોઈ કોઈ વાર મારે ઘેર તો આવો છો. ખોટું ન લગાડતાં બહેન ! એ તો બૈરાંની કેળવણીની વાત છે. સારૂં સારૂં જમવું, સારી સુઘડ રીતે રહેવું અને સુખ લેવું, એ તો આપણા પોતાના હાથમાંજ છે. પૈસો હોય તેજ શું સુખ લઇ શકે ? અને એમ હોય તો પૈસો તો જગતમાં જવ-લ્લેજ હોય છે. એમ હોય તો ગરીબો બિચારા ખીદીખીદી થઇ જાય. પૈસો કંઇ સુખનું કારણ નથી. ઘરની બાઇડીનો વિવેક તે સુખ. આપણામાં નથી કહેતા કે, 'વિવેક દસમો નિધિ છે.' તમારા વર ને મારાઘરમાંથી બેઉ સરખું રળે છે અને સરખી વસ્તુઓ લાવે છે. ભાયડા જે કંઇ ઘરમાં લાવીને નાંખે, તેને

કેળવવું અને વિવેકથી વાપરવું, એ આપણું કામ છે. માફ કરજો બહેન ! જેવી કણુક આવે છે તેવીજ તમે હાંલ્લામાં જેમ ને તેમ ભરી દો છો અને જોઇએ ત્યારે દળીને ભાખર કૂટો છો, હું એમ નથી કરતી. એ જે લાવે તે જ્યારે હું નવરી હોઉં ત્યારે વિંણું છું. દાળે દાળ, ચોખે ચોખા, ઘઉંએ ઘઉં અને કઠોળે કઠોળ જુદાં પાડી ઝાડકીઝૂડકી સાફ કરી જુદાં જુદાં વાસણમાં ભરૂં છું. કુસકા, કોરમું અને બીજું જે જે કંઇ નકામું નીકળે તે વેચીને તેમાંથી બીજી ઉપયોગી વસ્તુઓ લઉં છું. એ રીતે રસોઇનું સાહિત્ય તૈયાર કરૂં છું. પછી જ્યારે જેમ જોઈએ તેમ રસોઈ કરૂં છું. તમે પણ એમ કરો તો થાય. ભીખમાં કપડાંલત્તાં મળે અને બીજો સરસામાન આવે, તે સૌમાંથી ઘરખટલાને ઉપયોગી વસ્તુ ઉપજાવી કાઢવી, એ આપણું કામ છે. એ આપણું કામ નહિ તો કોનું કામ ? જગતમાં સૌ છે, પણ માણસ પોતાની બુદ્ધિથી તેને કેળવે તો સુખ મેળવે." 'જમનાં બહેન ! આ કવિતા તમારા વાચવામાં આવી છે કે નહિ ?' ચંદાગૌરીએ તે બોલી બતાવતાં સવાલ કર્યો—

" નથી લટકતાં લુગડાં, તે ઝાડે તૈયાર;
વાવી કાંતી જો વણે, થાય સરસ શણગાર.

* * *

આપણને સૌ ઈશ્વરે, આપ્યા છે ઉપાય;
પણ બળતણ વાસણ વિના, શી રીતે રંધાય ?

* * *

તે તો તું તૈયાર કર, કાં કરી આપે કોય ?
તારે તારા અર્થનું, હાલ વખત જે હોય. "

જમનાં—વાહ ! વાહ ! ચંદ્રાબહેન ! વાહ ! તમારા જેવી સમજાવવાની ને શીખ દેવાની ખુબી તો મેં કહિંએ ન જોઈ ! આ કવિતા તમે એવી વાતમાં ઉતારી દીધી કે, હું બીજી રીતે તેને આવી સરસ કદી પણ સમજી શક્ત નહિ, અને તેમાં આવી જાતની શિખામણ સમાયલી છે, એ પણ જાણુત નહિ. પછી પેલી બાઇડીએ પણ પોતાને ઘેર વિવેકથી અને ચતુરાઇથી કામ કરવા માંડયું હશે નહિ વારૂં ?

ચંદ્રા—હાસ્તો. તે પછી તેણે પણ પેલીની માફક તેનો વર જે કંઈ માગી લાવે તેની સારી વ્યવસ્થા કરવા માંડી, અને તેનું ઘરસૂત્ર સુખરૂપે ચાલવા માંડયું.

‘ સ્ત્રી તો ઘરની રાણી કહેવાય. ઘરની ખાવાની પીવાની ને કુટુંબની વ્યવસ્થા કરવી, એ કંઇ જેવું તેવું કામ નથી. જેનું ઘર બગડયું તેનો જન્મ બગડયો. ધીરજથી ઘરધંધો ઉકેલવો અને સારી રીતે ઘરસૂત્ર ચલાવવું, એ તો કેટલીક પરણનારી કન્યાઓ માટે લાયકાત ગણાય છે. દલપતકાવ્યની ગરબીઓમાં પણ મેં કન્યાશીખમાં એવું વાંચ્યું છે. ’ માણેકે ટાપસી પૂરી.

તમે પણ હવે કંઇ કંઇ વાચતાં રહો છો માણેકબહેન ? ચંદાગોરીએ માણેકના અભિપ્રાય ઉપર પ્રસન્નતા દર્શાવતાં તેને ઉત્તેજન આપ્યું.

‘ તમારી શિખામણથી મેં હવે કંઈ ને કંઇ થોડું થોડું રોજ સમજીને વાચવું એવો નિયમ કર્યો છે. નિયમ કેટલું બધું કામ કરી શકે છે. આટલા થોડા દિવસમાં તો નિયમ રાખ્યો તેથી હું કેટલી બધી ચોપડીઓ વાચી ગઈ. ’

હવે મને વાત કરતાં આવડી એવો ઉત્સાહ થઈ આવ્યાથી જમનાં વચમાંજ પોતાના થોડા વાચનનું ઉદાહરણ આપવાનું સાહસ કરી બોલી કેઃ—

'એક એક ગાઉ ચાલતાં, લાંબો પંથ કપાય.'

સુમન હસી પડી એટલે જમનાંએ સહેજ લજ્જાથી પૂછયું કે, 'ચંદાબહેન ! બરોબર છેને ? મને પણ હવે વાચેલું યાદ આવવા માંડયું. તમારી પાસે આવી આવી સમજણ અને શિખામણની વાતો નીકળે છે ત્યારે સમજવા જેવું બધું બહુ સારી રીતે સમજાઈ જાય છે.'

ચંદા—બરોબર છે. વિવાદ અને વાતોમાં તો વસ્તુ બહુ સારી રીતે સમજાવી અને સમજી શકાય છે. છોકરાઓની નિશાળોમાં આવાં તો ખાસ 'વિવાદમંડળો' સ્થાપવામાં આવે છે. એથી જેમ વસ્તુનો સારો અને સ્થાયી બોધ થાય છે, તેમ એ માણસમાં બોલતાં પણ આવડે છે. માણસોમાં બેસી સારી રીતે સમજણપૂર્વક વાત કરવી અને બોલવું, એ પણ માણસને અવશ્ય આવડવું જોઇએ. ભણ્યાં ગણ્યાં ને એવું તેવું આવડયું નહિ, તો શા કામનું ? વારુ. આપણે વાતની બહાર ગયાં. મંછાબહેનને હવે મારી પાસે લાવતાં જાઓ. આપણે તેમના ઘરનો કલેશ દૂર કરીએ.

માણેક—ચંદાબહેન ! એ ધણી ધણિયાણી એવા કઢંગા સ્વભાવનાં છે કે, તેમની સાથે શિખામણની વાતે થાય નહિ. ઘડીમાં રડયાં લડે અને ઘડીમાં દૂધમાં સાકર ભળે તેમ હળી મળી જાય. બાઇડીને સુધારવાનું કામ ભાયડાનું અને ભાયડાને સુધારવાનું કામ બાઈડીનું છે. આ તો મારાં વહાલાં બેઉ

બાઘડ, કોને શિખામણ દઈએ ?

ચંદા—અરે ! એમાં શું છે ? માણસ ધારે તો ફાડી-ખાનારાં જંગલી જનાવરને કેળવે છે તો એમના શા ભાર છે ? તમે મંછાને કોઈ કોઈ વાર મારી પાસે લાવતાં રહોની ? કો-ઇનું પણ ઘર મંડાવી આપવું એ પુણ્યનું કામ છે. માણસે સારી શિખામણ દેવાથી કદી હડવું નહિ.

પણ ભાયડાનુંએ માને ત્યારેને ? ભાઇની હા, તો બાઈ-ની ના. એમને શું કહેવાય ?

એવું માણસે ધીરે ધીરે અનુભવ આવે એટલે સમજે. માણસ એકવાર ઠોકર ખાય એટલે સુધરે તો. અણસમજ કે કોઈના ચઢાવ્યાથી કેટલાંક ખરાબ થાય છે. દાક્ષાયણી જેવાં પણ પતિનું કહ્યું ન માનતાં પશ્ચાત્તાપ પામ્યાં છે તો આપણે મનુષ્ય કોણ માત્ર ?

'તે કોણ ચંદાબહેન ? માણેકે સવાલ કર્યો અને જમ-નાંએ તે વાત સાંભળવાની ઇચ્છા બતાવી.

પ્રકરણ ૫ મું.

સતી ચરિત.

ચંદ્રા—પૂર્વે દક્ષ પ્રજાપતિ કરીને એક મહાત્મા હતા. તેમને ઘણી કન્યાઓ હતી. તેમાંનાં એક સતી દાક્ષાયની હતાં. મહાદેવજી વેરે તે પરણ્યાં હતાં. કંઇ આજની વાત છે બ્હેન! પરાપૂર્વથી સાંસારિક ઝગડાઓ તો ચાલ્યાજ કરે છે. મહાદેવજી અને તેમના સસરા દક્ષ પ્રજાપતિને કંઇ વાંધો પડયો હતો, તેમાંથી મહાદેવજીએ દેવીને એમના બાપને ત્યાં જવાનું બંધ કર્યું હતું. બેઉ સસરો જમાઈ કસે ચઢયા. દક્ષ પ્રજાપતિ શંકરનું ઘસાતું બોલે અને શંકર સસરાનું ઘસાતું બોલે. એમ કરતાં કરતાં કેટલાંક વર્ષ વીતી ગયાં અને દેવી દાક્ષાયણીએ પિયેર જવાનું માંડી વાળ્યું.

'માંડીજ વાળેને, મહાદેવજીનાં પટરાણીને બાપની શી ગરજ હોય?' જમનાં સતીના સૌભાગ્યને વખાણતી ભિક્તથી વચમાંજ બોલી ઉઠી 'આપણા જેવાંથી કંઈ એવું થાય?'

આપણાથીએ થાય? પિયેરના પૈસાને શું કરીએ? ઝું-પડી હોય તોય પોતાની તે પોતાની, અને મહેલ ઝરૂખાં હોય તોય પિયેરનાં તે પિયેરનાં, પારકાંસ્તો! દલપતકાવ્યમાં એ સંબંધી એક મજેની ગરબી છે. 'આવજો જમનાંબહેન! હું એ ગરબી તમને વંચાવીશ.' માણેકે ડહાપણ દેખાડયું.

'એ ગરબી તો સુમનબાને મોઢે આવડે છે.' ચંદ્રા-

ગૌરીએ ઉત્તર દીધો.

'બોલો જોઇએ ? સુમનબહેન !' જમનાંએ સાંભળવાની આતુરતા બતાવી.

'પછી'

'નહિ, હમણાંજ સાંભળવામાં તેની ખુબી છે. બોલો બોલો, મારા સમ.' જમનાંએ બહુ આગ્રહ કર્યો.

'ત્યારે થોડી ટુંકો બોલીશ. પેલી વાતનો રસ જતો રહે. જુઓ, સાંભળો.' સુમને ઝીણા મધુરા રાગે ગાવા માંડયું:-

"સજની સાંભળ સ્નેહ સહિત, શિખામણ સાર છે રે લોલ;
સજની જુવતી જનને જોગ, વિવેક વિચાર છે રે લોલ. ૧
સજની સાસરિયાંની સાથ, વસો શુભ સ્નેહથી રે લોલ;
સજની સુંદરી જનને સુખ, અધિક છે એહથી રે લોલ. ૨
સજની પિયેર પૈસાદાર, કહો શા કામનું રે લોલ;
સજની ધણિઆપું ન ધરાય કે લેશ લગારનું રે લોલ. ૩
સજની સસરાની સંપત્તિ કે, એ તો આપણી રે લોલ;
સજની એમ ન સમજે આપ, પસ્તાય તે પાપિણી રે લોલ. ૪
સજની પરણ્યા સાથે પ્રીત, ગણો મનમાં ગળી રે લોલ;
સજની નખ તો કાપ્યા જાય, કપાય ન આંગળી રે લોલ. ૫
સજની કરમે મળીઓ કંથ, ન છોડ્યો છૂટશે રે લોલ;
સજની સકળ સગાઇનો તંત કે, તોડ્યો ન તૂટશે રે લોલ. ૬
સજની પીઉનાં વચન પ્રમાણ કે, પાણી પીજીએ રે લોલ;
સજની સંપતને અનુસાર કે, ઘર નિભાવીએ રે લોલ. ૭
સજની વાલપ ભરિયાં વેણ, ભલી વિધ ભાખીએ રે લોલ;
સજની હસતું મુખ હંમેશ, રૂડાં થઇ રાખીએ રે લોલ. ૮
સજની અમૃત વિનય વચન, નકી નરનારમાં રે લોલ;
સજની વિનય થકી વશ થાય કે, સઉ સંસારમાં રે લોલ. ૯

ચંદા—બસ, બસ, સુમનબા ! બસ. વાહ ! કેવી મજેની શિખામણ છે. કવિતા બહુ લાંબી છે. માણેકબહેનને ત્યાંથી કાવ્ય લાવીને તમે વાચી જોજો જમનાંબહેન !

માણેક—હાં, પછી ચંદાબહેન !

ચંદા—દેવી પિયેર જતાં ન હતાં, એવામાં એકવાર તેમના પિતાએ મોટો જગન આરંભ્યો. દેવ દાનવ સૌને જગનમાં નોતર્યાં, પણ જમાઇને કંકોતરી લખી નહિ.

'સસરોએ બા ખરો !' માણેકે આશ્ચર્ય બતાવ્યું.

'સસરો જમાઈને ન લખે તો જાણે ખેર, પણ દેવીનાં માતાજી કેવાં નિર્દય, કે દીકરીને ભૂલી ગયાં ?' જમનાંએ વધારે વિસ્મય બતાવ્યો.

ચંદા—સર્વેને ખોટું લાગ્યું હતું. બીજી બહેનો પિયેર જતી આવતી પણ દેવી જતાં નહિ. જગનના સમારંભમાં જ્યારે દેવલોકો વિમાનોમાં બેસી બેસીને જતા જોવામાં આવ્યા ત્યારે દેવી ચકિત થયાં. ક્યાંથી ખબર પડે ? તેમને ઘેર કહાવેલુંજ નહિને ! 'એ લોક ક્યાં જતા હશે ?' એમ દેવી વિચાર કરતાં હતાં, એટલામાં નારદમુનિએ આવાં તેમને સઘળી વાત કહી, એટલુંજ નહિ, પણ દેવીને તેમણે કહ્યું કે, 'હોય, બાપે ન લખ્યું તો શું થયું ? બાપને ઘેરથી દીકરીને તેડાંહકારાં શાં ? તમારે તો જવું જોઇએ દેવિ ! મહાદેવજી જમાઇ ઠર્યા તે વગર તેડે ન જાય, પણ તમે ન જાઓ તે સારૂં કહેવાય નહિ.

નારદજીની વાત દેવીને ગળે ઉતરી. તે ત્યાંથી પતિ પાસે

જઇ તેમને પોતાને મહિયેર લઈ જવાનો આગ્રહ કરવા લાગ્યાં શંકરે જાણ્યું કે, દેવીને કોઇએ ભંભેરેલાં છે તેથી બહુ સમજાવ્યાં પણ તેમણે તો માન્યુંજ નહિ. તેમણે ઉલટું શંકરને એમ કહ્યું કે, 'નોતરૂં કે કંકોતરી આવી હશે, પણ તમે મને જણાવ્યું નહિ હોય ?' લાડકી વહુઓની પેઠે સતી તો એમજ લઈ પડયાં કે, 'બસ, તમારોજ વાંક છે. આવા સમારંભમાં મારાં પિયેરિયાં, તમને કે મને ભૂલી જાયજ નહિને ?'

શંકરે છેવટ ખુલ્લા મનથી કહ્યુ કેઃ—

અનુષ્ટુપ.

તમારા સમ છે સુભ્રુ ! તમને અથવા મને;
સંદેશા સરખોએ જો, કહાવ્યો હોય એમણે.

'છતાં તમારે મારા ના કહ્યા ઉપર જવું હોય તો જાઓ, પણ યાદ રાખજો કે, ત્યાં જઇને પસ્તાશો.'

સતી ગરમ થઇ ગયાં અને શંકરનું કહેવું તેમને ખરૂં લાગ્યું નહિ. પતિના ના કહ્યા છતાં સ્ત્રીહઠ કરી આખરે તે પિતાને ત્યાં જાગમાં ગયાં. શંકરે નંદીને તેમની સાથે મોકલ્યો.

મોટે ઉપાડે દેવી પિતાને ઘેર ગયાં તો ખરાં પણ ત્યાં કોઇએ બોલાવ્યાં નહિ. ચાલ્યાં ચાલ્યાં છેક ઘરમાં ગયાં. બહેનો અને માતાએ પણ મુખ મલકાવ્યું નહિ. દેવી મહાદેવની ઉપરવારી થઇ આવેલાં તે આવું જોઈ, રાતાંપીળાં થઈ ગયાં. ઘરનાં અવમાન્યાં જગન મંડપમાં ગયાં, તો ત્યાં મહાદેવજીનું સ્થાપને કરેલું નહિ. દીક્ષા લઈ બેઠેલા દક્ષ પ્રજાપતિએ દીકરીને બોલાવી નહિ. દેવીને અહિં ખરેખરો ક્રોધ ચઢયો અને તેમણે પગ પછાડી પતિનું નહિ માનવા માટે પુરેપુરો પસ્તાવો કરી

ત્યાં ને ત્યાંજ અંગુઠામાંથી અગ્નિ ઉત્પન્ન કરી પોતાનો દેહ બાળી મૂક્યો. દેહનો ત્યાગ કરતાં દેવીએ દક્ષ પ્રજાપતિને કહ્યું કે—જ્યારે તમે મારા સ્વામીનો તિરસ્કાર કરો છો ત્યારે તમારાથી ઉત્પન્ન થયેલો આ મારો દેહ પણ મારે ન જોઇએ.

'પતિથી ઉપરવારિયાં થઇ જવાથી સતીને ખરેખર પસ્તાવું પડયું. બળી મરતાં મરતાં નંદી સાથે તેમણે મહાદેવને કહાવ્યું કે:—

ઉપજાતિ.

પ્રભો ! તમારાં પદ પૂજવાનાં, પુરાં થયાં પ્રાક્તન પુણ્ય મારાં;
પિયેરિયાંનો ધરી પક્ષ મારાં, સુણ્યાં નહિ મેં વચનો તમારાં.
તેનું મળ્યું આ ફળ ભાગ્ય મારૂં, હુતાશને પાતક તે ઉતારૂં,
અયોગ્ય મારાં વચને દૂભાયા હશો તમે તો પણ નાથ મારા;
શરીર ધરી તપ આદરીશ, પરંતુ પાછી તમને વરીશ.

વાહ ! શાબાશ છે દેવી દાક્ષાયણીને ! માણેકે અતિ આનંદમાં આવી જઇ ઉદ્ગાર કર્યાં.

'અમે તો બા અમારે સાદું ને સહેલ, એટલુંજ અમારે ગામડે સમજેલાં કે, પતિ તે પરમેશ્વર ! અમને તો એમની સામે આંખે ઉંચી કરવાનો વિચાર આવે નહિ, પછી લડાઇ થાય ક્યાંથી ? હા, કંઇ આવડે નહિ અને બગડે તેથી એ તપી જાય કે જુવાનીના જોરમાં કદી તમાચો ખેંચી કાઢે તોપણ આપણાથી કંઇ બોલાય ? કંકાસ ત્યાંજ દબાઇ જાય અને ઉલટું તે પૂછતા આવે કે 'વાગ્યું ?'

માણેક—વાહરે જમનાંબહેન ! તમે તો ખુબ કરી.

ચંદા—માણેકબહેન ! ખૂબ કરી એમ શું કહો છો ? એમણે એમનું ખરેખરૂં અંતઃકરણ અને આર્ય ધર્મની પરંપરાનું ચાલ્યું આવતું શિક્ષણ બતાવ્યું ! આર્ય સ્ત્રીઓમાં સહસાજ આવી ઉત્તમ છાપ પડતી આવી છે, તેનું આ ખરેખરૂં રહસ્ય તેમણે બતાવી દીધું. આર્ય સ્ત્રીઓનું આવું શીલજ હિંદુસંસારની શોભા છે.

આમ વાત ચાલતી હતી એટલામાં ઓચિંતી મંછા પણ ત્યાં આવી ચઢી. બહુ સ્નેહ ભર્યા વચને તેને પોતાની પાસે બેસાડી ચંદાગૌરી બોલી કેઃ—

' જુઓને મંછાબહેન ! કંઈ સઘળાના સ્વભાવ સરખા હોય છે ? અજાણ્યા માણસની સાથે હાથ મેળાપ થયો, એટલે તો આપણેજ લિંબુના પાણીની માફક તેનામાં આપણને, અને આપણામાં તેને, એકતાર કરીને રહેવું. ચંદાગૌરીએ કંકાસથી ઉશ્કેરાયલી મંછાને, વાતે વાતે વધારે શાંત પાડતાં પાડતાં, દિલાસો દેતાં દેતાં અને બોધ કરતાં કરતાં, વળી આગળ ચલાવ્યું કે ' એ તો ઘેરેઘેર માટીના ચુલા ! ' કોને ત્યાં કંકાસ નથી થતો ? બે વાસણ હોય તે ખડખડે. જમનાં અને માણેકે, ચંદાગૌરીનાં આવાં વચન તરફ લક્ષ આપતી મંછાને જોઇ, તેને ચંદાગૌરીના વચનમાં વિશ્વાસ અણાવવા કહ્યું કે, ' મંછાબહેન ! જુઓને, સૌ લોક તમાસો જોવા એકઠું થાય. હિતની વાત કહેવાને કોઇ આવે છે ? કડવાં ઓસડ તો મા હોય તેજ પાય. લોક તમાસો જોઈ પાછળથી હસતા હસતા ઘેર જાય, એમાં લડનારાં ધણી ધણિયાણીને શો લાભ ? ઉલટા લોક નિંદા કરે. ચંદાભાભીજીએ કહ્યું તેમ ઘેરેઘેર મતભેદ

તો હોય, કંકાસ કરીને ફજેતાના ફાળકા કરવા, એમાં શો માલ ? ઉલટો આપણો ભાર જાય.'

ત્રણ જણાંને એક તરફ બોલતાં જોઇ ' પોતાના વિચારમાં ભૂલ છે ' એમ મંછાથી સહેજ સમજાયું, અને હમેશ કંઇક શિખામણ જેવું કહેતાં ઉશ્કેરાઈને તોછડો જવાબ આપતી તે નરમ પડીને બોલી કે, ' માણેકબહેન ! મારો વાંક નથી. પરંતુ મારૂં માણુસજ છિંકતાં છિંડું પાડે તેવું છે. તેમ છતાં લોને, તમે કહો છો તો, આજથી મારે તેને જવાબ આપવાની બાધા ! મને કંકાસ સારો લાગતો હશે માણેકબહેન?' મંછાની આંખમાંથી પાણી નીકળી ગયાં. બોધ ગ્રહણ યોગ્યતાનો પ્રસંગ જોઇ ચંદાગૌરી તરત બોલી કે ' મંછાબહેન ! બસ એટલુંજ કરો. કોઇની ખાતર નહિ તો મારી ખાતર, બસ એટલુંજ કરો, અને પછી જુઓ કે, કંકાસ થાય છે ? તમારા ઘરનું માણુસ તમે કહો છો તેવું હશે. ઘણાએ ભાયડા એવા હોય છે, પણ બાઇડી તો તેનું નામ, કે જે વાઘને પણ વશ કરે. જુઓ હું કહું છું તેમ તમે બોલવાની બાધા લો, ને પછી એ તમારે વશ થઈ જાય છે કે નહિ, તે જુઓ. ગમે તેવું લડકણું માણુસ હોય પણ ભિંત સાથે કંઈ લડાય છે ? ભિંતને કોઇ ગાળ દે તો તે સાંભળે નહિ કે ઉત્તર આપે નહિ, પછી તેની સામે માથું પટકે એવું તે ઘેલું કોઈ હોયકે ? આપણે એવાં થવું.

માણેક–બરોબર છે. મંછાબહેન ! બરોબર છે. બસ તમે પણ એમજ કરો. બોલવાનીજ બાધા લો, મારે કે ગાળો દે, પણ તમારે તો બસ કંઈ બોલવુંજ નહિ.

જમનાં—હા, મંછાબહેન ! તમારે બોલવું નહિ, પણ ઘરનું જે કંઈ કામકાજ હોય તે તો સૌ કરે જવું. દસ દહાડા રિસાવુંએ નહિ અને બોલવુંએ નહિ. સીધેસીધા પૂછે તેના જવાબ, અને વખત સર થતાં ખાવા, પીવા, સુવા અને બેસવાનાં કામ ધંધો કર્યે જવાં.

ચંદાગૌરી—એ તો ખરૂંસ્તો ! એમાં કહેવાનું શું ? આપણે આપણી ફરજ બજાવવાની, તે તો બજાવવાનીજ. વધારામાં એટલુંજ કે, તે લડેવઢે તો પણ તેની સામે બોલવું નહિ. મંછાબહેનનો વર તો શું છે ? તેનાથી પણ નઠારા અને દુરાચારી ભાયડાઓ બાઇડીઓથી કાચે તાંતણે દોરાય એવા વશ કરાયેલા છે. આ જગતમાં જે કહેવતો કહેવાય છે તેમાં એવાં ગંભીર અને બહુજ અનુભવનાં સત્ય સમાયેલાં છે હો માણેકબહેન ! 'વનો વેરીને વશ કરે.' ક્રૂર અને નગરાં જનાવર શીલથી વશ થાય છે તો માણુસ જેવું માણુસ વશ ન થાય એમ કેમ બને ?

જમનાં—મંછાબહેનને એક જણીએ તેમના માણુસને વશ કરવાને દોરો કરાવી આપ્યો હતો.

મંછા—હારે બહેન ! હા. પણ 'આ તો મેં કહ્યું નહિ કે કશાને પત કરે નહિ એવું નગરૂં માણુસ છે.'

ચંદા—દોરાધાગાથી અને મંતરજંતરથી માણુસ વશ થતું નથી, એ તો બધા ઢોંગ છે. વશીકરણનો મંત્ર એજ વિનય. માણુસનું કે પછી પશુનું શીલ એજ વશીકરણ. એ તો આપણાં અજ્ઞાન બૈરાંને ધૂતી ખાવાનો લુચ્ચા લોકોનો ઢોંગ છે.

વિનય શીલથીજ જગત વશ થાય છે. મેં કહ્યું નહિ કે, ક્રૂર પ્રાણીઓ પણ વિનયને વશ થાય છે. સાંભળો, એ ઉપર એક મજેની વાત કહું.

રાજા અને નાગ.

કોઈ એક રાજાથી એકવાર પોતાના બાગમાં ફરતાં ફરતાં અજાણને નાગનું એક બચ્ચું ચગદાઇ ગયું. રાજાને તરત તેની ખબર પડી ને શોક થયો. બીજું બચ્ચું નાસી જતું જણાતાં રાજાના માણસો તેને મારી નાખવા દોડ્યા, પરંતુ રાજાએ તેમ કરવા દીધું નહિ. પેલું બચ્ચું નાસી ગયા પછી એક અનુભવીએ રાજાને કહ્યું કે, 'મહારાજ ! તમારે એક બે દિવસ સાવધાન રહેવું. નહિ તો જીવનું જોખમ થશે, કારણ કે, આ દેશના નાગ ઘણા ઝેરીલા ને ખારીલા હોય છે. તે પોતાના વેરી ઉપર વેર લીધા વગર રહેતા નથી. રાજાના આપને શોધી કાઢીને નાગ કરડવા આવશે એવો અમને ભય છે.' બીજા માણસોએ આ વાતને ટેકો આપ્યો.

રાજાને ભય લાગ્યો તેથી એક રાત ઉજાગરો કરી જાગતો બેસી રહ્યો. નાગ વેર લેશે, એવી ઘણાએ ખાતરી આપી તેથી તેને ચિંતા થઈ. કંઈ રોજ રોજ ઉજાગરા થાય ? રાજાની ચિંતા જોઇ, ડાઇ અને શીલવતી રાણીએ કહ્યું કે, 'રાજન ! ગમે તેવો વેરી પણ વિનયથી વશ થાય છે અને મને તેની ખાતરી છે, માટે હું કહું તેમ કરી, આપે સુખેથી નિદ્રા કરવી. રાણીના કહેવા પ્રમાણે મસાલા નાખી મિષ્ટ બનાવેલા દૂધનાં કુંડાં, તાજા ફૂલથી ભરેલા ટોપલા અને પોતાની મેળે વાગતાં મજેનાં વાજાં, શયનગૃહમાં મુકાવી રાજા સૂતો. ખરેખર, કહે

છે કે, ઝેરીલો નાગ વેર વાળવા, રાજાને ડસવા માટે મધરાતે જ્યારે ચોકીદારોની આંખમાં ઘેન ભરાઇ આવ્યાં ત્યારે, લાગ જોઇને મહેલમાં પેઠો અને પછી મહા કારી વિષની જ્વાળાઓ સાથે છિંકો મારતો, રાજાના અંતઃપુરમાં ધસ્યો. રાજા ભરનિદ્રામાં હતો. નાગ અંદર જતાંવાંત દૂધનાં કુંડાં જોઇ તે પીવાને લલચાયો. તેણે ધરાઇને દૂધ પીધું. પછી અકળાયો ત્યારે શાંતિને માટે ફૂલથી ભરેલા ટોપલામાં ભરાયો, અને ત્યાં સુગંધી, શીતળતા અને આરામ સાથે પાછા વાજાંના કર્ણપ્રિય સૂર સાંભળવા લાગ્યો. કેટલોક વખત ગયા પછી રાજાને ડસવા, ફૂલના ટોપલામાંથી નીકળવાને વેરના કીડાએ તેને જાગ્રત કર્યો, પણ વિનયને વશ થયેલી સમજણે તેને તેમ કરવા દીધું નહિ. બુદ્ધિએ તેને એમ સમજાવ્યો કે, 'તું જેને ડસવા માટે આવ્યો તેણે તારો કેવો મજેનો સત્કાર કર્યો ? ઉકાળેલાં મીઠાં દૂધ પાયાં, મજેનાં શીળાં ને સુગંધીદાર ફૂલનાં શયન આપ્યાં, અને ડોક હાલી દાંત પાડી નાખનારા ગારૂડીઓ પણ નથી સંભળાવતા એવી મહુઅરો અને વાદિત્રોના મજેના સૂર સંભળાવ્યા તેને હવે ડસાય ?' રાજાએ દર્શાવેલા વિનય અને સત્કારથી નાગ શરમાઇ ગયો એટલુંજ નહિ, પરંતુ પોતાને ધિક્કારી રાજાના વિનયનો બદલો આપવા, પોતાનો અણમોલ મણિ ત્યાં આગળ મૂકી પહો ફાટતા પહેલાંજ આભાર ભર્યે અંતઃકરણે મહેલમાંથી પાછો જતો રહ્યો.

માણેક—મંછાબહેને એ વાત તો કબુલ કરે છે કે, સલુકાઇને ગમે તેવું માણસ પણ વશ થાય. સ્ત્રીપુરૂષના સંસારમાં શરૂઆતમાં શાન્તિ અને સહનશીલતા દેખાડનારી સ્ત્રીઓ

પાછળથી પતિના હૃદયની રાણીઓ થાય છે.

જમનાં—મંછાબહેનને ચાલો,એકવાર લીલાવતી બતાવીએ.

મંછા—તે શું છે?

ચંદા—બરોબર છે. એવી તેવી વાતો અને નાટકો તમે સાંભળો તો જાણો કે સ્ત્રીઓએ કેવા કેવા પુરૂષોને વશ કરી પોતાના સંસાર માંડેલા છે.

મંછા—તે લીલાવતી કોણ હતી? કહો તો ખરાં?

લીલાવતી.

ચંદા—પૂર્વે સારંગપુર નામના શહેરના એક ગૃહસ્થ વેપારીને લીલાવતી નામે એકની એક લાડકવાઈ દીકરી હતી. લાડકોડમાં ઉછેરેલી પોતાની દીકરાને તેનાં માબાપે બીજા શહેરના પોતાના કરતાં પણ વધારે ધનાઢય શેઠિયાનો એકનો એક છોકરો જોઈ પરણાવવાનો વિચાર કર્યો. આધેડ વયે પેલા શેઠિયાને છોકરો થયેલો એટલે મ્હોંજોયો તો ખરોજ, તેમાં પેઢીના સવાસલિયા નોકરોએ ભાઇને ચઢાવ્યા. માબાપ બિચારાં જાણે કે કોણ ભાઇનું મન દુભવે! એક પૈસો વાપરે કે લાખ વાપરે! રળ્યુંખર્ચ્યું તેનુંજ છેને?

માણેક—ખરેખર, જમનાંબહેન! આપણા લોકનાં છોકરાં આમજ બગડે છે. માબાપ હોય તે લાડ લડાવે, પણ આ તો આપણા લોક એવાં લાડ લડાવે છે કે, જે પાછળથી છોકરાંનેજ ભારે થઈ પડે.

ચંદા—એવાં માબાપને છોકરાંનાં પેલા ભવનાં દુશ્મન જાણવાં. છોકરાંને માબાપે એવાં લાડ લડાવવાં ન જોઇએ, કે જેથી તેઓનો જન્મારો બગડે. લીલાવતીના વરને એવાં લાડ

લડાવ્યાં તેથી છેવટ, ભાઈ સાહેબ નઠારા કુછંદમાં પડી ગયા. માબાપે લડકા દીકરાની ફજેતી થતી ગમે તેમ કરી ઢાંકવા માંડી. એમ કરતાં કરતાં વાત એટલી બધી વંઠી ગઈ કે, છોકરાએ ઘેર આવવું પણ છોડી દીધું. બહાર જ્યાં ગમે ત્યાં રહેવા માંડયું. વહુનું સુખ જોવાને નહિ પણ સુખ જોવાને-ઓરિયો લેવાને આતુર આપણા લોકનાં માબાપ જેમ પારકી છોકરીનું ભવિષ્ય વિચારતાં નથી, તેમ આ લોકોએ પણ વહુ લાવવા, દીકરો પરણાવવા ને ઓરિયો લેવા માટે જેમ તેમ કરી છોકરાને સમજાવી પટાવી લીલાવતી સાથે પરણાવ્યો. નિર્દોષ બિચારી લીલાવતી, આ પ્રમાણે એક કુછંદી ભાયડાને પાને પડી. જાન ઘેર આવી અને ભાઈ સાહેબ બિચારી લીલાવતીને મારી તથા દાગીના ઉતારી લઇ, પોતાને મન ગમતા માણસને ઘેર નાસી ગયા. હવે લીલાવતી સમજી કે, પોતે ઉંડા કુવામાં નંખાઈ છે.

જમનાં-જુઓ, મંછાબેહેન ! એ બાઈ કેવી દુઃખી ? તમારે કંઇ એવું છે ?

મંછા-દુશ્મનનેએ એવું માણસ ન મળશો. અરેરે ! હું તો એના કરતાં લાખ ગણી સુખી. મને તો એ કેટકેટલી પૂછીને વાત કરે છે, અને હું ન બોલું કે ઉદાસ હોઉં તો, કેટલો અધો જીવ બાળે છે.

માણેક-ત્યારે તો તમેજ મંછાબહેન ! તમારે હાથે બંધાયાં ? એમનાં કરતા તો તમે વધારે વક્કર !

ચંદાગોરીએ હસીને આગળ ચલાવ્યું કે, પછી લીલાવતીએ નાની નણંદને ફલાવી ફુલાવી સઘળી વાત જાણી લીધી,

અને જ્યારે પિયેર ગઇ ત્યારે અંતરની સખીઓ આગળ પૉસ પૉસ આંસુએ પોતાનું દુઃખ રડી. તેને દિલગીર રહેતી જોઇ માબાપે તેની સખીઓની મારફત તેના દુઃખની વાત જાણી લીધી. પોતાના સાહસ માટે તેમને પછી અત્યંત પરિતાપ થયો. દિવાળી જેવા વાર તહેવારના દિવસો આવ્યા ત્યારે લીલાવતીનો સસરો તેને તેડવા આવ્યો. વેવાઇએ વેવાઇ મળ્યા, અને વહુના બાપે દીકરાના બાપને પુષ્કળ ઠપકો દીધો. પોતાની લાડકી અને મ્હોંજોઇ દીકરીને વધારે દુઃખી કરવાને સાસરે વળાવાની સાફ ના કહી. દીકરાનું લાંછન તેનાં સાસરિયાંની જાણમાં આવેલું જાણી તથા ઠપકો સાંભળી ખટ્ટ પડેલો લીલાવતીના સસરો બિચારો વીલે મોંઢે પાછો ગયો.

આણી તરફ પેલા ભાઇ તો કુછંદમાં વધારે ને વધારે ડુબતા ગયા. માબાપને મળવા પણ ઘેર આવે નહિ, અને લક્ષ્મી ઉડાવે. લોકોમાં નિંદા અને આખા ઘરનું વગોણું થાય, સારી ખોટી વાતો સાસરે જાય, ત્યાં લીલાવતી અને તેનાં માબાપ તે, સાંભળીને શરમાય અને મનમાં કલ્પાંત કરે. એમ કરતાં કરતાં બે ત્રણ વર્ષ જતાં રહ્યાં ત્યારે વળી, ફરીને સગાં સાગવાંની ટોકણીને લીધે લોકલાજને અનુસરી લીલાવતીનો વૃદ્ધ સસરો તેને તેડવા આવ્યો. આ વખતે તેને વેવાઇએ માનપાન કંઈ આપ્યું નહિ. તે બિચારો વાણિયા ભાઈ મુંછ નીચી કરીને કંઇ બોલ્યો નહિ. આખરે લીલાવતીને પોતાના વૃદ્ધ સસરાની સ્થિતિ ઉપર દયા આવી. તેણે સાસરે જઇ પોતાના વરને વશ કરવાનો નિશ્ચય કર્યો. 'નઠારૂં માણસ કેમ વશ થશે? ઉલટી તું દુઃખી થઇશ અને ફજેતો થશે' એમ માતાએ તથા

સખીઓએ કહ્યું. લીલાવતીએ તેમને જવાબ આપ્યો કે ત-
મારે એવો ભય રાખવો નહિ. જગતમાં કોઇ એવું પ્રાણી નથી,
કે જે વિનય અને ડહાપણને વશ ન થાય. આપણામાં આપ-
ણાપણું હોય તો જગતમાં ચહાયસો કરી શકાય ! મનુષ્યનો
નિશ્ચયજ મનુષ્યની સિદ્ધિ છે. હાથ પગ જોડીને બેસી રહ્યાથી
કંઈ થતું નથી. પતિ મેળવવા માટે કંઇ પણ દુઃખ સહન કરવું
એ તો કન્યાનો ધર્મ છે. હું તો શું છું ? દેવી પાર્વતી જેવાંને
પણ પતિ મેળવવાને કેવું કેવું દુઃખ સહન કરવું પડ્યું હતું.

પાર્વતીની કથા.

પર્વતોનો રાજા હિમાચલને મેનાદેવીને પેટ ઉમા નામે
પુત્રી થયાં હતાં. પુત્રીના જન્મ પછી મૈનાક નામે પુત્ર થવાથી
દીકરીનાં પગલાં સારાં ગણાયાં. માતપિતા તેને હાથમાંને હા-
થમાં રાખવા લાગ્યાં. લાડકોડમાં ઉછરતાં દેવી પાર્વતી ઉપવર
થયાં, પણ વરનાં ઠેકાણું નહિ. વર મેળવવાની ચિંતામાં માત-
પિતા હતાં એવામાં દેવીએજ એકવાર કહ્યું કે, ' માતાજી! તમે
ચિંતા ન કરો અને મને વરકામાર્થે તપ તપવા જવા દો. '

મેનાદેવી સુકુમાર પુત્રીનાં આવાં વચન સાંભળી આશ્ચર્ય
પામ્યાં. તે બોલ્યાં કે, ' મારી લાડકી ! સૂર્યનારાયણનાં સખત
કેરણો તેં હજી જોયાં નથી ? રાજમહેલની બહાર તેં પગલુંએ
દીધું નથી અને ઉનાં અથવા આછાંપાતળાં કદી જોયાં નથી, તે
તારાથી મહા દુસ્તર એવાં તપ કેમ તપાશે ? દીકરી ! જંગ-
લમાં વાઘ; પશુ અને ભયંકર પ્રાણીઓ રહે છે, તે જોઈ તું
બી જશે. શીત, વર્ષા અને પ્રખર ઉનાળો આવતાં તારૂં સુકુ-
માર શરીર શોષાઈ જશે, માટે વિચાર કર. મુનિઓનાં વ્રત

તારાથી ના આચરાય, દીકરી ! તારે એ વાત કરવી નહિ.'

પાર્વતી દેવીએ માતાનાં વચન સાંભળી તથા તેમને વાત્સલ્યથી ગદ્‌ગદિત થતાં જોઇ પોતાને પૂર્ણ હિમ્મત છે એવું બતાવવા, બે સખીઓ સાથે માતપિતાને આજીજી કરી, હિમવાનના ઉપકંઠ વનમાં જઈ તપ તપવા માંડયું. ચારે તરફ પર્વતોવાળા સુંદર ઝરાઓવાળા, નાના પ્રકારનાં પંખીઓથી ભરેલા અને તપ તપવાને યોગ્ય પ્રદેશમાં તેમણે મોટા મુનિઓથી પણ ન આચરાય તેવાં કઠણ તપ આચરવા માંડયાં. ઉનાળામાં પંચાગ્નિ સાધવા માંડયો, શિયાળામાં શીતળ જળમાં ઉભાં રહી ટાઢ સહન કરવા માંડી, વર્ષામાં જલાસારમાં ઉભાં રહી તપ કરવા માંડયાં અને એવાં અનેક કષ્ટ સહન કરી શંકર સ્વામી મેળવવાનો શ્રમ લેવા માંડયો. સેજપલંગમાં સુનારાં પાર્વતી વેદીપર સુવા લાગ્યાં, સુકુમાર શરીર જ્યારે સોસાઈ ગયું ત્યારે શંકરને તેમના અથાગ તપની અસર થઇ. આટઆટલું તપ થતાં દેવીની પરીક્ષા લેવા માટે મહાદેવજી એક વૃદ્ધ બ્રાહ્મણનું રૂપ લઈ, એકવાર તેમની પાસે આવ્યા, અને કહ્યું કે—કોમલાંગિ ! તું આ શું કરે છે ? કોને માટે આવા સુકુમાર શરીરને તાવી નાંખે છે ? તારા જેવી રૂપાળી અને ગુણવંતીને તે પતિ શોધવો હોય ? રત્ન શું પોતાના લેનારને શોધવા જાય છે ? મારા સાંભળમાં આવ્યું છે કે, તું આવા કપરા અને મોટા તપથી શંકરને મેળવવાની ઇચ્છા ધરાવે છે. જા જા, ઘેલી ! તને આ શું સૂઝયું છે ? ઐરાવત જેવા સુંદર મોટા હાથી ઉપર સવારી કરવાને યોગ્ય તું, બગાઈઓ ભમણુતા પોઠિયા ઉપર સવાર થઇશ ? અજેના રાજવૈભવોમાં રહેનારી અસૂર્યપશ્યા રાજબા-

રાઓની માફક વિવિધ સુખભોગનાં સાધનોવાળા સુંદર રાજમહેલોમાં રહેવા યોગ્ય તું શંકરને પરણી ભૂતાવળના વાસવાળા મહા ભયંકર શ્મશાનમાં જઇને વાસ પુરીશ ? વિચાર કરી જો, ઉમા ! વિચાર કરી જો ! ક્યાં એ ખાખી વૈરાગી જેવો શંકર, અને ક્યાં તું સુકુમાર રાજપુત્રી ? તારો ને એનો સંબંધ તે શોભે ? સુંદર કલહંસના ચિત્રવાળું ક્યાં તારૂં કૌશેયવસ્ત્ર–પાનેતર અને રુધિર નીગળતું ક્યાં એનું જાડું હસ્તિચર્મ ? એ બે વસ્ત્રોના શી રીતે છેડા ગંઠાશે ? ”

એક ટસે તેમના સામું જોઇ રહેલાં પાર્વતીએ પોતાના સ્વામિની નિંદા સાંભળીને--

" કાને કર દઈ રે, મોઢું કટાણું કરી કહ્યું;
" બસ, બસ થયું રે, હુંથી ન જાય હવે સહ્યું.
" ત્રિપુરારિની રે, તોલે ત્રિભુવનમાં નથી;
" સુરાસુરમાં રે, કોઇ અધિક પ્રતાપથી.
" મારા સ્વામિની રે, મિથ્યા ન નિંદા કરો કશી,
" નથી ચળવાની રે, શિદને સંતાપો કસી કસી?

છેલ્લાં વચનથી શંકર હસી પડયા. ' સતીએ મને ઓળખ્યો ' એમ માની પ્રગટ સ્વરૂપ થયા. શંકર સ્વરૂપને જોઇ લજ્જાથી નીચું મુખ કરી દેવી ઉભાં થયાં.

પછી પ્રસન્ન હૃદયથી શંકરે કહ્યું કે—સુકુમારિ ! તેં મારે માટે આટઆટલું કષ્ટ વેઠી શું કરવાને માટે આ સુકુમાર શરીરને શોષી નાખ્યું ? તારા ગુણથી તો હું જીતાયલોજ છું.

પાર્વતીની સખીઓએ પછી લગ્નનું નક્કી કરી લીધું અને સૌ ઘેર ગયાં. હિમાલયે મોટા ઉત્સાહથી વિવાહની તૈયારીઓ કરી અને શંકર પાર્વતી પરણ્યાં. આ પ્રમાણે પાર્વતી

જેવાંને પણ પતિ મેળવવાને શ્રમ લેવો પડયો અને દુઃખ વેઠવાં પડયાં, તો હું કોણ માત્ર ? તમે મારી ચિંતા કરશો મા. હું મારા સસરાની સાથે જઈશ અને મારૂં ઘર કરીશ.

માણેક—લીલાવતીએ બહુ હિમ્મત ભીડી !

જમનાં—પણ પાર્વતી દેવીને સીધા અને સદ્ગુણી વર મેળવવાના હતા ને આ તો વંઠેલાને વશ કરવો ને ગણિકા પાસેથી વર મેળવવાનો હતો.

ચંદા—જમનાંમહેનના જેવોજ પ્રશ્ન લીલાવતીને તેની સખીઓએ પૂછયો કે, 'બહેન લીલા ! એ તો ભગવાન શંકર હતા, અને આ તો વંઠેલો છે. તારે તો વળી ગણિકા પાસેથી વર મેળવવાનો છે.' લીલાવતીએ ઉત્તર આપ્યો કે 'સખીઓ ! શું કરવાને ભય રાખો છો ? હું એને પુરી પડીશ—મને જવા તો દો.

હું કાળી નાગણુ થઈ એને ડસીશ.

વાહ ! વાહ ! ખરી, લીલાવતી ખરી. મંછા એકદમ વચમાંજ બોલી ઉઠી.

ચંદા—મંછાબહેન ! હજી સાંભળો તો ખરાં, તેણે સખીઓને ખાતરી આપતાં આપતાં વળી કહ્યું કે, 'સખિઓ ! ગણિકાના કબજામાંથી વર મેળવવો એમાં શું છે ? તમે આપણી પ્રાચીન સ્ત્રીઓનાં ચરિત સાંભળ્યાં નથી. ગણિકા તો શું પણ જમની પાસેથી પણ વરને લઇ આવનારી સ્ત્રીઓ થઇ ગઇ છે.'

એક સખી—જા જા, અમસ્તી ? જમની પાસેથી તે વળી કોઇને વર મળે ?

લીલાવતી—હા હાં, મળે, જો સાંભળ.

પ્રકરણ ૬ ઠું.

સતી સાવિત્રી.

પૂર્વે મદ્રદેશમાં અશ્વપતિ નામે એક રાજા હતો. એને સાવિત્રી–બ્રહ્માણીની આરાધનાથી એક પુત્રી થઈ હતી. રાજાએ સાવિત્રી એવું તેનું નામ પાડયું. તે ઉમ્મર લાયક થઈ ત્યારે રાજાએ તેને કહ્યુ કે–પુત્રિ ! તને પરણાવવાનો વખત થયો પણ કોઇ યાચના કરતું નથી, માટે તું તારી મેળે કોઇ ગુણવાન ભર્ત્તા શોધી લે. તું ઇચ્છિત વર વર. હે વત્સે ! ધર્મશાસ્ત્રમાં કહેલું છે તેજ પ્રમાણે હું તને કહું છું.

એ રીતે સાવિત્રીને તથા વૃદ્ધ મંત્રીઓને કહી વાહનાદિકનો બંદોબસ્ત કરી રાજાએ તેને વર શોધવા જવાની આજ્ઞા આપી. પિતાનાં વચન સાંભળી લજ્જાયુક્ત થઈ તેમના ચરણમાં મસ્તક નમાવી સુવર્ણના રથમાં બેસી વૃદ્ધ મંત્રીઓ ને દાસીઓ સાથે તે તપોવનમાં ગઇ. તપોવનમાં ફરી વર પસંદ કરી તે પાછી આવી. નારદ સમક્ષ રાજાએ તેને પૂછયું કે ‘ તું જે વરને વરી હોય તે કહે.’ સાવિત્રીએ કહ્યું કે ‘ શાલ્વ દેશના રાજા દ્યુમત્સેન રાજ્ય જતું રહ્યું છે ને અંધ થયેલા છે તેથી બાળક પુત્ર તથા સ્ત્રી સહિત અરણ્યમાં તપશ્ચર્યા કરે છે. શહેરમાં ઉત્પન્ન થયેલો અને તપોવનમાં વૃદ્ધિ પામેલો “સત્યવાન ” નામે તેમને એક પુત્ર છે, તેને મનવડે હું વરી છું માટે તે મારો ભર્ત્તા થાય.’

સાવિત્રીનાં વચન સાંભળી નારદજીએ કહ્યું કે, 'એનો એક વર્ષનોજ આવરદા છે, માટે તું બીજા કોઇને પસંદ કર.' સાવિત્રીએ તેમ કરવાની ના પાડી. પછી રાજાએ તપોવનમાં જઇ સત્યવાન સાથે તેને પરણાવી. પ્રસન્ન મને સાવિત્રીએ પિતા અને સંબંધીઓને પાછાં વાળ્યાં.

રાજકન્યા હોવા છતાં પણ તેણે તરતજ આભૂષણો વગેરે કાઢી નાખી તપસ્વિનીના જેવો વેષ ધારણ કર્યો અને પતિ તથા અંધ સાસુ સસરાની સેવા કરવા માંડી. તે ઉપર ઉપરથી તો પ્રસન્ન રહેતી પરંતુ તેના મનમાં નારદજીનાં પેલાં વચન નિરંતર ખટકયા કરતાં હતાં. પાણીની માફક વખત વહી ગયો અને પેલો દિવસ આવી પહોંચ્યો. સત્યવાન સમિધ લેવા વનમાં જવા નિકળ્યો, ત્યારે સાવિત્રીએ સાસુ સસરાના ચરણમાં પ્રણામ કરી કહ્યું કે, 'હું ઘણા દિવસથી બહાર ગઇ નથી માટે આપ આજ મને એમની સાથે વનમાં જવાની રજા આપો.' સાસુએ કહ્યું કે 'બેટા! તું સુકુમાર રાજકન્યા છે. તારાથી વનમાં તાપ તડકામાં ને કાંટાવાળા પ્રદેશમાં નહિ હિંડાય.' રાજાએ પણ આમ કહ્યું છતાં સાવિત્રીએ આગ્રહથી રજા લીધી અને સત્યવાન સાથે વનમાં ગઈ. સત્યવાને કેટલાક ઝાડ પરથી સમિધ કાષ્ટ ઉતાર્યાં. બરોબર સમય થતાં તેના માથામાં પીડા થઇ આવી. સાવિત્રી તરતજ સમજી ગઇ. તેણે એને પંપાળી પોતાના ખોળામાં સુવાડી દીધો. પાડાપર બેસી જમરાજા તેનો પ્રાણ લેવા આવ્યા. તેણે ઘણા કાલાવાલા કર્યા પણ જમરાજાએ માન્યું નહિ. તે સત્યવાનના જીવને લઇ ચાલ્યા. સાવિત્રીએ પતિના શબને સંભાળી ખોળામાંથી નીચે

મુકી જમરાજાની પાછળ જવા માંડયું. જમરાજાને તેની દયા આવી. તેમણે તેને પાછી ફરી જવાને સમજાવી પણ તેણે માન્યું નહિ અને તેમને યોગ્ય વચનથી પ્રસન્ન કરી સસરાને માટે નેત્ર ને રાજ્ય માગી લીવાં. પોતાને માટે સો પુત્રનું વરદાન માગી લઇ ધર્મરાજાને ગુંચવી નાંખ્યા. આખરે સત્યવાનનો જીવ યમે તેને પાછો આપ્યો. સાવિત્રીએ પેલા ઝાડ તળે આવી સત્યવાનને કપાળે હાથ અડકાડયો એટલે તેના ખોળિયામાં જીવ આવ્યો ને તે ઉંઘમાંથી ઉઠે તેમ જાગ્રત થઈ બોલ્યો કે 'રાત પડી ગઇ, તમે કેમ મને ઉઠાડયો નહિ? હવે ઝટ ચાલો, માત પિતા વલવલતાં હશે.' 'હા, ચાલો.' એમ કહી સાવિત્રીએ સમિધ ને કુહાડો ઉપાડી લીધાં અને પતિ પત્ની વાતો કરતાં કરતાં આશ્રમ તરફ ચાલવા માંડયાં.

રાત પડી જવાથી ઘરડાને ચિંતા થઈ, તેઓ પુત્રને પુત્રવધુને શોધવા બહાર નિકળ્યાં પણ આશ્રમ બહાર નિકળતાંજ તેઓ તેમને મળી ગયાં. સૌ ખુશી થયાં. તપોધનો પણ તેમને મળવા એકઠા થયા. સાવિત્રીએ બનેલો બનાવ તેમને કહી સંભળાવ્યો. તપસ્વીઓમાં ગૌતમે કહ્યું કેઃ—

આ જગમાં સતીનું ચરિત્ર સર્વોત્તમ છે. સતીનો પ્રભાવ દેવતાથી મોટો છે. સતી પોતાના સતીત્વથી ન કરી શકે એવું કંઈ છેજ નહિ. સતીના સત્ય આગળ પાણીનો પ્રવાહ માર્ગ આપે છે, પ્રચંડ એવો વાયુ વહાતો બંધ પડી જાય છે અને પીળી શિખાઓવાળો અગ્નિ શાંત થઈ જાય છે. જુઓ સાંભળોઃ—

પુણ્યક્ષેત્ર નામે નગરમાં એક બ્રાહ્મણ ગૃહસ્થને ઘેર

પતિવ્રતા સ્ત્રી હતી. સ્વામિ એજ જેનું સર્વસ્વ છે એમ માનનારી તે રાત્રિદિવસ પતિસેવામાં મન વચન અને કર્મને રાખતી. એકવાર ઇન્દ્ર અને વરુણ તેનું સત્ય જોવાને તેને ઘેર ગયા. તે સમયે સતિનો પતિ તેના ખોળામાં મસ્તક મુકીને સુતો હતો. સતિનો પુત્ર રિંખનો રિંખનો માતપિતાની આસપાસ રમતો હતો. ઈન્દ્રે તે પુત્રમાં વધારે બળ મુકયું અને તે છોકરો પ્રજ્વલિત અંગારાવાળા અગ્નિહોત્રના કુંડ પાસે ગયો. પતિ નિદ્રામાં હતો અને સતિ પુત્રની હીલચાલ સામે જોઇ રહી હતી એટલામાં ઈન્દ્રે પ્રેરેલા બળથી ઉછળી તે અગ્નિ કુંડમાં પડયો. એક તરફથી પુત્રસ્નેહ અને એક તરફથી પતિની સેવા, એમ બે વિષમ ધર્મો વચ્ચે સતિ આવીપડી. ઇન્દ્ર અને વરૂણ 'હવે તે શું કરે છે' તે આતુરતાથી જોવા લાગ્યા. ખાખરાનાં ફૂલ ખીલી રહ્યાં હોય એવા જ્વલિત અંગારામાં છોકરો ઉથલી પડયો તો પણ સતી મનમાં બોલી કે, 'તનું ગમે તે થાય પરંતુ હું મારા પતિવ્રતધર્મથી ચલિત નહિ થાઉં. પતિને જગાડું તો મારો ધર્મ સચવાય નહિ,' સતીના આ સતીત્વથી અગ્નિ પોતે શિતળ થઇ ગયો અને છોકરો જેમ પુષ્પના પુંજમાં પડયો હોય તેમ હસતો હસતો બહાર નીકળી સતીની પાસે આવ્યો. આ કથાનક ઉપરથી કહ્યું છે કે,

पतिव्रतायाः व्रतभंगभीतया हुताशनश्चन्दनतुल्य शीतलः

'પતિવ્રતાના વ્રતનો ભંગ થશે' એવા ભયથી અગ્નિદેવ પણ શાંત પડી ગયા. હે તપસ્વિઓ! સતીનાં સતીત્વ આ પ્રમાણે દેવોને પણ વંદનીય છે એમ માની ઈન્દ્ર અને વરૂણ તેના ઘરમાં સર્વ સમૃદ્ધિ મુકી તથા આશિષ દઇને ગયા. સાવિત્રીનું

ચરિત્ર આવુંજ લોકોત્તર છે માટે તમે તેનો જગતમાં પ્રચાર કરતાં સતિ માહાત્મનું ગાન કરજો.

'સુમનબા તમે સાવિત્રીનો ગરબો તમારાં જમનાં બાલીને સંભળાવો:–

પુનમ ચાંદની ખીલી પુરી અહીં રે–એ રાગ.

કવિ—રૂડા અશ્વપતિ રાજાની ડાહી દીકરીરે.
જેનું સતી શિરોમણી સાવિત્રી છે નામ;
જેણે સ્વામિને છોડાવ્યો યમના પાશથીરે,
જેણે સકળ જગતમાં અમર કીધું નામ;
તેના ઉત્તમ ગુણની ગરબી, ગાઓ સુંદરીરે. ૧.

રાજા એક હતો ઘરડો ને આંખે આંધળોરે,
તેનું શત્રુએ લઇ લીધું રાજ્યાસન
તેથી જંગલમાં જઇ બાંધ્યું તેણે ઝુંપડુરે,
તેને સત્યવાન નામે લાડકડો તન,
કરતો માતપિતાની સેવા પૂરા પ્રેમથીરે. ૨

જેની કંચન વરણી કાયા વાણી મીઠડીરે.
મીઠા મહેરામણના જેવો ગુણ ગંભીર;
ઘરડાં અંધ પિતામાતાની જાણે લાકડીરે.
રે'તો માતપિતાની આજ્ઞાને આધીન,
તેની સાથે વરવા સાવિત્રીએ આદર્યુંરે. ૩

નારદ—ત્યાંતો નારદજી સમજાવે બાળા ઘેલડીરે,
તેની સાથે વરતાં થાશે મોટી હાણ,
એનો આવરદા તો એક વરસ બાકી રહ્યોરે.
માટે ના કરતી તું વગર વિચાર્યું કામ,
બીજા રાજકુંવર રૂપાળાની સાથે વરોરે. ૪

સાવિત્રી–ત્યારે સાવિત્રી બોલી નારદજી સાંભળોરે,
લખિયા લેખ લલાટે મિથ્યા નહિ થાનાર;
મ્હેં તો મનથી માન્યો તે પરમેશ્વર મારોરે.
મારો નિશ્ચય કોટી કલ્પે નહિ ફરનાર,
માટે એ વરની સાથે સગપણ મારૂં કરોરે. ૫

કવિ—જોઇ અડગપણું પુત્રીનું રાજાએ પછીરે,
દીધું સત્યવાનની સાથે કન્યાદાન;
રૂડા રાજ્યમહેલની વસનારી વગડે વસીરે.
ત્યાગ્યા અંબર જુનાં વસ્ત્ર કર્યાં પરિધાન,
સ્નેહે સ્વામી સસરા સાસુની સેવા સજીરે. ૬

જેણે કઠણ ભૂમિપર પાય કદી દીધો નથીરે,
જેના પડતા બોલ ઉપાડે દાસી દાસ;
જેની કોમળ કાયા પુલ સૈયાપર લોટતીરે.
તેણે પર્ણ–કુટીમાં પ્રેમે કીધો વાસ,
મનથી માન્યું મારા વૈભવમાં બાકી નથીરે. ૭

ત્યાં તો જળના રેલાસમ દિવસો જાતા હતારે,
બાળા નારદજીના વચનો કરતી યાદ;
મનમાં ભય ધરતી નવ કરતી કોને વારતારે.
મનથી ગોઠવતી શું કરવું તેના ઘાટ,
રજની દિવસ વિચારો એના એ મનમાં થતારે. ૮

દાંડા ચાર રહ્યા આવરદાની અવધી તણારે,
સતીયે તે સમયે ત્યાં અન્ન જળ કીધું ત્યાગ;
જોડયું ચિત્ત પ્રભુમાં ધારીને શુભ ધારણારે.
સોપ્યું શ્રીહરીના ચરણે પોતાનું ભાગ્ય,
સાવિત્રી–મારી વ્હારે ચઢજો હે દીન બંધુ શામળારે. ૯

જાણ્યું સાસુ સસરે વહુએર સંકટ વેઠતીરે,
સાસુ સસરા-શાને માટે કરતા અન્ન ઉદકનો ત્યાગ;
શાણી શા માટે તું કારણ કૈં કહેતી નથીરે.
કષ્ટે કરમાશે કોમળ આ ત્હારી કાય,
વહુઅર આ વયમાં વ્રત કરવાં યોગ્ય તને નથીરે. ૧૦

કવિ—દુખમાં દા'ડા ચાર વિતાવ્યા વ્રત વિધિએ કરીરે,
આવ્યો સ્વામિ સ્વર્ગ સિધાવા કેરો દન;
સાવિત્રી-આજે ના થાઉં અળગી હું મારા નાથથી રે
કવિ—એવો નિશ્ચય કીધો સાવિત્રીએ મન,
સ્વામી સંગે રે'વા તૈયારી છાની કરીરે. ૧૧

ત્યાંતો સત્યવાન માબાપ તણે ચરણે નમેરે,
કરમાં લૈ કોવાડો કાષ્ટ કાપવા જાય;
ત્યારે સાવિત્રી સ્વામિને છાની વીનવેરે.
સાવિત્રી-આજે વન જોવાની મુજને ઇચ્છા થાય,
માટે સંગાથે લૈ જાઓ સ્વામી મુજનેરે. ૧૨

સત્યવાન-ઘેલી નારી ત્હારી છે કોમળ કાયા ઘણીરે,
ત્હારી કનકલતા સરખી કાન્તિ દિસાય;
વ્હાલી વગડામાં ઝાઝા કંટકને કાંકરારે.
ત્હારી પંકજ સરખી પગ પાની છુંદાય,
માટે હઠ મેલી અલબેલી ઘરમાંહી રહોરે ૧૩

સાવિત્રી-સ્વામિ તમ સંગાથે જંગલ મંગલ લાગતુંરે,
ઘરમાં તમ વિણ મુજને ધરતી ખાવા ધાય;
હું તો પગલે પગલે પંથે તમ પૂંઠે રહુંરે.
મુજથી આપ વિના એકલડી નહિ રહેવાય,
માટે સંગાથે લૈ જાઓ સ્વામિ મુજનેરે. ૧૪

સત્યવાન- નારી જો મુજ સંગે આવ્યાની ઇચ્છા કરોરે,
આજ્ઞા માગો જૈને માતપિતાની પાસ;
આજ્ઞા આપે તો ચતુરા ચાલો મુજ સંગમાંરે.
વ્હાલી વડીલ જનોની આજ્ઞા નવ લોપાય,
લાખ્યું શાસ્ત્ર પુરાણે જાણો છો સરવે તમોરે. ૧૫

કવિ—આજ્ઞા માગીને ચાલ્યાં આનંદે દંપતીરે,
પથે કરતાં પ્રેમે વિવિધ વાત વિચાર,
મુખ મલકાવે પણ સાવિત્રીને ચિન્તા અંતરે,
રાખે પળ પળ પોતે સ્વામિની સંભાળ,
મનમાં ધીરજને ધારે સંભારે શ્રીહરિરે. ૧૬

આવ્યાં ગાઢા વનમાં નરનારી બે સાથમાંરે,
વીણ્યાં પુષ્પ અને ફળ ઇચ્છાને અનુસાર,
વળતી કુહાડો લીધો પોતાના હાથમાંરે,
લાગ્યો કાષ્ટ કાપવા સત્યવાન તે વાર,
તેનો આવરદા તો તે સમયે પૂરો થયે રે. ૧૭

લાગ્યો થાક ઘણો ને અંગે લાગ્યાં ધ્રુજવારે,
આવ્યા તમ્મર ને રૂંધાયા તેના પ્રાણ,
મુકી કાષ્ટ કાપવાં આવ્યો સાવિત્રી કનેરે.
સત્યવાન—વ્હાલી ઓચિન્તી આવે છે તનમાં તાણ,
શાણી નહિ સમજાતું દુઃખ ઘણું થતું મનેરે. ૧૮

સાવિત્રી—મારા નાથ તમારાં સંકટ હરજો શ્રીહરિરે,
તમને કુળદેવા વનદેવાની રક્ષાય,
ઘરડાં માતપિતાની સેવાના પુણ્યે કરીરે;
વ્હારે આવીને વિશ્વેશ્વર કરશે સહાય,
કવિ—એવું કહીને બેઠી મસ્તક ખોળામાં ધરીરે. ૧૯

ત્યાં તો યમરાજા આવી સામા ઉભા રહ્યારે,
જેનાં વસ્ત્ર તણો દિસે છે રાતો રંગ,
જેને માથે છે મુગટને કુંડળ કાનમાંરે,
દેખી સાવિત્રીની કાયે ઉપજ્યો કંપ,
તોપણ ધીરજને ધારી બોલી તે સુંદરીરે. ૨૦

સાવિત્રી—કે' છે સાવિત્રી છો કોણ તમે સાચું કહોરે,
નક્કી લાગો મુજને દેવ તણા અવતાર;
આવ્યા શા માટે ને, શું કરવા મનમાં ચહોરે,
મારા મનમાં થાયે શંકા અપરમપાર,
કવિ—એવું બોલી શીર નમાવી સાવિત્રી રહીરે. ૨૧

યમરાજા—હું તો છું યમરાજા સાંભળ એ શાણી સતીરે.
આવ્યો છું તારા સ્વામિને લેવા કાજ,
એના આવરદાની અવધ હવે પૂરી થતીરે,
તારા સ્વામિ પરનો સ્નેહ હવે વિસાર,
કવિ—નાંખી પાશ પકડીઓ સૂક્ષ્મ દેહ એવું કહીરે. ૨૨

દેખી બંધાયલો સ્વામિ કેરા દેહનેરે.
સતીએ તે સમયે કરવા માંડયું કલ્પાંત,
સાવિત્રી—બાંધીને ક્યાં લૈ જાઓ છો મારા નાથનેરે,
કવિ—એવું કહીને દીધો યમરાજાને સાદ.
ચાલી પડછાયાની પેઠે પાછળ સુંદરીરે. ૨૩

બોલ્યા ત્યાં યમરાજા સાંભળ હે શાણી સતીરે,
જા તું પાછી તારા આશ્રમમાં આગાર;
ત્હારા સ્વામિની કર અંતક્રિયા વિધિએ કરીરે.
જેથી થાયે એના જીવ તણો ઉદ્ધાર,
નારી નાહક શ્રમ કરવાથી ફળ કશુંએ નથીરે. ૨૪

સાવિત્રી—બોલી સાવિત્રી સુણો યમરાજા વિનતીરે,
મારા નાથ વિના હું નહિ પાછી ફરનાર;
જ્યાં લૈ જાશો ત્યાં આવું પણ સત્ય તજું નાહરે.
સ્વામિ વિના છે સુનો સઘળો સંસાર,
જાતાં એકલડી ઘર જીવ્યાથી મરવું ભલું રે. ૨૫

પુછું યમરાજા હું ઉત્તર આપો સુજનરે,
જગમાં નરનારીનો સત્ય સંબંધ મનાય;
પણ જો બાંધીને લૈ જાશો મારા નાથનેરે.
મારો પતિવ્રતાનો ધર્મ કેમ સચવાય,
તેનો ઉત્તર આપીને વળતી ડગલું ભરારે. ૨૬

યમરાજા—શાણી અમૃત સરખી વાણી તારી સાંભળીરે,
મારા અંતર માંહી ઉપજે છે અનુરાગ;
તારી ઇચ્છામાં આવે એવું એ સુંદરીરે
તારા સ્વામિના જીવિત વિણ બીજું માગ્ય,
તારી ઇચ્છા પૂરણ કરવા હું ઉભો અહીંરે. ૨૭

સાવિત્રી—મારા સસરા છે ઘરડા ને આંખે આંધળારે,
તેની રત્ન સમી બે આંખો સારી થાય;
આવે તેજ સુરજના સરખું બન્ને આંખમાંરે.
અંગે વૃદ્ધપણાનું દુઃખ કદી નવ થાય,
એવું બોલીને સાવિત્રી કરજોડી રહીરે. ૨૮

યમરાજ—તારા સસરાની આંખો નારી સારી થશેરે,
વધશે સુરજના સરખું આંખોનું નૂર;
તેની વૃદ્ધપણાની પીડા સઘળી વામશેરે.
માટે જા પાછી પુત્રી આવી બહુ દૂર,
ઝાઝું ચાલ્યાથી એ શાણી શ્રમ તુજને થશેરે. ૨૯

સાવિત્રી–બોલી સાવિત્રી કરજોડી યમરાજા સુણોરે,
મારે વરતવું જઇએ સદાય સ્વામિ પાસ;
મુજને શ્રમ નવ લાગે સ્વામિ સંગે આવતાંરે.
સ્વામિથી દૂર વસતાં તનમાં પ્રકટે ત્રાસ,
જગમાં નાથ વિના નારીનું જીવ્યું ધિક્ક છેરે. ૩૦

તમને જોતાં યમરાજા શ્રદ્ધા મુજને થતીરે,
મ્હારા મનમાં ઇચ્છા પ્રશ્ન કર્યાની થાય;
શાણાઓ કહે કરવી સજ્જનની સંગતિરે;
તે તો પૂર્વ જન્મના પુણ્યેથી બંધાય,
સજ્જનની સંગતનું ફળ મિથ્યા જાતું નથીરે. ૩૧

યમરાજ–પુત્રી વાણી તારી અમૃત સરખી લાગતીરે,
મારા અંતરમાં ઉપજાવે છે અનુરાગ;
તારા સ્વામિના જીવત વિના બીજું ફરીરે.
મારી પાસેથી પુત્રી મનગમતું માગ્ય,
તારી ઇચ્છા પૂરણ કરવા હું ઉભો અહીંરે. ૩૨

સાવિત્રી–મારા સસરાજીનું રાજ્ય દબાવ્યું દુશ્મનેરે,
તેથી કીધો છે વનમાંહે આવી વાસ;
તેનું રાજ્ય ગએલું સરવે પાછું સાંપડેરે.
નિત્યે ધર્મ રહે અંતરમાં પૂરી વાસ,
એવું બોલીને સાવિત્રી કરજોડી રહીરે. ૩૩

યમરાજ–પુત્રી સમગ્ર તારા રાજ્ય ગયેલું પામશેરે,
ભગશે મન ગમતા વૈભવ ઓ શાણી નાર;
તેના ધર્મ વિષે દૃઢ શ્રદ્ધાની વૃદ્ધિ થશેરે.
પાછી વિચર હવ પુત્રી નવ કરતાં વાર,
તારી દેહે દુઃખ થશે ઓ ગુણવંતી સતીરે. ૩૪

સાવિત્રી–મારા દુઃખ વિષે બાકી શી ? યમરાજા કહોરે,
મારી નજરે બંધાયેલા દેખું નાથ;
મારે શું સુખ ભોગવવાને જાવું આશ્રમેરે.
સુખમાં દુઃખમાં પણ રે'વું સ્વામિની સાથ,
મારે સ્વર્ગ તણાં સુખ શું કરવાં સ્વામિ વિનારે. ૩૫

રાખો સકળ જગતને નિયમ મહિં નિત્યે તમેરે,
આપો કર્મ તણાં ફળ સર્વેને તત્કાળ;
રાજા રંક શત્રુ ને મિત્ર ગણો સરખા તમેરે,
તેથી નામ તમારૂં ધર્મરાય કહેવાય,
શરણે આવેલાનું સંરક્ષણ કરતા તમેરે. ૩૬

યમરાજા–શાણી વચનો તારાં અંતર મારૂં ઠારતાંરે,
જેવી તરસ્યાને પાણીથી તૃપ્તિ થાય;
પુત્રી ના શરમાતી મારી પાસે આવતાંરે.
બીજું તારા સ્વામિના જીવિત સિવાય,
તારી ઈચ્છા પૂરણ કરવા હું ઉભો અહીંરે. ૩૭

સાવિત્રી–મારા તાત તણું ઘર પુત્ર વિના સૂનું દિસેરે,
તેને આપો ગુણિયલ સો પુત્રો યમરાય;
તેના વંશ તણી આ વિશ્વવિષે કીર્તિ વધેરે.
મારા માતપિતાનાં સંકટ સરવે જાય,
એવું બોલીને સાવિત્રી કરજોડી રહીરે. ૩૮

યમરાજા–તારા તાત તણે ઘર ગુણિયલ સો પુત્રો થશેરે,
થાશે દશે દિશામાં વંશ તણો વિસ્તાર;
તારાં માતપિતાનાં સંકટ સર્વ ટળી જશેરે.
તુજને આપ્યું તારી ઈચ્છાની અનુસાર,
આવી દૂર ઘણે પુત્રી જા તું પાછી હવેરે. ૩૯

સાવિત્રી—મારા સ્વામિની સંગે છું તો ક્યાં દૂર છુંરે,
મારૂં મન તો દોડે છે એથી પણ દૂર,
સ્વામિ સંગે રે'વું એ ભૂષણ સતીઓ તણુંરે,
ત્યાગી કાયાને છાયા ક્યાં જાએ દૂર,
સ્વામિના વિરહે સતીઓનું જીવ્યું દોહલુંરે. ૪૦
રાખે પૂર્ણ ભરોસો સજ્જનનો જગના જનોરે,
વિનતિ કરતા સજ્જનનો રાખી વિશ્વાસ,
શત્રુ મિત્ર સદા સરખા માને છે સજ્જનોરે;
આવે નહિ સૂરજમાં અંધારાનો ભાસ,
સજ્જનની સજ્જનતા કહિયે પલટાતી નથીરે. ૪૧
યમરાજા—તારાં વચનો શાણી અમૃતથી પણ મીઠડાંરે,
મુજને તે સાંભળતાં આવે પ્રેમ અથાગ,
મારી પાસેથી વરદાનો તારા હિતનાંરે,
તારા સ્વામિના જીવિત વિણ બીજાં માગ,
તારી ઇચ્છાને આધીન બની ઉભો અહીંરે. ૪૨
સાવિત્રી—મુજને આપો તો યમરાજા માગું એટલુંરે.
મારા સ્વામિથી સો પુત્રો મુજને થાય;
મારા કુળનું આ જગમાંહી માન વધે ઘણુંરે,
મ્હારી વડિલ જનોના ચરણે પ્રીતિ થાય,
એવું બોલીને સાવિત્રી કર જોડી રહીરે. ૪૩
યમરાજા-તુજને તેજસ્વી સો પુત્રો ઓ બાળા થશેરે,
તારા કુળનું ઝાઝું વધશે જગમાં નામ,
તારી વડીલ જનોના ચરણે પ્રીતિ વાધશેરે,
માટે જા પાછી ઘર તું થાશે હેરાન,
એવું બોલીને યમરાજા લાગ્યા ચાલવારે. ૪૪
બોલી સાવિત્રી સુણો યમરાજા વિનતિરે,
આપો ઉત્તર મારા પ્રશ્ન તણો આવાર,
મોટા માણસનાં વચનો મિથ્યા જાતાં નથીરે,

બોલ્યું અણબોલ્યું મોટા જનનું નવ થાય,
જાયે પ્રાણ પરંતુ વચન થકી ફરતા નથીરે. ૪૫.
થાવા સો પુત્રો વરદાન તમે આપ્યું મનેરે,
તે તો કેમ કરીને સત્ય થશે મહારાજ,
બાંધીને લૈ જાવા ધારો છો મારા નાથનેરે,
પળશે કેમ કરીને વચન તમારૂં આજ,
એવું બોલીને સાવિત્રી કરજોડી રહીરે. ૪૬

યમરાજા—પુત્રી ધન્ય તને સાચો છે નિશ્ચય તાહરોરે,
બાળા તેં મુજને વચને બાંધ્યો આવાર;
આજે નિશ્ચયના બળથી તેં વશ મુજને કર્યોરે.
લે આ છોડું છું પુત્રી તારો ભરથાર,
પામ્યો વરસ ચારસોનું આયુષ્ય તારો પતિરે. ૪૬
મારાં સૌ વરદાનો ફળશે તુજને હે સતીરે,
જગમાં ઘરઘર નરનારી ગુણ તારા ગાય,
પામો સુખ જગતમાં અંતે થાશે સુગતિરે,
એવું કહીને અંતર્ધાન થયા યમરાય,
વાગ્યાં દેવ દુંદુભિ પુષ્પ તણી વૃષ્ટિ થઈરે. ૪૮
વળતી આવ્યાં આશ્રમમાં સંગાથે દંપતીરે,
સતીના અંતરમાં આનંદ અતિ ઉભરાય,
સહુને વીતકની વાતો વિસ્તારી કહીરે,
પ્રેમે લાગ્યાં બન્ને વડિલ જનોને પાય,
આપે અંતરની આશિષો સૌ નરનારનેરે. ૪૯
સરવે વરદાનો યમરાજાનાં સાચાં થયાંરે,
મળિયા વૈભવ સઘળા પામ્યાં સુખ તમામ;
અંતે શ્રીહરિને શરણે વસીને સુખિયાં થયાંરે,
બોલો જય જય કહે છે વિપ્ર ભુલાખીરામ,
ગાતાં શીખતાં સરવે સદ્દવર્તન શાળી થજોરે. ૫૦

ગરબો સાંભળી ખુશ થયેલી મંછા બોલી કે 'બહુ મજેનો રાગ છે. વારૂ પછી લીલાવતી તેને સાસરે ગઇ કે ?'

ચંદા—વાહ કેમ ન જાય ? તેણે પણ આ ચરિતમાંથી દાખલો લઇ સસરાની સાથે જઇ નાની નણંદની મારફત જેને ઘેર તેનો ધણી રહેતો હતો તે ઘર જોઈ આવી ગોવાલણીને વેષે દૂધ વેચવા માંડયું. દૂધ વેચવાને મિષે તેણે એના વરને પોતાની તરફ આકર્ષ્યો અને છેવટ ગણિકાના ફંદમાંથી છોડાવી ઘેર લેઇ ગઇ.

'પછી એ વર તેની વહુના પગ ધોઇ પીએ, એમાં શું આશ્ચર્ય ?' મંછાએ પ્રસન્ન થઈને ઉત્સાહ બતાવ્યો.

ચંદા–આપણે સાર લેવો, મંછાબહેન ! કે આપણો સ્વામિ આપણું વચન શા માટે ઉથાપે. આપણામાં આપણાપણું હોય તો આપણું માણસ વળી આપણને હડેહડે શા માટે ?

મંછા–નહિસ્તો. ચંદાબહેન ! અમારા ઘરમાં કંકાસ થાય તેમાં ખરૂં કહું તો મારોએ જરા વાક તો ખરો.

જમનાં–હવે તે મંછાબહેન ખરાં ! ત્યારે હવે તમે કશો વાંક કરતાં નહિ અને એ વાંક કાઢે તો ક્રોધનો ઘુંટ ગળી જજો. પછી ફજેતો ને ભવાઇ કદી પણ તમારે ત્યાં નહિ થાય.

ચંદાગોરી બોલી કે, જેના ઘરમાં સંપ છે ત્યાં સંપત્તિ છે. આપણાં ધર્મશાસ્ત્રોમાં કહ્યુ છે કે-संतुष्टो भार्यया भर्त्ता भर्त्रा भार्या तथैवच, यस्मिन्नेवकुलेनित्यं कल्याणं तत्र वै ध्रुवम् જે ઘરમાં સ્ત્રીથી પુરૂષ અને પુરૂષથી સ્ત્રી સંતુષ્ટ હોય ત્યાં સૌ સારાંવાનાં થાય છે.

પ્રકરણ ૭ મું.

ભૂગોળ.

કેમ જમનાંભાભી! આજ તમે કંઈ ઉદાસ જેવાં દેખાઓ છો? સુમને જમનાં સામું જોઇ પ્રશ્ન કર્યો.

"ના, બહેન! કંઈ નથી" જમનાં નીચે બેઠી અને ચંદ્રાગોરી પાસે પડેલો ગોળો જોઇ બોલી કે, "આ શું છે? ચંદ્રાભાભીજી!"

સુમનબાના સવાલનો તમે કંઈ બરોબર જવાબ આપ્યો નહિ. તમારા મુખ ઉપરથી તમે ઉદાસ હો એમ જણાય છે. બોલો શું છે? ચંદ્રાગોરીએ આગ્રહ કર્યો.

જમનાં—ઉદાસી જેવું તો કંઇ નથી. એ તો એ કહેતા હતા કે, એમને બે ચાર દિવસ ધૂળિયે જવાનું ઠરે એમ છે. ધૂળિયા વળી કયાંનું કયાં હશે, અને કેવી રીતે જવાતું હશે. ત્યાંના લોક કેવા હશે, કેવા નહિ, વગેરે ચિંતાને લીધે જીવ બળે છે.

સુમન—ઓહો! એ કયાં દૂર છે? ખાનદેશ તો આ રહ્યો. ત્યાં વળી બીજા કયા લોક! આપણા લોક. બોલી મરાઠી, ને ગુજરાતી લોકે ત્યાં પુષ્કળ રહે છે. એમાં શું જીવ બાળતાં હશો?

જમનાં—કયાં ખાનદેશમાં. તે કયાં આવ્યો અને તમે કેમ જાણ્યું કે ત્યાં મરાઠી બોલાય છે ને દેશ સારો છે?

સુમન—એમાં શું? ભૂગોળ ભણ્યું હોય તે સૌ જાણે.

ચંદાગૌરીને–ભાભી ! હવે જમનાંભાભી મજેનું વાંચે છે, એમને ભૂગોળ શિખવાડોને ? જમનાં સામું જોઇ–જમનાં-ભાભી ! આ ગોળો, શું છે તે તમે જાણો છો ?

જમનાં–ના બા.

સુમન–જેના ઉપર આપણે રહીએ છીએ, તે પૃથ્વી આવી ગોળ છે અને (દેખાડીને) આ જુઓ, તેના ઉપર જુદા જુદા દેશના આકાર પાડેલા છે.

જમનાં–સુમનબા ! હું એટલું નથી સમજતી કે ? મને એમ શું ભમાવો છો ? પૃથ્વી આવી ગોળ હોય તો જણાય નહિ. અમદાવાદ અહિંથી બસેં અઢીસેં ગાઉ થાય, ત્યાં ગાડી સીધીને સીધી ચાલી જાય છે ત્યારે 'પૃથ્વી ગોળ છે' એમ કહી મને ગાંડી બનાવો છો શું ?

ચંદાગૌરી બોલી કે, જમનાંબહેન ! સુમનબા તમારી મશ્કરી નથી કરતાં, ખરૂં કહે છે.

જમનાં–જાઓ, જાઓ, તમે નણંદભોજાઈ બેઉ એક થઇને મને બનાવો છો. આ ગોળા જેવી ગોળ પૃથ્વી હોય તો આપણને દેખાય નહિ. આપણે તો જ્યાં જઇએ છીએ ત્યાં બધું સીધુંસડાક દેખાય છે. આના ઉપર ગાડીઓ ને આગ-બોટો શી રીતે ચાલે ? અને ગામડાં ને શહેર ક્યાં વસે ? તમે નણંદભોજાઇએ મળી મને ઉડાવવા માંડી છે.

તેનાં વચન સાંભળી સુમન હસી પડી, એટલે જમનાં બોલી કે, હું એટલું તો સમજું છું, હોંકે બહેન !

ચંદા–જમનાંબહેન ! હું કદી મશ્કરી કરૂં છું અને

કરૂં, તો વખત જોઇને કરૂં. આ તો સમજવાની વાત છે અને તેમાં હું તમારી મશ્કરી કરૂં?

જમનાં–પણ ત્યારે પૃથ્વી આવી ગોળ હોય તો આપણને જણાયને?

ચંદા–હા, જણાય છે. એકલી નરી આંખે કંઈ જણાય? એક ચોપડી આપીને આંધળાને પૂછીએ કે તે ગોળ છે કે ચોરસ? તો હાથ ફેરવી ચારે ખુણા તપાસી કહે કે ચોરસ, પણ એક મહોલ્લામાં બેસારી તેને પૂછીએ, કે તે ગોળ છે કે ચોરસ? તો તેનાથી હાથ ફેરવીને કંઇ કહેવાય? તેને બધે ફરવું પડે. હાથી ઉપર હાથ ફેરવ્યાથી તેને કંઇ હાથીનું સ્વરૂપ સમજાય?

જમનાં–આંખથી ન જણાય ત્યારે પૃથ્વી ગોળ છે એમ કેમ કહેવાય?

ચંદા–માણસ જેટલું દૂર દેખે છે તેથી વધારે દૂર સુધી જોવાને દુરબીન આવે છે તેથી ઘણે દૂર સુધી જોવાય છે. વળી તમે જાણો છો કે, પાણીની સપાટી તો બધે એક સરખીજ રહે છે. તે કંઇ ઉંચુંનીચું થાય છે.

જમનાં–નહિ.

ચંદા–ત્યારે પૃથ્વી ગોળ છે કે નહિ, તેની તપાસ કરનારાઓએ દરિયા કિનારે ઉભા રહી એવો અખતરો કરી જોયો તો જણાયું છે કે, કિનારેથી ઉપડેલું વહાણ જેમ દૂર જતું જાય છે તેમ તેનું તળિયું પછી વચલો ભાગ અને છેવટ ટોચ જણાતાં બંધ થાય છે. એજ પ્રમાણે સપાટ મેદાનમાં ઉભા રહી તેઓએ

દૂરથી આવતા મુસાફરને જોયો તો પહેલાં તેનું માથું દેખાયું પછી છાતી પછી કમ્મર અને છેલ્લે પગ દેખાયા. વળી બલુનમાં બેસીને ઉંચે ચઢનાર માણસની નજર વધારે ને વધારે દૂર ફેલાતી જાય છે. જો પૃથ્વી સપાટ હોય તો તેમ થાય નહિ. પૃથ્વી સપાટ હોય તો સૂર્યનો તડકો તે ઉગે કે તરત આખી દુનિયાં ઉપર પડે, પણ તેમ થતું નથી, માટે વિદ્વાનોએ પૃથ્વી ગોળ દડા જેવી છે, એમ સિદ્ધ કર્યું છે. ગોળા ઉપર એક ઠેકાણે આંગળી મુકાવી ચંદાગૌરીએ પૃથ્વી ગોળ છે એમ ઉપરનાં દૃષ્ટાંત મુજબ કેવી રીતે દેખાય, તે જમનાંને ધીરેથી સમજાવ્યું. તે હસી પડી કે, ઓતૂતારી! વ.ચન કરતાં તો વળી આવી બાબતોમાં બહુ સમજવાનું છે.

સુમન–અરે! જમનાંભાભી રાત્રે આકાશમાં આપણે જે તારા જોઇએ છીએ તે બધા આ પૃથ્વી જેવા મોટા મોટા ગોળાઓ છે અને આકાશમાં અદ્ધર રહી સૂર્યનારાયણની પાછળ ચક્કરચક્કર ફર્યા કરે છે. સૂરજ, ચંદ્ર, પૃથ્વી અને તારા એ સૌ આકાશમાં અદ્ધર રહેલાં છે અને સૌ પોતપોતાની મેળે એક બીજાની પાછળ ફરે છે.

આશ્ચર્યથી ચકિત થઇ જમનાં બોલી કે જોયું! વળી સુમનબાએ નવું ધતિંગ કાઢયું! આવી ગોળ પૃથ્વી અને વળી તે આકાશમાં અદ્ધર રહેલી ને ફરતી! એ બધું કેમ મનાય? તમે નણંદબોજાઇએ જરૂર આજે મને બનાવવી ધારી છે.

સુમન–તમારા સમ જમનાંભાભી! તમારી મશ્કરી મારાથી કરાય? અને મારાં ભાભીએ આવી વાતમાં કોઇ દિવસ તમને હસે? એ બધું તમે આગળ બહુ સારી રીતે સમજશો.

"સમજ્યાં સમજ્યાં, પૃથ્વી ફરતી હોય તો ઘરબાર ઉંધાં છતાં થઈ જાય ! એક પલકારાવાર પૃથ્વી ડોલે છે તો દેશમાં ગજબ થઇ જાય છે, ત્યારે પૃથ્વી ફરે તો શું ન થાય ? પૃથ્વી ચક્કરભમ્મર ફરે તો પછી કોણ જીવે ? એ તો હું માનુંજ નહિ. પૃથ્વી અને તારામંડળ એક બીજાની પાછળ ફરે ત્યારે તો થઈજ રહ્યુ તો ! બધુ રસાતાળ જાય. તમેએ બડાં તોપચી દેખાઓ છો સુમનબા !"

ચંદા—સુમનબહેન બરોબર કહે છે, પણ હમણાં તમારાથી એ બાબત નહિ સમજાય.

જમનાં—મારે સમજવીએ નથી તો. એવું તેવું મારાથી મનાય નહિ ને ઉલટું મગજ ફરી જાય.

ચંદા—બરોબર છે. જુઓ ત્યારે આ પૃથ્વી ગોળ છે. તેની બીજી સાબિતીઓ એ કે જયારે ચંદ્ર સૂર્ય અને તારા વગેરે ગોળ છે ત્યારે પૃથ્વી પણ ગોળ હોવી જોઇએ.

જમનાં—સૂરજ ને ચંદ્રમા થાળી જેવા ગોળ છે અને એવા હશે એમ તો હું માનું, પણ તમે તો કહ્યું કે પૃથ્વી દડા જેવી ગોળ છે, તે કેમ મનાય ?

ચંદા—હા તેવીજ અને સૂરજ ચંદ્ર પણ તેવાજ ગોળ છે. દૂરથી જોતાં તેમની ગોળાકાર સપાટી દેખાય એટલે આપણને થાળી જેવા જણાય. દૂરથી જોતાં એક ગોળો એ ચપટો ગોળજ દેખાય. માણસનો ઓળો ને છબિ કેવાં દેખાય છે ?

જમનાં—વારૂ પછી ?

ચંદા—ત્યારે સૂરજ ચંદ્રમા અને બીજા ગ્રહોની માફક

પૃથ્વી પણ ગોળ છે અને તેની ઉપર બે ભાગમાં પાણી અને એક ભાગમાં જમીન છે. જમીનના અને પાણીના જુદા જુદા ભાગ કરી તેનાં જુદાં જુદાં નામ પાડેલાં છે.

સુમન—જમનાંભાભી! તમે આ ગોળો જુઓને બધી સમજ પડશે. જુઓ આ જુદા જુદા રંગે રંગેલા જમીનના વિભાગો અને આ આસમાની રંગે રંગેલા દરિયાના વિભાગો.

સુમનના બતાવ્યા પ્રમાણે જોઇ તથા પ્રસન્ન થઇ જમનાંએ ચંદાગોરીને સવાલ કર્યો કે, બસ આટલીજ પૃથ્વી? અને મુંબાઈ તો તેમાં સોયના નાકા જેટલુંએ નથી.

ચંદા—હા. પૃથ્વી ઉપરની જમીનના વિદ્વાનોએ બે વિભાગ પાડયા છે, તેમાં એકને પૂર્વ ગોળાર્ધ અને બીજાને પશ્ચિમ ગોળાર્ધ કહે છે. આ જુઓ પૂર્વ ગોળાર્ધ, અને તેમાં આ ચાર મોટા ખંડ. એશિયા, આફ્રિકા, યુરોપ અને આસ્ટ્રેલિયા. પશ્ચિમ ગોળાર્ધમાં એક અમેરિકા ખંડ છે તે આ.

સુમન—જમનાંભાભી! કેટલા ખંડ થયા?

જમનાં—પાચ. આમાં આપણો ખંડ કયો?

ચંદા—પૂર્વ ગોળાર્ધમાં આ એશિયાખંડ તે આપણો ખંડ, અને તેમાં આ જુઓ હિંદુસ્તાન, આપણો હિંદુનો દેશ.

સુમન—જમનાંભાભી! હવે જુઓ આ હિંદુસ્તાનનો નકશો? જુઓ ગોળા ઉપરના હિંદુસ્તાનનો ને એનો આકાર મળતોજ છેને?

પૃથ્વીના ગોળા ઉપરની અને નકશામાંની હિંદની આકૃતિઓ જોઈ જમનાં બોલી કે, હા, બેઉ બરાબર છે. આ મોટો

નકશો છે નહિ બાફ ?

ચંદા—નાના વિસ્તારમાં બધું દેખાડી શકાય ?

જમનાં—નહિસ્તો. ત્યારે તો પાછો આપણા ગુજરાત-નોએ જુદો નકશો હશે ?

ચંદા—હા. આ હિંદુસ્તાનનો નકશો, તેના વળી ભાગ પાડેલા, મુંબાઇ વિભાગનો એટલે મુંબાઇ ઈલાકાનો નકશો, તેમાં વળી ગુજરાત, સિંધ અને દખ્ખણના જુદા જુદા નકશા ને ગુજરાતમાં વળી જિલ્લા જિલ્લાના પણ જુદા નકશા. છોકરાંને શિખવાડવા માટે જિલ્લાઓમાં વળી તાલુકાના નકશાઓ કરેલા હોય છે. એકલા મુંબઈ શહેરનો પણ જુદો નકશો છે. જુઓને આ પેલો ભીંતે લટકે.

જમનાં—હેં ! પૃથ્વીના ગોળા ઉપર તો મુંબાઇનો કંઈ આકારે નથી અને આ તો આવડો મોટો છે.

સુમન—મોટો શાનો ? એક નાની ઓરડીની ભિંતે લટકાવેલો છે તે મોટો કહેવાય ? મુંબાઈમાં ફરવા નીકળીએ ને આખો દહાડો ચાલીએ તોપણ તેની આસપાસ ફરી વળાય નહિ.

જમનાં—નહિસ્તો. ઓહો ! ત્યારે ભૂગોળમાં તો બહુ બહુ ભણવાનું ને જાણવાનું છે.

સુમન—કેમ નહિ ? દરેક દેશ, નદીઓ, તળાવો, પર્વતો રેલવે. વળી ત્યાંની હકીકતો અનાજના પાક, મોટાં મોટાં ગામની વિગતો, તેનાં જાણવા ને જોવાજોગ સ્થળનાં વર્ણનો વગેરે વગેરે, બહુએ મજેની બાબતો ભૂગોળમાં આવે છે.

ચંદ્રા—ભૂગોળથી તો માણસ દિવ્યચક્ષુ થયું હોય તેમ ઘેર બેઠેબેઠે આખી દુનિયાની સ્થિતિને જાણી શકે છે. જુઓને આપણે આ ગોળામાં આખી પૃથ્વી જોઈએ છીએને ? સુમનબા ! તમારાં જમનાંભાભીને તમારા ભાઈ ક્યાં જવાના છે તે હવે બતાવો અને તમારી ભૂગોળમાંથી ત્યાંની હકીકત સંભળાવો.

સુમન—જુઓ જમનાંભાભી ! મારા ભાઇ જાણે અહિંથી બોરીબંદર જશે, ત્યાંથી ગાડીએ બેસી (દેખાડીને) આ રેલવેની લાઇન કાઢેલી છે તે જુઓ, તેના ઉપર થઇ અહિં અહિં થઈને, આ જુઓ ખાનદેશમાં ધૂળિયા ત્યાં જઇ ઉતરશે. કહો, હવે તમારે કંઇ બીજું જાણવા જેવું છે ? જેમ આહિંથી સુરત વડોદરે જઇએ તેમ એ ધૂળિયે જશે.

જમનાં—ઓહોહો ! ભણવામાં પણ કેટકેટલું જાણવાનું છે. ભૂગોળની ચોપડી અને નકશો સાથે રાખીને વાંચીએ તો બધુ સમજાય નહિ વારૂ ?

ચંદ્રા—હા. છોકરાને પ્રથમ દિશાઓ, પછી દેશ અને સમુદ્રના આકારો, નદી નાળાં, પર્વત વગેરે કોને કહેવાં તે શિખવાડવામાં આવે છે. પછી તેમને તાલુકો, જિલ્લો, પ્રાંત, દેશ અને ખંડ વગેરે શિખવે છે. ભૂગોળ ભણવાથી અમુક દેશ ક્યાં આવ્યો, ત્યાં કેવા લોક વસે છે, તેમાં કયી કયી નદીઓ સરોવરો અને પર્વતો આવેલા છે તે સૌ સમજાય છે. દેશનાં લોકનાં પાકનાં અને બીજાં અગત્યનાં વર્ણનો તેમાં જેવાં હોય તેવાં આપવામાં આવે છે, એટલે સારી રીતે ભૂગોળ ભણેલું માણસ તો પૃથ્વીની પ્રદક્ષિણા કરી આવ્યું હોય તેવું

હોંશિયાર અને સૌ વાતે માહિતગાર થાય છે. આપણા લોક ભણતી વખતે ભણે પણ ભણ્યા પછી યાદ કરતા નથી, સાહેબ લોક તો જગતનો નકશો અને બીજા અગત્યના નકશાઓ વગેરે હંમેશ પોતાના ઘરમાં ટાંગી રાખે છે. દરેક વિષયનું શરૂઆત જેટલું ભણવાનું શાળામાં શીખ્યા પછી જો તેનો અભ્યાસ રાખ્યો હોય તો બહુ જાણવામાં આવે. અંગ્રેજીમાં એક મોટી ભૂગોળ છે તે વાંચવા બેસીએ તો વાર્ત્તાં કરતાં પણ વધારે રસ પડે. તમને હોંશ છે તો હુ તમને શીખવીશ

જમનાં—હવે તો મને તે ભણીશ ત્યારેજ જંપ વળશે. ઓહો ! ભૂગોળ ભણવાથી તો આપણે અહિં બેઠેબેઠે, ફલાણું ગામ ફલાણે અને ફલાણું ફલાણે, એમ બધું જાણી શકીએ. સાહેબ લોકનો દેશ તેમાં આવશેને ?

ચ દ્રા—વાહ, કેમ નહિ ? પૃથ્વી ઉપર જેટલા લોકો અને જેટલા દેશો છે તેની સઘળી વિગત એમાં આવી જશે. એ તો તમે જેમ જેમ ભણશો તેમ તેમ તમને બહુજ મઝા પડતી જશે. પહેલાં કેટલીક બાબત મુખપાઠ કરવા જેવી છે તે સુમનબા બતાવે તેમ મોંઢે કરી નાખજો, પછી હું તમને અનુક્રમે ભૂગોળ શિખવવા માંડીશ. વાચન સાથે એ વિષય હવે તમને વધ્યો.

જમનાં—તેમાં શું ? એથી તો મને વધારે હોંશ થશે ને એક વિષયમાંથી કંટાળી હોઈશ તો બીજો વિષય વાંચવાનું મન થશે.

સુમન—પણ તમે ભૂગોળ મંગાવજો. મારા ભાઈને કહેજો તે લેતા આવે.

જમનાં-હા હો. તમે આવજો. તમે હશો ને હું એમને કહીશ. આપણે આવો પૃથ્વીનો ગોળો મંગાવીશું કે ?

સુમન-ના, તે તો છે. મારી પાસે ના હોય તેવો નકશો મંગાવવાનું કહીશું અને પછી તે હું જ લઇ લઇશ હો ભાભી !

ચંદ્રા-ચાલો હવે વખત થઇ ગયો સુમનબહેન ! તમે રસોઈની તૈયારી કરવા માંડો.

પ્રકરણ ૮ મું.

શહેર ને ગામનું જીવન.

બનીઠણીને આવેલી માણેકને પોતાની પાસે જગા આપતાં પ્રસન્ન થયેલી જમનાં બોલી કે, ઓહો ! માણેકબહેન આવતાંને વાર કેવું બધું મઘમઘાટ થઇ રહ્યું. ગામડિયાં તે ગામડિયાં અને શહેરી તે શહેરીસ્તો. શહેરી લોક તે લહેરી ! કેમ ચંદાભાભીજી ! અમે બિચારાં ગાંમડિયાં આવાં તેવાં નાગરિક સુખ વૈભવ અને મોજમઝા કે લહેરમાં ન સમજીએને ?

સુમન–નહિસ્તો. ગામડિયાંને બિચારાંને અત્તર, તેલ, ફૂલેલ, મેવામિઠાઇ કે મોજશોખ શું તે કંઈ જોવાનું, અનુભવવાનું કે ભોગવવાનું છે ? બસેં પાંચસેં ઘરની વસ્તીમાં આવાં સુખ વૈભવનાં સાધન ક્યાંથી હોય ?

ચંદા–જેને તમે સુખ વૈભવનાં સાધન કહો છો સુમનબહેન ! તે તો બેઠાખાઉ શ્રીમંતોનાં મન રમાડવાની વસ્તુઓ છે. એ કાંઇ ખરાં સુખ વૈભવ કે મનુષ્યના જીવનને જરૂરનાં સાધનો નથી. પેટ પુર ખાવા પીવાનું, શરીર ઢંકાય એવું કપડાંલત્તાંનું અને રાત્રએ આરામ મળે એવું ઘરબારનું સાધન હોય, તો પછી અત્તર, તેલ, ફૂલેલ કે મેવામિઠાઈનું કંઈજ કામ નથી.

જમનાં–ના ના, ચંદાભાભીજી ! અમસ્તાં મારી વકી-

લાત કરતાં ના. હું જ કબુલ કરૂં છું કે, અમારાં ગામડાં તો કંઇજ કામનાં નહિ. મોજમઝાનાં સાધનો ન હોય તો જાણે ખેર, પણ ગામડિયાંને બિચારાંને માંદાં સાજાં થાય ત્યારે વૈદ્ય-વારૂનું એ સાધન કયાં ? ગામડું તે તો ગામડુંસ્તો.

ચંદા–પણ તે માંદાંસાજાં થાયજ નહિને. લો ચાલો, કહો જોઇએ, તમે આ મહીનામાં કેટલીક વાર હવા લીધી ?

જમનાં–મહીનામાં કેટલી વાર હવા લીધી ? અરે, મને તો હવા લીધાને કોણ જાણે કટલાએ મહીના થયા હશે અને તે પણ કયારે ? આ મુંબાઇ આવી ત્યારેજ ! મારે પીયર ગામડે હતી ત્યારે તો હવા શું તે હું સમજતીએ નહિ.

ચંદા–ત્યારે એમ. હવે પૂછો માણેકબહેનને ?

માણેક–મને શું પૂછવાનું છે ? મારે તો અઠવાડિયું અને બહુ થાય તો ભાગ્યે પખવાડિયું હવા વગરનું જતું હશે.

જમનાં–હેં ! શું કહો છો ?

માણેક–ખરેખર.

જમનાં–ત્યારે મને તો એવું નહિ બા. અમે તો ઘરડાં વરડાંને માદાંસાજાં થતાં સાંભળેલાં.

ચંદા–જુઓ જમનાંબહેન ! હવે હું કહેતી હતી તે ખરૂંને ! ગામડાંમાં હવાપાણીની સ્વચ્છતા અને અહિં તહિંની મહેનત મજુરી તેને લીધે કસરત એટલે તેમને વૈદવારૂની જરૂરજ પડે નહિ.

જમનાં–માટે શું ગામડાં સારાં ?

ચંદા–અલબત સારાં. ગામડાં અને શહેર વચ્ચે મોટો તફાવત છે. હવાની સ્વચ્છતા પાણીની નિર્મળતા અનાજ તથા

શાકભાજીની તાજગી અને મહેનતથી મનુષ્યના મુખ ઉપર ખીલી રહેતી સ્વચ્છ લોહીની ગુલાબી લાલી, જેવી ગામડામાં હોય છે તેવી શહેરોમાં દેખાતી નથી. વળી સ્વભાવની નિર્દોષતા અને ગુણનો સમુદાય પણ જેવો ગામડાનાં મનુષ્યોમાં હોય છે તેવો શહેરમાં હોતો નથી. શહેરમાં ગામડા કરતાં સારી વસ્તુની સગવડ ઘણી હોય, પરંતુ એવી સગવડનો લાભ લેવામાં આવતો નથી, તેને પરિણામે ગામડાને સારૂં કહેવું પડેજ. શહેરમાં રહેતા લોકો જેમ બને તેમ સુખ શોધવાને યત્ન કરે છે, પરંતુ તેથી પોતાને ઉલટા વધારે દુ:ખી બનાવે છે. દુ:ખમાંથી છુટવાને થતા યત્ન તેમને વધારે અને વધારે દુ:ખને ભોગ નાંખે છે. સૌ મનુષ્યનાં સુખને ભોગે પણ એક માણસ શહેરમાં સુખ લેવાને યત્ન કરે છે. વાસ્તવિક નીતિથી એ વાજબી ગણાય નહિ. શહેરની સ્થિતિ આવી પ્રાપંચિક છે, જ્યારે ગામડાની સ્થિતિ નિર્દોષ સાધનોથી સુખ લેવાની છે. અલબત, એ તો ખરૂં કે, પ્રાણી માત્ર આ જગતમાં દુ:ખનો ત્યાગ અને સુખની શોધમાં લાગી રહેલાં છે, પરંતુ સામાન્ય લોકના સુખ દુ:ખ વાચક શબ્દોના અર્થોમાં ફેરફાર છે. એક માણસ પોતાની ઇચ્છાએ પોતાના પગ ઉપર ઉભું રહેવામાં પણ કોઇની મદદ ન મળે તો દુ:ખ સમજે છે, જ્યારે બીજું માણસ પોતાના ગજા ઉપરાંત થતી મહેનતને દુ:ખ સમજે છે. ટુંકામાં કહીએ તો સુખની વ્યાખ્યા સમજવામાં કેટલાક હદ ઓળંગી જાય છે અને તેમ કરવામાં પોતાને વધારે અને વધારે દુ:ખી બનાવે છે. માણસની સુખશોધક બુદ્ધિએ માણસને પોતાનેજ નહિ પણ પશુઓને સુદ્ધાં દુ:ખી બનાવેલાં છે.

ખરૂં સુખ નિર્દોષ વ્યવહારમાં પોતાની ફરજો બજાવવામાં અને આરોગ્યમાં રહેલું છે. ગામડાના લોકો એ ખરેખરૂં સુખ ભોગવી શકે છે.

જમનાં—એ તો ખરૂં છે ચંદાભાભીજી કે અહિં શહેરમાં ઉપરઉપરથી જોતાં "પહેલું સુખ તે જાતે નર્યા" તે નથી. એનો ગામડામાં ખરેખરો અનુભવ થાય છે. વળી કામ કાજ કરવાથી શરીર પ્રફુલ્લ અને સ્ફૂર્તિવાળું રહે છે. ખાધેલી વસ્તુ સારી રીતે પચી જાય છે, ધન દોલત કપડાં ને ઘરેણાં અને બીજાના મોજશોખની અદેખાઇ ત્યાં કદી જોવામાં આવતી નથી. મનુષ્યોના સમુદાય બની એવી રહેણીકરણી અને આચારવિચારથી સાથે સાથે રહે છે કે, તેમના જીવનની રહેણીનો એક કિલ્લોજ જાણે બંધાઈ ગયો હોય નહિ ? તેમ થાય છે. વ્યવહાર કે નીતિથી બનેલા એ કિલ્લામાં જે માર્ગો પડી ગયા હોય તેજ માર્ગોએ પરંપરા સઘળાં કુટુંબો સુખચેનથી રહ્યાં કરે છે. કોઇ તે કિલ્લાને ઉલ્લંઘી જવાની હિમ્મત કરતું નથી. કરે છે તે કિલ્લામાંથી દૂર ફેંકાઇ જાય છે. ઓહો ! જ્યારે જ્યારે હું આ અહિંના જીવન ઉપર અને ત્યાંના જીવન ઉપર વિચાર કરૂં છું ત્યારે મને ત્યાંના નિર્દોષ સુખી જીવનને માટે બહુ અદેખાઇ આવે છે.

માણેક—જમનાંબહેન ! તમે તો ચીના લોકો જેવો વિચાર આપી દીધો. ચંદાભાભીજીએ ગામડાંને અને ત્યાંની રહેણીકરણીને જરા વખાણ્યાં એટલે તમે તો એવુંજ સમજ્યાં કે જેમ ચાલતું આવ્યું હોય તેમ ચલાવવું એજ સારૂં. અરે! આજના વખત સામું તો જુઓ. પચાસ વર્ષ ઉપર આપણા

લોક જે સ્થિતિમાં હતા તેમાં અને આજમાં કેટલો ને કેવો મોટો ફેરફાર થઇ ગયો છે. આપણા લોકો આગલા જમાનામાં ગમે તેટલા સુધરેલા હશે પરંતુ આજના સુધારા જેવું તો ન હતું. સુખ શું તેની ઉપર આપણા લોકોએ વિચાર કરેલો હોય એમ લાગતું નથી. શાહજહાન પાદશાહ પણ પાટીએ ભરેલા મોટા ઢોલિયામાં સૂઈ રહેતો. આજના જેવા રૂપાળા સ્પ્રિંગવાળા છતરપલંગો ન હતા. આજના જેવાં નવી નવી જાતનાં કપડાં ઘરેણાં અને સુખનાં સાધન તે લોકોને ખબરજ નહતાં. એક પાદશાહ અને એક મજુર બેઉ બિચારા ધૂળ ખુંદતા લાંબી અને કંટાળા ભરેલી મુસાફરી કરતા. આજે દેવતાઇ વિમાનોને પણ ભુલાવે એવા મજેના સુખસાધનવાળા અગ્નિરથોમાં ગરીબ તેમજ તવંગર પોત પોતાને મળે તેવાં સુખ લેતા વધારે સુખાળુ અને ઝડપી મુસાફરી કરી શકે છે. આજના સુધારા અને સુખવૈભવની આગળ આપણા અસલી સુધારા અને સુખોના વિચાર કંઇજ કામના નથી. તમે ગમે તેમ માનો પણ હું તો કહીશજ કે, આજનાં સુખ તે સુખ અને બીજાં તે દુઃખજ ! આજના રાજ્યની બલિહારી તે ઓરજ છે. આજના જેવી વિદ્યા, આજના જેવું વર્તન અને આજના જેવાં સુખવૈભવ પૂર્વે ન હતાં. આજના જેવાં સુખ વૈભવ મોટાં શહેરોમાં ન હતાં ત્યારે ગામડામાં શું ધૂળ હશે એ તો ભલે તમારે વખાણવું હોય તે વખાણો.

સુમન–શાબાશ માણેકભાભી ! શાબાશ ! હું એજ કહેવાની હતી. મારી બા એકવાર મને કહેતી હતી કે, તેમણે તો બિચારાંએ સાળુ કે કસુંબા, જરિયાન કે ઝાલર જેવું કાં

પણ જોયુંજ ન હતું આપણે આજ એમના કરતાં કેવાં સારાં મઝેનાં લુગડાંલત્તાં ને ઘરેણાંગાંઠાં પહેરીએ છીએ. અરે, તે તો કહે છે કે, તેઓ ભાગ્યેજ કોઇ દહાડો પૈસો કે રૂપિયા જોવા પામતાં, જ્યારે આપણે તો આજે રૂપિયામાં ને પૈસામાં રમીએ છીએ.

ચંદા–પણ સુમનબા ! તમારી બા પેલું કહેતાં હતાં તે યાદ કરોને, કે તમારા પિતાને કદી પરદેશ જવું પડયું ન હતું અને તમારા ભાઈને તો દુખિયા દાંતે મુંબાઈ મોકલતાં આંખોમાંથી આંસુ ખરાવવાં પડયાં હતાં.

સુમન–તેમાં શું ? બહારગામ જવું પડે ત્યારે એમ થાય.

ચંદા–વારૂ, માણેકબહેન ! આજનો વૈભવ મોટો પણ તે સુખકારી ખરો ?

માણેક–કેમ નહિ ? સારૂં હોય તે સુખકારી હોયજ.

ચંદા–મિષ્ટાન્ન ખાવા બેસીએ છીએ ત્યારે સારાં લાગે છે પણ તેનાં નાણાં પતાવતી વખત જે મનસ્તાપ અને પાછળથી જે શારીરિક દુઃખ થાય છે તે સંબધી તમે કદી વિચાર કર્યો છે ? આજનાં મોહિની રૂપ જણાતાં સુખવૈભવ મેવામિઠાઇ જેવાં છે. ખાતાં સારાં લાગે છે પણ પાછળથી તેનાં બહુજ કડવાં ફળ અનુભવમાં આવે છે. કોઇ તરત ને તરત અને કોઈ ધીરે ધીરે કડવાં ફળ ચખાડે છે. પ્રજાને ઘણે જમાને તેનાં ફળ જોવામાં આવે છે. આજ જે સુખવૈભવ જણાય છે તે જ્યારે કાળે કરીને તેનું ફળ આવશે ત્યારે સમજાશે. જમનાંબહેન આમલાનાં આરોગ્ય અને નીતિનાં સુખને વખાણે છે તેમજ હું પણ વખાણું છું, અને તેનો બોધ કરૂં છું. સુખવૈભવમાં વિવેક

હોય છે અને જ્યારે તે વિવેકનો નાશ થાય છે ત્યારે તે સુખ વૈભવ ઘણાં વર્ષ સુધી ટકતાં નથી. આપણા અસલના લોકો ઢોલિયે પોઢતા હતા ને લગભગ સૌ તે સુખ લઇ શકતા હતા; જ્યારે આજ એક જણ સુંદર પલંગ ઉપર પોઢે છે ત્યારે સો જણ ગોદડી વગર ઉઘાડી જમીન ઉપર પડી રહે છે. સુખ એકલા લેવું એ શું સારૂં ? હજારો માણસો સાથે મળીને જે કંઈ સુખ લઇએ તે સુખ, અને તે પણ એવું કે, જેમાં વિવેક નો ઉપયોગ થયો હોય, નાટકના રાજા જેવું રાજ્યસુખ એ કંઇ સુખ કહેવાય નહિ. આજ લોકો એવું સુખ લે છે.

જમનાંબહેને અત્યારે આ સવાલ કાઢયો તે જો કે બહુ વિવાદગ્રસ્ત અને વિદ્વાનોમાં ચર્ચાતો વિષય છે અને આપણે તેની ઉપર મોટા મોટા વિચાર કરવા એ નકામું છે, તોપણ મારે તમને આજના વાતાવરણમાં ધુંધવાતા વિચારો સામે ચેતવણીરૂપી જે કંઇ સૂચનાઓ કરવી જોઇએ, તે આ પ્રમાણે કરૂં તો ખોટું નથી.

આજ કેટલાંક વર્ષ થયાં આપણા દેશમાં પશ્ચિમના લોકો તેમની વિદ્યા અને રહેણીકરણીઓ લઇ આવેલા છે. આપણા લોકોને તેનો જાણે મોહ લાગ્યો છે. આપણા આગલા વખતના વ્યવહારથી તે બધું તદન જુદી જાતનું છે. એ નવા અને જુના વચ્ચે મોટો ઝગડો ઉત્પન્ન થયો છે. કેટલાકો નવા વિચારોના અને કેટલાકો જુના વિચારોના પક્ષમાં છે. હજી તેઓ વચ્ચેનો વાદ એમનો એમ વાક્યુદ્ધમાં ચાલુ રહેલો છે. કાળ કાળનું કામ કરે જાય છે. નવા જુના બેઉ બન્ને બાજુ બરોબર તપાસ્યા વગર ઉતાવળિયા વિચારો બહાર મૂકે છે 'સારૂં હોય

તે લો' એમ કહેનારો એક મધ્યમ વર્ગ હમણાં ઉભો થયો છે અને તેના વિચારો લોકોમાં વધારે વધારે ફેલાતા જાય છે. તમને એ વિચારનો સાર એટલોજ સમજાવી શકું કે, નવા વિચારવાળાઓએ નવામાં પરિણામે સારૂં ફળ આપે એવું શું છે અને જુનામાં હાનિકારક શું છે? તેનો વિચાર કર્યો નથી. એજ પ્રમાણે જુના વિચારવાળાઓએ પણ જુનામાં શું બદલવા જોગ છે, શું કાયમ રાખવા જોગ છે અને શું ગ્રહણ કરવા જોગ છે તે વિચાર્યું નથી. નવા, નવું કરો નવું કરો અને આગળ વધો આગળ વધો, એમ પોકારે છે જ્યારે જુના વિચારવાળાઓ સારૂં કે ખોટું જે છે તેને પકડી રાખો, એવી હઠ લઈ બેઠા છે. મધ્યમ વિચાર કરનારાઓ કહે છે કે, જુનું અને નવું બેઉ તપાસી જોઈ પરિણામો ઉપર ઊહાપોહ કરી દેશકાળને જે યોગ્ય હોય અને જે બહુ અંશે જુનાને અનુસરતું કે બંધબેસ્તું હોય તે ગ્રહણ કરો. બહુ બહુ જાતના નવા વિચારોમાંના આપણને અનકૂળ વિચારો આપણે પણ લેવા, અને તેમાં આપણી ગૃહ વ્યવસ્થા જે પશ્ચિમના લોકોથી ઘણીજ ઉત્તમ છે અને જે જમાનાઓ થયા આપણને અનુકૂળ પડેલી છે તેની ઉપર લક્ષ રાખી ચાલવું. આગલા જમાનાઓમાં આપણા લોકોમાં સ્ત્રીઓ ભણતી નહતી એમ કંઈ નથી. જે લોકોને વિદ્યાનો પ્રસંગ પડતો તે ભણતા. બીજો ભાગ ગૃહ કામમાં એટલો તો વ્યવસાયી રહેતો હતો કે, તેમને ભણવાનો વખતજ મળતો નહિ. ઘર ચલાવવાની સંપૂર્ણ માહિતીમાં એક કન્યા કદાપિ ન ભણેલી હોય તો તે ચાલે, પણ ગૃહકાર્યથી અજ્ઞાન કન્યા હોય તે સારૂં નહિ, એવો મારો મત છે,

કારણ કે પુરૂષ અને સ્ત્રી વચ્ચે વહેંચાયલા સંસારમાં ગૃહકામ સ્ત્રીને અને બહારનું કામ પુરૂષને કરવાનું છે. ગૃહકામ સ્ત્રી જાતિને માટે પહેલું અને અંગત્યનું શિક્ષણ છે, જ્યારે પંડિતાઇ ગૌણ છે. બેઉ હોય એના જેવું ઉત્તમ તો બીજું કંઈજ નહિ.

માણેક—અલબત, ત્યાં તો હું તમને મળતી થાઉં છું. પંડિતાઇ માટે ગૃહ શિક્ષણનો ભોગ આપવો એ તો સ્ત્રી જાતિને છાજતું નથી. પંડિતાઇ વગર ચાલે, પણ ઘરકામ વગર ચાલે નહિ.

ચંદ્રા—પણ આજ એવું ક્યાં છે?

માણેક—ના નથી.

ચંદ્રા—એના ઉપરજ મધ્યમ વિચારવાળાઓનો આક્ષેપ છે. ઘરકામમાં પણ કુશળતા અને ભણતરમાંએ પંડિતાઇ હોય તો તો વિવાહથી વડું શું? એ વિચાર કોણ ન સ્વીકારે? પણ આજ તો એમ થાય છે કે, કન્યાઓ ભણીભણીને મોટી પંડિતાઓ બને છે પણ ઘરમાં ચુલો ફુંકતાં આવડતો નથી. મોટી મોટી વસ્તુઓના અંદાજ કાઢે છે પણ દાળમાં મીઠું નાંખવાનો અંદાજ જાણતી નથી. હજારો માણસોની સભા રીઝવી જાણે છે પણ એક બાળકને છાનું રાખી જાણતી નથી. આવાં શિક્ષણ અને આવા નવા વિચારો હોવા ન જોઈએ. મેં કહ્યું તેમ એ મધ્યમ વર્ગને ઘણા લોકો માન્ય રાખતા જાય છે. બાપનો કુવો હોય તેમાં બૂડી મરવું એ જેમ સારૂં કહેવાય નહિ, તેમ તેની તજવીજ કર્યા વગર ઉપેક્ષા કરવી એ પણ સારૂં નહિ. આપણે હિંદુસ્તાનની અથવા વધારે બહોળા

વિચારોથી બોલીએ તો આપણે સર્વે પૂર્વ તરફની સ્ત્રીઓ જીવનના મૂળ રહસ્ય ઉપર યોજાયલાં છીએ અને એનેજ પુષ્ટિ આપનારાં શિક્ષણો વર્તનો વિચારો અને આચારો આપણી આસપાસ ઘરમાં અને કુટુંબમાં ગોઠવાયલાં છે. એમાં કાળે કરીને બગાડો થયો છે અને કાળને અનુસરીને સુધારો કરવાની જરૂર છે. એને નાબુદ કરવા જેવું કંઇ નથી, એમ પૂર્ણ વિચાર કરનારાઓ જણાવે છે. આપણો અભ્યાસ કરનારી આપણી પશ્ચિમ તરફની બહેનો પણ કબુલ કરે છે. આજ પ્રમાણે કેટલોક વિચાર કરીએ તો માણેકબહેન! તમને ખરેખર સમજાયા વગર રહે નહિ કે, જેમ આ નવા વિચારોમાં કેટલોક મિથ્યાભાસ છે તેમ નગરના રહેવાસમાં પણ કેટલોક બનાવટી અને મિથ્યા મોજશોખનો ભેળ છે. ગામડાંનાં જીવન જે કાળે તે યોજાયાં હશે તે કાળે જેવાં સુખરૂપ હશે તેવાં આજ નથી, તોપણ ઘણે ભાગે શહેરના કરતાં તો સારાંજ છે. આપણે શહેરનાં રહેવાસી લુગડાંલત્તાં, ઘરેણાં અને ટાપટીપથી રૂપાળાં દેખાઈએ છીએ અને પોતે પણ એમ માનીએ છીએ, પરંતુ જેમ ખરૂં સુખ આરોગ્યમાં રહેલું છે તેમ ખરૂં રૂપ પણ તેમાંજ રહેલુ છે. ગામડામાં જે રૂપ છે તે આપણામાં જવલ્લેજ હોય છે. આજજ નહિ પણ આગલા વખતમાં પણ એવું હતું.

જમનાં—આગલા વખતમાંયે ગામડાનાં રૂપ વખણાતાં?

પ્રકરણ ૯ મું.

શકુંતલા.

ચંદા—હા. સૂર્યવંશનો દુષ્યંત નામે રાજા એકવાર મૃગયાએ ગયો હતો. હરણ પાછળ જતાં તે માલિની નદીના તીર ઉપર એક આશ્રમમાં જઈ પહોંચ્યો. ત્યાં શકુંતલા નામે એક જુવાન કન્યાને જોઈ તેના રૂપથી મોહ પામી સ્વાભાવિક રીતે જ બોલ્યો કેઃ—

ગીતી.

અંતઃપુરમાં દુર્લભ, આશ્રમવાસી જનો તણાં રૂપ;
વાડીના વેલાને, વનવેલાએ કરી દીધો ચૂપ.

સુમને ઉભી થઈ દિવાલે ટાંગેલી છબિ બતાવતાં જમનાંને કહ્યું કે, " જમનાંભાભી ! આમ જુઓ, આ એ શકુંતલા ને એનાં માતપિતા. "

જમનાં—ચંદાભાભીજી ! આ પુરૂષ કોણ ? આ સ્ત્રી કોણ અને કેમ આ છોકરીને આપી દે છે ?

ચંદા--સાંભળો, પૂર્વે ગાધીરાજાના પુત્ર વિશ્વામિત્ર કરીને એક રાજર્ષિ હતા. માલિની નદી આગળ એક આશ્રમમાં તેમણે તપ આદર્યું, ત્યારે ઇન્દ્રને ઇન્દ્રાસન જવાનો ભય લાગ્યો. મેનકા અપ્સરાને તેણે એ તપ ભંગ કરવાને મોકલી. તેણે ઋષિનું તપ ભંગ કર્યું. મેનકાને ગર્ભ રહ્યો ને કન્યા અવતરી. પછી તેણે કહ્યું કે, રાજર્ષિ ! તમારી પુત્રીને હવે સંભા-

ળી લો. હું દેવલોકમાં જાઉં છું. ઋષિએ તપને યાદ કરી તેના સામું ન જોતાં કહ્યું કે, 'મને ન સતાવ, તું જાણે ને તારી છોકરી જાણે.'

જમનાં–અહો ! ખરેખર ચિત્રમાં આબેહુબ દેખાવ આપ્યો છે. હાં પછી ?

ચંદા–પછી રાજર્ષિ બીજે ઠેકાણે ચાલ્યા ગયા ને મેનકા તરતની જન્મેલી છોકરીને નદીના કિનારા ઉપર મૂકી સ્વર્ગમાં જતી રહી.

ચંદા–બન્ને માબાપના ગયા પછી કણ્વઋષિ સ્નાન કરવા જતા હતા તેમને દયા આવવાથી બાળક છોકરીને આશ્રમમાં લઇ ગયા અને શકુંત પંખીઓએ વનમાં રક્ષણ કર્યું માટે શકુંતલા એવું તેનુ નામ પાડયું. કણ્વ ઋષિએ ગૌતમી નામે એક વૃદ્ધ સાધવીને તે ઉછેરવા સોંપી ને આશ્રમની બીજી કન્યાઓ સાથે તે મોટી થઈ.

કણ્વ સોમનાથની યાત્રાએ ગયેલા હતા તે વખતે દુષ્યંત રાજા શિકાર કરતો કરતો ત્યાં ગયો. તેણે શકુંતલાને જોઇ. પ્રિયવંદા અને અનસૂયા નામે બે સખીઓ સાથે તે પાણી ભરી લાવી લાવીને ઉપવનમાં વૃક્ષોને સિંચતી હતી. દુષ્યંત રાજા એક મંડપમાં બેસી તેમને જોવા લાગ્યો. તે દિવસે અને બીજે દિવસે મળ્યા તેમાંથી પ્રેમ બંધાયો. ત્રીજે દિવસે બપોરે રાજા પાછો તેમને મળ્યો બન્નેને એક બીજા પર અનુરક્ત જોઈ સખીઓ રાજાની સાથે કેટલાક વાતો કરી હરણના બાળને સંભાળવાને મિષે ત્યાંથી ચાલી ગઇ. તેઓને જતી જોઇ શકુંતલા બેઠા થઇ બોલી કે, " સખીઓ ! મને અહિં કોને આ

શરે મૂકીને જાઓ છો ? " જરા હસીને અનસૂયાએ ધીરેથી પણ પરિહાસ વચનથી ઉત્તર આપ્યો કે, "પૃથ્વીના પતિને તારી સેવામાં રાખ્યા પછી શું છે ?" રાજાએ શકુંતલાને જતાં વારી કહ્યું કે "કોમલાંગિ! કમળ પત્રનાં વસ્ત્ર અને પુષ્પનાં આભરણો કાઢીને તારાથી જવાય એમ નથી. બહાર આગ વરસે છે, માટે આ શીતળ લતાગૃહમાંજ બિરાજ અને આ સેવકને જે કંઇ કામ હોય તે બતાવ." અહિંજ બેઉ અધીરાં હૃદયના ઉલ્લાસ પુરા થયા. રાજાએ પોતાની વીંટી શકુંતલાને લગ્નની ભેટમાં આપી અને બેઉ પોતપોતાને કૃતાર્થ માનવા લાગ્યાં.

રાજા ત્યાંથી તંબુએ ગયો ત્યારે ત્યાં અગત્યનો સંદેશો લઇ એક દૂત આવ્યો હતો. રાજ્યકાજની અગત્ય હોવાથી તેજ પળે રાજાને ત્યાંથી મુકામ ઉઠાવી રાજનગર તરફ જવું પડયું. શકુંતલા આશ્રમમાં રહી પણ રાજાના સંગથી તેને ચહતો દહાડો થયલો એટલે શરીરમાં ફેરફાર પડતો ગયો. યાત્રા કરીને કણ્વમુનિ પાછા આવ્યા ત્યારે તેની સખીઓએ અને ગૌતમીએ બનેલો બનાવ તેમને વિદિત કર્યો.

આશ્રમવાસીઓ હવે શકુંતલાને સાસરે મોકલવાની તજવીજ કરવા લાગ્યાં, દરમિયાન દુર્વાસા ત્યાં આવ્યા. શકુંતલાને ફેમ નહિ તેથી તેણે આદર કર્યો નહિ ને ક્રોધી મુનિએ તે સાંભળે નહિ તેમ શાપ દીધો કે "તું જેનું ચિંતન કરે છે તે તને ભુલી જશે." ઋષિનું ઉગ્ર તેજ આગણામાં પડતાં શકુંતલાએ વિનય કર્યો ત્યારે ઋષિએ મનથી શાપનો અનુગ્રહ કર્યો કે "સ્મરણ ચિહ્ન નજરે પડતા રાજાને તું યાદ આવશે."

સાસરે જતાં એક ઠેકાણે કોઈ એક સરોવર ઉપર ઉતર્યાં ત્યાં પાણી લેવા જતાં શકુંતલાની આંગળીએથી દુષ્યંતરાજાએ ગાંધર્વવિવાહ વખતે આપેલી વિંટી સરોવરમાં પડી ગઇ અને જેવી તે પાણીમાં પડી તેવીજ તેમાંના ચકચકિત હીરાને ખોરાક ધારી એક માછલી તે ગળી ગઈ. શકુંતલાને તો વિંટી પડી ગઇ છે કે નહિ ? તેનું ભાનજ રહ્યું નહિ. પછી દરબારમાં ગયાં. કણ્વમુનિના શિષ્યોએ રાજા આગળ જઈ આશીર્વાદ દઈને સર્વ વાત જણાવી, પરંતુ દુર્વાસા મુનિના શાપને લીધે રાજાને બધું વિસ્મૃત થઈ ગયેલું તેથી તેણે કહ્યું કે, ' હું કોઇ ઠેકાણે કોઇ ઋષિની કન્યાને પરણ્યો નથી, સૂર્યવંશના રાજા ઉપર તમે આવુ આળ ચઢાવશો નહિ. '

ક્રોધ અને વિષાદથી ધમધમી જતા હૃદયે શકુંતલા બોલી કે ' ત્યારે શું હું ખોટી ? લો જુઓ. આ વિંટી તમે પોતેજ મને પહેરાવેલી કે બીજા કોઈએ ? ' આંગળીએ જોવા જતાં વિંટી નહિ. શકુંતલા ગભરાઇ અને ભોંઠી પડી. રાજાએ તેને ખોટી પડતી જોઈ વધારે કઠોર વચનો કહ્યાં. શકુંતલા બિચારી હતાશ થઇ ગઈ અને રાજાએ અનાદર કરી કાઢી મૂકી. કણ્વના શિષ્યો અને ગૌતમી રાજાથી તિરસ્કારી કઢાયલી શકુંતલાની અવગણના કરી આશ્રમ તરફ ગયાં. મહા સંકટમાં પડેલી તે શોકથી બહાવરી બની ગઈ. ' ક્યાં જવું અને શું કરવું ? ' એવા વિચારથી અને અપમાનથી મરણને ઇચ્છતી તે રાજગૃહમાંથી બહાર નીકળી, કે તરત તેની જનેતા મેનકા અપ્સરાએ અંતરિક્ષથી ઉપાડી તેને લઇ હિમાલયના એક સુંદર આશ્રમમાં મૂકી દીધી, ત્યાં નવ માસ પુરા

થતાં તેને પુત્ર પ્રસવ થયો.

એકવાર એક માછીને રાજાના નામની વિંટી વેચતાં કોટવાળે પકડયો. વિંટી રાજાની આગળ લઈ જતાંજ તેને શકુંતલાની યાદ આવી, અને તેની અવગણના કરવા માટે પશ્ચાત્તાપ થયો. દુષ્યંત રાજા આ પ્રમાણે શકુંતલાને સંભારીને હમેશાં શોક કરતો હતો એટલામાં એકવાર ઈન્દ્રનો સારથિ માતલિ તેને તેડવાને આવ્યો. રાજા અમરાવતી ગયો અને જે કંઈ કાર્ય હતું તે કર્યું. પછી રાજધાની તરફ પાછા આવતાં જે આશ્રમમાં શકુંતલા અને તેનો પુત્ર રહેતાં હતાં ત્યાં આગળ [illegible] વિમાન નીચે ઉતર્યું ને રાજા આશ્રમમાં ગયો.

શકુન્તલાના છ સાત વર્ષના પુત્રને લઈને આ વખતે એક ધાત્રી ત્યાં ફરતી હતી. એ કુમાર એક સિંહના બચ્ચા સાથે રમતો હતો અને ધાત્રી વારંવાર તેને તેમ કરતાં અટકાવતી હતી. રાજા તે કુમારની કાન્તિ અને સિંહના બાળક સાથેનું તેનું આગ્રહપૂર્વક થતું ક્રીડન જોઇ તેની તરફ મોહ અને વિસ્મયથી ખેંચાયો. રાજા તેની પાસે ગયો અને કેટલાક પ્રશ્ન પૂછયા. બાળકે નિર્ભય રીતે ખબડદારીથી રાજાને દરેક ઉત્તરો આપ્યા. તેનાં કાલાંકાલાં મધુર વચનોથી રાજાના હૃદયમાં વાત્સલ્યનો ઝરો વહેવા માંડયો કુમાર આ પ્રમાણે રમતો હતો એટલામાં તેના હાથ ઉપર બાંધેલું રક્ષાસૂત્ર છુટીને નીચે પડયું. રાજાએ તે લઈ પુનઃ બાળકને હાથે બાંધ્યું અને તેને આલિંગીને પુત્ર ભાવનાને જાણે તૃપ્ત કરી. ધાત્રી જે આ બનાવ જોઈ રહી હતી તે, રાજાએ રક્ષાસૂત્ર ઉ-

પડી કુમારને હાથે બાંધ્યું પણ તેથી તેને કંઇ અસર થઈ નહિ તે જોઈ આશ્ચર્ય પામી. એટલામાં શકુંતલા આવી તેને જોઇ રાજાને પ્રીતિ શોક અને હર્ષનાં આંસુ આવી ગયાં. રાજાએ તેને અને તેણે રાજાને જોતાંને વાર ઓળખ્યાં. કાંટોકાંટ ભરાયલાં સરોવરે જેમ તરંગને હેલે ફુટી જાય, તેમ તેમનાં નેત્રોમાંથી ઘણા દિવસનાં દુઃખ અને શોક ચોધાર આંસુના રૂપમા વહેવા માંડ્યાં "મેં તમારી બહુ અવગણના કરી. ક્ષમા કરજો દેવિ! મને કંઇ કારણે એ વાત યાદજ આવી નહિ." આમ કહી રાજા શકુંતલાને પગે પડવા જતો હતો પણ પ્રેમ અને માનથી ઉભરાઈ જતે વિનયે તે બોલી કે, "આર્યપુત્ર! આપને ક્ષમા કરનાર હું કોણ? દૈવેચ્છા હશે તેમ થયું." રાજા તથા શકુંતલાને આ પ્રમાણે પ્રેમથી ગદ્ગદ થઇ જઈ વાત કરતા જોઇ કુમારે સ્વાભાવિક બાલ્યભાવથીજ શકુંતલાને પૂછ્યું કે, 'આ કોણ છે? અને મને સ્નેહ કરતાં તને કેમ આટલો બધો વિનય કરે છે?' શકુંતલાએ કહ્યું કે 'એ કોણ છે તે એમનેજ પૂછ બેટા!' દમ્પતી મળ્યાં તેનો વાત્સલ્યના છેલ્લા વાક્યમા ઉભરો આવ્યો. ધાત્રી સમજી ગઇ અને ઇન્દ્રના સારથિ માતલિએ દુષ્યંત રાજા અને શકુંતલાની બધી વાત દુર્વાસા મુનિના શાપથી રાજા શકુંતલાને કેમ ભૂલી ગયો હતો, તે તપોવનવાસી સર્વને જણાવ્યું. સર્વે પ્રસન્ન થયાં, અને પછી બહુ માન પુરઃસર શકુંતલા 'દેવી,' એવે સંબોધને બોલાવાતાં પુત્રને લઈ પતિ સાથે વિમાનમાં બેઠી અને સર્વે રાજધાની તરફ ગયાં.

પ્રકરણ ૧૦ મું.

વનસ્પતિવિદ્યા.

ચંદાગૌરી અને સુમન બેઠાં બેઠાં ચોપડીઓ વાંચતાં હતાં એટલામાં ઉત્સાહભર્યે ચ્હેરે જરાક ભભકાભેર ઠાઠમાં જમનાં ત્યાં આવી. સુમને તરતજ તેને આવકાર આપતા કહ્યું કે, 'જમનાંભાભી ! ક્યાં જઇ આવ્યાં અને કેમ ખુશાલીમાં દેખાઓ છો ?'

જમનાં-એક સ્નેહીને ત્યાં અધરણી હોઈ, જાગ વાવેલા છે તેથી ત્યાં ગઈ હતી. આપણા લોકમાં જાગ વાવ્યાથી એક પ્રસ્તુત સાત આઠ દિવસ સુધી સારૂં મંગળમય બની રહે છે. લુગડાંલત્તાં અને ઘરેણાંગાંઠાં પહેરવાનો તથા ગીતો ગાવાનો તેમાં સારો જોગ મળે છે.

ચંદા-આપણા સંસારના લ્હાવાઓની રમણીય લહરીઓ એવાં એવાં પ્રસ્તુતોમાં ઉછળી રહે છે.

સુમન-પણ ભાભી ! ગોર્યોમાં અને જાગમાં બીજા દેવતાઓને બદલે જુવારા વાવવાનું કોણે શોધી કાઢ્યું હશે ?

જમનાં-એ અન્નદેવ છે માટે.

ચંદા-બરોબર. અન્નથીજ પ્રાણીમાત્રનો નિર્વાહ ચાલે છે, એટલે અન્નને દેવતા રૂપ માની તેને વાવવાનું, ઉછેરવાનું અને પૂજવાનું-સંભાળ લેવાનું વગેરે બીજ રૂપ ખેતીનું જ્ઞાન આપવાનું એ એક ઘરગતું શિક્ષણ છે. માટી, ખાતર, પાણીનું સંચન અને સંભાળ તે, તથા ખેતર હોય તો તેમાં પણ ખેડ

કરવી ખાતર નાંખવું અને સંભાળ લેવી તે, ખેતીનાં મુખ્ય કર્તવ્યો છે. ઘરમાં ઉછરતાં બાળકોના મન ઉપર તે દઢ કરવાને માટે એ જાતના માંગલિક પ્રસંગો પૂર્વના આપણા લોકોએ સંસારમાં યોજેલા છે.

સુમન–હાસ્તો. ગોર્યોમાં અમે ગાઇએ છીએનેજ કે–

“ તાપીને તીર ખેતર ખેડ્યા રજાદે,
વાવી છે ચોળ મજીઠ રજાદે,
તેમાં રંગાવીશ ચુંદડા રજાદે. ”

જમનાં–વાહ વાહ! સુમન મહેન! વાહ! આવા સંસારના પ્રસંગોમાં પણ કંઇ કંઈ શીખવાનુ રહેલું છે.

સુમન–ભાભી! ખરે એમ હશે ?

ચંદા–હા એમજ. કોઈપણ વાત કારણ વગર હોતી નથી.

સુમન–ત્યારે શું તે કહોની ભાભી ?

ચંદા–આ પૃથ્વી ઉપર પ્રાણીઓ અને વનસ્પતિ એવી બે સૃષ્ટિઓ છે. પ્રાણીમાં જીવજંતુ પશુપંખી માણસ વગેરે, અને વનસ્પતિમાં લીલ લિલોતરી વેલા ઘાસ અનાજ છોડ અને ઝાડ વગેરેનો સમાવેશ થાય છે. પ્રાણીઓની સૃષ્ટિનો નિર્વાહ વનસ્પતિની સૃષ્ટિ ઉપર ચાલે છે. પ્રાણીઓમાં શ્રેષ્ઠ એવાં આપણે–માણસોએ વનસ્પતિની સૃષ્ટિને જેમ વધારાય અને સચવાય તેમ શીખવું જોઈએ. પ્રાણીઓનો મોટામાં મોટો ખોરાક વનસ્પતિ છે, માટે તેનું જ્ઞાન આપણને અવશ્ય હોવું જોઇએ. અજ્ઞાનમાં અજ્ઞાન સ્થિતિએ પણ માણસો એ સંબંધી કંઇક જાણતાં હતાં. આપણે જે આર્ય કહેવાઇએ છીએ તે શું? આર્ય એટલે ખેડુત, અને સારો ખેડુત તે કુટુંબી, કે જેને

વનસ્પતિ ઉછેરવાનું અને કેળવવાનું સારામાં સારૂં જ્ઞાન હોય. જેની ઉપર નિર્વાહ હોય તેનું જ્ઞાન સૌથી વધારે અગત્યનું કહેવાય, માટે તેનાં બીજ ઘરમાંથી રોપાયલાં આપણે નાનપણથી જોઈએ છીએ.

"ચંદાભાભીજીએ પણ ખરેખરો મેળ મેળવી દીધો." એમ હસીને બોલતાં જમનાંએ પ્રશ્ન કર્યો કે, 'પણ એનું શું શિક્ષણ હશે? વનસ્પતિમાં તમે પાંચ સાત જાત જણાવી તેમાં ખેડુતો બિચારા શું જાણે છે અને કયારે ખેતીનું ભણવા જાય છે?'

ચંદા—પરંપરાથી જે ચાલ્યું આવે તે વગર શીખે તેઓ કરે પરંતુ શિક્ષણ નથી લેતા તેથીજ આપણા ખેડુતો હમણાં પડતી સ્થિતિમાં આવી ગયા છે. વળી શિક્ષણ નથી અપાતું એમ ન ધારતાં. કેટલીક શાળાઓમાં તે શિખવાય છે અને પુનામાં તેનું જોઇએ તેટલું જ્ઞાન આપવાને એક પાઠશાળા સુદ્ધાં છે. આપણી વાચનમાળામાં વનસ્પતિ સબંધી જે જુદા જુદા પાઠો મૂકેલા છે, તે પણ એનું જ્ઞાન આપવાને માટે છે. વનસ્પતિ ઉપર તો કેટકેટલાં અને કેવાં કેવાં સારાં પુસ્તકો લખાયલાં છે. તમે શું જાણો છો જમનાંબહેન! વનસ્પતિનેયે ઇન્દ્રિયો ને લાગણીઓ છે.

સુમન—આપણી માફક?

ચંદા—હા, આપણા લોહીની માફક તેમાં રસ ફરે છે, આપણી માફક તે શ્વાસ લે છે ને તેનાં પાન અજવાળા તરફ રહી જુએ છે ને ઝીલે છે.

જમનાં—એવું કોણે જોયું હશે?

ચંદ્રા—વિદ્વાનોએ અખતરા કરી કરીને એ બધું શોધી કાઢેલું છે. નીચેથીજ અજવાળું આવે એવી માળ ઉપરની અંધારી ઓરડીમાં છોડવાનાં કુંડાં રાખ્યાં ત્યારે તેનાં પાનની સુંવાળી બાજુ, જે હમેશ ઉપર રહેતી તે નીચેથી આવતું અજવાળું જોવાને ઉલટાઇ ગઇ. બંગાળના એક મહાન શોધક સર બોઝે વનસ્પતિને પણ ઇન્દ્રિયજ્ઞાન છે, લાગણીઓ થાય છે ને ઝેર ચઢે છે, વગેરે બારીક યંત્રો બનાવી અખતરાઓ કરી બતાવ્યું છે. દુનિયાના વિદ્વાનો અત્યારે સર બોઝને તેમની શોધો માટે ધન્યવાદ આપે છે. વનસ્પતિમાં પણ નરમાદાની સૃષ્ટિ છે અને આપણા લોક તે અસલથી જાણે છે.

જમનાં—ખરેખર ?

ચંદ્રા—ખરેખર એમ છે, અને તેથી કરીનેજ ફળોત્પત્તિ થાય છે. એક બીજી વનસ્પતિને એક કરી તેની નવી નવી જાતો ઉત્પન્ન કરવામાં આવે છે. વિવિધ જાતનાં ફૂલપાન એ પ્રમાણે યુરોપિયન માળીઓ ઉછેરે છે.

જમનાં—જગતમાં તો બહુ જાતની વનસ્પતિ હશે ?

ચંદ્રા—હા. અનેક જાતનાં હવાપાણી અને જમીન પ્રમાણે દેશદેશમાં જુદી જુદી જાતનાં ઝાડ પાન થાય છે.

સુમન—જમનાંભાભી ! સાહેબ લોકના દેશમાં આંબા નથી થતા. કેરીઓ આપણે અહિંથી જાય છે.

જમનાં—પણ ત્યાં જતાં બગડી ન જાય ?

ચંદ્રા—નહિ. ઠંડકમાં રાખીને લઇ જાય એટલે બગડે નહિ. આંબાજ નહિ પણ બીજાં ઘણાંએ આપણા દેશનાં ઝાડ છોડવા ઘાસ અને અનાજ વિલાયતમાં થતાં નથી અને એમના

દેશનાં આપણા દેશમાં થતાં નથી. દેશદેશમાં જુદી જુદી વનસ્પતિની ઉપજો થાય છે અને જયાં તે ન મળતી હોય ત્યાં વેચાવા જાય છે.

સુમન—એવું તો આપણે કયાં નથી જાણતાં કે, તેજાનો ગરમ દેશોમાંથી, સુકો મેવો ઈરાન અને અફ્ગાનિસ્તાન તરફથી, કેસર કાશ્મીરથી, અને ઇલાયચી સોપારી ને નાળિયેર વગેરે આપણા દેશના દક્ષિણ ભાગમાંથી અહિં આવે છે. ઓહો ! વનસ્પતિનીએ કેટકેટલી પેદાશો છે.

જમનાં—એવડી બધી શી ? વનસ્પતિ ન હોય તો ન ચાલે ?

ચંદા—ઘેલાં થયાં. વનસ્પતિ વગર કેમ ચાલે ? હજી તમને વનસ્પતિની પેદાશો અને ઉપયોગનો વિચાર આવ્યો હોય એમ લાગતું નથી, જુઓ—આપણું ગુજરાનનું અને ઉપયોગનું હોય તેવું તમને સમજાવું. ઝાડ એટલે દસ હાથથી માંડીને તેથી ઘણુ વધારે ઉંચાં હોય એવાં વૃક્ષો. જેમકે, આંબા આંબલી મહુડા આસોપાલવ વડ પિંપળ પિંપળા કોઠી રાયણ બાવળ બોરડી જાંબુડા વગેરે વગેરે. આવાં જે ઝાડ, તેનાં ફળો સુકાં કે લીલાં ખાવામાં, ફૂલ રસ ગુંદર અને છાલ સુકાં કે લીલાં દવામાં અને લાકડાં ઇમારતના કે બાળવાના કામમાં આવે છે. દસ હાથની નીચેનાં નાના ઝાડ જેને ઝાડવાં કહીએ તેમાં સીતાફળી જામફળી દાડમડી કેળ લિંબુડી નારંગી અંજીરી વગેરેનો સમાવેશ થાય છે, અને તેનાં લીલાં સુકાં ફળ અને લાકડાં જુદા જુદા કામમાં આવે છે. કેળ જેવાંના રેસામાંથી હમણાં કપડાં વણવાનું શોધી કાઢવામાં આવ્યું છે.

નાના છોડ વેલા અને ઘાસ જેમાં ફૂલઝાડ લતાઓ અને અનાજ વગેરેનો સમાવેશ થાય છે તે પશુઓ અને માણસોના ખોરાક તરીકે વપરાય છે, તથા મોટો ભાગ દવાના કામમાં આવે છે. નાની લીલોતરી પશુને ચરવામાં ને દવાના ઉપયોગમાં આવે છે. જયારે પાણીમાં થતી લીલ નેતર ને કમળ વગેરે પણ આપણને જુદી જુદી રીતે ઉપયોગી થઈ પડે છે. હવે બોલો કે વનસ્પતિ વગર આપણને ચાલે ?

જમનાં—નહિસ્તો. વનસ્પતિમાં તો બધું ઘણુંએ આવ્યું. આવાં અનેક જાતનાં ઝાડ પાન અને વનસ્પતિ કયાં હોય કે આપણે જોવા પામીએ ?

સુમન—અરે જાઓ મારા સાહેબ, એકવાર વિકટોરિયા ગાર્ડનમાં ચાલોની, હું તમને બધુંએ બતાવું.

ચંદા—મોટાં મોટાં શહેરોમાં સરકાર તરફથી એવા જાહેર બાગ બનવવામાં આવે છે. તેનો હેતુ એજ કે, તેમાં અને તેટલાં દેશ પરદેશનાં ઝાડપાન અને વનસ્પતિ લોકોને જોવા અને વનસ્પતિશાસ્ત્રના અભ્યાસીને શીખવા માટે લાવીને ઉછેરે છે. વળી એવા જાહેર બાગોમાં દેશ પરદેશનાં જંગલી પશુ પંખીઓનો પણ સંગ્રહ રાખવામાં આવે છે. અભણ જોનારને તેમાંથી ગમત મળે છે પણ જ્ઞાનની બારીક આંખે જોનારને તેમાંથી વનસ્પતિ અને પ્રાણીઓને લગતી વિદ્યા શીખવાનું મળે છે.

પ્રકરણ ૧૧ મું.

આપણો સંસાર.

'આજ કેમ એકલાં ભાભીજી ! સુમનબહેન ક્યાં ગયાં ? જમનાંએ ઘરમાં આવતાંજ ચંદ્રાગૌરીને સવાલ કર્યો.

'આવો જમનાંબહેન !' એ તો આ (એમના ભાઈની જોડે બહાર ગયાં છે. રાતે આવવાનાં છે. જુઓને એમના વગર બધું કેવું સુનું સુનું લાગે છે. મને ક્યારનુંએ જાણે કંઈ ગમતું નથી.

'છોકરાંનોજ ઘરસંસાર છેને ભાભીજી ! ગમે તેવાં સુખ વૈભવ હોય પણ છોકરાંછૈયાં વગર સુનાંસ્તો.' જમનાંએ કંઈક લાગણીથી ઉત્તર આપ્યો.

'અલબત, એવુંસ્તો.' જરા રહીને ચંદ્રગૌરીએ જવાબ આપ્યો. એટલામાં જમનાં વળી વચમાંજ બોલી ઉઠી કે, 'ભાભીજી ! છોકરા માટે આપણા લોકને કંઇક વધારે વલોપાત થતો હશે ખરો વારૂ ? બીજા લોક અને સુધારાવાળાઓમાં એવું કંઇ જણાતું નથી.'

'ના, ના, એમ તો નથી. પશુ પંખીઓમાં એની અસર છે, તો મનુષ્યોમાં ન હોય ? એ તો કોઇ વધારે વલોપાત કરે, અને કોઇ મનમાંજ મુંઝાય. આપણે સ્ત્રીઓને ઘરમાં રહેવાનું એટલે આપણને સહેજ વધારે લાગે, બાકી પુરૂષોને પણ અસર તો થાય.'

'પણ આપણને એમાં એવી શા માટે અસર થાય, કે સંસાર અસાર લાગે? અહો! એ માયા કંઇ સમજીજ શકાતી નથી.' જમનાંએ વિસ્મય દેખાડી સવાલ કર્યો.

'સંતાનને માટે સ્ત્રીઓ સરજાયલી છે અને સ્ત્રી પુરૂષનો સંસાર જગતના ઉપકાર અને અભિવૃદ્ધિને માટે છે સ્ત્રી પુરૂષે એ પ્રજા ઉત્પન્ન કરવીજ જોઇએ, એવો દૈવી આદેશ હોઇ આપણી જન્મથીજ ફરજ છે. જો એમ ન હોય તો સંસારની ઘટમાળ ચાલે કેમ?'

'તમે એવું કહેતાં હો તો ભલે. બાકી આપણા લોકો તો સામાન્ય રીતે કહે છે કે, પુરૂષને રોટલોટીપી આપવાને માટે બાઈડીની જરૂર! સ્ત્રીનો બીજો ઉપયોગ તો હું ધારૂં છું કે, આપણા લોક ભાગ્યેજ જાણતા હશે? બીજા દેશોમાંએ શું. મારા તો સાંભળવામાં આવેલું છે ભાભીજી! કે, પશ્ચિમ તરફના આં પુરૂષો પરણીને પોતાનું સ્વાતંત્ર્ય વેચવાનું કે સંસારના ચકરગડામાં પડવાનું પસંદજ કરતાં નથી. સારા સારા જોગ મળી આવે અને મોજશોખ ભોગવવાનાં સાધન હોય તો પરણે. નહિ તો કુંવારાજ રહે. પોતે પોતાનું પેટ ભરવું, તે હરકે પ્રકારે ભરી લે. સંસાર સંબંધી આપણા લોકના વિચારો ક્યાં અને એ લોકના વિચારો ક્યાં!'

ચંદાગૌરીએ હસીને ઉત્તર આપ્યો કે 'જમનાંબહેન! આપણા લોકનો અને એ લોકનો આ વિચાર ભુલ ભરેલો છે. સ્ત્રીપુરૂષનું જોડું એજ મનુષ્ય. એકલી સ્ત્રી કે એકલો પુરૂષ, એ આખું મનુષ્ય નહિ પણ અર્ધું મનુષ્ય કહેવાય. આપણા શાસ્ત્રકારોએ સ્ત્રીપુરૂષના જોડાનેજ આખો પુરૂષ માનેલો છે.

અને કહ્યું છે કે-यावन्न विन्दते जायां तावदर्धोभवत्पुमान् ધર્મકાર્યોમાં બધે સસ્ત્રીક પુરૂષની યોજના કરેલી છે. સ્ત્રી અને પુરૂષના જોડામાં સામાન્ય લોક માને છે તેમ કોઈ કોઈથી ચઢિયાતું કે કોઈ કોઈથી ઉતરતું નથી, બેઉ સમાન છે; અને સંસારમાં બેઉ સમાન રીતે ઉપયોગી તથા સમાન હકનાં ભોક્તા છે.'

'આ તો સ્ત્રી પુરૂષના પેલા સમાન હકવાળા ઝઘડાનું પાનું નીકળ્યું ભાભીજી! સ્ત્રી અને પુરૂષ બેઉ સમાન હોય તો પછી કોણ કોનું તાબેદાર રહે? અને જ્યારે તમા । જેવાં સુજ્ઞ અમને સમાન હકનો આવો ઉપદેશ આપે, ત્યારે પછી એમને રાંધી આપે કોણ, એમને પથારી પાથરી આપે કોણ અને કોણ એમના ઘરનાં દાસીની માફક કામકાજ કરે? ચાલો, મારે તો ઠીક થયું જેવા એ ખડેઘાટ તેવી હુંએ ત્યારે હવે ખડેઘાટ. હું કંઇ એમની તાબેદાર દાસીઆસી નહિ.' જમનાં આમ બોલી ખુબ હસી.

"નહિ, નહિ. તમે એમનાં તાબેદાર દાસી નહિજ. તમે બેઉ વહુવર સરખાં, સમાન હકવાળાં. પણ તમારે તમારો ધર્મ તો બજાવવો જોઇએ કે નહિ?"

'એમાં વળી ધર્મ શાનો? એમને બધી છુટ અને મને નહિ? હું વૈતરૂં કરૂં અને એ તાગડધિન્નાં કરે? ભલો તમારો ધર્મ તો ભાભીજી!' જમનાં ખુબ હસીને ફરી બોલી કે, 'ચાલો ત્યારે મને સમજાવો તો ખરાં, કે બેઉ જણ સમાન હક ભોગવે એવો એ શો ધર્મ છે? એ તો બહુ મજેનું.'

ચ દ્રાગૌરી બોલી કે, 'એજ આપણા ધર્મની ખુબી છે.

સ્ત્રી અને પુરૂષ બેઉ મળીને બનેલું ઘર કે સંસાર, જે કહો તે, કંઇ એક જણથી ચાલે એમ છે? એક ગાડીનાં બે ચાક. તેમાં કયું કહે કે, મારે લીધે ગાડી ચાલે છે? એજ પ્રમાણે સ્ત્રી અને પુરૂષ બેઉને લીધે સંસાર ચાલે છે. એમાંનુ એકે જણ એકલું તે ચલાવવાને સમર્થ નથી. આ પ્રમાણે સંસારરૂપી ગાડાને ચલાવનારાં સ્ત્રી પુરૂષરૂપી બે ચાક સમજવાં અને તેમાં જેટલી નબળાઇ તેટલું તે ગાડું રગસિયું જાણવું. સ્ત્રી બરોબર ન હોય તો ઘરની બાજુ નબળી પડી જાય અને પુરૂષ નબળો હોય તો બહારની બાજુ નબળી પડી જાય. આપણા શાસ્ત્રકારોએ અને નવી રીતે કહીએ તો કુદરતે પોતે પણ સ્ત્રી પુરૂષ બેઉનાં કાર્ય વહેંચી આપેલાં છે. ઘરસંસારના સાથે અનેક નાનાં મોટાં નાજુક અને સખત કાર્યો રહેલાં છે અને તે કરવાને કુદરતેજ તેના જાણે બે ભાગ પાડી નાંખેલા છે. નાજુક કાર્યો માટે સ્ત્રી અને સખત કાર્યો માટે પુરૂષ. શરીર બંધારણ તરફ જોતાં પણ આ વાત સમજાય તેવી છે.

સ્ત્રી નાજુક રૂપાળી માયાળુ અને લાલનપાલન કરનારી છે, જ્યારે પુરૂષ સખત બળવાળો આદેશક અને બહારથી પોષણનાં સાધન પેદા કરનારો છે. પુરૂષ રળી લાવે અને સ્ત્રી તેની વ્યવસ્થા કરે. ઘર સંસારનાં બધા કાર્યોમાં આ પ્રમાણે નાજુકતા અને જોરનું તત્ત્વ લગભગ એક સરખું છે. કુદરતે બે ભાગમાં મનુષ્યને વહેંચી નાંખેલું કે, સ્ત્રી ઘરનાં નાજુક કાર્યો કરે છે અને પુરૂષ બહારનાં જોરવાળાં કાર્યો કરે છે. જોરવાળાં કાર્યો કરવાથી પુરૂષ કંઇ મોટો ઠરતો નથી અને નાજુક કાર્યો કરવાથી સ્ત્રી કાંઇ નાની હલકી ઠરતી નથી. જેમ જોરવાળાં કા-

ર્યોની અગત્ય છે તેમ નાજુક કાર્યોની પણ સંસારમાં અગત્ય છે. આ પ્રમાણે છે તો હવે બોલો જોઇએ કે, સ્ત્રી પુરૂષમાં કોણ મોટું ને કોણ નાનું ?

જમનાં બોલી કે ' નહિસ્તો. પણ પુરૂષો આપણા ઉપર અમલ ચલાવે છે તે ? શા માટે આપણા ઉપર એમનો અમલ હોવો જોઇએ ? '

' જમના બહેન ' તમે આ શું બોલો છો ? કયારે તેઓ આપણા ઉપર અમલ ચલાવે છે ? ઝીણી દૃષ્ટિએ જૂઓ તો ખરા, કે એ આપણ ઉપર અમલ ચલાવે છે ? કે આપણે તેમની ઉપર અમલ ચલાવીએ છીએ ? એ તો પોતપોતાનાં કાર્યો કરવાને લાગતો વળગતો છે. એમાં પુરૂષો સ્ત્રીઓ ઉપર કે સ્ત્રીઓ પુરુષો ઉપર લગારે અમલ ચલાવતા નથી. આપણું કાર્ય કરવાનુ કોઈ આપણને કહે એ શું અમલ ચલાવ્યો કહેવાય ? એ તો ઉલટુ આપણે શરમાવાનું કહેવાય, કારણ કે, આપણે જ્યારે આપણી પોતાની ફરજ સમજી આપણું કામ ન કરીએ, ત્યારે આપણને કોઇ તે કરવાનું કહેને ? ખેતરમાં મહેનત કરીને બળ્યો ઝળ્યો એક ખેડુત ઘેર આવે અને સ્ત્રી કહેશે કે, ' ઘરમાં લાકડા નથી તે લઇ આવો. ' બિચારો તરત કુહાડો ખાંધે લઇ જંગલમાં જાય અને લાકડાં કાપી લાવે. આ શું સ્ત્રીઓનો પુરુષો ઉપર અમલ અને જુલમ નહિ ? સ્ત્રીઓ જે ઘરનાં બાળકનાં અને વ્યવસ્થાનાં હળવાં કામ શીળી છાયાના રક્ષણમાં ઘેર બેઠે બેઠે કરે છે અને પુરૂષોને તાપ તડકામાં બહારનાં કામ કરવાના હુકમ કરે છે, તેમ પુરૂષો બહારનાં જોરવાળાં કઠણ કામ કરી આવીને વિશ્રાંતિ માટે સુખકારક આરા-

મનાં કામની અપેક્ષા રાખે છે. ખપ્યો ઝપ્યો પુરૂષ ઘેર આવે તેને મીઠી વાણીએ પ્રસન્ન કરવો, પાણી અને ભોજન આપવાં વગેરે સ્ત્રીનું કામ છે અને તે તેણે કરવુંજ જોઇએ. મનુષ્યને પોતાને પોતાનું કર્તવ્ય કરવુ એમાં નીચું ઉચું અમલદારી કે તાબેદારી છેજ નહી. સ્ત્રીઓએ સ્ત્રીઓનાં કર્તવ્ય સંભાળીને વર્તવુ, અને પુરૂષે પુરૂષના કર્તવ્ય સંભાળીને વર્તવું એ તેમના ધર્મજ છે એમા કોઇ કોઈની ઉપર અમલ કે હુકમ કરતું નથી, પણ તે તે કર્તવ્યજ તેમને ફરજ પાડે છે. જમનાં-બહેન ! તમે એમના દાસી નહિ પણ તમારાં કર્તવ્યનાં દાસી ખરાં કે નહિ ? એ એમના કર્તવ્યના દાસ અને તમે તમારાં કર્તવ્યનાં દાસી સમજ્યા. એ એમનું કર્તવ્ય ન કરે તો જેમ તમે ઠપકો દો તેમ તમારૂં કર્તવ્ય તમે ન કરો તો તે ઠપકો દે. તમે એમની પાસે એમનું કામ કરાવો અને એ તમારી પાસે તમારૂં કામ કરાવે એમાં તમે એમના ઉપર કે એ તમારા ઉપર અમલ કરે છે, એમ સમજવુ એજ ખોટું છે. આ જાતની ખોટી સમજ અથવા અજ્ઞાન એજ આ સંસાર રૂપી ગાડાને ઠોકરો ખવરાવનારૂં છે. આવી ખોટી સમજણો દૂર થાય અને દરેક માણસ પોતપોતાનાં કર્તવ્ય સારી રીતે સમજે, એ કેળવણી આપવાનો મુખ્ય હેતુ છે. સ્ત્રી પોતાનાં કર્તવ્યો અને પુરૂષ તેનાં કર્તવ્યો બરોબર સમજીને કરે તો સંસારનું ગાડું વગર ઠોકર ખાધે સડસડાટ ચાલ્યું જાય. સંસાર અથવા જેને ગૃહસ્થાશ્રમ કહેલો છે તે મનમાનતી રીતે ચાલી મનુષ્યને મનુષ્ય તરીકે જે કરવાનું છે તે કરાવરાવી તથા મેળવાવરાવી ખરેખરી સુખશાંતિ આપે. સ્ત્રી પુરૂષનાં કર્તવ્યો અને સંસારના

સુવહન માટેના માર્ગો વિદ્વાનોએ નક્કી કરેલા છે. એને અનુસરવાથી સ્ત્રીપુરૂષ સંસારને સ્વર્ગ બનાવી શકે છે.

જમનાન્ત્યારે આપણે સ્ત્રીઓએ આપણાં કર્તવ્યો બરોબર સમજવાં જોઈએ. એને માટે શું શીખવું ? વાંચવા લખવામાં એ ક્યાં છે ?

સ્ત્રીઓના ધર્મ સંબંધી આપણાં શાસ્ત્રોમાં મહાભારતમાં અને પુરાણોમાં ઘણું એ લખેલું છે. વળી આપણા સંસારની એવી રીતે રચના કરેલી છે કે, જેમાંથી એની મેળેજ સ્ત્રી ધર્મનું શિક્ષણ પરંપરા મળ્યા કરે. જેમ જેમ અજ્ઞાન વધતું ગયું તેમ તેમ એ શિક્ષણશ્રેણિઓમાં ગોટાળો થતો ગયો અને દેશકાળના બદલાવા સાથે તેમાં કરવા જેવા ફેરફાર કરવામાં આવ્યા નહિ તેથી મનસ્વી ફેરફારો થઇ ગયા. અજ્ઞાનજન્ય કેટલાક ખોટા રિવાજો અને વહેમો દાખલ થઇ ગયા. આવાં અજ્ઞાન અને વહેમોનો નાશ થાય અને દેશકાળના સામું જોઇ તથા પ્રાચીન આર્ય સાહિત્યમાં જણાતું સ્ત્રીધર્મનું શિક્ષણ પાયા તરીકે લઇ સ્ત્રીધર્મની મીમાંસા કરવામાં આવે અને તે પ્રમાણે શિક્ષણ અપાય તો, હમણાં આપણાં ઘર પૂર્વની સમૃદ્ધિ, સંસાર અને આનંદથી ભરપુર નઈ જાય. આમ થવા પ્રથમ તો લખવા વાંચવાનું વગેરે પ્રાથમિક શિક્ષણ આપવાની જરૂર છે. સ્ત્રીઓને લખતાં વાંચતાં વિચાર કરતાં અને પોતાના કર્તવ્યોનું જ્ઞાન થતાં થતાં એની મેળે કર્તવ્યબુદ્ધિ ઉત્પન્ન થશે એવો વિચાર પહેલા ભણતરમાં રખાય છે. તમે એટલું તો જુઓ છોને કે, અભણ સ્ત્રીઓ કરતાં સ્ત્રીધર્મથી અજ્ઞાત હોવા છતાં ભણેલીઓનો સંસાર કંઈક

સારો ચાલે છે ?

'હાસ્તો.' જમનાંએ જવાબ દીધો. 'પણ ભાભીજી! મને આ સંબંધી કંઇક જાણવાની બહુ ઇચ્છા છે અને તે કહો તો સારૂં. બીજા બધા કરતાં આપણે આપણને યોગ્ય જે કંઈ હોય તે વધારે જાણવું જોઇએ.'

'જમનાંબહેન! મનુષ્ય- વાસ્તે જો ખરૂં પુછાવો તો બધુંએ જાણવા જેવું અને ભણવા જેવું છે જ્ઞાન તેની પ્રત્યેક શાખામાં કંઈ નહિ ને કંઇ પણ શીખવે છે. મનુષ્યના જીવનને ઉન્નતાવસ્થાએ પહોંચાડે છે. અલબત સામાન્ય લેખન વાચન અને વ્યાવહારિક ભણતર ભણ્યા પછી બીજા વિષયો કરતાં આપણે માટે સ્ત્રીધર્મનો વિષય વધારે ઉપયોગી છે અને તેથી મેં આજ આનો ઉપક્રમ કર્યો છે. હું કંઈ મોટી પંડિતા નથી પણ આમાં જે કંઇ સમજું છું તે તમને કહેવાનો અને સમજાવવાનો મારો હેતુ છે.આથી તો મને વિશેષ લાભ અને આનંદ થશે. જેમ કેટલીક બાબતો માત્ર શ્રદ્ધા રાખીને તેના કારણની પડપૂછ કર્યા વગર જાણવાના હોય છે, તેમ ઘણીક બાબતો કંઇક યોગ્યતા આવ્યા પછી કારણ પુરઃસર જાણી હોય, તોજ સારો બોધ કરી શકે છે. પ્રારંભમાં વગર કારણ દશીવેલે માર્ગે જવું અને યોગ્યતા તથા વય થયા પછી કારણો જોઇને વર્તવું, એ સારૂં છે. હુગ્ર વિચારોને આ પ્રમાણે અવકાશ આપવો જોઈએ. મારો એવો વિચાર છે કે, મેં જે કંઇ વાંચ્યું છે અને જાણ્યું છે તેનો તમારી આગળ ખુલ્લા દિલથી વિચાર કરવો. આપણે સમાન છીએ સ્નેહી છીએ અને તમે જિજ્ઞાસુ તથા હું કહેવાને પ્રીતિવાળી છું એટલે ઠીક પડશે.

તમે પણ વચ્ચે વચ્ચે તમારા વિચાર આપતાં અને નવા નવા સવાલો કાઢતાં જજો.'

જમનાં હોંશથી બોલી કે, હા હા ચાલો, એજ પ્રમાણે આપણે વિચાર કરીએ અને તમે બધું કહો.

પ્રકરણ ૧૨ મું.

સંસારની રચના.

આ જગતનાં બધાં પ્રાણીઓમાં સ્ત્રી અને પુરૂષ—નર અને માદા છે. તેમના ભેગા વ્યવહારથી તેમનો સંસાર વ્યવહાર ચાલે છે. તેમાં એક મજબુત અને એક નાજુક એવી યોજના છે. એમાં મજબુતની કે નાજુકની કોઇની શ્રેષ્ઠતા નથી, અને કોઇ કોઇનું તાબેદાર નથી. બેઉ એકમેકને આધારે સંસાર ચલાવવા રૂપી કર્તવ્ય કરવાને બંધાયલાં છે. જુઓ, કુહાડીનો હાથલો લઈ આપણે તેને તપાસીએ. ' કાપવું ' એ કુહાડીનું કામ, લોખંડનું ફળું મજબુત અને તીવ્ર હોય છે ત્યારે હાથો લાકડાનો હોઈ લોખંડ કરતાં નાજુક અને નરમ છે. આ પ્રમાણે પ્રાણીઓના જોડામાં પણ નર મજબુત અને માદા નરમ છે. કુહાડીનું કાર્ય જે ' કાપવું ' તે નથી એકલા લોખંડના ફળાથી બનતું કે નથી એકલા હાથાથી બનતું. કાપવા રૂપી કાર્યને માટે ફળું કે હાથો એકકેએ ' મારાથી કપાય છે ' એવું અભિમાન કરવાનું નથી. બેઉની યોગ્યતા અને જરૂર સમાન છે, તેમ કાપવારૂપી કાર્ય કરવા બેઉના મેળાપની પણ જરૂર છે. આ પ્રમાણે નર માદા અથવા સ્ત્રી પુરૂષના મેળાપમાં પણ બેઉની યોગ્યતા અને જરૂર સમાન છે અને બેઉ એક બીજાના આશ્રય વગર સંસારનું વહન કરવાને સમર્થ નથી. બેઉના સંમેલનની પણ અગત્ય છે. કાર્ય કરવાની બેઉની ફરજ અને બેઉનાં સમાન ઈચ્છા છે, તો બેઉએ પોતપોતાનાં કાર્યો વહેંચી લઈ એક

રૂપ બનીને કાર્ય કરવું જોઇએ.

જમનાં—એ તો ખરુંસ્તો. મનુષ્યો સંપસંપીને કાર્યો કરે તો સૌ થાય, પણ તેમ થવું જોઇએને. વાત તો કાન પકડીએ તેવી છે.

ચંદ્રાગૌરી—એક બીજામાં સારી સમજ અને કર્તવ્યબુદ્ધિ હોય તો તરત સંપ થાય. મનુષ્યોને એ બાબતનું જ્ઞાન આપવાની કંઇ ખાસ કેળવણી નથી; પરંતુ સ્ત્રી અને પુરૂષોએ સંસારમાં સંપસંપીને રહેવા તથા વ્યવહાર કરવા માટે સારી સમજ અને કર્તવ્યબુદ્ધિ વાપરવાની જરૂર છે. તે માટે લોકમાં સામાન્ય કેળવણીનો પ્રચાર થવાની અગત્ય છે. કેળવણીથી મનુષ્યમાં જોઇએ તેવી યોગ્યતા આવે છે. આવા ઉદ્દેશને લીધેજ કન્યાશાળાઓ કાઢવામાં આવી છે અને કન્યાશાળાની સ્ત્રીકેળવણી માટે, જો કે તે બરોબર નથી, એવી તેવી ફરિયાદો કરવામાં આવે છે તોપણ છેલ્લાં પચ્ચીસ વર્ષમાં તેણે કેટલીએ સ્ત્રીઓને કેળવી સંસારને ઘણે દરજ્જે સુખી બનાવ્યો છે.

જમનાં—હાસ્તો. ભણવા ગણવાથી આગળના કરતાં હાલની સ્ત્રીઓ કંઈક વધારે સમજુ થયેલી દેખાય છે.

ચંદ્રાગૌરી—તેથી કેળવણીને આપણે મુખ્ય સ્થાન આપવું જોઈએ. તમને ખબર છે કે, આગળ એક ઠેકાણે હું કહી ગઇ છું તેમ, ભણવું ગણવું એનું નામજ કંઈ કેળવણી નહિ પણ તેમાં ઘણી વાતનો સમાવેશ થાય છે. વારૂ, હવે આપણે ચાલુ વાત ઉપર આવીએ. સ્ત્રીપુરૂષોએ જોડાઇને સંસાર ચલાવવાનો હોવાથી તેમણે તેવી યોગ્યતા મેળવવી જોઇએ અને તે માટેનું

શિક્ષણ નાનપણથીજ બેઉ જાતિનાં બાળકોને મળવું જોઇએ. બાળક જ્યાં સુધી નાનું હોય ત્યાં સુધી માબાપોએ તેને કેળવણી આપવાનું લક્ષ રાખવું અને સમજુ થયા પછી તેણે પોતે નિરંતર કેળવણી લેતા રહેવું. ભણવાનું અથવા જેને આપણે કેળવણી કહીએ છીએ તે અમુક ઉમ્મરે પુરી થાય છે એમ સમજવું નહિ. જન્મથી મરણ પર્યંત કંઈ ને કંઈ કેળવણી લેવાનું તો ચાલુજ રહે છે.

એક બાળકનો જન્મ થતાંજ, તેની કેળવણીનો આરંભ થાય છે, અને માબાપે તે માટે લક્ષ રાખવું જોઇએ. બાળક છોકરી હોય તો તે સૌમ્ય સ્વભાવની હસમુખી મજેની રૂપાળી તથા તંદુરસ્ત થાય, એ ધ્યાનમાં રાખવાનું છે. આપણે આગળ જણાવી ગયાં છીએ તેમ, સ્ત્રીજાતિ સૌંદર્યનો અને નાજુકતાનો સાગર છે માટે તેના હરેક ગુણ રૂપ વર્તન હિલચાલ અને ટુંકામાં સૌ એવાં હોવાં જોઇએ કે, જે મનુષ્યને જોતાંજ તેના ઉપર ભાવ ને પ્રીતિ ઉપજાવે. આ પ્રમાણે મનોહરતા અને પ્રસન્નતાનું ધામ એવી કન્યાઓનો જન્મ થતાંને વાર તેમનાં અંગોને સુઘટિત કરવાં જોઈએ. બાળક જન્મતી વખતેજ કેટલીક ખોડનો ભોગ થઈ પડે છે અને અજ્ઞાન દાઈઓ તે તરફ બિલકુલ લક્ષ નહિ આપતાં સૌંદર્યનું સ્થાન એવી એક કન્યા હંમેશની ખોડવાળી રહી જાય છે. કન્યાની માતાના અજ્ઞાનને લીધે ઉછરતાં ઉછરતાં પણ કેટલાક અવગુણોનું તેને ધામ બનાવી દેવામાં આવે છે. જમનાંબહેન ! વિદ્વાનો કહે છે કે, નાનું બાળક અઢાર મહીનાનું થાય એટલામાં જેટલું અનુકરણ કરી કરીને શીખે છે તેટલું તેના જન્મારામાં કદી

પણ શીખતું નથી. બાળક અનુકરણ કરવામાં કુદરતી રીતેજ સૌથી વધારે ચપળતા ધરાવે છે. એ સમયમાં તેની માતાએ બરોબર લક્ષ રાખવું જોઇએ. કુદરત નિયમિત છે એ તો તમે કબુલ કરશોજ. જ્યારે કુદરત નિયમિત છે ત્યારે કુદરતનું બાળક શા માટે અનિયમિત હોય ? વાસાથી માંડીને બાળક હંમેશ કુદરતને અનુસરતું રહે છે, પણ જ્યારે આપણે તેની સગવડો સમજી શકતાં નથી અને નિયમનો ભંગ કરીએ છીએ ત્યારે, તે પણ અનિયમિત થઈ જાય છે. ધવરાવવાનો દાખલો લો. જો અમુક વખતેજ બાળકને ધવરાવવાનો નિયમ રાખ્યો હોય તો, તે કદી પણ ધાવવા માટે કવખતે આડું થશે નહિ તેમ રડશે પણ નહિ. તેની તંદુરસ્તી હંમેશ સારી રહેશે. એજ પ્રમાણે ઉંઘવાની અને બીજી ટેવો જેમ કુદરતી જણાય તેમ આપણે પાળતાં રહીએ તો બાળક જોઇએ તેવું સુંદર સોજવાળું અને મજેનું થાય. છેક નાની વયથીજ સ્વભાવનું બંધારણ બંધાય છે માટે તેજ વખતે માબાપોએ વધારે સારી સંભાળ રાખવાની છે. નાના બાળકના સ્વભાવનું એક સ્વરૂપ બંધાયું એટલે પછી ગમે તેટલી કેળવણી પણ તેને સુધારી શકતી નથી અને તેથીજ આપણા લોકોમાં પેલી કહેવત કહેવાય છે કે:—

બાર ગાઉએ બોલી બદલે, તરૂવર બદલે શાખા;
જાતે દહાડે કેશ બદલે, પણ લક્ષણ ન બદલે લાખા.

સ્વભાવ કદીએ બદલાતો નથી, માત્ર છુપાવી શકાય છે. નાના બાળકને નિયમસર ધવરાવવું, નવરાવવું, ઉંઘાડવું ખુલી હવામાં રમાડવું અને તેની તબિયતને અનુસરીને ચલાવવું

જોઈએ. આ પ્રમાણે બે ત્રણ વરસ સુધી ઉછેરવામાં આવે તો તે સ્વભાવથીજ એવું થઈ જાય કે, વારંવાર ખાવું તેને ગમે નહિ, અસ્વચ્છ રહેવાનું ગોઠે નહિ અને નિયમસર બધી ક્રિયાઓ કરવાનું કહેતું થાય. જમનાંબહેન ! તમને સારા અને સુધરેલા લોકનાં બાળક જોઈ આપણાં કંકાસયાં અને ગંદાં બાળકો કદી યાદ આવે છે ? અને આવે છે તો તેનું શું કારણ ? તમારા મનમાં કદી એવો વિચાર આવ્યો છે ?

'કેમ નહિ. સાહેબ લોકનાં અને સારા લોકનાં બાળકો રડતાં નથી, સ્વચ્છ રહે છે અને મજેનાં લાગે છે; જ્યારે આપણાં બાળકો રોતડાં, કંકાસિયાં, મેલાંઘેલાં અને જોતાં પણ ગમે નહિ તેવાં રાંક્રાં-કાંગલા જેવાં રહે છે. આનું કારણ મને સમજાયલું નહિ; માત્ર લોકો કહે છે તેમ એટલું જાણુંએ કે 'ભાગ્યશાળીનાં છોકરાં સારાં હોય.'

ચંદા—જુઓ, એ ઠેકાણે આપણા લોકોએ કારણ શોધવાનો શ્રમ લીધો નહિ, અને ભાગ્યશાળીપણા ઉપરજ બધું નાંખી દીધું. કેવું વિચિત્ર ! એક નાનું બાળક કે જે ભાગ્યશાળીપણામાં કે અભાગીયાપણામાં કંઈજ સમજતુ નથી તેને બિચારાને એ વાત શા માટે લાગુ પાડવી ? આ ણું પોતાનીજ એ ભૂલ છે. લક્ષાધિપતિનું છોકરૂં જેવું સોજવાળું ન હોય તેથી વધારે—લાખો ગણું સારૂં, રૂપાળું અને ઉલ્લાસ ઉત્પન્ન કરે એવું એક ભિખારીનું બાળક પણ ઉપર જણાવ્યા પ્રમાણે તેની સંભાળ રખાય તો હોઈ શકે. મનુષ્યના મનને કયી વસ્તુ પ્રિય અને પ્રસન્નતા ઉત્પન્ન કરનાર છે તેજ આપણે સમજતાં નથી. ઘરેણું કે કપડાં અથવા ગોરાપણું કે કાળાપણું એ કંઈ

ઉમળકાનાં કારણ નથી. હસમુખો સ્વભાવ, સ્વચ્છતા અ
સોજનીજ તેમાં જરૂર છે. એક ગૃહસ્થનું બાળક હોય, ગો
હોય, કિમતી ઘરેણાં અને કપડાં પહેરાવેલું હોય પણ કણક
કરતું હોય, મેલું અને કાંગલું હોય, ઘરેણાં અને કપડાં કિ
મતી છતાં મેલાંઘાણ જેવાં ગંધાતાં હોય અને બાળકનું શર
હાડપિંજર જેવું હોય તો, તેને બોલાવવું પણ ગમે નહિ
અને એક ગરીબ માણસનું બાળક હોય, શરીરે શ્યામ હો
અને કિમતી ઘરેણાં કંઈ પહેરેલાં ન હોય પણ મધુરી આં
જોતું, હસતું, સ્વચ્છ કપડાંવાળું અને શરીરે ગભરૂં જે
હોય, તો તે સૌને ગમે.

જમનાં પ્રસન્ન થઇને બોલી કે ' ભાભીજી ! તમે
એવી વાત કરો છો કે નિરૂત્તરજ થઈ જવાય. એમાં શું પૂછ
મેલું ઘેલું રોતડું ને દુર્બળ બાળક પછી તે કદી મોટા રાજ
હોય અને હીરામોતીએ મઢી લીધેલું હોય તોપણ કાઇને ગ
નહિ, અને ગભરૂં જેવું રૂપાળું સુંદર સ્વચ્છ અને હ
બાળક હોય તે પછી ગરીબનું હોય કે તવંગરનું પણ સહુ
વહાલ ઉપજાવે એમાં શું પૂછવું ? મને તો શું પણ ગમે
પણ તેજ બાળક લઇને રમાડવું ગમે. ઘરેણાં પહેરાવે
પછી સ્વચ્છતા ન રાખે એટલે બળકોનાં બિચારાનાં હાથ
ને પગનાં કાંડાં ધાતુના કાટથી કાળાં શાહી જેવા થઈ જ
તેમને ખસ અને લુખસ થાય તથા ગળામાં ઘરેણાં ઘાલવ
પસીનાનો મેલ થઇ થઇને ફૂલો થાય. બાળક બિચારૂં
આખો દહાડો ને રાત ટેંટેં કર્યા કરે એવું તે કોઇને ગ
અને તે સારૂં એ શું થાય ?

ના, નહિજ.

બાળકને એવી રીતે ઉછેરવાં જોઇએ કે જેથી તેઓ સ્વચ્છ તંદુરસ્ત અને હસમુખા સ્વભાવનાં તથા શત્રુને પણ વહાલ ઉત્પન્ન કરે એવા સોજવાળાં થાય. તમારી દેખરેખ નીચે આ સુમનબહેન ઉછરે છે તે ખરેખર તેવાંજ છે, એમજ છોકરાં ઉછરવાં જોઈએ. માળામાં ઘણીએ છોકરીઓ છે પણ સુમનબાની તોલે કોઈ ન આવે. જે ને તે તેમને વહાલ કરે છે અને એ પણ રડયાં, તમારી કેળવણીથી એવાં મજેનાં થયાં છે કે જેને તેને વહાલપ ભર્યે વચને એવા વિવેક અને વિનયથી બોલાવે છે કે, કાં માળાના પુરૂષ કે કાં સ્ત્રીઓ કાં નાનાં કે કાં મોટાં, સૌ સુમનબાને જોઇને ખુશખુશ થઈ જાય છે. જે ને તે પોતાનાં બાળકોને તેમના જેવાં થવાનું કહે છે. તમેજ ખરેખર કેળવણીનું સાર્થક કર્યું છે.નણંદને આવાં સોજીલાં ઉછેરવાની કાળજી રાખો છો તો ઇશ્વર કરશે ને કાલે તમને બાળક થશે તો તે વળી કેવુંએ સારૂં ને સોજવાળું થશે ? ખરેખર તમારાથી તો મને કંઈ અપૂર્વ નવુંજ જાણવાનું મળે છે, અને કોઇ અપૂર્વ આનંદ થાય છે જમનાં આમ બોલતાં ચંદાગોરીના બોધથી પ્રસન્ન અને વિસ્મયમાં તરતી દેખાઈ.

ચંદા—જુઓ! હજી તમે કેવી ભૂલ કરો છો ? સ્વભાવ આમજ જણાઇ આવે ?

જમનાં—તે શું ?

ચંદા—તમને સ્વાભાવિક રીતેજ એવો વિચાર આવ્યો કે હું નણંદને ઉછેરૂં છું તેના કરતાં—

જમનાં—હાસ્તો, નણંદના કરતાં તમારા પોતાના બાળકને વધારે કાળજીથી ઉછેરો એ તો સ્વાભાવિકજ.

ચંદા—જમનાંબહેન ? તમે મને એક તરફથી વખાણો છો અને બીજી તરફથી નિંદો છો. નણંદમાં ને એમાં ફેર રહે ત્યારે તો હું કંઇજ કામની નહિ.

જે કુટુંબ સાથે આપણે જન્મારાનાં જોડાયાં તેમાં ભેદાભેદ રાખીએ તો તો આપણે ભણ્યાંએ સરખાં ને ન ભણ્યાંએ સરખાં. મને એવો ભેદ નથી. મારી બહેનો, મારા ભાઇઓ મારાં માબાપ અને મારી નણંદો મારા દિયેરો ને મારાં સાસુ સસરા મને સમાન પ્રિય છે. હું એમનામાં ભિન્નભાવ રાખતી નથી અને તેથી સુખી છું.

જમનાં શરમાઇને બોલી કે, 'એવું હોવું જોઇએ હો ભાભીજી ! એવું હોય તો સંસારમાં મજેનું સુખ ભોગવાય. એવો સંપીલો અને સમાન પ્રીતિવાળો સંસાર તો સ્વર્ગ જેવો કહેવાય ! ખરેખર તમારા ઘરમાં હું એવું જોઉં છું. ઘણાં કુટુંબોમાં એવું હોય છે કે, વહુ ગમે તેટલી નરમ થાય પણ રાત દહાડો તેની છેડતી શોધાય. એવામાં સુખ કયાં મળે ?'

ચંદા—એમ કેમ થાય ? સામાનો દોષ ન જોવો પણ આપણોજ દોષ છે, એમ ગણી આપણે વધારે અને વધારે અનુકૂળ થતાં જઇએ તો સામું માણસ ગમે તેવું હોય તોપણ નરમ પડી જાય. આપણે એવાં વિનયી નરમ અને સોજવાળાં થવું કે સામું માણસ આપણનેજ દેખે. આવાં થવાને માટે બહુ ધીરજ, સમજણ અને સારી કેળવણીની જરૂર છે. હશે, હવે આપણે પાછાં મૂળ વાત ઉપર આવીએ.

જમનાં—હા હા ચલાવો. આપણા શાસ્ત્રકારોએ શું કહેલું છે અને કેવી રીતે જીવનના ભાગ પાડેલા છે તે કહો ?

પ્રકરણ ૧૧ મું.

ગૃહસ્થાશ્રમ.

આપણા શાસ્ત્રકારોએ માણસનો સો વરસનો આવરદા ગણી તેના ચાર ભાગ પાડયા છે. ૧ બ્રહ્મચર્ય, ૨ ગૃહસ્થાશ્રમ, ૩ વાનપ્રસ્થ, અને ૪ સંન્યસ્ત. પહેલાં પચ્ચીસ વરસ બ્રહ્મચર્ય પાળી ગુરૂને ઘેર રહી પુરૂષે વિદ્યાભ્યાસ કરવો. પછી ૨૫ થી ૫૦ વરસ સુધી બીજા ગૃહસ્થાશ્રમ માટે સ્ત્રી પરણીને સંસાર ચલાવવો. ૫૦ થી ૭૫ સુધીના ત્રીજા વાનપ્રસ્થાશ્રમમાં સ્ત્રી પુરૂષે સાથે રહી પુત્ર પૌત્રાદિકનાં સુખ વૈભવ જોતાં તીર્થયાત્રાઓ વગેરે સ્વધર્મ કામો કરવાં અને છેલ્લા સંન્યસ્તાશ્રમમાં સ્ત્રીપુરૂષાદિ ભેદરહિત અંતઃકરણે આત્મકલ્યાણનું ચિંતન કરવું.

બ્રહ્મચર્ય—છોકરાએ પહેલાં પચ્ચીસ વરસ જેમ બ્રહ્મચર્યમાં રહી વિદ્યાભ્યાસ વગેરે કરવાનો છે તેમ છોકરીએ પણ સંસાર ચલાવવાને યોગ્ય શિક્ષણ મેળવવાનું છે. વરકન્યાની ઉમ્મરમા પાંચ છ વરસનો ફેર હોવો જોઇએ. એટલે છોકરો પચ્ચીસ વરસ બ્રહ્મચર્ય પાળીને ભણે તો છોકરીએ ઓગણીસ વીસ વરસ સુધી ભણવું ગણવું અને બ્રહ્મચર્ય પાળવું.

કેટલાક લોક કહે કે, કન્યાને ભણવા ગણવાનું અને અગિયાર વરસથી વધારે મોટી કરવાનું કહ્યુ નથી. આ વાત જમનાંબહેન ! ખોટી છે. શાસ્ત્રકારો એવા કંઈ ગાંડા ન હતા, તેમણે તો કહ્યું છે કેઃ—

कन्याप्येवं पालनीया शिक्षणीयाति यत्नतः ।

કન્યાને પણ સારી રીતે પાળીપોષીને ઉછેરવી અને યત્નપૂર્વક શિક્ષણ આપવું. છોકરા છોકરીમાં આજ જેવો તફાવત છે તેવો તફાવત આગળ ન હતો. પૂર્વે તો બેઉ સરખાંજ ગણાતાં. અગિયાર વરસની અણસમજુ છોકરીને આપણા લોક પરણાવી દે છે તેવું આગળ ન હતું. શાસ્ત્રકારો કહે છે કેઃ—

अज्ञातपतिमर्यादां अज्ञातपतिसेवनां । नोद्वाहयेत् पिता बालां अज्ञातधर्मशासनाम् ॥

પતિમર્યાદાની અજ્ઞાત, પતિસેવાથી અજાણી અને ધર્મનાં ફરમાનોથી અજ્ઞાત બાળાને પિતાએ પરણાવવી નહિ.

જમનાં વચમાંજ બોલી ઉઠી કે—'હાય હાય ! ત્યારે આપણે તો આમાંનું કશુંએ સમજતાં નથી. જ્યાં ત્યાં લગ્ન કરી ફેરા ફેરવી દેવા જોઇએ એટલુંજ જાણીએ છીએ.'

ચંદા—વળી કહે છે કેઃ—

छायेवानुगता स्वच्छा सखी हितकर्मसु । सदा प्रहृष्टया भाव्यं गृहकार्येषु दक्षया ॥

છાયાની માફક પતિને અનુસરનારી, સ્વચ્છ, મિત્રની માફક પતિનું હિત કરનારી, હમેશ આનંદભેર હસતે મુખે રહેનારી અને ઘરનાં કામકાજમાં પાવરધી હોય એવી કન્યાને પરણાવવી. આ બધા ગુણ અને સમજણ અગિયાર વરસની છોકરીમાં હોય? કદી નહિ. સ્વયંવરથી સીતા, દમયંતી અને દ્રૌપદી પરણ્યાં હતાં તે શું અગિયાર અગિઆર વરસનાં હતાં કે? નહિંજ. તે તો કેવાં મોટાં સમજણાં અને પરણવું તે શું, તેનાં પૂર્ણ જાણીતાં હતાં. બાળલગ્ન તો આપણામાં કદીએ હતાંજ નહિ. એ તો પાછળનો અજ્ઞાન કાળ, કે જેણે

આપણી આખી પ્રજાને આવા અંધારા કુવામાં હડસેલી મૂકી છે. જેને દૂધિયા દાંત પણ પડી રહ્યા ન હોય તે છોકરી બાળકની માતા થાય ! કેવો ગજબ ! એ બિચારૂં બાળક, બાળક શું તેમાં શું સમજે, શું ઉછેરે, ને શું શિક્ષણ આપે ?

જમનાં વચમાંજ—' અને એ બાળક પછી સારૂંએ ક્યાંથી થાય ? '

ચંદા—નહિસ્તો. એનો બાંધો પછી ક્યાંથી સારો થાય ? જુઓને, રસ્તામાં કેવી છોકરીઓ જેવી નિર્માલ્ય માતાઓ જતી આવતી નજરે પડે છે. એમનાં છોકરાં મોટાં થઇને શી ધાડ મારે ?

જમનાં ખડખડ હસીને બોલી કે, ' ખરૂં છે ભાભીજી ! આપણા લોકના મોઢા ઉપર નૂરજ ક્યાં દેખાય છે ? અમસ્તા ટટાર થઇને ફરે એસ્તો. કમજોર ગુસ્સા બોર ! ! !

ચંદા—બાળલગ્ને આપણા દેશને પાયમાલ કર્યો છે એ તો હવે તમારાથી બરોબર સમજાયુંને ? એ ચાલ પૂર્વે ન હતો અને આપણા શાસ્ત્રકારોએ તો તેની મનાઇજ કરેલી છે.

જમનાં—બધી વાતે સમજણી ભણીગણી કન્યાને પરણાવવી એવી તેમની આજ્ઞા છે પણ આપણે તો ધર્મશાસ્ત્રો ઉપર પગ દઇને ડોસી શાસ્ત્રોને ભોગ થયાં છીએ. ખરેખર ! બાળલગ્નથી બહુ ખોટું થાય છે. શું કહીએ ? કેટકેટલાં સ્ત્રીપુરૂષના જન્મારા ધૂળધાણી થઇ જાય છે.

ચંદા—વળી છોકરી છોકરાની પસંદગીને માટે પણ શાસ્ત્રકારોએ તો કહ્યું છે કે—સારા કુટુંબનો ભણેલો ગણેલો ખોડખાંપણ રહિત ને સુપાત્ર વર જોઇનેજ કન્યા આપવી. હાલ

તો મમત્વ કુળ પૈસો અને ઠાલી ઠકરાઇ જોઇ, ઘેલોગાંડો અભણ બેડોળ કે મૂર્ખ, જેવો હોય તેવો વર કન્યાને બિચારીને અણસમજુપણામાંજ માથે મારવામાં આવે છે. ન નાનો, ન ઘરડો, ન રૂપાળો, ન ભણેલો, કંઇજ જોવામાં આવતું નથી. આવાં કજોડાં ઘેરેઘેર જોવામાં આવે છે, એ જોડાંના સંસાર પછી ક્યાંથી સુખી હોય ?

જમનાં—નહિસ્તો. લોટમાં પાણી પડયું તે પડયુંજ. કાઠા રગડામાં સંસાર વહી છુટે છુટકો ! છોકરીને માટે તો આપણા લોકમાં કંઇજ કાળજી રખાતી નથી.

ચંદા—હા. એ પણ બહુજ ખોટી સમજણ પેસી ગયેલી છે. છોકરી આવી એટલે કહેશે કે ' મુઈ રાંડ પથરો ' અરર ! આ કેટલો બધો અભાવ ! ! જેના જન્મની સાથે આવો તિરસ્કાર ને અભાવ તેને પછી કાળજીથી શાની ઉછેરવામાં આવે ? કેટલાક મિથ્યાભિમાની લોકોમાં તો આજ સુધી છોકરીઓને બિચારીઓને દૂધપીતી કરવામાં આવતી હતી. આજની શાણી સરકારે એવા એવા ઘાતકી રિવાજો બંધ કરાવરાવ્યા છે તે સારૂં છે. શાસ્ત્રકારોના અભિપ્રાય પ્રમાણે જોઇએ તો બહુ સારા ઉછેરની કન્યા હોય તેનેજ પરણવી જોઇએ.

પીળી ફીકી પીળા કેશવાળી ઓછાવત્તા અવયવવાળી રોગી બહુબોલી ચીબાવલી રૂંવાટીવાળી પીળી આંખોવાળી અને બેડોળ કન્યા સાથે વરે પરણવું નહિ. સારા કુળની સારા ગુણની ભણી ગણી પોતાથી નાની વયની ને સુંદર કન્યા સાથે પરણવું. કન્યા ઉપર જ્યાં અભાવ અને તિરસ્કાર હોય ત્યાં રૂપાળી કન્યા ક્યાંથી હોય ?

જમનાં—હાલ તો વર કન્યાનાં માબાપો તેમના વેપાર કરે એટલે તે બિચારાં શું જાણે ? વયનું, સ્વભાવનું, રૂપરંગનું કે ગૃહસ્થ ગરીબનું એવાં હાલ તો નર્યાં કજોડાંજ થાય છે. જુઓને તમે પેલી લલિતાની વાત કહી તે.

ચંદા—ખરેખર જમનાંબહેન વિરકન્યાનાં જોડાં બાંધવાનું આપણા લોકોમાં કેટલેક ઠેકાણે સટ્ટાના વેપાર જેવું થઇ પડયું છે. માબાપો તેમાં મોટી જીત મેળવી હોય એવું અભિમાન લે છે. એક એવી વાત છે કે, એક કુટુંબમાં કાણો છોકરો હતો. એનાં માબાપ તેને પરણાવવાને અનેક યુક્તિ પ્રયુક્તિઓ કરતાં હતાં. કોઈ કન્યાનું માગું આવે ત્યારે કાણિયાના ભાઇને વર તરીકે દેખાડે અને સારો દેખાડી કાણો પરણાવી દેવાની પેરવીઓ કરે. સામો કન્યા દેનાર પણ પાછો તેમના જેવો કાબેલ હોય તે ફાવવા દે નહિ. એમ કરતાં કરતાં આખરે એ કુટુંબને તેમનાજ જેવું એક બીજું ધૂર્ત સામે ધૂર્ત કુટુંબ મળી આવ્યું. કન્યા બિલકુલ લુલી હતી. વરવાળાએ સારો વર દેખાડી કાણાને પરણાવી દેવાનો બેત રાખ્યો અને કન્યાવાળાએ સારી કન્યા દેખાડી લુલીના કુંવારાગ્રહ ઉતારવાની ગોઠવણ કરી. વિવાહ થયા ધામધુમો ચાલી વરઘોડા નીકળ્યા અને વરવાળા કુટુંબે જાણે આપણે કાબેલ છીએ અને સામાની આંખમાં ધૂળ નાંખીએ છીએ એવા મિથ્યાભિમાનથી વિવાહની ગડબડનો લાભ લેતા હોય તેમ ‘ વરની આંખ આવી છે ’ એવું મિષ આગળ ધરી કાણાને માહેરામાં દાખલ કરી દીધો. વરવાળું કુટુંબ પોતાના પ્રપંચમાં મશગુલ હતું તેનો લાભ લઇ કન્યાવાળા કુટુંબે પણ ચુંદડી ઓઢાડી લુલી કન્યાને પધરાવી

દીધી. વાજાં વાગ્યાં, ગીત ગવાયાં અને વહેવાઈએ વહેવાઇ સામસામે કન્યાદાન લેવા આપવા બેઠા. હસ્તમેળાપ થયો વરમાળ આરોપાઈ અને લગ્નનો લગભગ ત્રીજો ભાગ ભજવાઇ રહ્યો અને જ્યારે ફેરા ફરવાનો વખત આવ્યો ત્યારે ખોટો માલ કોઈને માથે મારવાથી જેમ સટ્ટાદાર વેપારીને અભિમાન આવ્યું હોય તેમ અભિમાનથી વરનો બાપ બોલ્યો કે “જગ જીતે મેરે કાણિયે.” કન્યાને બાપે તેના જેવા અભિમાનમાં ઠાવકે મોંએ ઉત્તર આપ્યો કે “પાંઉ ચલે જબ જાણીએ” એટલે કે તારો કાણિયો શું જીત્યો ધૂળ! કન્યા લુલી છે તે ફેરા ફરે ત્યારે જોજોને!

જમનાં ખડખડાટ હસતાં હસતાં બોલી કે, “ખરેખર ચંદાભાભીજી આવું ને આવું લોકોમાં જ્યાં ને ત્યાં થાય છે. મૂરખાં માબાપો આવાં છોકરાંને એક બીજાને માથે મારવામાં મોટું અભિમાન લે છે. અહોહો! કેવું ને કેટલું બધું અજ્ઞાન!'

ચંદા–માહેરામાંથી આવું ખડાસ્ટકુ બંધાય તે કુટુંબ પછી સંસારમાં સુખી પણ ક્યાંથી થાય? ‘સંપ ત્યાં જંપ.’ શાસ્ત્રકારો તો કહે છે કે–

જ્યાં આગળ સ્ત્રીથી પુરૂષ અને પુરૂષથી સ્ત્રી, એક બીજામાં અનુરક્ત ને સંતોષી હોય ત્યાંજ સારૂં થાય છે. જ્યાં સ્ત્રીપુરૂષ વચ્ચે અણબનાવ હોય ત્યાં ક્યાંથી સારૂં થાય? સ્ત્રી પુરૂષ વચ્ચે જ્યાં નિત્ય આનંદ પ્રવર્તતો હોય ત્યાં ધન, છોકરાં ને સુખ થાય છે. અનેક જાતના કજોડાને ભોગ થએલો અને અજ્ઞાનમાં રચીપચી રહેલો આપણો સંસાર ખરેખર દુઃખી છે અને દિવસે દિવસે નબળો પડતો જાય છે. આનો ઉદ્ધાર સ્ત્રી

કેળવણીથી થવો જોઇએ, જમનાંબહેન!

જમનાં—બરોબર છે. આપણા દુઃખી સંસારનો સુખ માટે ઉદ્ધાર કરવો ઘટે છે. એ આપણા હાથની વાત છે. આપણે ભણ્યાં ગણ્યાં ને સમજુ હોઇએ તો આ બધા વહેમો અને કુચાલોને ઝપાટાપુર તોડી નાંખીએ જમનાના મુખ ઉપર ઉત્સાહ અને ઉત્તેજન ઉછળી આવ્યાં.

ચંદા—શાબાશ, જમનાંબહેન શાબાશ! આપણા દેશને સુધારવા માટે સ્ત્રીઓના જ્ઞાનમાં આમ વધારો કરવો જોઈએ. અગાડિ જ્યારે સ્ત્રીઓ ભણેલી ગણેલી હતી અને પાકી ઉમ્મરે પરણી ઘર સંસાર ચલાવતી હતી ત્યારે આપણાં સુખવૈભવ કોઇનેએ ઇર્ષા કરાવે એવાં હતાં. શાસ્ત્રકારોએ એ સુખવૈભવ ચાલુ રાખવાને માટેજ આવા નિયમો બાંધેલા છે.

જમનાં—પણ તે આપણે પાળતાં નથીને? બાળલગ્ન અને બીજાં જુદી જુદી જાતનાં કજોડાં તમે કહો છો તેમ હાલ તો જ્યાં ને ત્યાં ઘેરેઘેર સડો દાખલ કરી રહેલાં છે.

પ્રકરણ ૧૪ મું.

વિવાહ વિધિ.

આજે માણેકબહેન વિવાહ વિધિ સંબંધી કંઈક સાંભળવા આવ્યાં છે, માટે ચંદાભાભીજી! આજ એ બાબત અમને સંભળાવો? જમનાંએ ચંદાગૌરીને કહ્યું.

માણેક—ચંદાબહેન! વર કન્યા અસલ આજની માફક ઢિંગલા ઢિંગલી જેવાં નહિ પરણતાં હોય. છોકરો ભણ્યો ગણ્યો ને મોટો હોય ત્યારે કન્યાનેએ મોટી કરતા હશે?

ચંદા—અલબત, વરકન્યા મોટાં અને સમજુ થતાં ત્યારેજ પરણતાં, એમ વિવાહ વિધિ ઉપરથી ચોખ્ખું જણાઈ આવે છે. બ્રહ્મચર્ય પાળી વિદ્યાભ્યાસ કરી આવેલો પચીસ વરસનો વર હોય તેણે પોતે કે તેનાં માતપિતાએ વિવાહની તજવીજ કરવાનું કહેલું છે. શાસ્ત્રકારોએ કહ્યું છે કે, સારા કુળમાંથી અને રોગ રહિત કુટુંબમાંથી કન્યા લેવી. વિવાહ વિધિમાં મુખ્ય ત્રણ બાબતો છે. એક વાગ્દાન, વિવાહ મેળવવા કે ચાંલ્લો કરવો તે, બીજી પાણિગ્રહણ—હસ્ત મેળાપ તે, અને ત્રીજી સપ્તપદી. આ ત્રણે સંસ્કાર થાય ત્યારે લગ્ન થયાં કહેવાય. વિવાહના આ ત્રણે વિધિ કેવી રીતે કરવા તે માટે આમ કહ્યું છેઃ—

વાગ્દાન વિધિ.

ભણીગણીને ઘેર આવેલા છોકરાના બાપે તેને યોગ્ય હોય એવી કન્યાના બાપ આગળ માગું કરવું, અને કન્યાના બાપને

તે પસંદ હોય તો સારૂં મુહુરત જોવરાવી પોતાના સંબંધી-ઓને લઈ વરના બાપને ત્યાં જવું, અને યોગ્ય હોય તે ક્રિયાઓ કરી આ પ્રમાણે વાગ્દાન કરવું.

ખોડખાંપણ વગરના, અપતિત–વગર વટલેલા, નપુંસક નહિ એવા અને પ્રમત્તાદિ દસ મહાદોષ વગરના વરને દેવ અગ્નિ અને બ્રાહ્મણોની સમક્ષ હું આ મારી કન્યા આપું છું.

વરના બાપને પણ વળી તેણે કહેવું કેઃ—

તમારા પુત્રને માટે તમે માગેલી આ મારી કન્યા હું વાગ્દાનથી આપું છું. હવે તમે તમારી મેળે એને જોઈને નિશ્ચય કરજો.

આજ પ્રમાણે વરનો બાપ કન્યાના બાપને કહે છે કેઃ–

તમે પણ વરને માટે જે કંઈ તપાસ કરવી હોય તે કરી તમારા મનનો ખુલાસો કરી લેજો.

જુઓ જમનાંબહેન ! શાસ્ત્રકારોએ કંઈ કુલડીમાં ગોળ ભાગ્યો છે ?

જમનાં– નહિસ્તો. તેમણે તો બેઉ વહેવાઇઓને પોત-પોતાને યોગ્ય લાગે તે પ્રમાણે ખાતરી કરી લેવાનો ખાસો અવકાશ આપેલો છે, પણ આમ થાય છે ક્યારે ? આવી રીતે થતું હોય તો તો મજેનાં જોડાં જોડાય.

ચંદા—આ પ્રમાણે ચાંલ્લો કર્યો પછી વરકન્યાનાં માબાપોએ તેમને જોઈ–તપાસ કરીને મુહુરત નક્કી કરવાં. તે પછી જે દિવસે લગ્નવિધિ કરવાનો હોય તે દિવસે સ્નેહી સંબંધી સાથે વરરાજાએ જાન લઈ સસરાને ત્યાં જવું અને

દેશાચાલ પ્રમાણે બધી ક્રિયાઓ કરી કન્યાના બાપે કન્યાદાન દેવું. તેમ કરતાં વરના હાથમાં કન્યાદાનનું જળ મૂકતાં કહેવું કે, " અમુક કુટુંબમાં ઉત્પન્ન થયેલા તમને અમુક કુટુંબનો હું મારી શક્તિ પ્રમાણે દાન સહિત આ કન્યા આપું છું. " " આપો. " એમ બોલી વરે સ્વીકાર કરવો. પછી વરે કન્યાની ચુંદડી સાથે પોતાના ઉપવસ્ત્ર–છેડાગાંઠણાની ગાંઠ બાંધવાનું કહેલું છે. અહિંથી જમનાંબહેન ! વર કન્યા વચ્ચેનાં વચનોની શરૂઆત થાય છે.

જમનાં–તે તમને ભલું મોઢે રહ્યું છે !

ચંદા–એ બધાં વચનો એવાં મજેનાં છે કે વારંવાર વાંચવાં ગમે. તમે જરા સંસ્કૃત શબ્દો સમજતાં થશો એટલે તમને પણ એમાં મજેનો રસ પડશે. આપણી સંસ્કૃત ભાષા દેવભાષા કહેવાય છે, તે ખરેખર તેવીજ છે. એ જાણવાથી બહુ સારૂં જ્ઞાન થાય છે.

જમનાં–ગુજરાતી તો મેં તમારી મહેરબાનીથી પાંચ છ ચોપડીઓ વાંચી નાંખી, હવે એમાં હું કંઇક સમજું છું. તમે સંસ્કૃત દેખાડવાની કૃપા કરો તો તે પણ, હું તો તમે કહો તેવી મહેનત લઇને થોડું શીખું.

ચંદા–ઠીક છે. હજી તમારે ઘણું ગુજરાતી વાંચવાનું છે. મને જ્યારે લાગશે કે હવે જમનાંબહેનને કંઇક આગળ બતલાવવું, ત્યારે બતાવીશ.

છેડાગાંઠતી વખતે શાસ્ત્ર પ્રમાણે વર કન્યાને કહે છે કેઃ–

આ ગાંઠથી હું તારા મન ને હૃદયને બાંધી લઉં છું.

આ જે મારૂં હૃદય છે તે હવે તારૂં હૃદય હો, અને જે તારૂં હૃદય છે તે હવે મારૂં હૃદય હો. તારાં મન હૃદય તે મારાં અને મારાં મન હૃદય તે હવે તારાં થાઓ. જેમ આ પૃથ્વી અને પર્વતો અચલ છે તેમ તું પણ મારા કુલમાં અચલ થા.

જમનાં–અહો ! કેવાં વહાલ ભર્યાં મજેનાં રૂપાળાં વચનો છે. ખરેખર પતિપત્નીએ આ પ્રમાણે ખુલ્લા હૃદયે આવીજ રીતે પોતાનાં મન હૃદય એક કરવાં જોઇએ. માહેરામાં વરનાં આવાં વહાલ ભર્યાં વચનો સાંભળ્યાં હોય તેનું નામજ પરણ્યું ક કેવાય.

ચંદા–પછી જ્યારે વરકન્યાનો હસ્તમેળાપ કરાવવામાં આવે છે ત્યારે પણ કેટલીક ક્રિયાઓ બ્રાહ્મણ કરાવે છે, પરંતુ કન્યાનો હાથ પકડતાં વર તેને કહે છે કેઃ–

હું તારો સૌભાગ્યવંતીનો હાથ પકડું છું. આજથી હવે હું અને તું જ્યાં સુધી જીવીએ ત્યાં સુધી સાથે અને સરખી અવસ્થામાં રહેવાને બંધાઇએ છીએ. આપણે અત્યાર સુધી જે બે પગવાળાં હતાં તે હવે ચાર પગવાળાં થયાં. કારણ કે આપણાં શરીર જુદાં હતાં તે આજથી એક થયાં. તારી દૃષ્ટિ પ્રસન્ન થાઓ. તું પતિનું હિત કરનારી થા. ઘરનાં ઢોરઢાંખર પશુઓ અને જીવો પ્રતિ કલ્યાણ કરનારી થા. તારૂં મન ઉદાર થાઓ. તું તેજસ્વી થા. તારા પુત્રો શૂરવીર અને લાંબા આવરદાવાળા થાઓ. સુખ ભોગ ભોગવતી તું મનુષ્યો અને પશુઓનું સર્વદા કલ્યાણ કરતી રહે. સાસુ સસરા નણંદો અને દિયરોમાં માનવતી, પ્રીતિવાળી અને સૌભાગ્યવતી તું ભા-

ચશાલિની હો. મારી વૃત્તિમાંજ તારાં મન હૃદય રહો. મારા ચિત્ત જેવું તારૂં ચિત્ત થાઓ. મારાં મન વચન તે તારાં અને તારાં તેજ મારાં થાઓ. મારા સ્વધર્મ પ્રમાણે તું ચાલ. હે સૌભાગ્યવતિ ! હવે તું તે હું અને હું તે તું એકરૂપ થયા એમ માન.

વરનાં આ વચનોને કન્યા પોતે તેના ગોત્રનું નામ ધારણ કરીને સ્વીકારે છે.

જમનાં—પણ ભાભીજી ! વરે આવાં આવાં રૂપાળાં મજેનાં હોંશીલાં ઉત્સાહી વચનો કહ્યાં અને કન્યા તો કંઇજ બોલી નહિ એ શું ? કન્યાએ સાસું વરને કંઈ કહેવાનું હશેને ?

ચંદા—હાસ્તો. સપ્તપદી નામના ત્રીજા વિવાહ વિધિમાં મંગળ ફેરા ફરતી વખતે કન્યા કે જેને હવે આપણે પણ વહુ કહેવી જોઈએ, તેનાં વચનો આવશે.

જમનાં—ઓહો ! કેવો સારો અને રૂપાળો વિવાહ વિધિનો વિષય છે. આપણા લોક ' શાસ્ત્ર, શાસ્ત્ર, અને ધર્મ, ધર્મ' કરે છે તે અમસ્તુંજને ? ખરી શાસ્ત્રની વાત તો આપણે કંઇ જાણતાં નથી. ચાલો આગળ ચલાવો ભાભીજી !

માણેક બોલી કે—વિવાહમાં જઇએ અને ગીતો ગાઇએ પણ આપણે કંઇ બીજું ત્રીજું સમજીએ નહિ, આ તો ઘણી મજેની વાત છે.

ચંદા—સાધારણ રીતે વિવાહ થાય છે અને આપણે તેમાં મહાલીએ છીએ, એવું સૌ સમજે છે. બ્રાહ્મણ ક્રિયા કરાવે તેમાં ન આપણે કંઇ સમજીએ, કે ન વરકન્યા કંઇ સમજે,

એટલે અલબત, એવોજ વિચાર થાય કે, આ તો એક ક્રિયા છે ને તે બ્રાહ્મણ કરાવે.

માણેક—હા, એમજ.

ચંદા—આ પ્રમાણે બીજી બાબતોમાં પણ ઘણું જાણવાનું હોય છે, પરંતુ આપણા લોક તે તરફ ધ્યાન આપતા નથી. જે રસ્તે ચાલતા હોય તેજ રસ્તે ચાલ્યા કરે. ચાલવાનું કારણ કે રસ્તાનું ભાન રાખે નહિ. કોઇ પણ ક્રિયા નકામી થતી નથી, હો માણેકબહેન !

જમનાં—વિવાહ વિધિનાં વાગદાન અને ગ્રંથીબંધન સંબંધી તમે જે કહ્યું તે તો હું બરોબર સમજી.હવે સપ્તપદી સંબંધી કહો ? સપ્તપદી એટલે શું ?

સુમન વચમાંજ બોલી ઉઠી કે, જમનાંભાભી ! ત્યારે તમે પરણ્યાં છો કે નહિ ?

ચંદાએ આંખ કાઢી અને સુમન ચૂપ થઈ ગઈ, પરંતુ જમનાંએ હસીને ઉત્તર આપ્યો કે મને તો ખબર નથી, તમારા ભાઇને પૂછી જોજો.

ચંદાગોરી બોલી કે—ગ્રંથીબંધન અને પાણિગ્રહણ—હસ્ત મેળાપ થઇ રહ્યા પછી સપ્તપદીની ક્રિયા કરવામાં આવે છે. સપ્તપદી વગર વિવાહ પુરો થયો કહેવાતો નથી. સપ્તપદી એટલે સાત પગલાં સાથે ચાલવું તે. આ વિધિમાં કન્યા, વરની પાછળ સાત પગલાં ભરે છે અને દરેક પગલે વરકન્યા વચ્ચે આ જન્મ પર્યંત એક બીજાનાં સાથી થવાનાં વચનોની આપ લે થાય છે. હાલ તો બ્રાહ્મણો ડાંગરની સાત ઢગલીઓ કરી વર

પાસે કન્યાનો અંગુઠો પકડાવી તેની ઉપર વારા ફરતી પગ મુકાવે છે. વિવાહ વિધિના સંસ્કાર પ્રમાણે તો કન્યાને લઇને ચાલતાં પહેલે પગલે વર તેને કહે છે કે–" અન્ન માટે તું મારી સાથે એક પગલું ભર. હું તને જોઇએ તેટલું અન્ન હમેશ પુરૂં પાડીશ."

પછી કન્યા તેની પાછળ પહેલું પગલું ભરતાં બોલે છે કે–મેં બહુ બહુ પુણ્ય કરેલાં હશે તેથીજ દેવોએ મને આપ જેવા ભર્ત્તા મેળવી આપ્યા.

વર–દૂધ, દહિં ઘી ઇત્યાદિ સ્નેહને માટે બીજું પગલું ભર.

કન્યા–બીજું પગલું ભરતાં કહે છે કે, સર્વ પ્રકારનાં સુખદુઃખમાં હું તમારી સાથે ભાગ લઇશ અને જ્યાં જ્યાં તમે હશો ત્યાં ત્યાં હું નિરંતર તમારી સાથેને સાથેજ રહીશ.

વર–ઘર, વસ્ત્ર અને ધનાદિ માટે ત્રીજું પગલું ભરી તું મને અનુસર.

કન્યા–તમારા ઉપર નિરંતર ભક્તિ રાખી હંમેશ સો સાથે પ્રિય વચન બોલતી રહીશ.

વર–આ લોકના સુખ માટે તું મારી સાથે ચોથું પગલું ભરી મને અનુસર.

કન્યા–તમારે દુઃખે દુઃખી તમારે સુખે સુખી અને તમને ભોજન કરાવીને ભોજન કરનારી થઈ રહીશ, તથા ઘરનાં સર્વનું પોષણ કરીશ.

વર–પ્રજાઓને માટે તું મારી સાથે પાંચમું પગલું ભર.

ઋતુસ્નાન કરી શુદ્ધ થઈ હું તમારી સાથેજ રહીશ અને અન્યનું મુખ નહિ જોઉં.

વર–દેશકાળને માટે તું મારી સાથે છઠું પગલું ભર.

કન્યા–ધર્માર્થાદિ ત્રિવર્ગમાં હું તમને સહાયભૂત રહીશ અને સઘળાં ગૃહસંબંધીનાં કાર્ય ઉપાડી લઇશ.

વર—સાતમું પગલું ભરી હવે તું મને અનુસરનારી મારી સહચરી બન.

કન્યા–આપણે બેઉ હવે એક બીજાનાં સાથી થયાં અને આપણી વચ્ચે પ્રીતિ થઈ તેનો સાક્ષી ઈશ્વર છે, તે કે તમે મને વંચિત કરશો નહિ.

પછી વળી વર કહે છે કે, “ હે પ્રિય સખિ ! હવે આપણે દંપતી થયાં. આપણને દીર્ઘ આયુષ્યવાળા બહુ પુત્ર થાઓ. આપણે એક બીજાનું મન જોઈ એક બીજાનું વચન પાળતાં સર્વદા સુખાનંદમાં રહીશું.

આ પ્રમાણે સપ્તપદીનો વિધિ થાય છે અને તે પુરો થાય ત્યારેજ લગ્ન સંપૂર્ણ થયાં કહેવાય છે.

માણેક હું તો આવું કંઇ જાણતી ન હતી. આવો કરાર થતો હોય તો તે કેવો સારો છે.

જમનાં–અને આ કરાર તે વળી કેવો દૈવી કરાર ? બીજા લોકમાં સહીઓ કરીને કરાર કરવામાં આવે છે પણ તે પાછા તૂટે છે. આપણા કરાર તો પાકા.

ચંદા–સંસારના સ્થાયીપણાને માટે દૈવી કરાર હોવા

જોઇએ અને તે આ પ્રમાણે આપણામાં સૂર્ય અગ્નિ અને સાજન સન્મુખ કરવામાં આવે છે.

માણેક—વર તે શું ? પરણવું તે શું ? ગૃહસ્થાશ્રમ અને તેની ફરજો તે શું ? એ બધું સમજનારી કન્યાઓજ આવી રીતે પૂર્વે પરણતી હશેને ?

ચંદા—હાસ્તો, ખાસી મોટી થએલી અને સઘળું સમજનારી.

માણેક—ત્યારે એ લોકોના સંસાર પછી સારા ચાલેસ્તો. પોતે જે કામ કરતાં હોઇએ તેની જોખમદારીઓ અને ફરજો અલબત, તો આપણે સમજવી જોઇએ.

જમનાં—સંસારની શરૂઆત કરવાને સઘળું સમજવું જોઇએ. બૈરાંને માથે કંઇ ઓછી જોખમદારી છે ?

ચંદા—નહિસ્તો. આપણે માથે તો પુરૂષો કરતાં પણ ઘણી મોટી જોખમદારીઓ છે, કારણ કે, આપણે ઘરની માતાઓ છીએ અને આપણામાંથીજ ભવિષ્યની દુનિયા ઉત્પન્ન થાય છે. આપણે દુનિયાનાં ઉત્પન્ન કરનાર, દુનિયાનાં શિક્ષક, પોષક અને દુનિયાનાં બળ, નિર્બળતા, દયા, નીતિ ઇત્યાદિ ચરિત્રોનાં બનાવનાર છીએ. સ્ત્રી આ સંસારની પ્રચાલક છે.

પ્રકરણ ૧૫ મું.

સ્ત્રીઓ લોક ચરિતને ઘડે છે.

બીજે દિવસે આવતાંવેંત માણેક બોલી કે-ચંદાભાભીજી! તમે સ્ત્રીઓને જગતની પ્રચાલક કહી, સ્ત્રીઓ ઉપર બહુ ભાર મૂકી દીધો.

ચંદા–માણેકબહેન ! મેં નહિ પણ સંસારેજ એ ભાર આપણે માથે મૂકી દીધેલો છે અને આપણે ખરેખર સંસારની શરૂઆત સાથે એક બહુજ મોટી ફરજ અને બહુજ મોટી જોખમદારીવાળી જિંદગીની શરૂઆત કરીએ છીએ. એ સમજવામાં આપણે જેટલાં નબળાં તેટલાં આપણે ભવિષ્યની દુનિયાંને નબળી બનાવવાના કારણરૂપ બનીએ છીએ. ભવિષ્યની કયી બાબતનાં આપણે કરતાં કારવતાં નથી વારૂ ? ભવિષ્યના પુરૂષો અને ભવિષ્યની સ્ત્રીઓ આપણાજ ખોળામાંથી ઉત્પન્ન થાય છે અને આપણેજ તેમનાં દરેક વર્તન માટે જોખમદાર છીએ

જમનાં–આપણે એકલાં શાનાં ? પુરૂષોએ તેમાં ખરાને ? લોકમાં કહેવત છે કે ' બાપ તેવા બેટા ને વડ તેવા ટેટા. '

ચંદા હસીને બોલી કે–હું ક્યારે આપણાં એકલાંની વાત કહું છું. બાપ કહો કે મા કહો, એનો આપણે ભેદ કરતાં નથી ને ? અને ભેદ કરીએ તોપણ શું ? છોકરૂં તેના બાપ પાસે વધારે વાર રહે છે કે મા પાસે વધારે વાર રહે છે ? છોકરાંની ક્યાં વાત કરો છો, બાયડાઓ સુદ્ધાંને ઝિણાશથી જુઓ તો

સ્ત્રીઓજ કેળવે છેને ?

માણેક હસીને, હાસ્તો. એ લોકોએ આપણા જેવા થઇ જાય છે. છોકરાં તેના બાપ જેવાં નાહે પણ મા જેવાં થાય તે ખરૂં, અને માતાના ચારિત્ર્યની જેટલી છાપ બાળકો ઉપર પડે તેટલી તેના બાપના ચારિત્ર્યની પડે નહિ. દુનિયા ઉપર સ્ત્રીઓની વગસગની જે અસર થાય તેજ મોટી છે હો.

ચંદા—બરોબર છે. માણેકબહેન કહે છે તેમજ દુનિયા ઉપર જે અસરો સ્ત્રીઓ ઉપજાવી શકે છે તે પુરૂષો ઉપજાવી શકતા નથી, એમ ચારિત્ર્યમીમાંસકોએ સિદ્ધ કરી બતાવ્યું છે. નીચેની કહેવતમાં કહ્યા પ્રમાણે ' ઘરમાંથી માણસ થાય છે, અને ઘર કોનું ? સ્ત્રીનું, પુરૂષનું નહિ.

માણેક—હા હા. એ વાત ખરી છે. હમણાં હું એક શૂરવીરતાને ને સ્ત્રીઓને કંઈ પણ સંબંધ નથી, છતાં સ્ત્રીઓ પુરૂષોને શૂરવીર બનાવી શકે છે. હું જે પુસ્તકની વાત કરૂં છું તેમાં એવુંજ દર્શાવેલું હતું કે, " પાંડવોનું પુરાતન અને મહાભારતનું દારૂણ યુદ્ધ કુંતીજી અને દ્રૌપદીનાં ચારિત્ર્યને આભારી હતાં. "

ચંદા—હા. સ્ત્રીઓની વગસગ અને ઉત્તેજન પુરૂષોમાં જે બળ ઉત્પન્ન કરે છે તે બીજા કશાથી થતું નથી. આપણું પૌરાણિક અને ઐતિહાસિક સાહિત્ય જોતાં એ તો સ્પષ્ટ સમજાય તેવું છે. વનવાસમાં ફરતાં દ્રૌપદીજીએ વખતો વખત પાંડવોને એવાં વચનો કહ્યાં હતાં અને એવું શૌર્ય ઉત્પન્ન કરાવ્યું હતું કે, તેઓએ પાછા ફરતાંજ મહાયુદ્ધનો ઉદ્યોગ કર્યો. એ

પાંચ ગામ માગી લઇને બેસી રહેવાની યુધિષ્ઠિરની વૃત્તિ હતી, પરંતુ તેમનાં માતા કુંતીજીએ તેમને એવાં કઠણ વચન કહ્યાં કે તેઓને ધણુધણાટ લાગી ગઈ ને યુદ્ધ થયું. એ વચનો કહેવાનો અહિં અવકાશ નથી, બાકી માતા અને સ્ત્રીઓ પોતાના પુત્રો અને પતિઓને કેવી રીતે પુરૂષાર્થ કરવાને પ્રેરતી તે તમને બરોબર સમજાવત. આધેડ વયની મોટી સ્ત્રીઓ અને માતાઓ તો શું પણ ઉમ્મરે આવતી વહુઓ પણ પૂર્વે પિએરમાં એવી કેળવાઈને પિતાના ઘરમાંથી નીકળતી હતી કે, તેઓ ભરી આશાનો અમૃત પ્યાલો પણ સ્વામીને કર્તવ્યમાં પ્રેરવાની પોતાની ફરજ બજાવતાં ઢળી જાય તેની દરકાર રાખતી નહિ. મહાભારતના યુદ્ધમાં જ્યારે અર્જુનનો પુત્ર અભિમન્યુ રણે ચઢયો, ત્યારે, આણે બોલાવેલી તેની નવવધૂ ઉત્તરાએ તેને લડાઇમાં જતાં કહ્યું હતું કે:—

" મરજો કે મારજો તમે, નવ દેશો પુંઠ લગાર: "
" સૈયેર મેણું મારશે, કહી કાયર કેરી નાર. "

માણેક જુસ્સો આવવાથી વચમાંજ બોલી ઉઠી કે, ' ખરી વાત છે. જાગ્રત થયેલા જાપાનમાં પણ આ પ્રમાણે થાય છે. ત્યાંની એક જાપાની માતાના ત્રણ છોકરા છેલ્લી લડાઈમાં મરી ગયા અને તે રડતી હતી ત્યારે બીજા માણુસોએ તેને કહ્યું કે હશે, તમે છોકરાઓનો શોક કરશો નહિ ' ત્યારે તેણે લોકોને ઉત્તર આપ્યો કે ' હું મારા છોકરા મરી ગયા તેમનો શોક કરતી નથી, પણ મારા દેશને માટે ચાલતી લડાઈમાં મોકલવા સારૂં મને ચોથો છોકરો નથી તેનો શોક કરૂં છું. '

જમનાં—ધન્ય છે એ બાઇને ! જોકો કેવી દેશ ઉપર

પ્રીતિ ! અને કેવું માતાનું શૂરાતન !

ચંદા–આપણા દેશમાં પણ આગળ એવું હતું અને જ્યારે એવું હતું ત્યારેજ આપણા દેશની વિભુતિ દુનિયાની આંખોને ઝંખાવી રહી હતી. જર, જોરુ ને જમીન એ ત્રણની આ જગતમાં લડાઇ છે અને તે કોનાં ? એમ પૂછનારને એક કવિએ વીરરસનો ઉભરો આણે એવી મઝેની ગીતિમાં નીચે પ્રમાણે કહેલું છેઃ–

(ગીતિ)

જમીન, જરને જોરુ કોનાં કોનાં કહીને પૂછનાર;
જેને તે તેનાં છે, જેને કર છે ઉઘાડી તરવાર.

જમનાં–ઓહો ! તમે તો ચંદાભાભીજી રૂંવાં ઉભાં કરે એવી વાત કાઢી દેખું ? ઘરની સ્ત્રીઓમાં આવો વીરરસ હોય તો પછી તે ઘરમાંથી નીકળેલા અને માતાઓ તથા સ્ત્રીઓથી ઉશ્કેરાયેલા પુત્રો ને પતિઓ બહાર નીકળી યુદ્ધમાં જઇ શું ન કરે ? શત્રુને કચરી નાંખેસ્તો.

ચદા–હા. આપણું રજપૂતસ્થાન એ માટે પ્રખ્યાત છે રજપૂતસ્થાનની રજપૂતાણીઓની કીર્તિ એમાંજ રહેલી હતી, અને તેથીજ રજપૂતોએ બળવાન મુસલમાન પાદશાહોની સામે સૈકાંઓ સુધી ટક્કર ઝીલી હતી. જોધપુરનાં રાણીએ હારીને આવેલા પોતાના સ્વામીનું મુખ જોવાની ના પાડી તેને કહાવી મોકલ્યું હતું કે, ‘ તમે તમારી માતાની કૂખને લાંછન લગાડી પાછા આવ્યા તેના કરતાં તો તમારી કાળોતરી આવી હોત તો વધારે સારૂં, કે જેને લઇને હું ધગધગતા અગ્નિની ચિતામાં

પડી હસતી ને રમતી તમને સ્વર્ગમાં આવી મળવાને ભાગ્યશાળી થાત.' હાડા જાતના એક બીજા રાજાનો તિલકકુમાર પહેલે આણે આવેલી નવવધૂને મૂકીને રણે ચઢતાં ચઢતાં વારંવાર ખમચાતો હતો તેનો પણ આવોજ દાખલો છે કહે છે કે, કુંવરને રણે ચઢવાનો હુકમ થયા પછી જતાં જતાં બે ચાર વાર તે પાછો ફરી ફરીને તેની નવોઢા વહુની શીખ લેવા ગયો. છેલ્લે ઘોડા ઉપર બેસતાં બેસતાં પણ તેણે ખવાસણને કહ્યું કે, 'ઠકરાણાંને કહો કે, હવે છજેથી શીખ આપે અને હું જાઉં.'

ખવાસણે મેડીએ જઇ અઢાર વીસ વર્ષની ભર જુવાન રજપૂતાણીને કહ્યું કે, 'બાઇ! કુંવરજી શીખ માગે છે માટે છજેથી મુખ દર્શન કરાવી શીખ આપો, એટલે રણુતોખાર આગળ વધે અને કુંવર યુદ્ધમાં જાય. શત્રુઓ હુંકાર કરી રહ્યા છે.' બે ત્રણ વાર ફરી ફરીને સ્વામીએ પોતાની શીખ માગેલી હોવાથી આ વખતે તે નવોઢાને ઘણુઘણુટ વીરરસ ચઢી ગયો, અને હાથમાં કાળની જીભ જેવી કટાર લઇ ઝપાટાબંધ હાહર ઉતરી પડી. સ્વામીની સામું જોઇ કટારથી પોતાનું મસ્તક કાપી તેના હાથમાં આપતાં બોલી કેઃ—

દુહો.

"ફરી વળી શીખ શી માગવી, રણ ચઢતાં રણધીર;
લો આ શિરને પરહરો, નાની નણંદના વીર."

નવોઢા રજપૂતાણીએ ટપ દઇને પોતાનું મસ્તક કાપી સ્વામીના હાથમાં આપ્યું અને તે રણમાં જઇ એવા શૂરાતનથી લડયો કે જયશ્રીએ તેના કંઠમાં વરમાળ આરોપી.

માણેક–ખરૂં છે. એવી સ્ત્રીઓ હોય ત્યારેજ પુરૂષો શૂરવીર નીકળે. આ તો આપણે નિર્બળ થઈએ એટલે તે બિચારાના પગ ભાગી જાય. છોકરૂં હાથમાં પાળી લે તો કહીએ કે રખેને આંગળી કપાય. ઘરમાં ઘોઘર દીઠો હોય તો એકલાં રહેવાય નહિ, એવી સ્ત્રીઓના છોકરાઓ પછી શું ધાડ મારે ને દેશસેવા કરે ? ખરૂં છે કે, ઘરમાંથીજ બળવાન વીર પુરૂષો ઉત્પન્ન થાય છે અને ઘરના પ્રેર્યાજ રણસંગ્રામમાં જઈ શત્રુનો ધન્યવાદ મેળવે એવાં પરાક્રમો કરે છે. ચંદાભાભીજી! તમે કહ્યાં તેવાંજ ચરિત્રવાળી સ્ત્રીઓ હાલ યુરોપ ને જાપાનમાં છે અને તેમના પુત્રો રણભૂમિ ઉપર વીરસ્વયંવર રચી ઉભા રહે છે.

પ્રકરણ ૧૯ મું.

સ્ત્રીઓએ કેવાં થવું જોઇએ ?

બીજે દિવસે માણેક અને જમનાં ચંદાગૌરીને ત્યાં આવ્યાં ત્યારે સુમન સ્ત્રીઓના ધર્મ સંબંધી કંઈક કંઇક વાંચતી અને તેની ભાભીને પૂછતી હતી. માણેક તથા જમનાં આવીને બેઠા પછી થોડી વારે સુમન વાંચી રહી એટલે માણેકે પૂછયું કે, ચંદાભાભીજી ! સ્ત્રીઓના ધર્મ અને આવુંજ બીજુ પરચૂરણ વાચન તો મેં કેટલુંક વાંચ્યું છે, પરંતુ એકંદરે આપણે સ્ત્રીઓએ કેવાં થવું જોઇએ ? તે તમારા મુખથી સાંભળવાની મને બહુ હોંસ છે.

ચંદા—સ્ત્રીઓએ કેવાં થવું જોઇએ ? તેને લગતું જ્ઞાન જુદા જુદા ગ્રંથોના વાંચનથી આવે છે. તમારી ઇચ્છા છે તો હું પણ તમને મારાથી બનશે તે પ્રમાણે થોડું ઘણું કહી સંભળાવીશ. જુઓ સ્ત્રીઓની જિંદગીના ચાર ભાગ છે. કન્યા, વધૂ, ગૃહિણી અને માતા. આમાંનો પહેલો ભાગ બાલપણને લીધે માબાપો ને આસપાસનાં માણસથી કેળવાઈ બંધાય છે.

જમનાં—હાસ્તો. કન્યા નાની હોવાથી તે પોતાની મેળે કંઇ પોતાને કેળવી શકે ? એ તો માબાપોએજ શીખવવું જોઇએ.

માણેક—હા. પણ તે શું શીખવવું ? એ આપણે બૈરાંએ જાણવું જોઇએને ?

ચંદા-હા, એ બાબતમાં હું તમને જે કંઇ કહી શકું તે આ પ્રમાણે છે. આગળ ટુંકામાં મેં આવી વાત જમનાં બહેનને કહી છે, પરંતુ હવે જ્યારે 'સ્ત્રીઓએ કેવાં થવું જોઇએ' એ વિષય આપો ને વિગતવાર સાંભળવાની તમને ઇચ્છા છે તો સાંભળો.

ચંદાગૌરી બોલી કે-માણેકબહેન! સ્ત્રી અને પુરૂષનું જોડું તે આખું માણસ. એકલો પુરૂષ કે એકલી સ્ત્રી, સંસારનું વહન કરી શકતાં નથી, માટે તેમને જોડાવાની અર્થાત્ પરણ-વાની જરૂર છે. સંસારના વહનમાં સ્ત્રી પુરૂષ બેઉની સમાન ઉપયોગિતા છે. સ્ત્રી પુરૂષમાં કોઈ ઉંચું નીચું કે ઉપરી તાબે-દાર નથી. બેઉ કુદરતના લાભનાં સમાન ભાગિયાં છે. સંસારમાં તેમનાં કાર્યો પ્રસંગાનુસાર વહેંચાયલાં છે અને તે કાર્યો તરફ જોતાં પણ કોઈ હલકું, ભારે, તુચ્છ કે અતિ મહત્વનું નથી. ખેતી કરી અનાજ અથવા રળીને બીજું કંઈ ઘરમાં લાવવું, એ પુરૂષનું કામ જેટલી અગત્યનું છે તેટલુંજ, બલ્કે તેથી પણ વધારે અગત્યનું કામ ઘરમાં આવેલા અનાજ તથા સરસામા-નને સંભાળી કેળવીને ખવરાવવાનું અને વ્યવસ્થા કરવાનું સ્ત્રીનું કામ છે. આ પ્રમાણે સંસારનાં સ્ત્રી-પુરૂષ વચ્ચે વહેં-ચાયલાં કામો અને કર્તવ્યો પોતપોતાની સમાન યોગ્યતાનાં અને મહત્વનાં છે, એટલે સંસારમાં સ્ત્રી કોઇ પણ રીતે પુરૂષથી ઉતરતે દરજ્જે મુકાતી નથી, ઉલટી નવી પ્રજાની પોષક અને શિક્ષક હોવાથી પુરૂષ કરતાં પણ સંસારમાં તે ઉંચો દરજ્જો ધરાવે છે, એમ કહેવું જોઇએ.

ઘર-સંસારને ચલાવવા માટે જેમ પુરૂષને કેળવણીની

જરૂર છે તેમ સ્ત્રીને પણ છે, અને તે એક રીતે જોતાં તો પુરૂષ કરતાં પણ વધારે છે. કારણ કે તેને પોતાની પ્રજાના શિક્ષક બનવાનું છે. વિદ્યા નીતિ રીતિ અને સદાચાર વગેરે તથા કાર્ય કરવાની કુશળતા અને બીજું જે કંઈ કેળવણીમાં ગણાય તે સૌ, પુરૂષ કરતાં સ્ત્રીએ વધારે જાણવું જોઈએ. આમ હોવાથી સ્ત્રીને કેળવણીની બહુજ મોટી જરૂર છે. પૂર્વે જ્યારે આપણામાં સ્ત્રીકેળવણી હતી ત્યારે આપણે જગતની અગ્રેસર પ્રજા ગણાતાં હતાં. અત્યારે સ્ત્રીકેળવણી વગર આપણે તુચ્છ નિર્માલ્ય પ્રજામાં ખપી ગયાં છીએ. આપણા પોતાના વિકાસ–ઉદ્ધાર માટે આપણે સ્ત્રીકેળવણીનો ફેલાવો કરવો જોઇએ. છેલ્લાં પચાસ વર્ષમાં આપણે જે કંઇક ઉંચાં આવ્યાં તે સ્ત્રીકેળવણીને લીધેજ છે માટે હવે આપણે ખંતથી તેને વધારવી જોઇએ.

લખવું ને વાંચવું એજ કેળવણી, એમ નહિ, પરંતુ આ સંસારના વહન માટે જોઇતી સઘળી યોગ્યતાઓ મેળવવાનું જે શિક્ષણ, તે કેળવણી કહેવાય. એનો આરંભ નાનું બાળક જયારથી તેની આંખ ઉઘાડે છે ત્યારથી થાય છે. પ્રથમ આપણે કન્યાના જન્મથી માંડીને શરૂ થતી કેળવણીથી આરંભ કરીએ. બાળક જન્મથીજ અભ્યાસ કરવા માંડે છે અને પાલણું તેની પાઠશાળા ને પાસે રહેનારાં તેનાં શિક્ષાગુરૂ બને છે. જન્મથીજ બાળકની કેળવણીની શરૂઆત થાય છે એ યાદ રાખી તેને ઉછેરનારાંએ સંભાળથી સદ્દવર્તને રહેવું જોઇએ.

જન્મ અને ઉછેર–અજ્ઞાન અને અજ્ઞાનમાંથી ઉત્પન્ન થયેલા કેટલાક રિવાજોને લીધે આપણા લોકમાં કન્યાનો જન્મ તેનાં માતપિતાને તથા સગાંસાગવાંને અદ્યાપિ પણ

થોડો ઘણો અપ્રિય લાગે છે. એ અપ્રિયતાને લીધે તેની જોઇએ તેવી સંભાળ કે બરદાસ લેવાતી નથી, એ બહુજ દિલગીરીની વાત છે. પુત્ર કિંવા પુત્રી થવી, એ દૈવાધીન વાત છે; અને જન્મ લેનાર બાળક તો તેનાં માતપિતાના એક સરખા સ્નેહનુંજ અધિકારી છે. તેની તરફ જેટલી અપ્રિયતા બતાવવામાં આવે, તેટલું પાપજ કહેવાય. પુત્ર કે પુત્રી, જે હોય તેને એક સરખા સ્નેહથી લાલનપાલન આપી ઉછેરવું, એજ દરેક માબાપનો મુખ્ય ધર્મ છે. ધર્મશાસ્ત્રમાં અને બીજે બધે ઠેકાણે પુત્ર પુત્રીમાં વગર ભિન્ન ભાવે વર્તવું, એમ કહેલું છે. દરેક માબાપે સમાન વાત્સલ્યથી વર્તવું જોઇએ. આમ હોવા છતાં પરંપરા અજ્ઞાનના થર પર થર બાઝી જવાથી લોકો પુત્રીને પુત્રના જેટલું મહત્વ આપતા નથી, અને તે નહિ આપવાને લીધે કન્યાનો ઉછેર સારો થતો નથી. જેટલી મમતા અને સંભાળથી પુત્રને ઉછેરવામાં આવે છે તેટલી સંભાળ જો કન્યાના ઉછેર પાછળ લેવામાં આવે તો તેઓ ઘણી સારી તંદુરસ્ત અને સુંદર થાય. ભવિષ્યની પ્રજાને તેઓ પોતાના જેવી, બલ્કે પોતાનાથી પણ વધારે તંદુરસ્ત, બળવાન અને સુંદર બનાવે. એક વિદ્વાન કહે છે કે, ઘરના મમતાળુ આનંદમાં મનુષ્ય જેવું તનમનથી ખીલી નીકળે છે, તેવું બીજા કોઈ ખોરાક કે ઓસડથી ખીલી શકતું નથી. આ વાત નિઃસંદેહ ખરી છે. રોટલો અને દાળ ખાનારાં પણ કુટુંબમાં સંપ અને જંપથી રહેનારાં કુટુંબો જેવાં તંદુરસ્ત અને સુંદર હોય છે તેવાં પકવાન અને મોજમઝામાં પણ કૌટુંબિક કલેશમાં રહેનારાં કુટુંબો હોતાં નથી. માણેકબહેન ! પુત્રના જેટલોજ કન્યાનો

જન્મ આનંદદાયક ગણવો અને નાના નિર્દોષ બાળકને અંત-રના ઉમળકાથી વધાવી લેવું. પુત્રી લક્ષ્મીનો અવતાર, એટલે જગતની વિભૂતિનું મૂળ કારણ છે. તેનો જન્મ માબાપોએ મંગળમય ગણવો અને તેનું લાલનપાલન પુત્રના જેટલીજ મમતા અને સંભાળથી કરવું.

વહાલથી જેના જન્મ વધાવી લેવામાં આવે, તે બાળક એક જાતના કુદરતી સંતોષમાં પ્રફુલ્લ રહે અને તેવી રીતે રહેતાં તે સૌંદર્ય અને તંદુરસ્તીમાં વધતું જઈ, બાંધાનું મજબુત આ-નંદી અને હસમુખા સ્વભાવનું થાય. ‘ પુત્રનાં લક્ષણ પારણા-માંથી જણાય ’ એવી જે કહેવત છે, તેનો એજ અર્થ કે, જે બાળક પારણામાંથી આનંદી, તંદુરસ્ત અને સારી રીતભાતનું અનુકરણ કરનારૂં હોય તે આખો જન્મારો તેવુંજ રહે.

પુત્રીના જન્મને પુત્રજન્મ જેવોજ આનંદદાયક ગણી માબાપોએ તેને ખુશી ખુશાલીથી ઉછેરવી જોઇએ. નાના બાળ-કના ઉછેર પાછળ જેમ વધારે ધ્યાન આપવામાં આવે તેમ તે વધારે સારૂં. બાળકની તંદુરસ્તી ઉપર ધ્યાન રાખી નાનપણ-થીજ તેને ખડતલ અને સહનશીલ બનાવવું જોઈએ. મહેનત અને કસરત આરોગ્ય આપનારાં છે, માટે પ્રમાણમાં તે પણ લેવા દેવાં. નાના બાળકને હાથ પગ હલાવ્યાથી અને રોવાથી કેટલીક કસરત મળી છાતી ખુલી થઈ શ્વાસોચ્છ્વાસ સારાં ચાલે છે. તેને ધવરાવવાના સંબંધમાં માતાએ નિયમ રાખવો. આપણા લોકમાં સાધારણ રીતે બાળકના રોવાનો ઉપાય તેને ધવરાવવું એજ ગણાઈ ગયો છે. ઘણી માતાઓ બાળક રોયું કે તરત તેને ધવરાવવા માંડે છે. આ પ્રમાણે કરવાથી નાના

બાળકની હોજરી ઉપર ઘણો બોજો આવી પડી તેને પાચન થતું નથી. અપચાથી હગઓક વગેરે રોગો થાય છે. બાળકને ઘડી ઘડી ધાવવાની ટેવ પડી જવાથી તેનુ પેટ ફૂલી જાય છે. માતાને વખત નહિ મળવાથી તે વારંવાર ધવરાવી શકતી નથી, અને તે ટળવળતું બાળક આખરે રોતડું થઈ જાય છે. શરીરના સાંચાનું કામ અહિંથીજ બગડે છે. વળી બાળકમાં હઠ રોતડાપણું બહુ ખાવાનું—અકરાંતિયાપણું અને બીજા દુર્ગુણો આવે છે. તેની તંદુરસ્તી લથડી જાય છે. ધાવણની માફક જ ખોરાક વગેરેમાં પણ નિયમ નહિ રહેવાથી બાળકો ગંદાં, અકરાંતિયાં, હઠીલાં અને રોગી થઈ જાય છે. નાનપણથી જે ખરાબ ટેવો પડે છે તે મોટપણે કદી પણ જતી નથી. આખો જન્મારો તેઓ નિયમ વગરનાં અકરાંતિયાં અને અતંદુરસ્ત થઇ પડી દુઃખી જિંદગી ગુજારે છે.

પુત્રીનો જન્મ થાય એટલે જરા પણ અણગમા વગર આનંદભેર સૌમ્ય ઉપચારોથી તેને ઉછેરવાની કાળજી રાખવી. જેમાંથી ભવિષ્યની પ્રજા ઉત્પન્ન થનાર છે અને જે ભવિષ્યની પ્રજાની ભૂતિ સમાન ગણાય છે, તેને ઉછેરવાને માબાપોએ બહુજ કાળજી રાખવી જોઇએ. નાનપણથી પુત્રીને વખતસર ધવરાવવી વખતસર નવરાવવી સારાં સ્વચ્છ કપડાં પહેરાવવાં, ગંદી રહેવા ન દેવી, વખતસર ઉંઘાડવી અને વખતસર રમાડી હસતી ને ખેલતી ઉછેરવી. નાના બાળકને જે પ્રમાણે અને જેવી રીતે રાખવામાં આવે તેજ પ્રમાણે તેનો સ્વભાવ અને શરીરનો બાંધો બંધાય છે. બધું નિયમસર રાખવાથી બાળકની તંદુરસ્તી કદીએ બગડતી નથી. કદાપિ બગડે તો તેનું ઓ-

સડ કાબેલ વૈદ અથવા ડાકતર પાસે કરાવવું. રોગની કદી બેપરવાઈ કરવી નહિ. એક નાના જેવા રોગની કે અસુખની કદી ઉપેક્ષા કરવી નહિ. તેમ ઘરગતું ઓસડિયાં પાયા કરતાં સારા વૈદ્ય ડાકતરની દવા કરવી એ સારૂં છે. કુદરત ઉપર લક્ષ રાખી તે પ્રમાણે બાળકનો ઉછેર ભાવ થવા દેવો. જ્યાં અને જ્યારે મનુષ્ય કુદરતથી વિરૂદ્ધ જાય છે ત્યાં અને ત્યારેજ તેનું શરીર બગડે છે. મનુષ્ય સિવાય બીજાં પ્રાણીઓ, કે જે કુદરત-ને અનુસરે છે તે આગંતુક—કે દૈવી પ્રકોપ સિવાય બીજા કોઈ પણ રોગનો ભોગ થતાં નથી, એ દાખલો ધ્યાનમાં રાખી બાળકને તેની કુદરતી પ્રેરણા પ્રમાણે ઉંઘવા અને ખાવા પીવા દેવાથી તે કદી પણ માંદું થતું નથી. જન્મથી આનંદમાં સં-ભાળમાં અને આરોગ્યમાં ઉછેરેલું બાળક મોટી વયે આનંદી નિયમિત રીતે રહેનાર અને તંદુરસ્ત માણસ નીવડે છે. જેનું શરીર તંદુરસ્ત હોય તે રૂપાળું લાગે. બાંધો મનોહર થાય સ્વભાવ આનંદી ને મોજી રહે અને કામકાજમાં હોંસ, ખંત, સ્ફુરતા તથા ચંચળાઇ રહે. નાનપણથી સ્વચ્છતા રાખવાની ટેવ પડી હોય તે માણસ મોટું થતાં પણ સુઘડ અને સ્વચ્છ રહે. જેનો ઉછેર, અભાવ અને અણગમાને લીધે બેકાળજીથી થાય તેનો ભવ બગડે. આખો ભવ બગડવાથી તેની પ્રજા પણ તેવીજ ખરાબ થાય, માટે છોકરીના જન્મને નહિ હીણતાં તેને પણ લાડકોડથી સારી રીતે ઉછેરવાની કાળજી રાખવી, કે જેથી તે પોતે તંદુરસ્ત રૂપાળી કામગરી સમજુ અને હસમુખી મજેની કન્યા, વહુ અને માતા નીવડી શકે.

આરોગ્ય—પહેલું સુખ તે જાતે નર્યા. આ કહેવતને યાદ

રાખી હરેક માબાપે પોતાના બાળકને સુખી રાખવા તેનું આરોગ્ય સાચવવું જોઈએ. મોટા થતાં પોતાની મેળે તેણે આરોગ્ય સાચવવું. આરોગ્યના સુખ જેવું બીજું કશું સુખ નથી, અને તે સાચવવું એ મોટે ભાગે મનુષ્યના પોતાનાજ હાથમાં છે. આગળ કહી જવામાં આવ્યું તેમ પશુઓ અને સંભાળીને રહેનારાં માણસો વારંવાર રોગનો ભોગ થતાં નથી. આરોગ્યના રક્ષણ માટે ઘણાજ સાદા અને સહેલા ઉપાયો છે. નિયમસર રહેતાં તે નિત્યના થઇ પડી, ખાસ ખરચ કે ખાસ વખતનું રોકાણ કર્યા વગર સાચવી શકાય છે. શરીરે સ્વચ્છ રહેવું, ખાવાપીવામાં નિયમિત રહેવું, કસરત કરવી અને વખતસર સૂઇ વખતસર ઉઠવું, એટલુંજ જો ખરેખર સચવાય તો આરોગ્ય જાળવવાને માટે વિશેષ કંઇ પણ કરવાની જરૂર રહેતી નથી. કન્યાઓનાં અને સ્ત્રીઓનાં આરોગ્ય માટે આપણા લોકમા ઝાઝી દરકાર રાખવામાં આવતી નથી, એજ આપણી નિર્બળતાનું કારણ છે. જેની મા આરોગ્ય તેનું બાળક પણ આરોગ્ય; માટે સ્ત્રીઓનાં અને તેમણે પોતાનાં બાળકોનાં આરોગ્ય અવશ્ય સાચવવાં. આરોગ્ય સૌથી વધારે મોંઘુ સુખ છે માટે ઘરેણાં અને કપડાં કરતાં પણ માણસને તે વધારે સારૂં ને સુંદર દેખાડે છે. હીરા મોતી અને સોના રૂપાના દાગીનાઓથી નમી પડતી નગરની સ્ત્રીઓ કરતાં આરોગ્યથી આસુદી, સ્વચ્છ અને તગતગતા લોહીવાળી ગામડાની સ્ત્રીઓ વધારે સુંદર લાગે છે, એમ કોણ નહિ કહે ? દુનિયાની હરેક પ્રજા આરોગ્યને સોંદર્ય માને છે અને સૌંદર્ય એજ ખરેખર સ્ત્રીઓનું મોટું ભૂષણ છે. હરેક માબાપે પોતાની કન્યાને રૂપાળી ને તંદુરસ્ત બનાવવા

માટે તેનાં કપડાં, ઘરેણાં અને બીજી ટાપટીપ પહેલાં તેના આરોગ્યની સંભાળ રાખી તેને પોતાને તેમ કરવાનું શિક્ષણ આપવું.

સ્વચ્છતા ને ટાપટીપ–પારણામાંથીજ પ્રકૃતિ બંધાય છે, માટે બાળકીઓ નાની હોય ત્યારથીજ તેમને સ્વચ્છ રહેવાની ટેવ પાડી હોય તો મોટપણે પણ તેઓ સ્વચ્છ રહે છે. નાના બાળકને સ્વચ્છ રહેતા શીખવ્યું હોય તો તે પોતાની મેળે તેવાં રહે છે અને સ્વચ્છ રહેવાના ફાયદા પણ સમજે છે. શરીર સ્વચ્છ રાખવાથી બાળકને ચામડીના રોગ જેવા કે ખુજલી, ખસ, ચાંદાં, ખોડો, ઉકરી વગેર કશું થતું નથી. તેમનું શરીર કાચ જેવુ સ્વચ્છ રહે છે. શરીરમાં બધે લોહી ફરતું રહે છે. માથુ, હાથ, પગ, નખ, કાન, આંખો વગેરે સ્વચ્છ રાખવાથી તેમને જોઇએ તેવું પોષણ મળે છે, અને શરીર ઉપર કદાપણ ખોડખાંપણ આવતી નથી. ઉડતા રોગ લાગતા નથી. કન્યાઓનું માથું સ્વચ્છ રાખવાથી તેમના વાળ વધીને મોટા થાય છે, કાન સ્વચ્છ રાખવાથી બહેરાપણું આવતું નથી અને નાક તથા આંખો વગેરે અવયવો સ્વચ્છ રાખવાથી શરીરની શોભામાં વધારો થાય છે. મોટી આંખથી દરેક વસ્તુ બારીકીથી જોવાય છે. હાથ પગ વગેરે સ્વચ્છ રાખવાથી તે ઘણા સારા લાગે છે. નખમાં મેલ ભરાઈ રહેવાથી ચેપી રોગના હુમલો ઝટ થાય છે અને આંગળીઓના નહિયાં પાકે છે. શરીરની અસ્વચ્છતાને લીધે માણસ નઠારૂં દેખાય છે અને તે અનેક જાતના રોગને ભોગ થઈ પડે છે. સ્વચ્છતા અને સફાઇથી માણસ બીજા માણસોમાં માન પામે છે. શરીરની શો

ચ્ખાઇ રાખવાનું શીખવાથી બહારની પણ સફાઈ અને ઘર સરસામાન તથા વસ્તુઓની વ્યવસ્થા રાખવાની ટેવ પડે છે. દરેક બાબતમાં સ્વચ્છતાથી મોટો લાભ અને અસ્વચ્છતાથી મોટો ગેરલાભ છે. માણસ શરીરનાં કપડાંની, ઘરબારની અને બીજી વસ્તુની સ્વચ્છતા રાખતાં શીખ્યું એટલે તેને દરેક બાબતની ટાપટીપ એની મેળેજ આવડે છે. સ્વચ્છતા અને ટાપટીપથી સામાનું મન પ્રસન્ન કરી શકાય છે. સ્ત્રીઓ, કન્યાઓમાં એ લક્ષણ હોવાની ખાસ અગત્ય છે. ડારવીન નામનો વિદ્વાન પોતાની બારીક તપાસ ઉપરથી કહે છે કે, કેટલાંક પશુઓ અને પંખીઓમાં પણ સ્વચ્છતા અને ટાપટીપથી બીજાને પોતાની તરફ ખેંચવાની ખાસિયત હોય છે. કેટલાંક પંખીઓની માદાઓ તો પોતાને ખેંચાણકારક બનાવવા માટે જોનારથી સહજ સમજાઈ જાય તેવી રીતે ટાપટીપ કરતી જણાય છે. આરોગ્યથી સુંદર, સ્વચ્છતાથી મનોહર અને ટાપટીપથી ચિત્તાકર્ષક રહેનારૂં બાળક કિંવા માણસ દરેકનું ધ્યાન પોતાની તરફ ખેંચી શકે છે. કન્યાઓને નાનપણથીજ સ્વચ્છ રહેવાનો તથા ટાપટીપથી ઠીકઠાક થઈ ફરવાનો સ્વભાવ માબાપોએ પડાવવો જોઇએ.

પોતાના સમૂહમાં અને દેશકાળને જોઈ પોતાની સપતને અનુસાર જે પહેરવેશ હોય તે નાનપણથી સ્વચ્છ અને સારી ટાપટીપથી બાળકને પહેરતાં શીખવાડવું. કન્યાઓને નાનપણથીજ ઠીકઠાક પોષાક પહેરવાની, ઉઘાડા નહિ રહેવાની, પોતાની રીતિ પ્રમાણે પહેરવેશમાં મર્યાદા રાખવાની અને કપડાંલત્તાંની સંભાળ લેવાની ટેવ પાડવી જોઇએ. બહુ

મોંઘો પણ નહિ, તેમ છેક જુના જમાનાનો પણ નહિ તેવો પોષાક પહેરતાં અને તેને સ્વચ્છ રાખી સમય સમય પ્રમાણે ધારણ કરતાં માબાપોએ નાની બાળકીઓને શીખવવું જોઇએ. ગમે તેવું માણુસ હોય પણ જેને સારો મજેનો પોષાક પહેરતાં અને સમય પ્રમાણે તેમાં ફેરફાર કરતાં આવડે છે, તે માણુસ વધારે શોભી નીકળે છે. આપણા લોકમાં કહેવત છે તે ખોટી નથી કે–એક નૂર માણુસ હજાર નૂર કપડાં. માત પિતાએ પોતાનાં બાળકને મજેનો સારો પોષાક પહેરતાં શીખવવું, તેની સાથે એ પણ સમજાવવું કે માત્ર મોંઘાં અને નવાંજ કપડાંથી માણુસ શોભી શકતું નથી, પણ તેની સફાઈ અને પહેરવાની છટાથી પોતાના ગજામાં રહી મોટાની બરોબરી કરી શકાય છે. સુંદર અને સારો-પોષાક તે એજ કે, જે સ્વચ્છ અને મજેનો હોય.

મર્યાદા—લજ્જા.

મોટપણે જેની જરૂર હોય તે ગુણોનાં બીજ નાનપણથી મનુષ્યના મનમાં રોપાવાં જોઇએ. મર્યાદા અને લજ્જા એ આપણું સ્ત્રીઓનું એક ઉત્તમ ભૂષણ છે, હો માણેકબહેન !

જમનાં–માણેકબહેનને એ વાત બહુ નહિ ગોઠે.

સુમન–માણેકભાભી સુરતણ છે તેમાં. જમનાંભાભી ! એ તો ભાઇની કે કોઇની લાજજ કાઢતાં નથી.

ચંદા–લાજ ન કાઢે તેમાં શું ? કાં અમદાવાદી, કાં સુરતી કે કાં કાઠિયાવાડી અથવા કાં હિંદુસ્તાની અને તેથી આગળ વધીને કહું તો કાં પારસી, ઇંગ્રેજ કે બીજી કોઈ

પ્રજાની સ્ત્રી ન હોય, સર્વેને મર્યાદ અને લજ્જા તો શોભા આપનારી છે. આખી દુનિયાની સ્ત્રીજાતને માટે એ તો એક ભૂષણ છે. આપણા વિદ્વાનોએ કહેલું છે કે, 'लज्जा स्त्रीणां विभूषणम्" લાજમર્યાદા છે એ તો સ્ત્રીજાતનું એક ખરેખરૂં ઘરેણું છે. લાજ કાઢવી એમાંજ કંઈ એનો સમાવેશ નથી થતો જમનાંબહેન ! લાજમર્યાદા તો સુરતમાએ ઘણી છે.

માણેક—હાસ્તો. અમે ઘુંઘટો તાણીએ નહિ તેથી શું લાજ મર્યાદા ન રાખીએ કે શું ? કોઇ પણ પુરૂષ કે મોટેરૂં માણસ હોય તેની મર્યાદા તો અમે ઘણી સાચવીએ છીએ. કોઈ ત્રાહિત હોય તેની આગળ થઇને છચોક ચાલ્યાં જવાય નહિ. મોટાં આગળ મન અને કપડાં સંકોરી સાવધાનીથી ચાલીએ, બેસીએ અને શરમથી થોડું બોલીએ કરીએ, એ લાજ મર્યાદા તો અમે સૌ રાખીએ છીએ.

ચંદા—હોયજને. આ તો આખા જગતને લાગુ પડે એવી વાત છે. પારસીઓ અને ઇંગ્રેજોની સ્ત્રીઓ—મડમો પણ ઘણી લાજ મર્યાદાવાળી હોય છે. એવી સ્ત્રીઓ કેવી ગૃહસ્થ સભ્ય અને વિવેકી લાગે છે ! નાની છોકરીના મનમાં નાનપણથી આ સમજાવું જોઇએ. જે માબાપો છોકરી માણસને લાજ—મર્યાદાથી વર્તવાનું શીખવાડતાં નથી તે પાછળથી પસ્તાય છે. લાજ મરજાદાથી આપણે આપણા અને પારકા મંડળમાં બહુ મોટાઈ મેળવી શકીએ છીએ.

જમનાં—હાસ્તો. ચાર માણસમાં લાજ-મર્યાદાવાળી સ્ત્રીને સૌ માન આપે છે. નાની મજેની છોકરીઓ પણ કેટલીક એવી

સભ્ય અને મર્યાદશીલ હોય છે કે, આપણને જોતાંજ તેમની ઉપર વહાલ ઉપજે. જુઓને આ સુમનબહેન ! આખા માળામાં કેવાં મજેનાં ને વહાલાં લાગે છે. સૌ કોઈ એમને હેત ભર્યાં વચને બોલાવે છે. આપણી આગળ ગમે તેવું, ગમત કરાવે એવું બોલે છે, પણ મારે ઘેર આવે છે અને એમના ભાઈ હોય છે ત્યારે રડયાં, એવાં ઠાવકાં થઈને આવે છે, હસે છે, બોલે છે અને વાત કરે છે કે કોઈને પણ વહાલ ઉત્પન્ન થાય.

માણેક—અલબત, સુમનબહેનની ઠાવકાઈ અને મોટા માણસના જેવી મર્યાદાથી ધીરૂં ધીરૂં મધુરૂં બોલવું ચાલવું જોઈને તો મારા ઘરમાથીએ ઘણી વાર કહે છે કે, કેવી મજેની ઠાવકી અને શરમાળ છોકરી છે.

ચંદા—તોય એ તો જરા એમના ભાઈએ મોઢે ચઢાવેલાં છે, નહિ તો એમના જેવડી છોકરીઓ તો વળી કેવી વિવેકી હોય છે.

જમનાં—ચંદાભાભીજી ! તમારા વિચારનો નમુનો તો હું ધારૂં છું કે આ જગતમાં મળેજ નહિ.

ચંદા—ના ના. સારા અને મોટા મોટા ઘરની છોકરીઓ તમે જોઈ હોય તો એવી શરમાળ અને મર્યાદશીલ હોય છે કે, તમે તો તેને જોઈને છક થઈ જાઓ.

સુમન—અમારે એક પારસી ગૃહસ્થનું ઓળખાણ છે, તેને ત્યાં હું જાઉં છું અને જોઉં છું તો તેમની છોકરીઓની ઠાવકાઈ અને મર્યાદા જોઈને મને શરમ આવે છે. સારાં સારાં ઘરમાં તો એવી લાયકીવાળી કન્યાઓ ઉછરતી આપણા જોવા-

માં આવે છે કે ન પૂછો વાત !

જમનાં—એ તો ખરૂં હો માણેકબહેન ! ભણવા વાંચવા ઉપરાંત બીજા લોકના સહવાસમાં આવનારૂં માણસ પોતાને સામાનાં સાથે સરખાવી બહુ શીખી શકતું હશે.

ચંદા—અલબત, જમનાંબહેન ! સારા સારા ઘણી જાતના લોક સાથેનો સહવાસ માણુસની વર્તણુક ઉપર બહુજ સારી અસર કરે છે. જે લોકો ઘણા જણના સહવાસમાં ગયેલા હોય તેઓ આપણા અને તેમના આચાર વિચાર ગુણ અને રહેણી-કરણીની સરખામણી કરી બહુજ ઉત્તમ પ્રકારની રીતભાત-વાળા થાય છે. માણુસે જુદા જુદા દેશની મુસાફરીઓ કરવી, જુદી જુદી જાતના લોકના સહવાસમાં જવું અને જુદી જુદી રહેણીકરણીઓનું અવલોકન કરવું, એ તો ચારિત્ર્યના બંધા-રણને માટે અને સમાજના સુધારાને વાસ્તે ઘણુંજ ઉપયોગી છે. પરદેશીઓના સહવાસમાં જનારા લોકો ઘણે દરજ્જે આ-પણા કરતાં હોશિયાર અને ચારબાક થયેલા જણાય છે. દેશા-ટન કરવાનો આપણા શાસ્ત્રકારોએ પણ બોધ કરેલો છે. હિંદુસ્તાનની પ્રજા સ્વર્ગસ્થ રાનડેના કહેવા પ્રમાણે મુસલ-માનોના સહવાસથી ઘણું શીખી છે. જ્યારે આપણે કોઈ પણ પ્રજાની સોબતમાં ગયાં ન હતાં ત્યારે આપણે જે હતાં તેના કરતાં બીજી પ્રજાઓના સહવાસથી ઘણાં સુધર્યાં છીએ. હરિ-ફાઇથી માણુસને બહુજ ઉંચા પ્રકારનું શિક્ષણ મળે છે અને તે હરિફાઈ બીજી પ્રજાઓની સોબતથી થાય છે. આમાં જાપાન દેશની પ્રજાનો દાખલો ઉત્તમ છે. ચીનની પાસે આવેલા જાપાન દેશની પ્રજા આજથી પચાસ વરસ ઉપર આપણા

જેવીજ અંધકારમાં પડી રહેલી હતી. બીજા દેશની પ્રજાને તે પોતાના દેશમાં આવવા દેતી નહિ તેમ પોતે પણ બીજી પ્રજાઓના સહવાસમાં જતી નહિ. એ પ્રમાણે એકજ સમવાયમાં અને એક જાતનાજ સહવાસમાં રહેવાથી તે એકને એક સ્થિતિમાં પડી રહી હતી. જ્યારે ૧૮૫૨ ની સાલમાં અમેરિકાનાં વહાણો તેને ત્યાં વેપાર ખેડવાની છૂટ મુકાવાને ગયાં ત્યારે જાપાનીઓ તેમનાં વહાણો અને રીતભાતો જોઈ છક થઈ ગયા. તરતજ દેશના આગેવાન માણસોએ પોતાને બીજી પ્રજાઓ સાથે સરખાવવા માંડયા અને પરદેશોમાં જઇ બીજી પ્રજાઓમાં જે કંઇ સારૂં હોય તે ગ્રહણ કરવાનો નિશ્ચય કર્યો. ઘણીક જુવાન સ્ત્રીઓ અને આગેવાન પુરૂષો પશ્ચિમ તરફના દેશોમાં ગયાં અને ત્યાંની વિદ્યાકળા રહેણીકરણી વગેરેની તપાસ કરી આવ્યાં. પોતાના દેશમાં પાછાં ફરી તેમણે પોતાના લોકોને જે નઠારૂં હતું તે છોડી દેવા અને જે કંઈ બીજી પ્રજામાં સારૂં હતું તે ગ્રહણ કરવાનો બોધ કર્યો. વિદ્યા—જ્ઞાન જે સુધારા વધારાનું અને મનુષ્ય ઉત્કર્ષનું મૂળ છે તે દેશમાં સર્વત્ર વધારવા માંડયાં અને જાપાની લોકો છૂટથી વગર ભિન્નભાવે પશ્ચિમની પ્રજાઓની હરિફાઇ કરવા લાગ્યા તેથી ઘણાજ થોડા વખતમાં હાલમાં સુધરેલી પ્રજાઓમાં મોખરે આવી ગયા.

માણેક—ખરેખર જાપાની લોકોએ તો બહુજ કરી બતાવ્યું ચંદાભાભીજી ! ખરેખર તમે બહુ સારી સારી વાતો આવાં ઉદાહરણોથી સમજાવો છો. મને ખાતરી થાય છે કે, બીજી પ્રજાઓના સહવાસમાં જવાથી બહુ શીખી શકાય. આ-

પણામાં અત્યારે જે કંઈ સુધારો વધારો થયો છે તે પણ બીજાઓના સહવાસથીજ થયો છે.

ચંદા—નાનપણથીજ કન્યાને થોડું, મધુરૂં અને વિવેક ભરેલું બોલતાં શીખવવું. થોડું બોલવું એ એક મોટામાં મોટો ગુણ છે. સ્ત્રીઓમાં તો ખાસ કરીને તે હોવોજ જોઇએ. થોડાબોલી વહુ દીકરીઓ દરેક ઠેકાણે માન પામી વખણાય છે. કામ પુરતું થોડું બોલવું તેમજ તે શુદ્ધ અને મધુર, કોઇને પણ પ્રિય લાગે એવું બોલવું. આ જગતમાં વાણી એ મોટામાં મોટું વશીકરણ છે. સ્ત્રીઓમાં મધુર વાણી હોવાની અગત્ય છે. વાણીથી પ્રાણીઓ પ્રિય અને અપ્રિય થાય છે, માટે માબાપોએ નાનપણથી પોતાની છોકરીઓને કામ જેટલું, થોડુ, સારૂં, શુદ્ધ અને મધુર, વિવેક ભરેલું ભાષણ કરતાં શીખવવું જોઇએ. ચાવીચાવીને બોલવું કે ચિબાવલ બનવું નહિ, પરંતુ શુદ્ધ અને બને તેટલું પ્રિય, મધુર, આનંદકારક ભાષણ કરવું. થોડું પણ કુહાડીના ઘા જેવું કઠોર બોલવું નહિ. તેમ તોછડું પણ બોલવું નહિ. બધી વાતે કોમળ અને પ્રિય લાગે તેમ બોલવું.

જમનાં—હાસ્તો. બોલીથીજ વહાલાં અને અળખામણાં કે મિત્ર ને દુશ્મન થવાય છે. આપણા લોકમાં કહેવત છે કે, શસ્ત્રનો ઘા તો કોઈ દહાડો રૂઝે પણ નઠારા-કટુ વચનનો ઘા કદીએ રૂઝતો નથી. થોડું મધુર ને વિવેક ભર્યું બોલવું એ તો અલબત એક વશીકરણજ છે.

સુમન—જમનાંભાભી ! પેલી કવિતાનું સાથે સાથે ઉદાહરણ આપો ને કે:—

સુવાક્યથી સ્નેહ સદૈવ વાધે, કુવાક્યના ઘાવ કદી ન રૂઝે;
પ્રજા જુઓ પોપટ ઘેર પાળે, સુખે સુઈ ઘુડ શકે ન માળે.

ચંદા—ખડખડાટ હસવું અને મોટેથી બોલવું કે રડવું એ સ્ત્રીજાતને શોભાવનારૂં નથી. એથી બીજાં માણસો નારાજ થાય છે અને સ્ત્રીજાતની સાથે રહેલી સુકુમારતાને લાંછન લાગે છે. સૌમ્ય વાણીવિલાસનું નામ સુકુમારતા; અને એજ આપણું સૌન્દર્ય છે. ઘાંટા કાઢવા, ઉતાવળે બોલવું, ખડખડાટ હસીને દાંત દેખાડવા અને ન શોભે એવું એલફેલ બોલવું, એ આપણો સ્ત્રીઓનો ધર્મ નથી એમ નાનપણથી કન્યાના મનમાં ઠસાવવું. શાસ્ત્રોમાં અને વર્તમાન લોકવ્યવહારમાં ગુણ ધારણ કરવાનો હંમેશ આપણને બોધ થતો રહેલો છે, માટે તે પ્રમાણે વર્તવું. નાનાં બાળકોને નાનપણથી તે પ્રમાણે વર્તવાનું શિક્ષણ આપવુ. મેઘદૂતની નાયિકાને કાલિદાસ કવિએ થોડાબોલી વર્ણવી તેના સૌન્દર્યમાં જે અલૌકિકતા આણી છે, તે થોડાક સહૃદય માણસોજ સમજે છે. ઝીણું ઝીણું ને થોડું મધુર બોલવાનાં વખાણ સાહિત્યશાસ્ત્રે સઘળે ઠેકાણે કરેલાં છે. કવિ દલપતરામે કહ્યું છે કે:—

“ વાંસો ઉદર ઉઘાડાં ન રાખીએ,
ઉંચે ઘાંટે ન કરીએ ઉચ્ચાર; અદબ શીખો એટલી. ”

જેમ મધુરભાષી થવું જોઇએ તેમ સ્ત્રીઓએ પોતાનાં અંગોનું ગોપન કરવાનું પણ શીખવું જોઇએ. કાચબો તેનાં અંગો જેમ પીઠના ઘુમ્મટમાં ઢાંકી રાખે છે તેમ વસ્ત્રથી સ્ત્રીઓએ પણ પોતાનાં અંગને ઢાંકી રાખવાં. કોઇ રીતે કોઇને ઉઘાડે અંગે દર્શન આપવું નહિ. આ મર્યાદા—રીત પણ નાની

બાળકીને તેમની માતાઓએ શીખવવો. હસવું, બોલવું, હરવું ફરવું અને સઘળો વ્યવહાર કરવો, પણ તે એવી રીતે કે, જેથી આપણી લાયકીમાં વધારો થાય. ચાલ પણ શીખવાની છે. એવી રીતે નહિ ચાલવું કે જેથી કોઇ હસે. ધીરાં ટુંકાં પગલે શાંત મને રસ્તાની સામે નજર રાખીને ચાલવું. થેકડા મારતાં સડફડ સડફડ કે ઉતાવળાં ચાલવું, એ સ્ત્રીઓને માટે સારૂં નથી. ગતિ પણ આપણો અલંકાર છે. કહે છે ને 'ગજ ગામિની' આ બધા ગુણોનાં મૂળબીજ બાળક છોકરીમાં વાવવાં, એ તેની માતાનો અને ઘરના સ્ત્રીવર્ગનો મુખ્ય ધર્મ છે.

આ પ્રમાણે સદ્ગુણોના સંસ્કારવાળી કન્યાએ પોતે પણ સમજણી થયા પછી માબાપ અને વડીલોની સૂચના પ્રમાણે અને પોતાને દેખાય તેમ ઘરનાં કામકાજમાં વિદ્યા ભણવામાં અને પોતાનાં નાનાં ભાઇબહેનને ઉછેરવામાં મન લગાડવું જોઇએ. માતા અથવા ઘરમાં જે વડીલ સ્ત્રી હોય તેની સાથે થોડું થોડું ઘરકામ કરતાં પણ શીખવું. વાળીઝુડીને બધું સાફ રાખવું, કપડાં લત્તાંને સંકેલીને ગોઠવવાં, વાસણ માંજવાં, સરસામાન હોય તો તે સાફ કરવો, પાણી ભરવું, પાટલા માંડવા, રસોઈ કરવી અને બિછાનાં પાથરવાં, વગેરે ઘરનાં પોતાથી થઈ શકે તેવાં કામમાં સાત આઠ વર્ષ થતાંજ કન્યાએ ભાગ લેવા માંડવો કે જેથી સાસરે જતાં, તે કામ કરતાં મુશ્કેલી નડે નહિ. જે માણસ કામગરૂ હોય છે તે દરેક માણસને પ્રિય થઈ પડે એ યાદ રાખવું. આપણા લોકમાં એક કહેવત છે કે, "કામ કર્યાં તેણે કામણ કર્યાં" તે લક્ષમાં રાખી, ઘરકામ કરવામાં પૂર્ણ માહિતી મેળવવી અને જરા પણ આળસ રાખવી

નહિ. ગમે તેવી સારી આવડ હોય પણ આળસ હોય તો તે તેને ખાઇ જાય છે. સારામાં સારી રસોઇ આવડતી હોય પણ રાંધવાની આળસ રાખે, તે માણસ શા કામનું ? આળસથી આખરે આવડ પણ નાશ પામે છે. વિદ્વાનોએ કહ્યું છે કે માણસના શરીરમાં આળસ મોટામાં મોટો શત્રુ છે, માટે કદી તેને વશ થવું નહિ. કામકાજ કરવામાં જે શીખવાનું છે તે એજ કે, તે સારૂં અને સત્વર થવું જોઇએ. કામ આવડતું હોય પણ આળસને લીધે ધીરાપણું હોય તો તે કંઈ કામનું નહિ. સ્ત્રીઓએ ખાસ કરીને બહુજ ચંચળ થવાનું છે. જેમ અમુક કાર્યનો પાર વહેલો આવે તેમ સારૂં, એવો આપણે બૈરાંએ નિશ્ચય રાખવો જોઇએ. પહેલા નંબરની રસોઈ આવડતી હોય પણ તે વખતસર થઇ શકતી ન હોય તો પછી સારી આવડ શા કામની ? સ્વભાવનાં ધીરાં, પણ કામનાં ઉતાવળાં થવું જોઇએ, અને નાનપણથીજ તેવો મહાવરો પાડવો. ધીરા, શાંત અને હસમુખા આનંદી સ્વભાવથી સ્ત્રીજાતિએ દરેક કામ ચપટી વગાડતામાં બજાવતાં શીખવું જોઇએ. એવી સ્ત્રીઓજ વખણાય છે. ભર્તૃહરિ રાજા ભેખ લઇને ભીખ માગવા ગયો ત્યારે તેની મોટી રાણી પિંગળાએ પોતાની ચંચળાઈ બતાવવા માટે કહ્યું હતું કેઃ—

" રહો તો રાજાજી ! રસોઇ કરૂં,
જમતા જાઓ જોગીરાજજી;
ક્ષીરરે બનાવું ક્ષણું એકમાં—જમીએ૦— "

મોટા રાજાની રાણી છતાં તે કેવી સરસ રસોઇ કરનાર અને કેવી ચંચળ હતી, તે આ ટુંકો ઉપરથી સમજાય છે.

કન્યાએ પોતાનાં માબાપે બતાવેલી નિશાળે નિયમસર જવું, ત્યાં સારી સારી છોકરીઓની સોબત કરવી, મહેતીજી કહે, તે ધ્યાનમાં રાખવું અને બારોબાર સીધે રસ્તે ઘેર આવવું. સવાર સાંજ નિયમ રાખી પાઠ વગેરે તૈયાર કરવા. ભણુવામાં ચિત્ત લગાડી રોજ નવી નવી બાબતો જાણુવાની ઈચ્છા કરવી. લખતાં કે વાંચતાં આવડે એટલે ભણ્યાં એમ સમજવું નહિ, પરંતુ જે ભણ્યાં હોઇએ તેનો ઉપયોગ કરતાં આવડે ત્યારેજ ભણ્યાં જાણુવું. 'ભુંડા ભુંડું ભાખતાં ખોટી ગાળો ખાય' એ કવિતા ભણુતાં મોઢે કરીએ અને મોટપણે ગાળાગાળી કરવામાં સામેલ થઇએ, ત્યારે તે ભણ્યું શા કામનું ? જુઠું બોલવું નહિ, જુઠું બોલનારની આવી ને તેવી વલે થાય છે એવા પાઠ વાંચ્યા, કવિતાના અર્થ કર્યા અને જ્યારે આપણે વાંકમાં આવ્યાં ત્યારે જુઠું બોલીએ, તો પછી ભણેલું કંઈજ કામનું નહિ. કન્યાએ ભણુતાં તેનો ઉપયોગ કરવાનું યાદ રાખવું અને તેના શિક્ષકોએ તથા માબાપોએ, તે જે ભણુતી હોય તે પ્રમાણે વર્તે એવી તેની ઉપર છાપ પાડવી. જ્યાં સુધી ભણુતરનો આવી રીતે વ્યવહારમાં ઉપયોગ થાય નહિ ત્યાં સુધી તે ભણુતર કહેવાય નહિ.

નિશાળમાં નિયમસર જઈ આ પ્રમાણે ભણુતાં જવું અને ઘર આગળ કામકાજનું શિક્ષણુ લેતાં રહેવું. પોતાનાં નાનાં ભાઇબહેન હોય તેમને ઉછેરવામાં માતાને મદદ આપવા માંડવી. નાના બાળકની સંભાવના કરવી, એ પણુ સ્ત્રીઓને માટે અવશ્યનું છે. કન્યાને માટે ઘરમાં જોઇએ તેટલું ભણુવાનું છે. રસોઇ કરવી, વસ્તુની ગોઠવણુ રાખવી, વસ્ત્ર અને

સરસામાન સાચવી રાખવો, આવકજાવકનો હિસાબ રાખવો અને બાળકોને ઉછેરતાં શીખવું એ બધું શિક્ષણ બહુજ ઉપયોગી છે. જેને નાનપણથી તેનો પરિચય પડેલો હોય તેજ મોટપણે તેમાં હોંશિઆર નીકળે છે. "કન્યા ને કણક જેમ કેળવાય તેમ સારૂં." એવી એક કહેવત આપણા લોકમાં કહેવાય છે. તેનો અર્થ એજ કે, કન્યાએ નાનપણથી બધી બાબતમાં ખુબ કેળવાઈ ઘરસંસાર ચલાવવાને તૈયાર થવું. સંસારમાં એવા અને એટલા બધા બારીક પ્રસંગો આવે છે કે જેમાં સ્ત્રીજાતને પોતાની કેળવણીનો ઉપયોગ કર્યા વગર ચાલતું નથી. પુરૂષને જે પ્રસંગ નથી આવતા તે સ્ત્રીઓને આવે છે; એટલે સ્ત્રીઓના ભણતરને માટે અમુક વિષયો છે અને તેટલા આવડે એટલે થયું, એમ ધારવું એ ભૂલ ભરેલું છે. તેને હરેક વિષયનો પ્રસંગ કોઇ વાર નહિ ને કોઇ વાર આવી પડે છે. મનુષ્યના જન્મથી મરણ સુધીના જીવનમાં પુરૂષોને બહુ થોડા વિષયોના સંજોગમાં આવવું પડે છે, પરંતુ સ્ત્રીઓને તો તેમાંના હરેક વિષયના સંજોગમાં એકાદ વાર આવવું પડે છેજ, કારણ કે, સંસારમાં આપણું પ્રાધાન્ય છે. વળી જે સૌજન્યને અંગે રહેલા જુદા જુદા ગુણો છે, તેનો ઉપયોગ કરવાના પણ બહુ પ્રસંગ આવે છે. સુજનતા દયા ઉદારતા સ્નેહ પરોપકાર ક્ષમા ધૃતિ શૌર્ય નિડરતા અને સંભાવના વગેરે ઉંચા ઉંચા ગુણો બતાવવાનો સ્ત્રીઓને ઘણો વખત મળે છે. કન્યા તરીકે, વહુ તરીકે, ગૃહિણી તરીકે અને માતા તરીકે તેમને અનેક કાર્ય બજાવવાનાં હોય છે, અને તેમાં તેમને ઉપરના ગુણો વારંવાર દેખાડવા પડે છે. જેમ ઉંચી જાતની સ્ત્રીઓ તેમ

સંસાર ઉંચો અને જેમ સંસાર ઉંચો તેમ માણસોનું આલોક અને પરલોક પણ ઉંચું અને સુખી સમજવું.

આગળ અગિયાર બાર અને હાલ પંદર સોળ વર્ષ કન્યાકાળને યોગ્ય ગણાય છે. આટલાં વર્ષોમાં કન્યાએ ભણતર ગણતર, કામકાજ અને ઉંચા ગુણોનું બધું શિક્ષણ લઇને તૈયાર થવું જોઇએ. ગણતરી કરતાં અનેક વિષયો થાય, પરંતુ જમનાંબહેન! તે શીખવાનો કાળ કંઇ ઓછો છે એમ ધારતાં નહિ. માબાપ શિક્ષક અને સહવાસ સારો હોય તો એ બધા વિષયો સપાટાબંધ શીખી જવાય. એક દીવો જેમ આખા ઘરને અજવાળું આપે છે તેમ સારાસાર વિવેકવાળી સમજણ બધા વિષયોમાં ઝપાટાબંધ સૂઝ પાડે છે. આવી રીતે સંસારને માટે તૈયાર થયેલી કન્યાઓનેજ આગળ પરણાવવામાં આવતી એ મેં તમને આગળ સમજાવ્યું છે. આપણા દેશમાં વચલા કાળમાં બાળક અને અશિક્ષિત કન્યાઓને પરણાવી દેવામાં આવતી અને તેઓ પછી પોતાનું કર્તવ્ય સમજ્યા વગર આસપાસ જેવો સંસાર જોતી તેવી રીતે વર્તતી. એ કાળ આજ જતો રહ્યો છે. આજ તો આજના કાળને યોગ્ય થવું જોઇએ. આપણે રિવાજને નામે હસવું આવે એવાં વર્તને વર્તવાને તૈયાર થઇએ છીએ, પણ એમ નથી વિચારતાં કે કાળની સાથે બધી વસ્તુઓ અને વાતો ફર્યા કરે છે. એક નાના બાળકનું ઝભલું તે પુરૂષ થાય ત્યારે તેને પહેરાવાય? આજ પ્રમાણે જુના વખતના રીતરિવાજ આપણાથી અત્યારે કેમ ચલાવી લેવાય? આવી બાબતો સારાસાર વિવેક બુદ્ધિ ખીલે ત્યારેજ માણસથી સમજાય, માટે કન્યાઓને એવી કેળવણી આપવી જોઇએ કે,

જેથી તેઓ સારૂં શું ને ખોટું શું? તે પારખી શકે.

આપણા દેશનો સ્ત્રીવર્ગ ઘણોજ અજ્ઞાન છે. ધર્મને નામે તેમની ઉપર પરંપરાથી એવા ખરાબ સંસ્કાર પડેલા છે કે જે, આપણી પ્રાચીન કાળની મોટાઇને લાંછન લગાડે છે. જ્યાં સારાસાર વિવેકની બુદ્ધિ નથી ત્યાં ખાલી ધર્મ દેખાડવો. તે ઢોંગ છે. દખણી બ્રાહ્મણોમાં પોતાની પવિત્રતા દેખાડવા માટે બ્રાહ્મણ ચાકર રાખવાનો રિવાજ દાખલ થયેલો છે. આપણા ધર્મની પરંપરા જોઇએ તો બ્રાહ્મણ સર્વ વર્ણને હંમેશ પૂજનીય ઉત્તમ વર્ણ છે. બ્રાહ્મણે ખૂન કર્યું હોય તોપણ તેને દેહાંત શિક્ષા કરવી નહિ એવી તેની પવિત્રતા દેવ સમાન ગણાતી હતી, તેમ છતાં તેને ઘરનાં હલકાં કાર્યોમાં શૂદ્રની માફક રાખનારા ધાર્મિક કહેવાય, એ વિવેકની તાણ નહિ તો શું? ધર્મને નામે ખરાબ વર્તણુકથી માણસ ચાલે એ શું સારૂં? આવી ઘણી બાબતો આપણામાં ઓછા જ્ઞાનને લીધે અને વિવેક કરવાની બુદ્ધિ નહિ હોવાને પરિણામે દાખલ થયેલી છે. આજ વિદ્યાનો પ્રચાર વધ્યો છે અને લોકો સારૂં શું તથા ખોટું શું? તેની તુલનાં કરવા શીખ્યા છે, માટે આપણે આપણી કન્યાઓને એવી કેળવણી આપવી, કે જેથાં તેઓ પોતાના સંસાર વ્યવહારમાં સારાસાર વિચારથી વિવેક કરીને વર્તવા શીખે.

માણેક—ધર્મને લગતી કેળવણી આપવાની બહુ અગત્ય છે એમ હાલ સર્વત્ર બોલાય છે.

ચંદા—હા. ધર્મની કેળવણી આપવીજ જોઈએ. ધર્મથી મનુષ્યો જીવનને ઉન્નત કરી શકે છે, પરંતુ તેમાં પણ સારા-

સાર વિવેક તો સમજવો જોઇએ. કર્તવ્ય, એ મુખ્ય ધર્મ છે. અને રિવાજ એ મંડળપરત્વે બંધાયેલો ધારો છે, માટે ધર્મ શું, તે મનુષ્યથી બરોબર સમજાવું જોઈએ. ધર્મ કર્તવ્ય અને રિવાજના સંબંધમાં માણેકબહેન ! હું તમને મેં નજરે જોયેલી એક વાત કહું તે સાંભળો.

એક વાર રાતે અમારા મહોલ્લામાં મોટો ઘોંઘાટ થયો. ઘણાં માણસો જાગ્યાં. પડપૂછ કરતાં મને જણાયું કે-મહોલ્લાની કુતરી એક બે બચ્ચાં આવ્યા પછી કષ્ટાય છે. લોકો તેને શિરો કરી ખવરાવવાને એકઠા થયા. મોટી લાગણીથી કોઇ લોટ લાવ્યું, કોઇ ઘી લાવ્યું, કોઈ ગોળ અને પાણી લાવ્યું, કોઈ કઢાઈ લાવ્યું, અને કોઇએ મારમારની ટાઢમાં ધ્રૂજતાં દેવતા સળગાવી શિરો શેકીને કુતરીની સારી રીતે સારવાર કરી. કેટલાક માણસો તો આખી રાત ઉંઘ્યા નહિ. સૌ એક બીજાની ધાર્મિક લાગણીને માટે એક બીજાને ધન્યવાદ આપવા લાગ્યા. આ બનાવ બન્યા પછી મહિને દોઢ મહિને અમારા મહોલ્લામાં એક બીજો બહુ ભયંકર બનાવ બન્યો. નવ દસ વાગ્યાને અમલે એક ભારેવાઈ ઢેયડી મહોલ્લામાં થઇને જતી હતી એટલામાં એક નવા બંધાતા ઘર ઉપરની પાટડી, મજુરોના હાથમાંથી છટકી તેની ઉપર પડી. તેનો એક પગ કચરાઈ ગયો, હાથ છુંદાઈ ગયો અને તરતજ કસુવાવડની કારી વેણો આવવા માંડી. મહોલ્લાના લોકો એકઠા થઇ ગયા. ત્રાસદાયક દેખાવ થઇ રહ્યો. માણસોની આંખમાંથી આંસુ નીકળે એવી તેણે ચીસો પાડવા માંડી. વાગવાને લીધે તથા કસુવાવડને લીધે તેને ઘોરની પીડા થવા માંડી હતી. શરીર ઉપરનાં લુગડાં ખસી ગયાં ને ઓત-

જોતામાં મરણનાં તરફડિયાં મારવા લાગી. એકઠાં થયેલાં પેલી કુતરીની સુવાવડ કરનારાં ધાર્મિક માણસોના હૃદયમાં દયાનું એકકે અંકુર ફૂટયું નહિ ! સૌ, 'હાય હાય મુઇ રાંડ' એમ કહી તેની તરફ તિરસ્કાર બતાવતાં ચાલી જવા લાગ્યાં. માણેકબ્હેન ! એ વખતનો દેખાવ ઓહો ! મારાથી તમને વર્ણવી પણ દેખાડાતો નથી એટલો દયાજનક હતો કે, રાક્ષસના હૃદયમાં પણ દયાની લાગણી થઇ આવે, છતાં અમારા મહોલ્લાના ઉંચા પવિત્ર વર્ણના ધાર્મિક માણસોના હૃદયમાં તેથી તિરસ્કાર સિવાય કંઇ પણ અસર થયેલી જણાઇ નહિ, ઢેયડી બિચારી બેભાન હાલતમાં આમથી તેમ તરફડિયાં મારતી બે ચાર વાર જમીન ઉપર લોટાઇ, પણ કોઈ તેની વહારે ધાયું નહિ, આખરે અમારા ઘરનો એક દુબળો ચાકર દયાના આવેશથી ઉશ્કેરાઇ જઇ 'ખહો મારી હહરીના રાક્ષીઓ' એમ કહી તેની મદદે ગયો અને એટલા તિરસ્કારથી આસપાસ ઉભેલાઓને મહેણાં મારવા લાગ્યો કે સૌ કોઇ નીચુ જોઇ જોઇને ત્યાંથી ચાલતી પકડવા લાગ્યા. એક મુસલમાન સિપાઇ આવ્યો તે આ બનાવ જોઇ ગાડી લેવા દોડયો પણ કોણ ગાડી આપે ? ગાડીવાનો ઉંચા પવિત્ર હિન્દુઓ ! આખરે અમારો દુબળો અને પેલો મુસલમાન ઝોળી કરી ઢેયડીને દવાખાનામાં લઇ ગયા. કહો, દયા ધર્મ કેવો ?

જમનાં બોલી ઉઠી કે, ચંદાભાભીજી ! આવા બનાવ ઘણાએ બને છે. હાય હાય, માણસ જાતને મદદ ન કરે, એ કેવો ધર્મ અને કેવી નિષ્ઠુરતા !

માણેક–જમનાંબહેન ! એમ ના બોલો. કોણ એવા મા-

ણુસને અડે ? અને નથીજ અડતાને !

જમનાં—હું તો તેમને ઉંચી વર્ણના તો શું પણ ઢોરોના વર્ગમાંએ મૂકું નહિ, લો થયું. નિખાલસ બિચારી જમનાં ઉશ્કેરાઇને હૃદયમાં જે હતું તે બોલી ઉઠી.

ચંદ્દા—જમનાંબહેન ! ઉશ્કેરાઈ ન જાઓ, એમાં કોઈનો દોષ નથી. આપણા પરંપરાના નઠારા રિવાજનો દોષ છે. ઉદાર કેળવણી આપવાના ધોરણ ઉપર શિક્ષણનો ક્રમ ચાલુ કરવો, એ એમાં મુખ્ય મુદ્દો છે, અહિં વર્ણને ચોંટી ગયેલી રૂઢીને લઇને માણસપણું ભુલાઈ ગયું, તેમ ન થાય, એવી કેળવણી આપવી જોઇએ, કે જેથી આવી બાબતોમાં પોતાનો શું ધર્મ છે, તે માણસ સમજી શકે. આપણે મુખ્ય વાતથી બહુ દૂર નીકળી ગયાં માટે હવે તેનો ઉપસંહાર કરીએ.

માણેક— ચંદ્દાબહેનનું કહેવું એમ છે કે, માણસને એવું શિક્ષણ મળવું જોઇએ કે જેથી તે પ્રસંગાનુસાર ખરૂં કર્તવ્ય શું છે, તે સમજી—જાણી શકે.

ચંદ્દા—હા એજ. કન્યાઓ કે જેમને આખા સંસારની ધુંસરી પોતાની કાંધ ઉપર લેવાની છે, તેમને એવી કેળવણી દરેક બાબતમાં આપવી જોઇએ કે, જેથી તેઓ જેવો વખત હોય તે પ્રમાણે વિચાર કરીને મનુષ્યપણાને શોભા આપે એવી રીતે વર્તી શકે.

કન્યાકાળને માટે ગમે તે વય યોગ્ય કહેવાતી હોય, પણ એટલું તો સંભાળવું જોઇએજ કે, તે પોતાના શરીરથી યોગ્ય છે કે નહિ. મનુષ્ય શરીરને લીધે બધી બાબતમાં સમર્થ

હોવું જોઇએ. ' પહેલું સુખ તે જાતે નર્યા ' એમ કહેવાય છે તે સંભાળાવું. કન્યા તેના શરીરથી વરવાને યોગ્ય થઈ હોય તો પરણાવવી, ઉતાવળ કરવી નહિ. નાનાં બાળકોને પરણાવી તેમને સંસારની શરીરને ખરાબ કરી નાંખે એવી, જંજાળમાં નાંખવાં નહિ. બધી બાબતોનો વિચાર કર્યા પછી માબાપોએ પોતાની કન્યાઓને તેમના જીવનની બીજી અવસ્થામાં મૂકવી જોઇએ. કન્યાની કેળવણીમાં માણેકબહેન! બધીજ વસ્તુઓનો સમાવેશ થઈ જવો જોઇએ.

પ્રકરણ ૧૭ મું.

સાસરવાસ.

બીજે દિવસે જમનાં અને માણેક ચંદાગોરીને ત્યાં આવ્યાં; પછી જમનાંએ પૂછયું કે, ચંદાભાભીજી ! કન્યાને કેમ ઉછેરવી અને તેણે પોતે કેમ શિક્ષણ લેવું, તે તમે કહ્યું, હવે સ્ત્રીઓની બીજી અવસ્થા જે સાસરવાસ ત્યાંથી માંડીને સ્ત્રીઓનાં કર્તવ્ય સાંભળવાની અમારી ઇચ્છા છે તે કહો.

ચંદાગોરી બોલી કે—જમનાંબહેન ! ખરેખરી કસોટીનો ને સારી સમજ વાપરી પારકાંને પોતાનાં કરી લેવાનો જે કાળ, તે સાસરવાસ છે. અને ત્યાંથીજ સ્ત્રીઓનો ભવ શરૂ થાય છે, એમ કહીએ તો ખોટું નથી. ઉમ્મરે આવી, પરણી સ્ત્રીધર્મ આવ્યા પછી કન્યાને વહુ તરીકે સાસરવાસ કરવાનું થાય છે. જે ઘરમાં જે કુટુબમાં જે સ્વતંત્રતામાં જે લાડમાં અને જે જાતનાં માણસમાં તે ચૌદ પંદર વર્ષ સુધી રહી અને ઉછરી હોય તેમની સોબત મૂકી તેને નવા ગામમાં નવા ઘરમાં અજાણ્યા કુટુંબમાં પરતંત્રતામાં બીજાંને લાડ લડાવવામાં અને નવી જાતનાં માણસોમાં જઈ ઘર કરવું પડે છે. અને ત્યાંજ તેના કન્યાકાળે લીધેલા સારા શિક્ષણની કસોટી થાય છે. આ અવસ્થામાં જેણે બરોબર નહિ વર્તવામાં ઠોકર ખાધી, તેનો ભવ બગડે છે, અને તે આખો જન્મારો કલેશકંકાસમાં અને ધક્કાપાટુમાં પુરો કરે છે. ઘણાં ઘર આ પ્રમાણે બગડેલાં જોવામાં આવે છે, માટે વહુ થઇને સાસરે જતાં પોતાને માથે જે જોખમદારી છે અને પોતાનું એક પણ ખોટું પગલું પો-

તાનો આખો ભવ બગાડવાને કેવું ભયંકર છે, તે સાસરે જનારીએ બરોબર સમજવું જોઈએ. લોકમાત્રનો એ તો સ્વભાવજ છે કે તાબેદારનું ન હોય ત્યાંથી દૂષણ શોધી કાઢવામાં આવે.

આપણા લોકમાં સાસરૂં એ એક એવું સ્થાન છે કે, જ્યાં ખરેખરી ખબરદારી રાખવામાં ન આવે તો પગલે ને પગલે ઠોકરો ખવાય. સાસરામાં, તે કુટુંબથી માંડીને બધાં માણસો કાં પડોસી કે કાં દૂરનાં અને કાં સગાં કે કાં સ્નેહી, સૌ નવી આવેલી વહુની ચિકિત્સા જોવામાં અને તેના દોષ શોધવામાં હમેશ મચ્યાં રહે છે. જુવાન વહુએ હરેક બાબતમાં સંભાળીને ચાલવું જોઈએ. કહેવત છે કે 'વહુ ફોડે તે કલાડાં ને સાસુ ફોડે તે ઠીકરાં.'

માણેક—ખરૂં છે. સાસરૂં તે સાસરૂંજસ્તો. કાશીનું કરવત અવળું એ વહેરે ને સવળું એ વહેરે. "સંસારદુઃખદર્શક" નાટકની ભણેલી ગણેલી, ડહાઈને ચતુર નાયિકા સાસરે ગઈ અને જતાંવાંત વિવેકથી નમન કરી રીતસર ધીરે અને મજેને સ્વરે જ્યારે તેનાં માતા પિતાના સમાચાર કહેવા લાગી ત્યારે તે પૂછવા તો રહ્યા પણ સામું તેની સાસુએ તેને તરછોડી નાંખી કહ્યું કેઃ—

(રાગ સીતાજીના મહિનાનો.)

કે'વા લાગી પ્રણામ જે વાર, મારાં માત તાતના;
બોલ્યાં વારૂ રે'વા દો એ વાત, અમારે શાં કામનાં.
ઝાઝી વાતો કર્યાની શી ટેવ, વહુવારૂ ના રાખીએ;
જેવું જેટલું હોયે કામ, વધુ નવ ભાખીએ;

હતી પેલી વેળા નાની બાળ, હવે તો મોટી થઈ;
મૂકો છોકરવાદીના નાદ, વેળા તે તો વહી ગઈ.

સુમન–માણેકભાભી! એ તો જાણે ઠીક પણ 'લાલતા-દુખદર્શક' નાટકની નાયિકા લલિતાએ બિચારીએ સાસરામાં જઈને પગ મૂકયો કે તરત તેનાં સાસુ નણંદે જે હાયપીટ કરી છે, તે યાદ કરોને! એથી તો બા તોબા!

જમનાં–હા. પણ એવું ઘેરેઘેર થાય છેને? સાસરૂં તે સાસરૂંજ. ખરેખર સંભાળી ચાલવાનું સ્થાન. એમાં તો લગારે ફેર નહિ.

સાસરિયાં સાથે કેમ વર્તવું.

ચંદા૦–સાસરે જતાં વહુ હોય તેણે પોતાનું બધું ડહાપણ બધી સમજણ અને બધા ગુણો એકવાર એક કોરે મૂકી સાસરિયાંને શું પસંદ છે, અને તેઓ કેમ રાજીખુશી રહે, તે જોઈ લઈ તે પ્રમાણે વર્તવું. એક બાબત આપણી સારી હોય, અને સાસરિયાંની તે સારી ન હોય તોપણ શરૂઆતમાં તેને સ્વીકારી લેવી અને જ્યારે આપણો પગ હેઠે અડે ત્યારે સૌને સમજાવી તે પ્રમાણે વર્તાવવાં પણ પહેલાં તો તેમનેજ અનુસરવું. માણેકબહેન! ગાંડાંને ડહાયાં કરવા વાસ્તે પહેલાં ગાંડા થવું જોઈએ હોકે?

માણેક–હાસ્તો. સુમતિવિલાસ પરકીયાનો ભોગી થયો, તો લીલાવતીને વિચારીને સ્વીયા મટીને પરકીયાનો વેષ લેવો પડયો!

ચંદા૦–અમે તેમ કરવું પડયું પણ તેને ઠેકાણે આણ્યોને?

માણેક—હાસ્તો.

ચંદા૦—સૌને ગમતી વાત સર્વે આગળ કરવી અને બીજાંને ગમતી વાત બીજાં આગળ કરવી, પણ કોઈ કોઈનું કોઇ કોઇને કંઈ કહેવું નહિ. આગળ પડીને કામ કરવું અને હાજી હા કરી સૌને ખુશખુશાલ રાખવાં. આપણા સુખ તરફ નહિ પણ તેમના સુખ તરફ નજર રાખી વર્તવું, અને આપણો બોલ ખરો કરવા ન જવું, પણ તેમનો બોલ ઉપર રાખવો, એટલે ગમે તેવું કપરું સાસરૂં હોય તોપણ સમાસ કરી શકાય.

લિંબુના પાણીની માફક સૌમાં મળી જઇ, નિરભિમાન થઈ પાણીથી પણ પાતળાં બની જઇ પગ ઘાલીને સાસરામાં રહેવું. સુખ દુઃખ મહેનત કે મોજ કશાનો વિચાર નહિ લાવતાં ઘર કરવાનો મુખ્ય વિચાર રાખવો. દુઃખ વેઠેલું આગળ જતાં સુખ નીવડશે, એમ જાણી જે પડે તે સહન કરવું, પણ કંટાળીને અતડાં રહેવું નહિ. સાસરાના દુઃખથી કંટાળીને પિયેર રહીએ પણ તે ક્યાં સુધી નીભે? વહેલાં કે મોડાં સ્ત્રીને સાસરામાંજ ઘર કરવાનું છે, માટે પહેલેથીજ તેમ કરવાનો હેતુ રાખવો. કોઇનાં સાચાં જુઠાં ન કરવાં, કોઇને કોઇની વાત કહેવી નહિ અને જેનું મુખ્ય ચલણ હોય તેનું મન જીતી લેવાનો ખાસ યત્ન કરવો. સાસરામાં ફસાવનારાં ખોટું ખરૂં સમજાવી લડાવનારાં અને ઘર ભંગાવનારાં ઘણાંક માણસ હોય છે, અથવા એમ કહીએ તોપણ ચાલે કે, અદેખાઇથી વહુને સુખ થતું જોવાને ઘરનાં પણ ઘણીવાર રાજી હોતાં નથી, તેથી તેઓ અનેક ગુલબાન ઉડાવી તથા પ્રપંચ ઉભા કરી તે બિચારીને પજવે છે. બધો વિચાર કરી દાંત તળે જીભ રાખી 'મારે

મારૂં ઘર કેમ કરવું ' એ વિચારને આગળ ધરી વર્તતાં વહુએ સાસરામાં રહેવું. સુખદુઃખની વાત પહેલાં તો પોતાના પતિને પણ કહેવી નહિ, કારણ કે, એમ કરવાથી કુટુંબક્લેશ થાય છે. આપણે ઘર કરવું પણ ઘરમાંથી જુદા થવાની બુદ્ધિ રાખવી નહિ. પતિનું મન હરી લઈ અથવા હરેક રીતે તેને આપણી તરફ વાળી લઇ જુદું ઘર કરીએ, એમાં બહુ મોટી વડાઈ નથી. પણ કુટુંબમાં ભેગા રહીને પતિનું સાસુસસરાનું અને નણંદ દિયરનું મન જીતી લઈ, ઘરમાંજ ઘર કરીએ, તેનું નામ ડહાપણ અને આપણું વહુવારૂનું પરાક્રમ.

જરા ચિઢાઇને માણેક બોલી કે– પણ બહેન ! એવાં દુઃખ વેઠી વેઠીને ક્યાં સુધી રહીએ ? મોટાં થઇએ છીએ તોય ઘરનાં તો મુઆં છિદ્રજ શોધ્યા કરે છે. વળી ભાયડો માવડિયો ને કાનનો કાચો હોય ત્યાં પેલી બિચારી શું કરે ?

સુમન–માણેકભાભી ! તમે ' સંસાર દુઃખદર્શક' વાંચ્યું છે ત્યારે પ્રિયવંદાએ જુદું નહિ રહેવાની તેના પતિને જે વિનંતિ કરી છે તે કવિતા વાંચી છે કે નહિ ?

જમનાં–એમણે તો વાંચી હશે કે નહિ પરંતુ મને તો તે સંભળાવો સુમનબહેન !

સુમન ચોપડી લઈ આવી ને બોલી કે, જુઓ ! જમનાંભાભી ! જેઠાણીના પ્રપંચથી ઘરમાં પ્રિયવંદાની સામે મોટો ખળભળાટ થઈ રહ્યો અને તેના વરનેએ તેની મા ભાભી ને બહેન વગેરે વારંવાર સંતાપવા લાગ્યાં, તેથી કંટાળી તેણે જ્યારે જુદું રહેવાની વાત પ્રિયવંદાને કરી ત્યારે પોતાને અત્યંત દુઃખ પડતું હતું તેમ છતાં તેણે પતિને કહ્યું કેઃ–

(મારૂં સોનાનું છે બેડું રે છેલ ૭૦)

ઓ પ્રાણજીવન ! મમ પ્યારા રે, મુગટમણિ માનો મારૂં;
નથી જુદું રે'વું જુગતું રે, દોષ અતિશે દેનારૂં.
છે લૌકિક રીત અલૌકિક રે, વર્ણું અઢાર કરે વાતો;
વિદવાને વિનતા વશ થઇ રે, પરહરિયાં આ માબાપો.
શે પા'ણુ પડયો નહિ પેટે રે, ધિક્ક પુત્રની આ વાતો;
વળી નાત જાતની રીતો રે, અણઘડ કેવી આજે છે.
કોઇ કાજે લૌકિક લાજે રે, માબાપો નહિ મન લેશે;
વળી ચર્ચાની વડી વાતો રે, કરીને સહુ ઠપકો દેશે.
બહુ ધીરજ ધરી તે માટે રે, સાંખો ખટપટ વૈરાંની;
છું અલ્પમતિ તમ દાસી રે, જેમ વાળો તેમ વળવાની.

જમનાં–માણેકબહેન જુદાં રહેલાં છે હોંકે ચંદા-ભાભીજી !

ચંદા–ભલે જુદાં રહેલાં હોય, એમાં શું ? માણેકને સંબોધી–માણેકબહેન ! તમે કહો છો તે વાત ખરી છે. આપણે મોટાં થઇએ છીએ તેમ છતાં પણ ઘરનાં ઘરડાં છિદ્ર શોધ્યા વગર રહેતાં નથી, પણ એ કંઈ આજનું છે, છેક રામાયણના સમયથી એવું ચાલ્યું આવે છે, એટલે જ્યાં સુધી બને ત્યાં સુધી સહન કરવું અને મઝિયારો ભાગવો નહિ.

જમનાં–રામાયણને સમયે એવું શું હતું, કહો તો ખરાં ચંદાભાભીજી !

ચંદા–સીતાજી સાસરે આવ્યાં, કેટલાંક વર્ષ રહ્યાં પછી ચૌદ વર્ષ વનવાસ ગયાં અને ત્યાંથી પાછાં આવ્યાં તોયે સાસરિયાં તો જે ને તેજ રહ્યાં હતાં. સીતાજી તે વખતે મોટાં થયાં

હતાં. રામચન્દ્રજીનાં માનીતાં બન્યાં હતાં અને રાજ્યનાં રાણી તથા કુટુંબનાં કરતાં કારવતાં બન્યાં હતાં, છતાં તેમનાં સાસુ કૈકેયીએ એકવાર વાતમાં ને વાર્તમાં કાલાંઘેલાં થઈ પેટમાં પાળી રાખી કહ્યું કેઃ–

'વહુ રે વહુ મારાં સરદાર વહુ, લંકા લખી દેખાડો કહું.'

સીતાજીએ તે ઉપરથી લંકા ચીતરી બતાવી એટલે કહ્યું કે–"વહુ રાવણ કેવો હતો ?"

સીતાજી બોલ્યાં કે–સાસુજી ! તેને તો મેં જોયો ન હતો પણ એક વાર એ મુઓ મારી ઉપર ગુસ્સે થઈ તરવાર ખેંચી મને મારવાને નજીક આવ્યો ત્યારે મારી આંખમાં ભરાયલાં આંસુ નીચે પડી બીજી વારનાં આંસુ આંખમાં ભરાઈ જાય તેટલામાં તેનો અંગુઠો મારી નજરે પડયો હતો.

કૈકેયીએ કહ્યું કે–એનો અંગુઠો કેવો હતો તે ત્યારે આલેખી બતાવોને ?

સીતાજીએ તે ઉપરથી રાવણનો અંગુઠો એક કાગળ ઉપર ચીતરી બતાવ્યો. વાત પતી ગયા પછી કૈકેયીએ અંગુઠા ઉપરથી આખો રાવણ ચીતર્યો ને તે કાગળ સીતાજીના અન્તઃપુરમાં મુકાવી એવી વાત ઉડાડી કે, 'સીતાવહુ તો એમના અન્તઃપુરમાં રાવણની છબિ રાખે છે.'

જમનાં–અરર ! સીતાદેવીને માટે એ ઘરડાં ખખ અપર સાસુએ એવી વાત ઉડાડી અને આવો પ્રપંચ કર્યો. બા ! ત્રાસ છે, આપણા લોકનાં સાસરિયાંથી તો !

ચંદા–આ ઉપરથી એમ કહેવાનું કે સાસરિયાં, પછી તે

સમજુ હોય કે નહિ, અને વહુ નાની હોય કે મોટી, પણ તેનાં છિદ્ર શોધે, એ જુના જમાનાનો આપણા લોકનો સ્વભાવ છે. માટે વહુએ બધી ખબડદારી રાખી તેમની વચ્ચે રહેવું અને જીભ જેમ બત્રીસ દાંતરૂપી દુશ્મન વચ્ચે રહેવા છતાં કોઇના સપાટામાં આવતી નથી, તેમ ચંચળાઈ અને કાબેલિયત રાખી વહુએ પણ કોઇના સપાટામાં આવવું નહિ. તેમ કૌટુંબિક મઝિયારો ન ભાગતાં તેમાં ને તેમાં પોતાનું ઘર કરી ભાર પાડી મોટાં ને માનીતાં થવામાં પોતાનું ડહાપણ વાપરવું. ઘણા લોકો અને કન્યાઓ એમ ઇચ્છે છે કે, સાસરામાં ઝાઝાં સગાં સંબંધી ન હોય તે સારૂં, પણ એ બહુ ખોટું છે. 'મોર પિંછે રળિયામણો' એ કહેવત પ્રમાણે જેમ મોટું કુટુંબ હોય તેમજ સારૂં. એવાં ક્યાંથી ધનભાગ્ય કે બહોળાં સંબંધી હોઇએ! બે ભાણાં હોય તે ખડખડે તો ખરાં, છતાં બહોળાં સંબંધી હોઈએ તેમાંજ મઝા છે અને એજ ઇશ્વર પાસે માગવું.

સુમન—જમનાંભાભી! કન્યાઓ માટેની અમારી ગરબાવળીમાં ઇશ્વરની પાસે એવીજ પ્રાર્થના કરવાની શિખામણ દીધેલી છે.

માણેક—બોલો જોઇએ, સુમનબહેન!

(મા પાવા તે ગઢથી ઉતર્યાં મહાકાળી રે.)

સંસાર વિષે સઉ સુખ, ઇશ્વર આપોને;
દિલડાનાં ટાળી દુઃખ, કુમતિ કાપોને.
સઉ સંબંધીમાં સંપ, ઇશ્વર આપોને;
વળી જીવમાં આપી જંપ, કુમતિ કાપોને.

કોડીલો રૂડો કંથ, ઇશ્વર આપોને;
વળી દર્શાવી શુભ પંથ, કુમતિ કાપોને.
ઘરડો સસરો ઘરમાંહિ, ઇશ્વર આપોને;
જેથી કલેશ ન ઉપજે કાંહિં, કુમતિ કાપોને.
સાસુ ગંગાજળ શુદ્ધ, ઇશ્વર આપોને;
ચાલું નહિ વચન વિરૂદ્ધ, કુમતિ કાપોને.
જશવંતો રૂડો જેઠ, ઇશ્વર આપોને;
ઠરવા મઝિયારો ઠેઠ, કુમતિ કાપોને.
દીયર દિલનો દરિયાવ, ઇશ્વર આપોને;
દેરાણી રાણીરાવ, કુમતિ કાપોને.
વળી નણંદ ને નણદોઇ, ઇશ્વર આપોને;
જીવમાં હું હરખું જોઇ, કુમતિ કાપોને.
વળી પુત્રીઓ ને પુત્ર, ઇશ્વર આપોને;
જેથી શોભી રહે ઘરસૂત્ર, કુમતિ કાપોને.

ચંદા–ત્યારે તો સુમનબા ! તમારાં ભાભીઓને પેલીએ કવિતા ગાઈ સંભળાવો.

સુમન–કયી ભાભી ?

ચંદા–સુંદરબાઇને તેનાં માબાપે દીધેલી શિખામણવાળી.

જમનાં–બોલો, બોલો, સુમનબહેન ! તમારાં મધુરાં મજેનાં પદ સાંભળીને તો અમે વારી જઇએ છીએ.

સુમન– (અચકો મચકો કારેલી.)

સુન્દરબાઇ ચાલ્યાં સાસરીએ, માબાપ શિખામણ દે છે બહેન !
લાજ વધારજો લાખેણી.
સાસુજી કહે તે સાંભળજો, કોઇશું વઢવાડ ન કરશો બહેન ! લાજ૦
સાખી રહેજો બોલ્યું સૌનું, અભિમાન ન અંતર ધરશો બહેન ! લાજ૦

ઘરમાં ને ઘરમાં ઘર કરીએ, પર ઘેર ઘણું નવ જઇએ બહેન ! લાજ
મેલાં ઘેલાં જ્યમ નવ રહીએ, ત્યમ બહુજ ઠઠારો ન કરીએ બહેન ! લાજ૦
કોઇ વાત કરે આપણી વાંસે, એવું ન કદી આચરીએ બહેન ! લાજ૦
જે સંપ સગાંથી તોડે છે, તે છેવટ હાથ ઘસે છે બહેન ! લાજ૦
જે સૌનું સારૂં ઇચ્છે છે, તેના દિલમાં દેવ વસે છે બહેન ! લાજ૦
તમે ભણ્યાં ગણ્યાં બહુ ડાહ્યાં છો, તમને ઝાઝું શું કહીએ બહેન ! લાજ૦

માણેક—વાહ વાહ ! સુમનબહેન ! વાહ ! તમે પણ ઠીક અનુપ્રાસો વચમાં વચમાં કરાવતાં જાઓ છો હો.

જમનાં—એથી આપણને વાતમાં બહુ મઝા પડે છે. ચંદાભાભીજી કહેતાં હતાં કે, ગમત સાથે જ્ઞાન આપવાની હમણાં કેળવણીખાતામાં ભલામણો થાય છે તે આનું નામજ !

ચંદા—માણેકબહેન ! એકલી શિખામણ માણસને સાંભળવી ગમતી નથી અને તે દૃષ્ટાંત તથા કવિતાનાં ચટકાં વગર સચોટ અસર પણ કરતી નથી. આવી આવી કવિતાઓથી અને ઇતિહાસનાં ઉદાહરણોથીજ, સાંભળનારને કંટાળો આવ્યા વગર શિખામણનો યથાર્થ બોધ કરી શકાય છે. આવી પદ્ધતિઓજ હાલ બધે પસંદ કરાતી જાય છે.

માણેક—અલબત, આથી વિનોદ અને શિખામણ બેઉ મળે છે.

ચંદા—આ પ્રમાણે સાસરૂં કપરૂં છે, માટે વહુએ સૌથી મોટામાં મોટો ગુણ જે ક્ષમા, તે અવશ્ય ધારણ કરવો. ક્ષમાથી જગત જીતાય છે. કાં પુરૂષ કે કાં સ્ત્રી સૌને ક્ષમા ભૂષણ રૂપ છે.

ક્ષમા—કોઈના પણ અપરાધને સાંખી જવો અને તેને

માફી આપવી તે ક્ષમા. આપણો દોષ કાઢે, આપણને ઠપકો દે, ન ઘટે તેવાં વચન કહે કે સંતાપે, પણ તેની ઉપર ક્રોધ કરવો નહિ અને ક્ષમા રાખી બધું ગળી જવું. પોતે બધી બાબતમાં નિરભિમાન રહી કોઈનો દોષ ન જોતાં, સૌને ક્ષમા કરવી. વર, સાસુ, સસરો, દિયર, જેઠ, નણંદ, પડોસી અને છેવટ ચાકરનફર હોય તો તેને પણ ક્ષમાગુણ રાખી માફી આપવી. આ ગુણથી આપણે સ્ત્રીઓ મોટામાં મોટી સાંસારિક ફતેહ મેળવી શકીએ છીએ. ક્ષમા પૃથ્વીનો ગુણ છે અને તે સ્ત્રીઓમાં અવશ્ય હોવો જોઇએ. પૃથ્વીને લોક ગમે તેમ ગુંદે છે, ગમે તેમ વાપરે છે, તેની પર ચાલે છે, તેને ખોદે છે. તેને ગંદી કરે છે, પણ તે કંઈ ગુસ્સે થાય છે ? નહિ. એજ પ્રમાણે વહુએ સાસરામાં રહેવું અને સર્વને પોતાના ક્ષમા ગુણથી જીતી લેવાં. પાંડવો વનવાસમાં રહેલા હતા તેવામાં દુર્યોધનની ઉશ્કેરણીથી તેના બનેવી સિંધુ દેશના રાજાએ, વનમાં જઈ ઝુંપડીમાં કોઈ પુરૂષ ન હતો ત્યારે દ્રૌપદીનું હરણ કર્યું હતું. શિકાર ઉપરથી પાછા આવતાં ને દ્રૌપદીનું હરણ થયેલું જાણતાં, તેઓ પાછળ દોડ્યા. જયદ્રથને પકડી બાંધી દ્રૌપદીને છોડાવ્યાં. એ વખતે ભીમસેન બહુજ ક્રોધે ભરાયા હતા અને જો દ્રૌપદી વચ્ચે પડ્યા ન હોત, તો તે તેને મારી નાંખત. દ્રૌપદીએ, તેણે પોતાનું હરણ કરવા છતાં, તેને ક્ષમા આપી ભીમસેનને કહ્યું કે, " ભીમસેન! એના દુષ્ટ કામ સામું ન જોતાં એને માફી આપી જવા દો. એણે મારો અપરાધ કર્યો છે, પરંતુ મારે તે માફ કરવો છે. એ દુષ્ટ થયો છતાં મારે એના જેવું થવું નથી. ગમે તેવો છે તોપણ એ મારો નણદોઈ

છે અને એને શિક્ષા કરાવીને મારે પાછું મારી નણંદની સામે જોવાનું છે, માટે મુઓ જવા દો. એ થયો એવાં મારે થવું નથી. ”

ક્ષમાએજ સામાનું મન જીતી લેવાય છે અને ક્ષમાએજ સૌને વહાલાં અને પ્રેમપાત્ર બનાય છે. રાજા દુષ્યંતે પોતાને થએલા સંમોહથી ગર્ભવતી શકુંતલાનો, ‘ પોતે પરણ્યો નથી અને પોતે કંઈ જાણતાએ નથી ’ એમ કહીને ત્યાગ કર્યા પછી, તે બિચારી છોભી પડી વનમાં ગઈ ત્યાં પુત્ર થયો અને મહા મહા દુઃખ પડચાં તે વેઠચાં. સંમોહ ટળી ગયા પછી, પોતાના અપરાધને લીધે શકુંતલાને અપમાન થયું અને દુઃખ પડયું, તે સંભારી રાજાએ શોક કર્યો. એક વાર ઈન્દ્રને ત્યાંથી આવતાં વનમાં તેને શકુંતલાનો મેળાપ થયો. રાજા તેને દુઃખી અવસ્થામાં જોઇ ગળગળો થઈ ગયો અને તેને પગે પડી બોલ્યો કે, “ સુતનુ ! મને તે વખતે સંમોહ થયેલો હતો તેથી મેં તમને ઓળખ્યાં નહિ. મારા અપરાધને લીધે તમને મોટું અપમાન અને બહુ દુઃખ વેઠવાં પડચાં, માટે મને ક્ષમા કરો. સંમોહથી ઘેરાઈ ગયેલો માણસ, આંધળાની માફક પોતાના કંઠમાં આવી પડતી પુષ્પની માળાને સર્પની શંકાથી નાંખી દે છે, તેમ મેં તે વખતે તમારો ત્યાગ કર્યો, તેથી મને બહુ શોક થાય છે. ” રાજાના દોષને લીધે પોતાને મોટું અપમાન અને લાંછન લાગવા જેવું થયું હતું, વનમાં પાર વિનાનાં કષ્ટ વેઠવાં પડચાં હતા, છતાં શકુન્તલાએ તે બધું માફ કરી પોતાની ક્ષમાશીલતાથી રાજાને કહ્યું કે, “ ઉઠો ઉઠો, આર્યપુત્ર ! ઉઠો. આમ શું કરો છો ! પગે પડી સામી મને પાપમાં

નાંખો છો, ઉઠો. પુણ્યફળમાં આડે આવનારાં મારાંજ પૂર્વ-જન્મનાં કોઈ પાપ હશે કે જેથી એમ થયું, નહિ તો આપ તો દયાળુ અને ઉદાર હૃદયના મહાત્માજ છો. આર્યપુત્ર! તમારો એમાં લેશ માત્રે દોષ નથી."

શકુન્તલાનાં આવાં ક્ષમાશીલ વચનોથી રાજા ગળગળો થઇ ગયો. પછી માનભેર તેને નગરમાં લઇ જઇ પટરાણી પદે સ્થાપી. જમનાંબહેન! સ્ત્રીઓએ આમ ક્ષમાગુણ રાખી સાસરિયાનાં મન જીતી લેવાં જોઇએ, કે જેથી આખો જન્મારો સુખમાં જાય.

ચંદા—માણેકબહેન! પારકે ઘેર જઇને રહેવા માટે ક્ષમા ઉપરાંત દયા સહનશીલતા, મોટું પેટ અને એવાજ બીજા ઉત્તમ ગુણો સ્ત્રીઓએ રાખવા જોઇએ. ક્ષમાની માફક દયાગુણ પણ સ્ત્રીઓમાં આગળ પડતો હોવો જોઇએ. એક રીતે કહીએ તો દુનિયામાં એ ગુણ પણ આપણો પોતાનોજ છે. જગતનું પરિપાલન થવાને પરમેશ્વરે એ ગુણ આપણામાં મૂકેલો છે. જય જુઓ ત્યાં ગરીબનું પોષણ સ્ત્રીઓથી થાય છે. સ્ત્રીઓ વગર બાળકો અને ગરીબ માણસો જીવી શકે નહિ શાસ્ત્રમાં સ્ત્રીને જગતની માતા કહેલી છે, તે તેના દયાગુણને લીધેજ. દયા વગર લોકનો વ્યવહાર ચાલતો નથી અને દયા વગર ધર્મ પણ ઉભો રહેતો નથી. તુલસીદાસ કવિએ દયાને ધર્મનું મૂળ કહ્યું છે.

માણેક—હા. મેં એ દુહો ટેલ નાંખનારાઓને મોઢે નાનપણમાં સાંભળેલો છે. એવા નાના નાના દુહાઓ કેવું મોટું શિક્ષણ પ્રજાને પુરૂં પાડે છે. ટેલ નાંખનારાઓ સવારના પહો-

રમાં એ શિખામણનું ટુચકું બોલે છે તે હું તો ધારૂં છું કે. દરેક સાંભળનારના હૃદયનાં ચોંટી જતું હશે.

ચંદા—હાસ્તો. એ આપણામાં એક જાતનાં પ્રજાકીય લૌકિક સત્યનાં શિક્ષણો છે.

જમનાં—એ કયો દુહો ?

સુમન—જમનાંભાભી ! એ તમે નથી સાંભળ્યો ? શિયાળામાં ઘણીએ વાર ટેલિયા મહોલ્લાઓમાં તેની ટેલ નાંખે છે. તે આ પ્રમાણે છેઃ—

दया धर्मको मूल है, पाप मूल अभिमान;
तुलसी दया न छोडीए, जबतक घटमें प्रान.

જમનાં—હા. આ દુહો તો મેં ઘણીએ વાર સાંભળ્યો છે.

ચંદા—ત્યારે તેમાંજ દયા એ ઉંચામાં ઉંચો ગુણ છે, એમ કહ્યું છે. ‘ અભિમાન પાપનું મૂળ છે અને દયા ધર્મનું મૂળ છે, માટે જ્યાં સુધી જીવમાં જીવ હોય ત્યાં સુધી કદી પણ દયા છોડવી નહિ, ’ એવી તુલસીદાસ કવિ પ્રજાને શિખ આપે છે. ફૂલ હોય તે જેમ કોમળ હોય, તેમ સ્ત્રી હોય તે પણ દયાળુજ હોય. સ્ત્રીઓમાં દયા ન હોય તો છોકરાં ઉછરે નહિ, અને ભિક્ષુકો, અતિથિઓ, ગરીબો અને ધર્મ ઉપર આજીવિકા કરનારાઓ નીભે નહિ. સ્ત્રીઓજ તેમના દયાળુ સ્વભાવથી તેમનું પોષણ કરે છે. એ ગુણજ તેમને જગતની માતાની ઉપમા અપાવરાવે છે. પોતાને ગમે તેવું દુઃખ દેનાર હોય, તેની પ્રત્યે પણ સ્ત્રીઓ કદી નિષ્ઠુર થતી નથી, એજ સ્ત્રીઓનો ઉંચામાં ઉંચો ગુણ જગતે ગાયેલો છે. વિદર્ભરાજાની પુત્રી અને નૈષધ દેશના રાજાની પટરાણી દેવી દમયંતીએ,

પોતાને અનેક રીતે પીડનાર, ને કલેશ કરાવનાર કલિયુગને પણ પરિણામે જ્યારે તે છતો થયો, ત્યારે દયાથી છોડી મુકાવ્યો હતો.

જમનાં-ચંદાભાભીજી! વાતમાં ને વાતમાં તમે કેટલીક કથાઓનાં દૃષ્ટાંત આપો છો, તે થોડાં ઘણાં તો હું સમજું છું. પરંતુ હવે મારી ધીરજ જતી રહી છે, માટે કહું છું કે, એવી કથાઓ જરા વિસ્તારથી કહો તો સારૂં.

સુમન-પણ પેલી મુખ્ય વાતનું છેટું પડી જાયને ભાભી?

જમનાં-ભલે તેમ થાય, પણ હવે તો હું એવી કથાઓ જરા વિસ્તારથી સંભળાવાનો આગ્રહ કરીશ.

ચંદા-જમનાંબહેન! એમ કરવાનો મૂળથીજ મારો હેતુ હતો, પરંતુ સુમનબ. કહે છે તેમ, ચાલુ શિખામણની ધારેલી અસર ન થાય, એવા ભયથી ટુંકામાંજ દૃષ્ટાંત આપતી રહું છું. તમે વિસ્તારથી કથાઓ સાંભળવાની ઇચ્છા કરો છો તો ભલે, વખતે તેમ કરીશું, પરંતુ તમે પાછાં મૂળ વસ્તુને ભુલી જતાં નહિ.

માણેક-હા, એમ કરશો તોજ મૂળ વાતનું વજન ચાલુ રહેશે. વાતની વાત શિખામણની શિખામણ અને પુરાણની મજેની કથાઓની કથા સાંભળવાનો તેથી લાભ થશે.

ચંદા-ભલે, એમ છતાં બહુ વિસ્તાર તો નહિજ કરીએ. કથાનો પ્રસંગ પુરેપુરો કહીશું, કે જેથી તે આખી કથા જમનાં બહેનના લક્ષમાં રહે

જમનાં-બસ, એજ મારૂં કહેવું છે.

પ્રકરણ ૧૮ મું.

દમયંતીની કથા.

પૂર્વે વિદર્ભ દેશના રાજા ભીમકને એક ઋષિના વરદાનથી ત્રણ કુંવરો ઉપર અત્યંત રૂપાળી એક કુંવરી થઇ હતી. ત્રણે લોકના રૂપમદને દબાવી દે એવી બહુજ રૂપાળી તે કન્યાનું નામ દમયંતી પાડવામાં આવ્યું હતું. રાજવૈભવી લાડકોડમાં ઉછરતાં જેમ જેમ તે મોટી થતી ગઈ તેમ તેમ શુક્લ પક્ષના ચંદ્રમાની માફક તેનું રૂપ વધારે ખીલતું ગયું. ભીમક રાજાએ તેના રૂપને યોગ્ય કેળવણી આપવાને વિદ્વાન ગુરૂઓ રાખ્યા હતા. ધર્મ નીતિ, વ્યવહાર અને બીજી સર્વ સાધારણ કેળવણી લેતાં દમયંતી ઘણી વધારે મનોહર બની. રૂપના જેવાજ ઉંચા ગુણોનો ઉદય થતાં રાજકુટુંબમાં તે સૌ કોઇને બહુ વહાલી લાગવા માંડી. કન્યાઓ સાથે ખેલતાં બંધુજનો સાથે વાતચીત કરતાં અને વડીલોની સાથે મર્યાદાથી વર્તતાં તે સૌનાં મન હરી લેવા લાગી. આ પ્રમાણે સુખવૈભવમાં ઉછરતાં તે કન્યાકાળમાં આવી. સમાણી સખીઓ સાથે રાજમહેલના પ્રમદવનમાં અને કોઈ વાર કુંડિનપુરની બહાર આવેલાં રાજ–ઉદ્યાનોમાં તે વિનોદને માટે હરવા ફરવા ને ખેલવા જવા લાગી. બાળક સ્વભાવ ધીરે ધીરે દૂર થયો અને કન્યાને યોગ્ય ગાંભીર્ય ધીરજ અને લજ્જા વગેરે ગુણો તેનામાં આવતા ગયા. વળી વર સંબંધીના વિચારો પણ ધીરે ધીરે

તેના મનમાં ઉત્પન્ન થવા લાગ્યા. સમાણી સખીઓએ તેને વધાર્યાં.

એક વાર વસંતઋતુમાં દમયંતી તેની સખીઓ સાથે નગર બહાર આવેલા એક મોટા ઉદ્યાનમાં ગમત મેળવવાને ગઈ. ત્યાં એક નાના સરોવર ઉપર કેટલાક હંસો રમતા અને કલરવ કરતા તેના જોવામાં આવ્યા. દમયંતી તેમની તરફ ગઈ એટલે હંસો સરોવરના તીર ઉપરના એક ચંપાના ઝાડ ઉપર જઇ બેઠા. તેમને કંઈક બોલતા સાંભળી તે સાંભળવાને એક લતાને ઓથે તે ઉભી રહી હંસોના ટોળામાં એક મોટો અને બહુજ રૂપાળો હંસ હતો. દમયંતીને જોઇ તે નૈષધ દેશના રાજા નળનાં વખાણ કરવા લાગ્યો. સાંભળનારને મોહ ઉત્પન્ન કરે એવાં તેણે રાજાનાં બળ, પરાક્રમ, વિદ્યા, વૈભવ અને દેવલોક સુધી ગવાતી તેમની કીર્તિનાં વખાણ કરી છેવટ નિઃશ્વાસ મૂકતો હોય તેવા અવાજે જણાવ્યું કે, 'ઓહો! ઈશ્વર! આવા સુંદર રાજાને માટે તેં રાણી સરજી નહિ. એ શું કર્યું? આખા ત્રિભુવનમાં ફરતાં ક્યાંહિ પણ નળરાજાને યોગ્ય નારી મારા જોવ માં આવી નહિ. ઓહો! શું રાજાનો વૈભવ! શું સ્વરૂપ, કેવા દેવતાઈ ગુણો અને કેવી અશ્વવિદ્યામાં ચતુરાઇ!'

આટલું બોલી હંસ બીજી તરફ ઉડી ગયો. દમયંતી તે કંઈક વધારે બોલે એમ ઇચ્છતી હતી, પરંતુ તેની એ ઈચ્છા પૂર્ણ થઈ નહિ. નળરાજાનો તેને ખરેખરો મોહ લાગ્યો તેણે હંસને પકડી તેને વધારે હકીકત પૂછવાનો વિચાર કર્યો. લતામંડપની બહાર નીકળી કમળ જેવાં વિશાળ લોચને તે

આમ તેમ જોવા લાગી. હંસ તેને વધારે આતુર બનાવવાને એક ગમથી બીજી ગમ અને એક ઝાડ ઉપરથી બીજા ઝાડ ઉપર ઉડી ઉડીને જવા લાગ્યો અને દમયંતી તેની પુંઠે પુંઠે ફરવા લાગી.

માણેક—હંસે રાજાને વચન આપેલું એટલે યુક્તિઓ કરેસ્તો.

ચંદા—જમનાંબહેન ! જે વખતે દમયંતી કન્યાકાળમાં આવી હતી તે સમયે નૈષધ દેશમાં વીરસેન રાજાનો પુત્ર નળ પણ ભરજુવાન વયમાં ગાદીએ બેઠો હતો. એક વાર નારદજી તેની રાજધાનીમાં ગયા અને રાજાએ—એકલાએ તેમનુ આતિથ્ય કર્યું. ત્યારે નારદજીએ પૂછ્યું કે 'પટરાણી દીસતાં નથી તે, કહોની કારણ શું છે ?' રાજાએ કહ્યુ કે 'મારે યોગ્ય કન્યા હોય તો બતાવો.' નારદજીએ ઉત્તર આપ્યો કે, વિદર્ભ રાજકુંવરી દમયંતી ત્રિભુવનમાં સર્વોત્તમ કન્યા છે, અને હરિ–ઇચ્છા હશે તો હવે થોડાજ વખતમાં હું ફરીને તમ દંપતીને આશીર્વાદ દેવાને આવીશ. આમ કહી રાજાના મનમાં દમયંતીનો પ્રેમ પરોવી નારદજી વિદાય થયા.

દમયંતી સંબંધી વિચારમાં તલ્લીન થઇ ગયેલા મનવાળા નળરાજા પછી પોતાના પ્રમદવનમાં બેસી વિનોદ શોધતા હતા એટલામા, કેટલાક હંસો ને હંસીઓ જોવામાં આવ્યાં. રાજાએ ટોળામાંના મુખ્ય હંસને પકડી લીધો અને તેણે દમયંતી મેળવી આપવાનું રાજને વચન આપી પોતાનો છુટકારો મેળવ્યો. એજ હંસો જમનાંબહેન ! પછી કુંડિનપુર ગયા અને તેમાંનો વડો હંસ દમયંતીને નળરાજાની એવી રઢ લગા-

ડવા માટે તેમનાં વખાણ કરવા લાગ્યો, સમજ્યાં કે નહિ ?

જમનાં–હવે વાત બરોબર મળી. પછી દમયંતીએ તેને પકડયો કે નહિ ?

ચંદ્રા–હંસને પકડાવું તો હતુંજ, પરંતુ થોડીવાર દમયંતીને આતુર બનાવી પછી પકડાયો. રાજકુંવરીએ તેને પોતાની સામે બેસાડી નળ રાજાની હકીકત પૂછી અને હંસે તે એવી તો સારીરીતે કહી કે, દમયંતીને તેની લ્હે લાગી રહી. પોતાને નળરાજા મેળવી આપવા માટે હંસને કરગરવા લાગી. તેની આતુરતા જોઈ હંસે પછી કહ્યું કે, બહેન ! તું બેફિકર રહે. હું તને જરૂર નળરાજા મેળવી આપીશ. તેમને તારી એવી રઢ લગાડીશ કે તનેજ પરણે.

'ત્યારે જલદી જા વીરા ' એમ કહી દમયંતીએ તેને મૂકી દીધો એટલે હંસ ઉડી ગયો. નળ ને નળ સંબંધી વિચાર કરતી તે પોતાની સખીઓ સાથે રાજમહેલમાં ગઇ. સુખવૈભવમાં, સ્નેહીજનોમાં અને બાળપણથી પ્રિય બહેનપણીઓમાં પણ, નળની તાલાવેલી લાગ્યા પછી તેને ચેન પડયું નહિ. તેની એ સ્થિતિ રાજમાતાથી સમજાઈ અને તેની સખીઓએ અનુપૂર્તિ આપી તેથી તેમણે તેના પિતાને કહી વહેલો વહેલો સ્વયંવર રચવાની ગોઠવણ કરાવરાવી.

જમનાં–આપણામાં પૂર્વે એ બહુ સારો રિવાજ હતો. હાલ તો માબાપ જેનો હાથ પકડાવે તેનો પકડાય.

માણેક–સ્વયંવરનો રિવાજ રાજા રજવાડામાં હતો. પ્રજાજનોમાં તો માતપિતાજ વિવાહનું કાર્ય કરતાં, પણ એ-

ટલું ખરૂં કે તેઓ કન્યાની સંમતિ લેતાં અને તેને મોટી થયા પછી પરણાવતાં. હાલ એટલું થાય તો બસ છે.

ચંદા—કુંડીનપુરમાં ભભકાબંધ સ્વયંવર રચાયો ને દેશે-દેશના રાજકુંવરો દમયંતી પરણવાને આવ્યા. પૃથ્વી ઉપરના રાજાઓ માફક દેવલોક પણ તેના સ્વરૂપનાં વખાણ સાંભળી સ્વયંવરમાં આવ્યા. ઇન્દ્ર, યમ, અગ્નિ અને વરુણે નળ પાસે જઈ કહ્યું કે, હે સત્યવાદી રાજા ! તમે અમારા દૂત થઈ દમયંતી પાસે જાઓ, અને તેને અમને વરવાનું કહો. નળરાજા દેવલોકનું કાર્ય કરવાને દમયંતીના મહેલમાં ગયા અને તેને કહ્યું કે, ' પૃથ્વી ઉપરના મર્ત્ય રાજાઓ કરતાં ઇન્દ્રાદિ દેવતાઓ પસંદ કરવા યોગ્ય છે માટે હે દમયંતી ! તમે એમને પસંદ કરો. ' દમયંતીએ કહ્યું કે ' મેં તો મારૂં મન નળરાજાને આપી દીધું છે. મારો સંકલ્પ ફરી શકે તેમ નથી. '

જમના—દમયંતીએ એમને ઓળખ્યા નહિ ?

ચંદા—ના. તેણે કયારે જોયેલા કે ઓળખે ? તેમના ગયા પછી દમયંતીના જાણવામાં આવ્યું કે 'તે નળરાજા હતા' ત્યારે તેને એમના સત્યવાદીપણા માટે મોટું માન અને વધારે મોટો પ્રેમભાવ ઉત્પન્ન થયો. પછી નક્કી કરેલે દિવસે સ્વયંવર ભરાયો અને સભામંડપમાં સર્વે રાજકુમારો મોટા ઠાઠમાઠથી આવીને બિરાજ્યા. ઇન્દ્ર, અગ્નિ, વરૂણ અને યમ, દમયંતી નળરાજાને વરવાની છે એવી વાત જાણતા હોવાથી નળનો વેષ લઇ સ્વયંવરમાં આવી બેઠા. દમયંતી હાથમાં વરમાળ લઈ સ્વયંવર મંડપમાં ગઇ, પરંતુ એક નળને ઠેકાણે પાંચ નળને જોઇ વિસ્મય પામી. કોને વરમાળ આરોપવી તે

સમજી શકી નહિ. તેણે પછી દેવતાઓની સ્તુતિ કરીને કહ્યું કે ' હે દેવતાઓ ! મને વિભ્રમમાં નાંખવા છતાં પણ હું મારા સત્ય સંકલ્પથી ચલાયમાન થવાની નથી, માટે મારો દોષ હોય તે ક્ષમા કરી મને મારા પ્રિયતમને ઓળખાવો. ' દેવલોક તેના સત્ય સંકલ્પથી પ્રસન્ન થઇ અંતર્ધાન થઈ ગયા, અને પ્રસન્ન મને દમયંતીએ પછી નળરાજાના કંઠમાં વરમાળ પહેરાવી. કુંડિનપુરમાં વિવાહનાં વાદિત્ર વાગ્યાં અને અન્યોન્ય ઉપર પૂર્ણ અનુરક્ત થઈ રહેલાં નળ દમયંતી પરણ્યાં.

નગરલોક અને સ્વયંવરમાં આવેલા બ્રાહ્મણો તથા ઋષિઓ નળ દમયંતીની જુગતી જોડી બંધાઈ તેથી પ્રસન્ન થઈ તેમને આશીર્વાદ આપવા લાગ્યા. રાજકુળમાં આનંદ વ્યાપી રહ્યો અને ભીમક રાજાએ પોતાની લાડકી કુંવરીને મોટી પહેરામણી આપી ધામધુમ સાથે નૈષધ દેશ તરફ વળાવી. પોતાના મોટા સાજ સાથે ઈન્દ્ર ઇન્દ્રાણીની માફક રાજારાણી પોતાના પુર તરફ પ્રયાણ કરતાં હતાં એટલામાં દમયંતીને વરવા જતો કલિયુગ તેમને સામો મળ્યો. " દમયંતી નળરાજાને વરી " એવું સાંભળી તેને દ્વેષ ભરાયો. દુષ્ટ સ્વભાવનું માણસ હમેશ પારકાનું સુખ અને સૌભાગ્ય જોઇને બળી જાય છે, તેમ કલિજુગને થયું. તે ત્યાંથી પાછો ફર્યો અને હરેક રીતે નળના મનમાં નઠારા વિચારો દાખલ કરી દમયંતીને દુઃખી કરવાના યત્ન કરવા લાગ્યો. નૈષધપુરમાં રાજારાણી નાના પ્રકારનાં સુખ અને વૈભવમાં રહેતાં હતાં, તે જોઈ, કલિને નિરંતર શોક થતો. કેવી રીતે નળના મનને ભમાવવું તેની તે વાટ જોયા કરતો હતો.

જમનાં–કલિજુગ પછી કેવી રીતે નળમાં દાખલ થયો?

ચંદા–જમનાંબહેન! કલિ એટલે અસદ્વિચાર અને અસદ્વિચાર જ્યારે મનુષ્ય અધર્મી થાય છે ત્યારેજ તેના મનમાં દાખલ થાય છે. નળરાજા બહુજ ધર્માત્મા હોઈ હમેશ સ્વધર્મ પ્રમાણે ચાલતા એટલે કલિને તેમના મનમાં દાખલ થવાનો માર્ગ મળતો ન હતો. 'નળ ક્યારે અધમ કરે, અર્થાત્ પોતાના સત્ય આચારવિચારથી ક્યારે ચલિત થાય કે હું તેમનામાં દાખલ થાઉં' એમ તે વાટ જોયા કરતો હતો એટલામાં, એકવાર નળરાજાથી ધર્મ ચુકાયો અને કલિ તેમના મનમાં દાખલ થયો.

માણેક–ખરેખર, ચંદાભાભીજી! મનુષ્ય જ્યાં સુધી સારે માર્ગે ચાલે છે ત્યાં સુધી તેના મનમાં નઠારા વિચાર આવતા નથી. જ્યાં ધર્મનું–કર્તવ્યનું એકાદ પગલું ચુકાયું કે તરત મનુષ્યના મનમાં કલિ એટલે નઠારા વિચાર દાખલ થાય છે.

ચંદા–કલિ એટલે નઠારા વિચાર, અસદ્વર્તન. જ્યાં સુધી સદ્વિચાર હોય ત્યાં સુધી અસદ્વિચાર ઉત્પન્ન થતાજ નથી.

સુમન–માણેકભાભી! અજવાળું હોય ત્યાં અંધારૂં રહેતુંજ નથી અને જ્યાંથી અજવાળું ગયું ત્યાં તરતજ અંધારૂં દાખલ થાય છે, એનું નામજ કલિ. ધર્મનું એક પગલું પણ કદી ચુકવું નહિ તેનું કારણ આજ.

જમનાં–ચોરી ન કરવી એ મનુષ્યનો ધર્મ છે અને

જ્યાં સુધી એ ધર્મ પળાતો હોય, ત્યાં સુધી કદીએ જુઠું બોલવાનો વિચાર આવતો નથી. જ્યાં ચોરી કરી કે તરતજ જુઠું બોલવાનો વિચાર થાય છે. આનું નામજ કલિ એમ કહોની ત્યારે ?

ચંદા–હાસ્તો. એજ કલિ. બીજું શું ? નળરાજા જે સન્માર્ગથી કદી પણ ચૂકતા નહિ, તેમનામાં કલિથી ઘણા કાળ સુધી પેસાયું નહિ; પરંતુ એક વાર તેમને અસદ્‌વિચાર ઉત્પન્ન થયો કે તરતજ કલિ તેમનામાં દાખલ થયો. આમ નળરાજા ધર્મથી ચૂકયા એટલે કલિએ બીજી તરફથી તેમનો ભાઇ પુષ્કર જે તપ તપતો હતો તેને પણ પોતાને વશ કર્યો. અસદ્‌વિચારથી તેની પાસે નળને દ્યૂત રમવાનું આમંત્રણ કરાવરાવ્યું. નળરાજા જે કદી પણ દ્યૂત જેવા અધમ અને અસન્માર્ગમાં પગ મૂકે નહિ, તેમને એણે રમવાને ઉશ્કેર્યા અને બન્ને ભાઇ પાસાઓ લઇ તે ખેલવાને બેઠા. એક નઠારો વિચાર બીજા અનેક નઠારા વિચારને ઉત્પન્ન કરે છે, તેમ નળ અને પુષ્કરને પણ થયું. તેઓ હારજીતની આકરી સરતો બકીને રમવા લાગ્યા.

નળરાજા દ્યૂતમાં રાજપાટ અને સર્વસ્વ હારી ગયા. પુષ્કરે બન્ધુસ્નેહ ભૂલી જઇ પોતાના મોટા ભાઇને નગરમાંથી ચાલ્યા જવાનું ફરમાવ્યું. નળ અને દમયંતી પહેરેલાં કપડાંભેર રાજમહેલમાંથી નીકળ્યાં. અશરણની માફક આખા નગરમાં તેઓ ફર્યાં, પરંતુ કોઇએ તેમને ક્યાંહિ આશ્રય, આશ્વાસન, કે ઉતારો આપ્યો નહિ. માણેકબહેન ! આ જગત ઉગતાને પૂજનાર છે. અસ્ત પામતાને કોઇ પૂજતું નથી. તેમ

નળરાજાને કોઇએ મોઢું આપ્યું નહિ. રાજારાણી બિચારાં પોતાને માટે નહિ, પરંતુ પોતાની સાથે બે નાનાં છોકરાં હતાં તેમને માટે દુઃખી અને અશરણ જેવાં બની રહ્યાં. તેમને આખું જગત શૂન્ય જણાયું. રાજા, કલિના પ્રવેશથી ઉન્મત્ત ને ઘેલો હોય તેવો દેખાવા લાગ્યો અને દમયંતી પતિને દુઃખે દુઃખી અને ગાભરી બની ગઇ. આખરે તેણે એક બ્રાહ્મણને વિનંતી કરી, પોતાના પ્રાણથી પણ અધિક બે બાળકોને મોસાળ મોકલાવી આપ્યાં. જે વખતે તેણે પોતાનાં બે બાળકોને મોસાળ મોકલ્યાં, તે વખતે થયેલો, માબાપ અને બાળકો વચ્ચેનો કલ્પાંત, કવિઓએ એવો વર્ણવ્યો છે કે, પત્થર જેવી છાતીનું માણસ હોય, તેની આંખોમાંથી પણ આંસુની ધારાઓ ચાલે. મહા કલ્પાંત કરી અતિશય કઠણ બની તેઓ એક બીજાથી જુદાં પડચાં.

તે પછી નળ અને દમયંતી વનમાં ગયાં. કલિયુગ તેમને દુઃખ દેવાને તેમની પાછળ લાગ્યો. તેઓ જ્યાં જાય ત્યાં તે તેમની પાછળજ જવા લાગ્યો. જમનાંબહેન ! એ ઉપરથી અત્યારે પણ આપણા લોકમાં કહેવત ચાલે છે કે ' નળની પછવાડે કલિજુગ. ' વનમાં ફરતાં ફરતાં રાજા રાણીને ભૂખ લાગી અને તેમણે ખાવા જેવી વસ્તુની તજવીજ કરી, પણ કોઇ પદાર્થ મળી આવ્યો નહિ. નળરાજા મચ્છ પકડવાને છેવટ એક તળાવમાં ઉતર્યા. દમયંતી કિનારા ઉપર બેઠાં. રાજા મચ્છ લાવીને દમયંતીને આપે અને તે પોતાની પાસે મૂકે, એટલે કલિયુગ તેમને પાણીમાં નસાડી દે. રાજાએ બહાર આવી મચ્છ માગ્યાં અને જ્યારે દમયંતીએ બાજુમાં શોધ્યાં, ત્યારે ત્યાં

કંઇએ મળે નહિ. નળરાજાના મનમાં કલિયુગ દાખલ થયેલો હતો, તેથી તેમણે મનમાં કહ્યું કે, " જેમ જેમ હું એને મચ્છ આપતો ગયો, તેમ તેમ તે આરોગતી ગઈ. " રાણીનું મુખ ઝાંખું પડી ગયું. ત્યાંથી આગળ ચાલતાં એક પંખીને પકડવા માટે, નળરાજાએ પોતાનું વસ્ત્ર, જાળ તરીકે તેની ઉપર નાંખ્યું, એટલે કલિ તેનામાં પેસી વસ્ત્ર લઇને ઉડી ગયો અને નળરાજા જે જગતને ઢાંકનાર હતા તે વસ્ત્રવગરના થઈ રહ્યા !

જમનાં—અરેરે ! લોકવાયક ખરૂંજ છે કે, 'વાગેલામાં વાગે ' જ્યારે શરીર ઉપર બીજું વસ્ત્ર નહિ ત્યારે પંખી પણ રડ્યું તે લઇને ઉડી ગયું. હરિ ! હરિ ! કેવી દૈવગતિ !

ચંદા—મચ્છ મેળવવામાં અને પંખી પકડવામાં નિષ્ફળ નીવડ્યા પછી બેઉ જણ પાછાં ભૂખ્યાં તરસ્યાં આગળ વધ્યાં. વિદર્ભ દેશના રાજાની કુંવરી સુકુમાર દમયંતી જેમણે સૂર્યનો તડકો પણ કદી જોયેલો નહિ તે, આ પ્રમાણે વન વગડામાં પંથ કરવાથી થાકી ગઇ. એક મોટા ઝાડ નીચે તેઓ બેઠાં. દમયંતી રાજાના ખોળામાં માથું મૂકીને સૂઈ ગયાં અને થાકેલાં હોવાથી સુતાંવાંતજ ઉંઘી ગયાં.

રાણીના મુખ સામું જોતાં રાજાની આંખમાંથી ગરગર આંસુ નીકળી પડયાં. પોતાની તથા વિદર્ભ રાજકુંવરીની ઉપર પડેલા આ મહાન દુઃખને માટે તેમને અત્યંત પરિતાપ થયો. થોડી વારે કલિએ તેમના મનને ભ્રમિત કર્યું અને તેમને એવો વિચાર આવ્યો કે, ' મને ભૂખ્યો જાણવા છતાં પણ મચ્છને ખાઇ ગઇ તો મારે શા માટે આની સંગાથે દુઃખી થવું ? લાવને હું એને મૂકીને ચાલ્યો જાઉં અને મારે મારૂં સાધી લઉં ! '

રાણીને તજવાનો દુષ્ટ વિચાર થતાંજ આગલા પાછલા રાણીના દોષ દેખાઇ નઠારા વિચાર આવ્યા અને આખરે પરમ દયાળુ હૃદયના હોવા છતાં પણ કલિના આવેશથી આવિષ્ટ હોવાને લીધે નળરાજા એક પત્થર ઉપર તેનું મસ્તક મૂકી ઉભા થયા. પોતે વસ્ત્ર રહિત હતા અને રાણીએ મોટું વસ્ત્ર પહેરેલું હતું તેથી અર્ધું વસ્ત્ર કાપી લેવાની દુર્બુદ્ધિ પણ તેમને થઈ. આમ તેમ જોયું પણ વસ્ત્ર કાપવાનું કંઇ સાધન મળ્યું નહિ. જમનાંબહેન ! દુષ્ટ કલિ જે તેમની પુંઠેજ લાગેલો હતો તે થોડેક છેટે કાતારૂપ થઇ પડયો અને નળરાજાએ તે તરફ નજર કરતાં તેમને વસ્ત્ર કાપી લેવાનો વિચાર અનુકૂળ કરી આપ્યો. તરત તેમણે કાતાથી દમયંતીએ પહેરેલા વસ્ત્રમાંથી અર્ધું વસ્ત્ર કાપી લીધું. રાજા બે ચાર પગલાં ભરે અને વળી પાછા દમયંતી સામું જોઇ ઉભા રહે, કલિ તેમના મનને વળી પાછું કલુષિત કરે. રાજાના પગ કેમે કર્યા આગળ ચાલે નહિ અને અંતઃકરણ વારંવાર પાછું ખેંચાય તેમ છતાં આખરે કલિથી આવિષ્ટ થયેલું મન તેમને નિઃસ્નેહ બનાવી આગળ ચલાવી ગયું. રાજમહેલમાં પણ કદી એકલી રહેલી નહિ એવી વિદર્ભ દેશના રાજાની કુંવરી અને હજારો દાસદાસીઓ જેની ખીજમતમાં હાજર રહી વારંવાર ખમા ખમા કરતી હતી તે નૈષધ દેશના રાજાની પટરાણી કલિના દ્વેષનો ભોગ થઇ વન વગડામાં અત્યારે અશરણની માફક હજારો ક્રૂર પ્રાણીઓની વચમાં એકલી પડી. નળરાજા કલિના ભમાવ્યા તેને તજીને ચાલ્યા ગયા ને જોતજોતામાં રસ્તો ભૂલી કયાંના કયાંહિં નીકળી ગયા. રાણી દમયંતી બિચારી ઝાડ તળે ' સ્વામીના ખોળામાંજ હું સુતી

છું ને ' એવા વિશ્વાસથી થાકી પાકી કયાંહિં સુધી નિંદ્રામાં પડી રહી.

જમનાં—અરેરે ! આપણું હૃદયે હાથમાં રહેતું નથી અને આ કથા પ્રસંગ છે એમ પણ નથી માનતું. આંખોની દ્વારાએ શોકથી મન દ્રવીભૂત થઇ જાય છે. વારૂ પછી દમયંતી કયારે જાગ્યાં અને શું થયું ? કહો, કહોની ચંદાભાભીજી ! !

ચંદા—પછી છેક ત્રીજા પહોરનો વખત થઇ ગયા પછી રાણી જાગ્યાં. આમ તેમ જોયું પણ નળરાજાને દીઠા નહિ, ત્યારે તે કંઈ ખાવાનું લેવા ગયા હશે, એમ ધારી તેમને શોધવા આમ તેમ ફર્યા અને ગાઢા જંગલમાં બૂમો પાડી. ઉંડાં વનાંતરોમાંથી પોતાના સાદનાજ પડઘા પાછા સંભળાતા હતા પણ બેહોમ થઈ ગયેલાં રાણી ' નળરાજા હશે ' એમ ધારી આગળ વધી ગયાં. એમ કરતાં કરતાં વનમાં તે કેટલેક દૂર જતાં રહ્યાં. રાત્રી પડતાં રાણીની ધીરજ જતી રહી. વન વગડામાં નિરાધાર હોઇ છુટે મુખે ' પુણ્યશ્લોક ! પુણ્યશ્લોક ! ' એવી બૂમો પાડી રડી પડયાં પણ કોણ જવાબ આપે, અને કોણ આંસુ લૂછે ? રોઈ રોઇને થાકયાં. કલ્પાંત કરી ચિંતા અને ભયથી વ્યાકુળ થઇ જઈ જમીન ઉપર ઢળી પડયાં.

રાણીની મૂર્છા વળી ત્યારે રાત પડી ગઇ હતી. વાંસ અને તાડની ઝાડીમાંથી જોરભેર વાતો પવન 'સમસમ' બોલતો હતો, ઘૂવડ અને બીજાં રાત્રિચર પંખીઓ કયાંહિં વૃક્ષો ઉપર બોલતાં હતાં, ઝાડીની અંદરના ભાગમાં હિંસક પ્રાણીઓ દો- ડતાં હતાં અને કાળી અંધારી રાતથી બધું વન ભયંકર સ્વરૂપ ધારણ કરી રહ્યું હતું. મૂર્છા વળ્યા છતાં તેઓ એવાં જડ બે-

ક્ષોભ અને હેબતાઈનાં થઇ ગયાં હતાં કે ' પોતે ક્યાં છે પોતાની આગળ પાછળ કેવું ભયંકર બિયાબાન જંગલ વિંટાઇ રહેલું છે અને કેવાં ક્રૂર પ્રાણીઓની વચમાં પોતે પડેલાં છે ' તેનું તેમને કંઇ ભાન રહ્યું નહિ. બેહોશ ભ્રમિત અને ઘેલાં હોય એવાં તે પાછાં બેઠાં થયાં અને હે પ્રિય ! હે પ્રિયતમ ! એવો દુઃખ, શોક અને પ્રેમથી ભરેલો સાદ કરી ફરીને ઉવાટે ને અંધારે જંગલમાં આગળ ચાલવા લાગ્યાં.

અંધારામાં કુમાર્ગે આગળ વધતાં વધતાં તેમણે જમીન ઉપર મુખ વિકાસીને પડેલા એક મોટા અજગરના મુખમાં પગ મૂકયો. અજગર જાનુ લગી તેમનો પગ ગળી ગયો અને તેમનાથી ખસાયું નહિ. હે પુણ્યશ્લોક ! હે પુણ્યશ્લોક ! એમ થોડી થોડી વારે તેમણે નળરાજાને બૂમો પાડી પરંતુ પછી અજગરનું ઝેર ચઢવાથી આખરે બેભાન થઈ ધરણી ઉપર ઢળી પડયાં. અજગરથી તેમને ગળીએ શકાયાં નહિ ને મૂકીએ શકાયાં નહિ. આખરે સવારનો પહોર થયો ત્યારે એક પારધી ફરતો ફરતો ત્યાં આવી પહોંચ્યો. અજગરને મારી તેણે દેવી દમયંતીને છુટાં કર્યાં અને પોતાની ઝુંપડીએ લઈ ગયો. તેણે અને તેની સ્ત્રીએ જંગલમાંથી પાલો લાવીને કંઈક દવા કરી અને શીતળ પાણી મુખ ઉપર છાંટી સાવધાન કર્યાં. જરા સારાં થયાં એટલે પારધીને તેમને પરણવાનું મન થયું. નૈષધ દેશના રાજાની રાણી અને વિદર્ભ દેશના રાજાની કુંવરી દેવી દમયંતી પારધીની આવી માગણી સાંભળી આભાંજ બની ગયાં.

જમનાં—ઓહો ! કાળની શું બલિહારી છે ? જે માણસ દેવીનાં દર્શન કરવાને પણ ભાગ્યશાળી થઈ શકે નહિ તેને

હેવે એને આશ્રયે નાંખ્યાં અને તેને વળી પરણવાની ઇચ્છા થઇ !! અહો ! શી કર્મની ગતિ !

ચંદા–દેવી દમયંતીએ પ્રસંગને જોઈ તેને ઉડાડ્યો. જ્યારે શિકારને માટે તે બહાર ગયો ત્યારે ત્યાંથી તે વનમાં ચાલી નીકળ્યાં. નિર્જન વનમાં રખડતાં રખડતાં તે ભૂલાં પડયાં. આખરે એક વણજાર મળી તેની સાથે દેવી તેમની માસીના શહેરમાં ગયાં, અને ત્યાં ' હું દમયંતીની દાસી છું માટે રાખો ' એમ કહી માસીની છોકરીનાં સખી તરીકે રહ્યાં.

આણી તરફ દમયંતીનો ત્યાગ કરીને વનમાં આગળ વધેલા નળરાજા એક ઠેકાણે દવમાં સાપ બળતો હતો તેને કાઢવા ગયા. સાપે પોતાને દવમાંથી કાઢવાને તેમને કાલાવાલા કર્યા. નળરાજાએ જ્યારે તેને બહાર કાઢયો ત્યારે તે ડસ્યો.

માણેક–શિવ ! શિવ ! ભલાની દુનિયા નથી, એમ કહેવાય છે તે ખરૂં ને ચંદાભાભીજી !

ચંદા–હાસ્તો. ભલાઈ પણ પાત્ર જોઇને કરવી. કોઇપણ બાબતમાં વિવેકથી વર્તવાનું કહેલું છે તેનું કારણ આજ. વિવેક એટલે સારાસાર વિચાર. સારાસાર વિચાર કર્યા વગર કરેલું કોઇપણ કાર્ય સારૂં પરિણામ લાવતું નથી. અમૃત પણ વધારે પિવાયું હોય અર્થાત્ વિવેક વગર અમૃત પીધું હોય તો તેથી પણ મરણ થાય છે, તો પછી બીજી બાબતોમાં કેમ વિવેક ન રાખવો ? વિદ્વાનોએ કહ્યું છે કે, સાપને જેટલું દૂધ પાઇએ તેટલો તે વધારે ઝેરી બને. દયા આદર અને બીજા વખાણવા જોગ જે ગુણો છે તેનો પણ માણસે

વિવેકથી ઉપયોગ કરવો.

જમનાં—ખરૂં છે, જેમ જેવું ઘટે તેમ તેવું કરવું, એનું નામજ ડહાપણ. જેને જે વસ્તુ ન ઘટે તેને તે વસ્તુ આપીએ તો તેમાં આપણને ને તેને બેઉને ગેરલાભ થાય. ગધેડાને સાકર ખાવા મૂકીએ તેમાં આપણા પણ વશા ગણાય અને તેનું એ બિચારાનું મરણ થાય, માટે વિવેક તો દરેક બાબતમાં રાખવો જોઇએ.

ચંદા—નળરાજાએ તે સાપને કહ્યું કે, 'મૂર્ખા ! તેં આ શું કર્યું ?' એ સાપ શાપ પામેલો એક યક્ષ હતો તેથી તેણે રાજાને કહ્યું કે 'મહારાજ ! હું તમારા ગુણ ઉપર અવગુણ કરવાને કરડયો નથી, પરંતુ તમોને છુપા રહેવામાં સુગમતા પડે તે માટે કરડયો છું. મારા ઝેરથી તમારૂં રૂપ કુરૂપ થઇ ગયું તે જ્યારે કાળ ફરે ત્યારે હું આપું છું તે આ વસ્ત્ર પહેરજો એટલે જેવું હતું તેવું થઇ રહેશે.'

પછી નળરાજા વનમાં ફરતા ફરતા આખરે અયોધ્યામાં ઋતુપર્ણને ત્યાં ગયા. પોતાને બહુજ સારી અશ્વવિદ્યા આવડતી હતી તે બતાવી અશ્વપાળ થઇ 'બાહુક' ને નામે ત્યાં રહ્યા. હજારો લોકને આશ્રય આપનારાં રાજા રાણી આ પ્રમાણે એક કયાંહિં અને બીજું કયાંહિં, એમ વિખુટાં પડી સેવાધર્મથી વનવાસનો અવધિ પુરો કરવા લાગ્યાં. નળરાજા અને દમયંતી રાણી આ પ્રમાણે અશ્વપાળ અને દાસી થઇ જુદે જુદે ઠેકાણે કાળ ગાળતાં હતાં ત્યારે ભીમકરાયે દમયંતીની શોધ કરવાને સુદેવ નામના બ્રાહ્મણને દેશ પરદેશમાં તપાસ કરવા

મોકલ્યો હતો. એ બ્રાહ્મણ ફરતો ફરતો દમયંતીની માસીને ત્યાં જઇ ચઢ્યો, તે દિવસે તેની માસીની પુત્રી ઇન્દુમતી તેમને પોતાના દાગીના સોંપી નહાવા બેઠી અને દમયંતી સ્વામીના વિચારમાં હતી એટલામાં કલિએ ઈન્દુમતિનો એકાવલી હાર ટોલ્લામાં પેસી ગેબ કર્યો. ઇન્દુમતી નહાઇ આવીને જુએ છે તો હાર જણાયો નહિ, તેણે દમયંતીને પૂછ્યું અને તપાસ કરી છતાં તે મળ્યો નહિ ત્યારે સૌએ મળી દમયંતીને માથે ચોરી ચઢાવી. રાજમાતા દમયંતીની માસીએ વાત જાણી અને સર્વે મળીને તેને ખુબ દમ દીધો. આ અણધાર્યા આળથી દમયંતી બિચારી ગભરાઈ ગઈ એટલુંજ નહિ, પરંતુ દુઃખની પરંપરાઓથી દુઃખી થઇ ગયેલી ને આકુળવ્યાકુળ થયેલી તે બોર બોર જેવડાં આંસુએ રોતી ઉંચું જોઇ ઇશ્વરને કરગરતી અને પોતાના ભાવીને ફીટકારતી આ પ્રમાણે બોલી કે:—

હરિ સત્યતણા હો સંગાતી, હરિ ! હાય હું કદિં ન સમાતી:
નંઈ કિયા કરમનાં આ કરતુ, આગ ચોરી થકી શું નરતું:
હરિ ! હું શા માટે દુઃખ પામું, જુઓ જુઓ હું રાંકડી સ્હામું;
હાય હાય ! આ તે શી હિણાઇ, હરિ હું શું ચોરટીમાં ગણાઇ
વણ વાંકે સ્વામીજીએ છાંડી છાની વાત હું કહું કોને માંડી;
બાઈ ! હાર તમારો રે જડજો, કલિ લેનારો ફાટી પડજો.
આવું કહેતામાં કળિજુગ નાઠો, ત્યારે તડાક ટોલ્લો ફાટ્યો;
મહિંથી નિકળી પડિઓ હાર, તુઠ્યા સતીને વિશ્વાધાર.
વળી વ્યોમથીએ અકસ્માત, વરસ્યો હાર તણો વરસાદ,
એક એકથી અદકાં મોતી, રાજમાતા તો ટગટગ જોતી;
સતી નારને સતાવનારાં, સર્વે થઈ ગયાં ઓશિયાળાં.

આંગણે ઉભો ઉભો સુદેવ જે આ બનાવ જોતો હતો તે

ખા સત્યથી અને આકુળવ્યાકુળતામાં ઉઘડી ગયેલા માથાને
રીધે સીમંત આગળનું મહારાણીત્વ સૂચક કેશચક્ર જોઇ
એકદમ ' અહો દમયંતીબહેન ! ' એમ બોલી અંદર દાખલ
થયો. દમયંતી તેને જોઇ દુઃખના ભારથી મૂર્ચ્છિત થઇ ગઇ.
તેની માસી, બહેન ઇન્દુમતી અને બીજાં સર્વ ' દમયંતી '
એવા શબ્દો સાંભળી દિઙ્મૂઢ બની ગયાં. રાજમાતાને પશ્ચા-
તાપ થયો અને સર્વે પવન ઢોળી દમયંતીને સાવધાન કરવા
માંડી પડયાં. દમયંતીએ આંખ ઉઘાડી ત્યારે તેની માસીએ
આ પ્રમાણે રહેવા માટે તેને ઠપકો દઇ પોતાને અને ઇન્દુમ-
તીને તેને નહિ ઓળખતાં દાસી તરીકે રાખવા માટે શોક
કર્યો. તે પછી એક બે દિવસ રહી સુદેવ દમયંતીને લઇ વિદર્ભ
દેશ ગયો.

પિતાને ઘેર આવી દમયંતી પોતાનાં બાળકોને મળી
પરંતુ સતી નારને પોતાના સ્વામી વગર સંસાર રૂચતો નથી.
દમયંતીને નળરાજા વગર ચેન પડયું નહિ. તેણે સુદેવને એકાંતે
બોલાવી નળરાજાની શોધ કરવા મોકલ્યો. દમયંતી અને
નળરાજાની વચ્ચે બનેલા એક પ્રસંગનો દુહો તેણે સુદેવને
શીખી આપ્યો તેની ટેલ નાંખતો નાંખતો તે સર્વે દેશ દેશાવ-
રમાં ફરવા લાગ્યો. ફરતો ફરતો તે અયોધ્યા ગયો અને ઘોડાર
આગળ જ્યારે તેણે પેલા દુહાની ટેલ નાંખી ત્યારે બાહુકે
બહાર નીકળી કંઇક જવાબ આપ્યો. સુદેવ વિસ્મય પામ્યો
કારણ કે, તે પુરૂષ એવો બેડોળ અને ખરાબ હતો કે તે નળ
હોય એમ કોઇના માનવામાં પણ આવે નહિ. સુદેવ પછી
ત્યાંથી પાછો ફર્યો અને દમયંતીને સમાચાર કહ્યા. દમયંતીએ

તે પછી પોતાના પિતાને કહી નળરાજાની ભાળ મેળવવા માટે સ્વયંવરને બહાને ઋતુપર્ણ રાજાને આમંત્રવાની રજા લીધી. સુદેવને કાગળ લખી આપી ફરી અયોધ્યા મોકલ્યો અને કહ્યું કે કાગળમાં સ્વયંવરને માટે જે દિવસ લખ્યો છે તેજ દિવસે રાજાને તે પહોંચાડજો. જો તેની અશ્વશાળામાં નળરાજા હશે તો તેઓ એક દહાડામાં અત્રે આવશે. દમયંતીના કહેવા પ્રમાણે કાગળ લઇ સુદેવ અયોધ્યા ગયો અને બરાબર નક્કી કરેલે દિવસે તે રાજાના હાથમાં આપ્યો. દમયંતી જેવી સુંદરીને પરણવાને રાજા તત્પર થયો. તેણે બાહુકને બોલાવી વાત કહી અને તેણે સાંજ પહેલાં રાજાને વિદર્ભ પહોંચાડવાની ખાતરી આપી. તરતજ રાજાએ તૈયારી કરાવી અને સુદેવને લઇ રથમાં બેઠા. બાહુકે શહેરની બહાર નીકળતાં નીકળતાં કેટલીક વખત કાઢી નાંખી રાજાને ખુબ કંટાળો આપ્યો પરંતુ પછી અશ્વવિદ્યાના મંત્રથી રથને એવો ચલાવ્યો કે જોતજોતામાં તેઓ વિદર્ભનગર આવી પહોંચ્યા.

સુદેવને બાહુક અશ્વપાળ કોઈ ચમત્કારિક માણસ છે એવી ખાતરી થઇ. તેણે દમયંતીને વધામણી ખાધી પણ બીજાઓને ખાતરી થઇ નહિ. સ્વયંવર જેવું કંઇ નહિ હોવાથી ઋતુપર્ણ રાજા જંખવાણો પડયો પણ ભીમકરાજાએ તેને આવકાર આપી એક મોટી વાડીમાં ઉતાર્યો. પછી દમયંતીએ પોતાનાં બાળકને લઇ દાસીને બાહુક પાસે મોકલી. બાળકોને જોતાં બાહુકની આંખમાંથી આંસુ પડયાં. દાસીને આથી ખાતરી થઈ. દમયંતીએ પછી એકાંતમાં બોલાવી ખાતરી કરી કહ્યું કે 'શા માટે હવે છોકરાંને કલપાવો છો ? વિવાસનનો કાળ પુરો

થયો છે માટે નળરાજાને નામે પ્રકટ થાઓ. મને તો ખાતરી થઇ છે પછી ભલેને ગમે તેવો વેષ હોય ' આમ બોલી પોતાની અને નળની વચ્ચેનો અંતરપટ તેણે દૂર કર્યો. રાજારાણીનું સત્ય જોઇ તથા પોતાનો અવધિ પુરો થયેલો જોઇ ' કલિયુગ ' ત્યાં પ્રત્યક્ષ થયો અને નળરાજાના પગમાં પડી બોલ્યો કે, " હે પુણ્યશ્લોક ! મેં તમને બહુ બહુ દુઃખ દીધાં પરંતુ તમે ન્યાય અને સત્યથી કદી પણ ચલિત થયા નહિ. જે દુઃખ આવ્યાં તે તમે સૌ સહ્યાં. હું અને પુષ્કર હાર્યા અને તમે જીત્યા. હવે અમારા દોષો માફ કરી કર્કોટકે આપેલાં વસ્ત્ર ધારણ કરી સર્વને પ્રસન્ન કરો અને નૈષધદેશની પ્રજા જે તમારે માટે તલસે છે તેને દર્શન આપો. "

કલિને પોતાની આગળ પ્રત્યક્ષ થયેલો જોઈ નળને અત્યંત ક્રોધ ચઢયો અને જોડે ઉભેલા કુંવરના કરમાંથી તરવાર લઈ તેનો નાશ કરવાને તત્પર થયા. છોકરાં અને સ્ત્રી વગેરે આપ્ત જનને મળતાં રાજાનો શોક અને ક્રોધ આ સમયે હદ બહાર જતા રહ્યા હતા. કલિનો નાશ કરવાને તે તત્પર થયા. દાસ દાસી સર્વને કલિના ઉપર તિરસ્કાર આવ્યો અને સર્વે તેના નાશને માટે ઉત્તેજન આપવા લાગ્યાં. આ વખતે સત્યપ્રતિજ્ઞા વાળા નળરાજાથી ત્રાસ પામેલો ' કલિયુગ ' સતી દમયંતીને શરણે ગયો.

જમનાં–દમયંતીને એણે કયાં ઓછાં દુઃખ દીધાં છે તે શરણ આપે ?

ચંદા–એ વાત ખરી. કલિએ જો સૌથી વધારે દુભવ્યાં હોય તો તે દેવીનેજ દુભવ્યાં હતાં, પણ જમનાંબહેન ! સ્ત્રીઓજ

જગતમાં ક્ષમા અને દયાની અધિષ્ઠાત્રીઓ છે. જો આપણે-સ્ત્રીઓ નિર્દય થઈએ તો આ જગત એક ક્ષણ પણ નીભે નહિ. દેવી દમયંતી તેને નમી પડેલો જોઇ તેના બધા અપરાધ ભૂલી ગયાં. દયાથી ગદ્‌ગદિત થઇ આસનપરથી ઉભાં થઇ તેમણે નળરાજાનો હાથ પકડી લીધો. કલિ તેમની પાછળ જતો રહ્યો અને નળ પણ દેવી દમયંતીની દયાથી વિસ્મય પામી ઉભા રહ્યા, એટલામાં પેલો કર્કોટક નાગ હતો તે યક્ષ અંતરીક્ષથી નીચે ઉતરી આવ્યો અને રાજાને પોતે આપેલાં વસ્ત્ર પહેરાવ્યાં. જ્યાં પેલાં વસ્ત્ર અડયાં કે તરતજ નળરાજા તેમની આગલી રાજતેજોમયી સુંદર કાન્તિ પામ્યા. તે જોઈ સર્વ કોઇ–'જય જય! મહારાજાધિરાજ નૈષધનાથ!' એમ કહી ચરણમાં પડયાં. દેવી દમયંતીએ પછી પાછું વાળી નીચું જોઇ રહેલા કલિને કહ્યું કે 'જા, હવે તું અમારી દૃષ્ટિ આગળથી દૂર થા. દીન અને સત્યને સેવનારાં માણસને દુઃખ દેતાં જરા દયા ધરજે. કલિ વધારે કશું ન બોલતાં તેમને પ્રણામ કરી અન્તર્ધાન થયો. ભીમક રાજાની નગરીમાં આનન્દનો ઉદધિ રેલી રહ્યો.

ઋતુપર્ણ રાજા નળરાજાને સ્વરૂપમાં આવેલા જોઇ પોતાને ત્યાં અશ્વપાળ તરીકે રાખવા માટે ક્ષમા માગી અયોધ્યા ગયો અને ભીમકરાજાએ મોટો સત્કાર અને સમારંભ કરી દીકરી જમાઇને નૈષધપુર વળાવ્યાં. આણી તરફ નળનો ભાઈ પુષ્કર પણ મોટાં ભાઇભોજાઇને દુઃખ દેવા માટે પશ્ચાત્તાપ કરતો કરતો તેમના ચરણમાં પડયો અને રાજપાટ પાછાં સોંપી પોતાના પાપનું પ્રાયશ્ચિત્ત કરવા વનમાં તપ તપવાને જતો રહ્યો.

ચંદા–જમનાંબહેન! ઇંગ્લંડનાં એક રાણીની વાત પણ

આવીજ છે. ઇંગ્લંડના રાજાએ ઉત્તર ફ્રાંસ ઉપર ચઢાઇ કરી એક શહેરને ઘેરો ઘાલ્યો હતો. જો શહેરના ચાર માણસો રાજાની આગળ તે જે શિક્ષા કરે તે સહેવાને ગળામાં ફાંસીની દોરીઓ ઘાલી હાજર થાય તો શહેરને છુટકારો મળે, એવી આણ ફેરવવામાં આવી હતી. શહેરને માટે ચાર માણસો પોતાને વિજેતારાજા ગરદન મારે તો તે પણ સહેવાને તૈયાર થયા. એમ બોલાતું હતું કે, રાજા અત્યંત ક્રોધે ભરાએલો હોવાથી પ્રાણ આપવાને તૈયાર થયેલા નાગરિકોને માર્યા વગર રહેશે નહિ. આ વાત રાણી ફિલિપા આગળ ગઈ, એટલે ગર્ભવતી હોવા છતાં તે પેલા ચાર દેશભક્તોનો જીવ બચાવવા તૈયાર થઈ. દરબાર ભરાયો અને પેલા ચાર જણ ગળામાં ફાંસીની દોરીઓ ઘાલી હજુરમાં હાજર થયા. રાજા તેમને કંઇ પણ શિક્ષા ફરમાવે તે પહેલાં તો રાણીએ દરબાર વચ્ચે ઘુંટણમંડીએ પડી રાજા પાસે તેમને માફી આપવાની યાચના કરી. રાજાને બહુ લાગ્યું, પરંતુ ગર્ભવતી રાણીનું વચન રાખવા તેમને માફી આપી.

સુમન–ઇંગ્લંડનો રાજા એટલો સારો, નહિ તો પેલા સ્વીડનના રાજા જેવો જવાબ આપતને ?

જમનાં–તે શું ભાભીજી ? !

ચંદા–યુરોપમાં પણ આગળ સ્ત્રીઓનું આવડું બધું માન ન હતું. ત્યાંએ તેમને માત્ર વંશ વધારનારી તરીકેજ ગણવામાં આવતી. આવા એક બનાવમાં રાણી કંઇક સલાહ આપવા જતાં રાજાએ તેનું મોહું તોડી લઇ એવો જવાબ આપ્યો હતો કે ' હું તને વંશવૃદ્ધિને માટે પરણેલો છું કંઇ સલાહ લેવાને પરણેલો નથી. '

ઓત્ તારી ! ત્યારે યુરોપમાંએ સ્ત્રીઓની પદવી આગળ કંઈ ઉંચી ન હતી ?

ચંદા—નહિ નહિજ. ત્યાંએ સ્ત્રીઓને પુરૂષની તાબેદાર ને નવરાશના રમકડા તરીકે ગણવામાં આવતી. હાલની ઉંચી પદવી યુરોપની સ્ત્રીઓએ પોતે ભણી સુધરી તથા જબ્બર લડત ચલાવી મેળવી છે. હવે આપણે પણ પુરૂષ રાજ્ય સામે લડીને આપણને યોગ્ય સ્વાતંત્ર્ય લેવાનું છે. જમનાંબહેન ! સ્ત્રીઓમાં આ પ્રમાણે દયાનો ગુણ રહેલો છે. બાળક, માદાં અને દુઃખીને આશ્વાસન આપવાને અને તેમની સારવાર કરવાને ઇશ્વરે સ્ત્રીઓને સરજેલી છે.

પ્રકરણ ૧૯ મું.

દરીયાની લહેલ.

'કાલે કેવી મઝા પડી જમનાંભાભી!' સુમને સવાલ કર્યો, એટલે આમ તેમ જોઇ ચંદાગૌરી નજરે નહિ પડવાથી જમનાંએ ઉત્તર આપ્યો કે 'શાની મઝા પડી? દરિયામાં લહેર કરવા ગયાં પણ હોડી ઉંધી વળી ગઇ હોય તો અકરાકહેર ન થઇ જાતકે? એવી તેવી મોજમઝા મને ન ગમે બહેન! તમારાં ભાઇ ભોજાઈ સાથે હતાં એટલે શું કરૂં? નહિતો હુંતો મરી જાઉં તોએ દરિયામાં પગ દેઉં નહિ.'

સુમન–હાય હાય! દરિયામાં ફરવા ગયાં એટલામાં તમે ડરી ગયાં! સાહેબ લોકોની સ્ત્રીઓ અને છોકરાં ત્રણ ત્રણ અઠવાડિયાં દરિયામાં રહે છે અને કોઇ કોઈ વાર તેમને કેવાં ભારે તોફાનો નડે છે તે જાણો છો? તમારા જેવાં બીકણ દરિયા પારના દેશોમાં શું જાય?

જમનાં–દરિયા પાર જવાની આપણા લોકમાં ધર્મથીજ મનાઇ છે. વિલાયત જઇ આવનારાઓ ઉપર લોક પસ્તાળ પાડે છે તે તમે નથી જાણતાં? કાળાંપાણી ઓળંગી આવનારને બ્રાહ્મણો પ્રાયશ્ચિત્ત આપવાની પણ કોઇ કોઇ વાર ના પાડે છે. દરિયાપાર જાય તે આપણામાં તો નાત બહાર અને ધર્મ બહાર થઈ જાય. વળી દરિયો ખેડવો તે જીવ સટોસટનું કામ. તમારા ભાઈને તેમના કેટલાક દોસ્તદારોએ બારિસ્ટર થવાને

વિલાયત જવાને ચઢાવેલા પણ મેં અને મારાં સાસુએ બહોળ પકડી જવા દીધેલા નહિ.

સુમન–એ તો તમે બહુજ ખોટું કર્યું ભાભી ! મારા ચતુરભાઇ વિલાયત જઈ બારિસ્ટર થઈ આવ્યા હોત તો આજે તમે કેવાં ગાડીઘોડે ફરતાં હોત ?

જમનાં–ગાડીઘોડાને શું કરીએ ? નાત જાતમાંથી નીકળી જઇએ કે નહિ ? પૈસો ને સાહેબી સૌ પછી શું કરવાનાં ? સગાંસાગવાં બોલાવે પણ નહિ.

સુમન અને જમનાં આમ વાત કરતાં હતાં એટલામાં પડોસીને ઘેરથી ચંદાગૌરી આવ્યાં તે બોલ્યાં કે, " જમનાં બહેન ! સગાં સાગવાં બોલાવેએ નહિ એવું શું છે ? "

સુમન–ભાભી ! આપણે કાલે દરિયામાં ફરવા ગયાં તે જમનાંભાભીને તો બિલકુલ પસંદ પડયું નહિ. એ તો કહે છે કે, ' દરયો–કાળાં પાણી આપણાથી ઓળંગાયજ કેમ ? ને ઓળંગીએ તો નાત બહાર થઈ જઇએ. આપણા ધર્મમાંએ દરિયો ઓળંગવાની મના કરેલી છે. ' આ વાત શું સાચી ?

ચંદાગૌરી–પ્રલય થયો ત્યારે આપણા પૂર્વ પિતામહે હોડીમાં બેસીને પોતાનો બચાવ કર્યો હતો. આપણા વેદમાંએ હોડીમાં બેસી દરિયો ખેડવા સંબંધી ઈશારા છે. આપણા ગુજરાતના વેપારીઓ આગળ દરિયાપારના દેશોમાં જઈ વેપારવણજ કરતા અને આપણામાં એવી કહેતીએ ચાલે છે કે ' જે જાય જાવે તે પરિયાના પરિયા ચાવે એટલું લાવે ' જાવાની પાસે બાલી કરીને એક ટાપુ છે ત્યાં તો નર્યો આપણો ધર્મ અને આપણીજ રીતભાત ચાલે છે. મલાય દ્વીપકલ્પમાં રામાયણ

વસ્તુનાં નાટકો છેક છઠ્ઠા સૈકા લગી થતાં. બરમા, સિયામ, કંબોડીઆ અને ચીનની રંગભૂમિઓ ઉપર આપણાં નાટકો ભજવાતાં ને આપણા દેવનાં મંદિરો પણ ત્યાં હતાં. કેટલાક શોધકો તો એટલા સુધી કહે છે કે આફ્રિકા અને અમેરિકામાં પણ આપણા લોક ગયેલા. ત્યાં એમના વાસનાં અવશેષ અને હિંદુ ધર્મના દેવોની મૂર્ત્તિઓ તથા મંદિરો વગેરેનાં જુનાં ખંડેર જડે છે. મસાલાના ટાપુઓ ચીન અને આફ્રિકાના પૂર્વ કાંઠા ઉપર તો અત્યારે પણ આપણા દેશના વેપારીઓ વસે છે. જો આપણા લોકમાં અને ધર્મમાં દરિયો ખેડવાની મના હોય તો એ બધું કેમ બને ? જુની ઘરડાંની વાતોમાં અને લખાણોમાં ઠેકઠેકાણે વેપારીઓ દરિયા પાર ગયાની વાતો છે.

'જુઓ જમનાંભાભી ! આપણામાં દરિયો ખેડવાની જરાએ બંધી છે ? અરે હાં ! હું તો ભુલી ! તે દિવસે તમે સત્યનારાયણની કથા કરાવી ત્યારે હું ને તમે સાથેજ બેઠેલાં હતાં તો ભાભી ? તેમાં પેલા સમુદ્ર ખેડી આવેલા વાણિયાની વાત આવી હતી તે કેમ ભૂલી ગયાં ? સત્યનારાયણની કથાનોજ દાખલો લ્યોને !' આમ કહી સુમન હસી.

ગંદાગૌરી અને સુમનનું કહેવું વાજબી લાગ્યાથી જમનાં જરા શરમાઇ. તેને સત્યનારાયણની કથામાં આવેલી દરિયો ઓળંગવાની વાત ઉપરથી લાગ્યું કે ધર્મમાં અને શાસ્ત્રમાં બંધી હોય તો તે વાત પવિત્ર કથામાં આવેજ નહિ. સુમનની સામે હસીને તેણે ચંદાગૌરીને કહ્યું કે 'ગમે તેમ હો પણ હાલ તો લોકો વિલાયત જનારાઓનાં ચુંથણાં ચુંથે છે. તેમને બિચારાઓને રઝડે છે અને બ્રાહ્મણો પ્રાયશ્ચિત્ત આપવાનેએ

આનાકાની કરે છે.'

સુમન—એ તો લોકનું ઝેર જમનાંભાભી ! પૈસો હોય અને વળી છોકરો ભણ્યોગણ્યો એવો હોય તો એ લોકો તેને વિલાયત મોકલે, કંકુનો ચાંલ્લો કોને ન ગમે ? પારકાને પજવવા સૌ તૈયાર !

ચંદા—લોકોએ ઘણુંએ ખેંચ્યું પણ પકડયું રહ્યું કે ? જેને સગવડ હોય તે સૌ વિલાયત જાય. વિદ્યાકળા શીખવાને માટે ગમે ત્યાં જવાય. વળી દરિયાપારના વેપારથીજ દેશ ધનવાળો થાય છે. આ તો જમનાંબહેન ! ખાલી ધિંગાણું છે ! 'ફરે તે ચરે અને ઘેર બેઠું ભૂખે મરે ' પંદરમા સૈકાથી યુરોપ દરિયો ખેડવા લાગ્યું તે પછીજ આ બધો વૈભવ અને પૈસો ઉછાળે છે.

જમનાં—પણ દરિયો ખેડવામાં જોખમ તો ખરૂંને ભાભીજી ! જીવતો આવ્યો તો આવ્યો નહિ તો મેતલીને માળ !

ચંદા—એમ બ્હીએ તો તો કશુંએ બને નહિ. કંઇ દરિયામાંજ મરી જવાય છે ? માણસ ઘેર બેઠાંએ મરી જાય છે. ખેડુત ખેતર ખેડવા જાય ત્યાં કોઈને સાપ કરડે ને મરી જાય, કોઇ ફળ લેવાને ઝાડે ચઢે ત્યાંથી પડે ને મરી જાય અને કોઇ ચુલો સળગાવતાં બળીને મરી જાય, તેથી શું એ બધાં કામ લોક છોડી દે ? અને છોડી દે તો ખાય શું ? એ તો મરવા કાળ હોય તે મરે એમાં શું ?

સુમન—જમનાંભાભી ! હું એક ચોપડી વાંચું છું તેમાં એવી વાત આવી છે કે, એક માણસના બે ત્રણ બાપદાદા દરિયામાં મરણ પામેલા હોવા છતાં જ્યારે તે દરિયે જવા તૈયાર થયો, ત્યારે તેના એક દોસ્તદારે કહ્યું કે 'તારા કુટુંબમાં દરિયે

જનારા બુડીને મરી જાય છે ત્યારે તું શા માટે દરિયાની સફરે જાય છે ?' પેલાએ પૂછયું કે ' તારા બાપ ક્યાં મરી ગયા હતા ?' ' ઘેર ખાટલામાં.' તારા દાદા અને તેમના બાપ ક્યાં મરી ગયા હતા ?' ' તે પણ ખાટલામાં.' ' ત્યારે તું શા માટે ઘરમાં રહે છે ને ખાટલામાં સુએ છે ?' પેલો તરત નિરુત્તર થઈ ગયો.

જમનાં—હાસ્તો, નિરુત્તરજ થઇ જાયને ! જેમ પેલાના પૂર્વજો દરિયામાં મરી ગયા તેમ તેના પૂર્વજો ઘર આગળ ખાટલામાં મરી ગયા. જેવો પેલાને દરિયો નખેદ તેવું પેલાને ઘર ને ખાટલો નખેદ. એ તો ખરૂં, કોઇ ખાતાં ખાતાં અંતરસ જાય તેથી પણ મરી જાય માટે કંઈ ખાવાનું છોડી દેવાય ?

સુમન—ત્યારે એમ જમનાંભાભી ! એમ ડરીએ તો તો આ જગતમાં કહિં પગલુંએ ભરાય નહિ ?

ચંદા—હોડીમાં તમે કાલે જરા ગભરાયેલા જેવાં લાગતાં હતાં જમનાંબહેન !

સુમન—અરે શું ભાભી ! એ તો કહે છે કે, તમે ને મારા ભાઈ સાથે હતાં તેથી, નહિ તો એ ચતુરભાઇને હોડીમાં બેસવા દેતજ નહિને !

ચંદા—એમ !

જમનાં—હા બા, હું તો બહુ ડરી ગઈ હતી. જયારે ભરતી આવી ને દરિયો છોળે ચઢયો ત્યારે તો મને જાણે કંઈનું કંઇ થઇ જવા લાગ્યું. મેં જાણ્યું કે આ શું થવા માંડયું ? એ-મણે ધીરેથી મારા કાનમાં કહ્યું કે ' કંઈ નહિ, દરિયામાં ભરતી આવે ત્યારે પાણી ઉછળે.'

સુમન–જમનાંભાભી! દરિયામાં ભરતીઓટ થાય તે તમે નથી જાણતાં? દહાડામાં બે વાર દરિયાનાં પાણી ચઢે ને ઉતરે.

જમનાં–કેમ એમ થતું હશે?

ચંદા–એ વાત જરા અટપટી છે માટે ધ્યાન રાખીને સાંભળો તો કહું.

જમનાં–તમે જે કંઈ કહો છો તે હું હંમેશ બહુ ધ્યાનથી સાંભળું છું અને મારે ઘેર જઇ યાદ કરૂં છું. સુમનબહેનને પૂછો, એ જ્યારે મારે ઘેર આવે છે ત્યારે હું મને જે ન સમજાયું હોય તે એમને પૂછું છું કે નહિ?

ચંદા–વાંચવું અને વાંચેલાને યાદ કરી મનમાં ઉતારવું, એમ કરવાથી દરેક બાબત મગજમાં ઠસાવાય છે.

જમનાં–એમજ કરૂં છું. વારૂ કહો કે દરિયામાં ભરતી-ઓટ કેમ થાય છે?

ચંદા–ભરતીઓટ થવાનું કારણ આકર્ષણ એટલે ખેંચાણ છે, માટે પહેલાં આકર્ષણ શું તે કહું.

સુમન–'ફળ જમીન ઉપર શાથી પડયું?' એ વાત ત્યારે તો ભાભી કહેશોને?

ચંદા–હા, તેજ.

જમનાં–'ફળ જમીન ઉપર શાથી પડયું?' એમાં વળી વાત શી? દરેક વસ્તુ નીચે પડે.

સુમન–શા માટે નીચે પડે? કેમ ઉંચે કે પડખે જતી રહે નહિ?

જમનાં ગુંચવાઇને હસી, એટલે ચંદાગૌરી બોલ્યાં કે, સર આઇઝેક ન્યુટન કરીને એક ઝીણો શોધક હતો. તે એકવાર

ખેતરમાં ઝાડતળે બેઠો હતો એટલામાં ઝાડ ઉપરથી ફળ નીચે પડયું. ફળને નીચે પડતું જોઈ તેના મનમાં એવો સવાલ થયો કે 'શા માટે ફળ જમીન ઉપર–નીચે પડયું ?' પોતાના મનમાં ઉત્પન્ન થયેલો આ સવાલ ઉકેલવાની તેણે તજવીજ કરવા માંડી અને આખરે એવા નિર્ણય ઉપર આવ્યો કે, આ દુનિયામાંની દરેક વસ્તુ એક બીજાને પોતાની મગદુર પ્રમાણે પોતાની તરફ ખેંચે છે અને નાની વસ્તુ મોટી વસ્તુ તરફ હંમેશ ખેંચાઇ જાય છે. પૃથ્વી બીજી બધી વસ્તુઓ કરતાં મોટી હોવાથી તે બીજી નાની વસ્તુઓને પોતાની તરફ ખેંચે છે, માટે ડાંખળીથી છુટું પડેલું ફળ પૃથ્વીના ખેંચાણને લીધે જમીન ઉપર પડયું. એક કાંકરાને જોર કરી આપણે ઉંચે ફેંકીએ, પણ તેને આપેલું જોર પુરૂં થઈ જાય એટલે તે પાછો જમીન તરફ ખેંચાઈ નીચે પડે.

જમનાં–આ તો અજબ !

ચંદા–અજબજ ! જગતકર્ત્તા–પરમેશ્વરનું બનાવેલું આ જગત અજબજ છે, જમનાંબહેન ! સૃષ્ટિમાંની દરેકે દરેક ચીજો આપણાથી દેખાય તેવાં અને ન દેખાય તેવાં અસંખ્ય બારીક અણુઓની બનેલી છે. દરેક અણુમાં આકર્ષણ શક્તિ રહેલી છે. પરમાણુઓમાં રહેલી, એક બીજાને પોતપોતાની તરફ ખેંચવાની એ શક્તિથી, દુનિયામાંની દરેક જુદી જુદી આકૃતિની નાની મોટી વસ્તુઓ બનેલી છે. આકાશમાં રહેલા ગ્રહો અને સૂર્ય ચંદ્ર પણ આકર્ષણ શક્તિવાળા છે. તેઓ એક બીજાની શક્તિઓથી ખેંચાઈ અદ્ધર રહી એક બીજાની આસપાસ ફરે છે. આકાશ અને પૃથ્વી પરની બધી ઉથલપાથલો આક-

ર્ષણ શક્તિને લીધે થાય છે. લોહચુંબક નામે એક ખનીજ પદાર્થ થાય છે, તેમાં લોઢાને ખેંચવાનો ગુણ બહુ આગળ પડતો હોય છે. એની સાથે ઘસેલા લોખંડમાં પણ એવો ગુણ આવે છે. લોઢાની સોયને લોહચુંબકના ગુણવાળી કરતાં તે ઉત્તર દક્ષિણ તરફ રહે છે. એક કાગળની તખતી ઉપર દિશાઓ લખી એ સોય તેને વળગાડવાથી હોકાયંત્ર બને છે. ભરદરિયે જ્યારે એકે દિશા સૂઝતી નથી, ત્યારે વહાણવટીઓ હોકાયંત્ર જોઇ દિશા ઓળખી તેને આધારે વહાણ ચલાવે છે. આ યંત્ર ચીનાઓએ પહેલવહેલું શોધી કાઢ્યું હતું.

આ બાબત એવી રમુજી અને રસભરિત છે કે કોઇને પણ વાંચવી અથવા સાંભળવી ગમે. કુદરતના આવા ચમત્કારો અને ખુબીઓ સંબંધી શોધ કરનારા અને નવી નવી બાબતો જાણવાની તજવીજ કરનારા માણસો તેમાં એવા તલ્લીન થઇ જાય છે કે, બીજી અગત્યની વ્યાવહારિક બાબતો તેમને યાદ રહેતી નથી. સર આઇઝેકન્યુટન જેણે આ અલૌકિક શક્તિ ઉપર આટલું બધું અજવાળું પાડયું તે તેમાં એવો તો એકતાર થઇ જતો હતો કે તેને પોતે શું કરે છે અને કયાં છે તેનું પણ ભાન રહેતું નહિ. એકવાર એ તેની પ્રયોગશાળામાં આકર્ષણ શકિત સંબંધી વિચાર કરતો અને પ્રયોગો અજમાવી જોતો હતો, એટલામાં દાસી ખાવાનું પૂછવા આવી. તેણે ઇંડું પોતે બાફી લેવાનું જણાવ્યું. કીટલીમાં ઇંડું બાફવા મૂકવાને બદલે તેણે પોતાનું ઘડિયાળ મૂકી દીધું.

સુમન વચમાંજ બોલી ઉઠી કે, 'જમનાંમાબી ! ફોનોગ્રાફ અને સીનોમેટોગ્રાફ વગેરેનો અમેરિકન શોધક જે હજી

જીવે છે અને જેણે વીજળીને અનેક કામમાં યોજવાની શોધો કરી છે તે તેના કામમાં એવો એક્તાર થઈ જાય છે કે તેને બીજું કંઇ સાંભરતુંજ નથી. એ પરણીને પોતાને ઘેર આવ્યો અને કંઇ કામ હોવાથી ઓચિંતુ પ્રયોગશાળામાં જવું પડયું. એની પ્રયોગશાળામાં સ્ત્રીઓને પેસવાની મના હતી. નવી પરણી આણેલી વહુને બહાર બેસાડી તે અંદર ગયો. કહે છે કે, અંદર ગયા પછી તે કામમાં એવો એકતાર થઇ ગયો કે 'હમણાં આવું છુ ' એમ કહીને અંદર ગયેલા તેની રાહ જોતાં તેની નવીને બિચારીને ત્રણ દહાડા બહારજ બેસી રહેવું પડયું.

જમનાં—બિચારી ગાંડી. તમારાં મંછાભાભી જેવી હોય તો બેસી રહે ? ચંદાગૌરી સામું જોઈને પછી તે બોલી કે, 'આકર્ષણ શકિતથી ત્યારે ભરતીઓટ થાય છે કે ?'

ચંદા—હા, ચંદ્રમાના ખેંચાણથી સમુદ્રનું પાણી ઉંચે ચઢે છે અને ઉતરે છે. પુનમનો જુઆળ મોટો અને અમાંસનો તેનાથી મોટો, કારણ તે દિવસે સૂર્ય અને ચંદ્ર બે એક સરખી લીટીમાં હોવાથી તેમની બન્નેની આકર્ષણ શકિતઓ પાણીને ખેંચાણ કરે છે. જમનાં બ્હેન ! જો ચંદ્રને સૂર્યના આકર્ષણથી દરિયામાં ભરતીઓટ ન થતો હોત તો પાણી બધાં ગંધાઇ જાત. એક નાના ખાબોચિયાનું પાણી સ્થિર રહેતાં ગંધાઈ જાય છે તો પછી દરિયાનું અગાધ જળ ગંધાઇને કેટલી બધી ખરાબી કરત.

જમનાં—એજ ઈશ્વરની આપણીપર મ્હેરબાની છેને ! એ આપણે માટે સો કરે છે. એણે વળી દરિયાને મીઠો બનાવ્યો હોત તો કેવી મઝા પડત.

સુમન–હરિયો મીઠો હોત તો આપણે મીઠું ક્યાંથી મેળવત ?

જમનાં–મીઠું કંઇ એકલું દરીયામાંથી મળે છે ?

ચંદા– દરીયામાંથીજ. દરીયામાંથી, ખારા કુવાઓમાંથી અને જમીનમાંથી મીઠું મળે છે, પણ તે સૌ દરીયાને લીધેજ. જમીનમાંથી મળતું મીઠું સિંધવ કહેવાય છે અને ફરાળમાં આપણે તેનો ઉપયોગ કરીએ છીએ. મધ્ય હિંદુસ્તાનમાં તેની ખાણો છે. મધ્ય યુરોપમાં તો તેની એવી મોટી ખાણો છે કે, જેમાં ગામ અને નાનાં શહેરના જેટલી વસ્તી રહે છે.

જમનાં–દરિયાના તળમાંની મીઠાની ખાણોને લીધે પાણી ખારૂં થતું હશે ?

ચંદા–ના. જમીન ઉપરની નદીઓ હજારો માઇલના વિસ્તાર ઉપર વહે છે અને તેનાં પાણીની મારફતે જમીન પર્વત અને બીજો બધો ખાર દરીયામાં ઘસડાઇ જાય છે તેને લીધે પાણી ખારાં થાય છે. ખાર જમીનની અંદર અને સપાટીપર બન્ને ઠેકાણે હોય છે. ઘણા કુવાનાં પાણી ખારાં હોય છે અને કેટલાંક મોટાં સરોવરો પણ ખારાં હોય છે. એશિયામાઈનરમાં એક સરોવર છે તેનું પાણી દરીયા કરતાંએ વધારે ખારૂં છે.

સુમન–' ડેડસી ' ને ? જમનાંભાભી ! એમાં માછલાં થતાં નથી ને માણુસ બુડતું પણ નથી.

ચંદા–આપણે અહિં મુંબાઈમાં દરીયાનું મીઠું અને ગુજરાતમાં ખારાઘોડાનું મીઠું ખાઈએ છીએ. ત્યાં દરીયો દૂર જતો રહેલો છે પણ જમીન ખોદીને કરેલા વરીડાઓ-

માંથી ખારૂં પાણી લઇ અગરિયા ક્યારાઓ ભરે છે ને તે સૂર્યને તાપે સુકાઈ વરાગડું મીઠું બને છે.

સુમન–ભાભી ! દરિયાની બીજી શી શી ઉપજો હશે ?

જમનાં–ઠીક પૂછ્યું સુમનબ્હેન ! હું હમણાં એજ પૂછવાની હતી.

ચંદ્રા–દરિયો તો રત્નાકર કહેવાય છે બહેન ! તેમાંથી અનેક વસ્તુઓ મળે છે. આપણા જુના લોક તેને લક્ષ્મીનો પિતા કહે છે. પુરાણોમાં દેવો અને દાનવોએ તેને વલોવી રત્નો કાઢયાની કથા છે. ચૌદ રત્નમાં એક લક્ષ્મી પણ હતાં. ચંદ્રમા સમુદ્રમાંથી નીકળેલો હોઇ સમુદ્રનો પુત્ર કહેવાય છે. આપણાં કાવ્યોમાં ભરતીને માટે એવી કલ્પના કરેલી છે કે, ચંદ્રનો ઉદય થતાં એટલે કે પુત્રનું મોં જોતાં પિતા એવા સમુદ્રને ઉમળકો આવે છે અને તે ભરતીરૂપે તેની સામે ભેટવા ધસે છે.

સુમન–પણ રત્નાકરમાંથી રત્ન કયું નીકળ્યું ?

ચંદ્રા–કૌસ્તુભમણિ.

સુમન–એ તો ઉપમા. ખરૂં રત્ન બતાવોને ?

ચંદ્રા–મોતી. મોતી રત્નમાં ગણાય હો બહેન !

જમનાં–મોતી જમીન ઉપર ઉગે છે કે દરિયામાં થાય છે ? આપણે ગાઇએ છીએ કે રાધિકાએ મોતી વાવ્યાં હતાં.

ચંદ્રા–એ તો કવિની કલ્પના જમનાંબહેન ! મોતી કંઈ અનાજ કે વનસ્પતિ જેવી ઉદ્ભિજ્જ વસ્તુ નથી. એ તો સમુદ્રમાં થાય છે.

જમનાં–એમકે, ત્યારે તે કેમ થાય છે ?

ચંદા—છીપ તો તમે જોઇ છે ને જમનાંબહેન ! એ છીપમાં રહેનારી માછલી કાલુ માછલી કહેવાય છે. એ માછલી તેના શરીરમાંથી નીકળતી રસીથી છીપની અંદરના ભાગને તાછેલી ચાંદી જેવું પડ ચઢાવે છે. તેના શરીરમાંથી નીકળતી એ રસીનાં ટીપાં વારંવાર એનાં ને એનાં ઉપરાઉપરી પડ બંધાઇ નાના મોટા દાણા જેવાં થાય છે. અમુક ઋતુ આવતાં તે ઠરીને સખત થાય છે. કાલુમાછલીની છીપમાંથી નીકળતા એ ચળકતા, સહેજ પીળા વાદળી કે લાલછાયાવાળા પાણીદાર તેજસ્વી દાણા તે મોતી. એમાં મુખ્ય તત્ત્વ કેલશમ કારબોનેટ હોય છે. આપણા દેશમાં કચ્છના અખાતમાં અને હિંદુસ્તાન તથા સિલોન વચ્ચે આવેલા મનારના અખાતમાં કાલુમાછલીઓ થાય છે. ઇરાન અને અરબસ્તાન વચ્ચેના ઇરાની અખાતમાં તે પુષ્કળ થાય છે. ત્યાંનાં મોતી વખાણાય છે. વળી અમેરિકા તરફ, આસ્ટ્રેલિયાના પશ્ચિમ કાંઠા તરફ અને કિવન્સલેંડ વગેરે તરફ પણ કાલુમાછલીઓ થાય છે. ત્યાંનાં મોતી દુનિયાનાં બજારોમાં વેચાવા આવે છે. આપણા સુરતના ઝવેરીઓ ઇરાની અખાતના મોતીના વેપારથી માતબર થયેલા છે. ફ્રાંસ સાથે તેઓ પુષ્કળ વેપાર કરે છે.

જમનાં—ઓહો ! મોતી છીપમાંથી નીકળે છે અને આપણા દેશના દરિયામાં તે થાય છે, એ વાત સાંભળીને તો મને બહુજ આનંદ થયો. દરિયાની બીજી ઉપજ શું તે હવે કહો ભાભીજી ?

ચંદા—વાદળી તમે જોઇ છે જમનાંબહેન ! ?

જમનાં—હા. એ શું દરિયામાં થાય છે ?

સુમન-અને મીનબત્તીએ દરિયાની ઉપજ છે.

જમનાં-જાઓ જાઓ સુમનબહેન ! તમે તો બડાં ગપ્પી છો.

ચંદા—ના, સુમનબા ખરૂંજ કહે છે. દરિયામાંના કેટલાક ખડકો ઉપર એક જાતનાં એવાં જળચરજ થાય છે. આગળ એને લોકો સેવાળ જેવી વનસ્પતિ માનતા હતા, પણ પછી, તે એક જાતનું દરિયાઈ પ્રાણી છે, એવું પુરવાર થયું છે. પત્થરને જેમ સેવાળ બાઝે તેમ વાદળીના જીવ પણ દરિયામાંનાં ખડકોને વળગી રહે છે. ભૂમધ્યસમુદ્રમાં તે પુષ્કળ થાય છે. વાદળી તે એ જળચરના શરીરનું ખોખું છે. માછીમારો તેને દરિયામાંથી લઈ આવી, તેમાંથી જીવ જતો રહે અને સુકાય ત્યાં લગી કિનારા ઉપર રેતીમાં દાટે છે. જીવ ગયા પછી રહેલું એ પ્રાણીનું હાડપિંજર તેજ વાદળી. અજ્ઞાન લોકો કહે છે તેમ, એ કંઈ વાદળનો કકડો નથી. વાદળાં એ કંઈ હસ્તગ્રાહ્ય વસ્તુ નથી. એ તો આકાશમાં ચઢેલા વરાળના ગોટા છે. સુમનબા કહે છે તેમ, મીનબત્તી પણ દરિયાઇ માછલી, જેને વહેલ કહે છે તેની ચરબીના તેલની બનાવટ છે.

જમનાં-માછલીમાં એટલું બધું તેલ ! ?

ચંદા-હા. વહેલ નામની માછલી કંઈ આપણે નદી કે તળાવમાં જોઈએ છીએ એવી નાની માછલી નથી હોતી, તે તો પચાસ સાઠ હાથ લાંબી અને વહાણની તળે ભરાઇ ગઈ હોય તો તેને ઉથલાવી નાંખે એવી મોટી અને જોરાવર હોય છે. એક વહેલના મગજમાંથી કોઈ કોઇવાર હજાર બારસેં મણ તેલ-ચરબી નીકળે છે. મોટાં કારખાનામાં એ તેલની

મીનબત્તીઓ બનાવવામાં આવે છે.

જમનાં—અરેરે ! આપણે તો ત્યારે મીનબત્તીને આપણી પવિત્ર ધર્મની પૂજાપાત્રીને વખતે ઉપયોગમાં લઈએ છીએ.

સુમન—જમનાંભાભી ! આપણા દેશી શોધકોએ હમણાં વનસ્પતિના તેલમાંથી તેના જેવીજ મીણબત્તીઓ બનાવવા માંડી છે. હવે એવા કામ માટે તમે દેશી મીણબત્તી વાપરજો.

જમનાં—વળી બીજી કોઇ પેદાશ દરિયાની છે કે ?

ચંદા—દરિયાની તો બીજી ઘણીએ પેદાશો અને ફાયદા છે. પરવાળાં પણ દરિયાની પેદાશ છે. જમીન ઉપર જેમ હાથે ળિયા થુવર ઉગે છે, તેમ દરિયામાં એક જાતનાં જીવડાં પોતાને રહેવાને પરવાળાંના થુવર જેવા મોટા ખડકો ને ખડકો ઉભા કરે છે જીવડાંએ બનાવેલાં એ ઘર તે પરવાળાં. તેના ખડક પાસિફિક મહાસાગરમાં પુષ્કળ થાય છે. પરવાળાંનો લાલ રંગ અને ઝળક બહુ મજેની હોય છે. તમારી મશીન પૉલિશ કરતાંએ હું તો એની સફાઇ સારી દેખું છું. પરવાળાંના ખડકોના મોટા મોટા બેટ થઇ જાય છે અને કેટલેક ઠેકાણે તેના મોટા બેટો થયેલા છે, પણ ખરા.

ટાઢા દેશના દરિયામાં સીલ નામે એક મોટી માછલી થાય છે. તેનાં ચામડાં ને તેલનો પુષ્કળ વેપાર ચાલે છે. વળી કૉડ નામની માછલીની છાતીમાંથી નીકળતું તેલ, જે કૉડલીવર ઓઇલ કહેવાય છે, તે પણ દરીયાની પેદાશ છે.

જમનાં—હાસ્તો, એ તેલ તો નબળા અને ખાસ કરીને ક્ષયના દરદીઓ માટે એક અકસીર ઓસડ ગણાય છે. તેની હજારો બાટલીઓ એકલા આ શહેરમાંજ ખપતી હશે. સુમન

બાના ભાઇ દરેક શિયાળામાં તેની બે ત્રણ બાટલી લે છે.

ચંદા—એ ઉપરાંત દરિયામાં બીજી એવી માછલીઓ થાય છે કે, જેનાં હાડકાંની લાકડીઓ અને બીજી ચીજો બને છે. દરિયાના ફાયદા ગણાય નહિ એટલા બધા છે. દરીયાને લીધે માણસ થોડા ખરચે એક દેશમાંથી બીજે દેશ જઇ શકે છે. દરીયાની મુસાફરીનાં સાધન વધવાથી અત્યારે આખી દુનિયા એક બીજાના પરિચયમાં આવી છે. દરિયાને લીધે ઉજડ જમીન ફળદ્રુપ અને વસ્તીવાળી થઇ છે. આફ્રિકાખંડમાં સહરા નામનું એક બહુજ મોટું રણ છે. પાણી કે ઝાડપાન વગ- એ મોટા રણને લીધે હજારો ચોરસ માઈલ જમીન ઉજડ પ- ડેલી છે. એક યુરોપિયન સાહસિકે ભૂમધ્યસમુદ્રની સપાટીથી એ ભાગ નીચો હોવાને લીધે સહરાને નહેરની મારફતે સમુદ્ર બનાવી દેવાનો વિચાર કર્યો છે. હાલમાં નવી નવી શોધો થવાને લીધે દુનિયાનો વેપાર અને ઉદ્યોગ વધ્યો છે.

જમનાં—આગળ આપણા લોક આવુંતેવું કંઇ જાણતા હતા કે નહી ચંદાભાભીજી ! ?

ચંદા—કેમ નહિ ? આપણા લોકજ પહેલાં વહાણવટું કરતા હતા. આપણા ગુજરાતના વેપારીઓ તેમાં સૌથી વધારે સાહસિક ગણાતા. અત્યાર લગી પૂર્વ તરફનો દરિયો આપણેજ ખેડતા હતા. આપણે ગીતોમાંએ ગાઇએ છીએ કે:—

'લંકાગઢ વહાણ પુરાવો ને સોનાં મંગાવો.'

જમનાં હસીને બોલી કે 'મારાં વહાલાં તમે તો બહુ ઝીણાં છો ! આ તો અમારા તરફ ગામડામાં ગવાતું ગીત છે. તમે કયાં સાંભળેલું વારૂં ?'

દરીયાની સહેલ.

ચંદા–કેમ ક્યાં સાંભળેલું ? ગામડેસ્તો, આપણે દરિયા-પર વેપાર ચલાવતા એટલુંજ નહિ, પણ દરિયાઈ ફોજે રાખતા. દરિયા ઉપર થઈને જતાં આવતાં વહાણો ઉપર દરોડો પાડ-નારાઓ ' ચાંચિયા ' કહેવાતા. તે લોક સામે પોતાના વેપા-રીઓને રક્ષણ આપવા આપણા રાજાઓ દરિયાઈ કાફલો રાખતા. પરદેશીઓ દરિયા માર્ગે દેશ ઉપર ચઢી આવે તો તેમની સામે કાફલાવાળા લડતા. હમણાં એક બંગાળી ગૃહસ્થે આપણા પ્રાચીન વહાણવટા ઉપર એક પુસ્તક પ્રસિદ્ધ કર્યું છે તે ઉપરથી જણાય છે કે, આગલા–બહુ પ્રાચીન કાળે પણ ગુજરાતના રાજાઓ દરિયાઈ કાફલો રાખતા. તે વખતના વહા-ણનું એક ચિત્ર પણ તે ગૃહસ્થના પુસ્તકમાં આપેલું છે. વળી આપણા શિવાજી મહારાજે પણ દરિયાઈ કાફલો રાખ્યો હતો.

પ્રકરણ ૨૦ મું.

નિયમ ને વ્યવસ્થા.

બીજે દહાડે જ્યારે જમનાં આવી ત્યારે ચંદાગૌરી એક કાગળ વાંચતી હતી. વાંચી રહીને તે શું કહે છે, તેની રાહ જોતી સુમન મૌન થઇ તેની સામે બેઠેલી હતી. જમનાં આવી તેની સામું જોઈ ચંદાએ માથું હલાવી આવકાર આપ્યો અને પાછું વાંચવા માંડયું. જમનાં સુમનની નજીક જઇ ચૂપચાપ બેઠી. ચંદાગૌરી વાંચતાં વાંચતાં ગાલમાં સહેજ હસતી અને આનંદ પામતી જણાતી હતી. કેટલીક વારે તેણે પત્ર પુરો કર્યો ને ઉભી થઈ. ચંદાગૌરી કંઈ બોલી નહિ એટલે સુમને પૂછયું કે, ' ભાભી ! કોનો કાગળ છે ? પેલાં તમારાં સુંદર સખીના જેવા અક્ષર જણાય છે. તે ખુશી ખુશાલીમાં છેને ? '

' હા, બા, મોજમાં છે. એમનાં ઝવેર નણંદે તમને બોલાવ્યાં છે.'

' સુંદરભાભી અને ઝવેરબ્હેનનો થોડાજ વખત મેળાપ થયેલો તોપણ ઓહો ! એ લોક કેવાં માયાળુ છે ભાભી ! હવે તો એ બહુ સ્વતંત્ર થયાં હશે. નણંદ ભણેલાં છે એટલે ત્યાં કંઇ છેડતી બેડતી કરતાં નહિ હોય. એ તો ઘરડાં ચહાવે એટલે અમારા જેવાં નાનાં છોકરાં ભાભીઓની છેડતી કરે. ભાઇ બોજાઇના રાજ્યમાં ભાભી સારી હોય એટલે તકરારનું કારણ નહિતો ! ઝવેરબ્હેન ખરેખર બહુ સારી છોકરી છે. '

'ખરૂં સુમનબ્હેન ! ઘરનાં ઘરડાંજ રડચાં, નાનાં છોકરાં પાસે વહુવારૂને સતાવરાવે છે. તમેએ અમદાવાદમાં ચંદાભાભીજીના વાંધાવચકા પાડચા હશે.' જમનાંએ ટકોર કરી.

'ના, મારાં લાડીલાં નણંદે તો કદીએ મારો વાંધો પાડ્યો નથી, અને મારાં સાસુએ બા, ગંગાજળ જેવાં-પવિત્ર ચોખ્ખા હૃદયનાં છે.' ચંદાગૌરીએ સાસુનણંદનાં વખાણ કર્યા.

'સુંદરભાભીની વાત જમનાંભાભીને કહો.'

જમનાં-લડાઇ ઝગડાની વાત હોય તો મારે નથી સાંભળવી. હિંદુ સંસારમાં બીજું શું હશે?

'એ તો સહેજ રંગનું ચટકું. પણ બીજું બધું બહુ જાણવા જેવું છે. એકવાર મારાં ભાભી સુંદરભાભીની આવહને સમજની વાત મારા ભાઇને કહેતાં હતાં.'

જમનાં-તે કોણ છે, ચંદાભાભીજી?

ચંદા-મારી એક બહેનપણી. એનું ચરિત કંઇ દુઃખનું નથી. એનો વર વિલાયત જઇ સિવિલિયન થઈ આવેલો છે. હાલ તે એના સ્વામી સાથે અમલદારી ને મોજભોગવે છે. એનો વર વિલાયત હતો અને તે સાસુસસરા, દિયરજેઠ ને નણંદોવાળા મોટા કુટુંબમાં ચાર વર્ષ લગી બાંધેપગે રહી હતી. તે વખતે જરા તકરારો થયેલી, પણ બીજાં કંકાસી ઘરો જેવી નહિ.

જમનાં-પૈસે ટકે સુખી કુટુંબમાં કંકાસ હોતો નથી. એ તો રડી ગરીબીજ, કંકાસનું ઘર છે. જ્યાં જુઓ ત્યાં બધે ગરીબોમાંજ કલેશ કંકાસ!

ચંદા—અલબત, એવુંજ છે. સુંદરને ઘેર કંઇ એવો કલેશ કંકાસ નહિ થયેલો. એ તો એના વરે ઇંગ્રેજી ભણવાનું, હાલની નવી રીતભાત શીખવાનુ અને સારા કુટુંબોમાં ઓળખાણ કરવાનું કહેલું, તેની સામે જુના વિચારવાળાંએ જરા બખડાટ કરેલો તેજ માત્ર, બીજું કંઇ નહિ કામકાજમાં તો મારી સુંદર તે સુંદરજ છે ! અમે બે નિશાળની સખીઓ અને જમનાંબહેન ! એક પોળમાં પરણેલી, એટલે એક બીજાની બધી વાત જાણીએ. એ સાસરે આવી અને બે ત્રણ મહિને એનો વર વિલાયત ગયેલો. ઘરનાં બધાં માણસ ઘરડાં, જુનાં આચારવિચારનાં અને એને નવા આચારનો અનુભવ લેવાનો, એટલે સાસુ જરા કકળે, બાકી કામકાજમાં તો એ એવી પાવરધી અને ચતુર કે, કશું કહેવુંજ પડે નહિ. એની સાસુ ખુલ્લે દિલે મારાં સાસુ આગળ એનાં વખાણ કરતાં.

'મારી બાએ અડોસીપડોસી આગળ મારાં ભાભીના કામકાજ માટે હંમેશ વખાણ કરે છે, જમનાંભાભી !' સુમને ભાભીને સારૂં લગાડયું.

ચંદા—હુંએ એના જેવી નહિ. એ તો જેમ આગગાડી અમુક વખતે ઉપડે, તેમ નિયમિત વખતેજ કામકાજ કરનારી નાનપણથીજ ઘડિયાળ જેવી નિયમિત. પાંચનો ટકોરો વાગતા વાગતામાં તો તે ઉઠેલી હોયજ. પોતાની મેડીમાંનુ અને ઘરનું અમુક કામ અમુક વખતે કરવું, એવા એવા નિયમજ. આપણે જ્યારે જોઈએ ત્યારે તે અમલમાં મુકાયેલા હોય ને હોયજ. ઘરનું રાચરચીલું, સરસામાન, લુગડાંલત્તાં, ચોપડીઓ અને દરેક નાની મોટી ચીજો જ્યાં મૂકવાની હોય ત્યાંજ

સુકાય, બીજે ઠેકાણે નહિ. એની મેડીમાં જઇને બેસતાં મન હસી રહે. ક્યાંહિં કચરો, અરે! રજ સરખીએ પડેલી હોય નહિ. હરેક વસ્તુ આંખને ગમે એવી મજેની રીતે ગોઠવી તેને સ્થાનેજ મૂકેલી હોય. એનો વર અભ્યાસી તે રાતે ચોપડીઓને ગમે તેમ નાંખી દે, ખડિયો, પેન્સીલ ગમે ત્યાં મૂકીને ચાલ્યો જાય. નીચે ગયો હોય ને ત્યાં કપડાં ઉતાર્યાં હોય તો ત્યાંજ ભુલી જાય. મેડીએ આવી અબોટિયું બદલે ને ત્યાંજ રહેવા દે. નણંદો ને દિયર પણ એવાંજ. જમવા બેસે કે કોઈ કામ માટે કોઈ ચીજ લે, તો તે પછી જ્યાંની ત્યાંજ રહેવા દે, પણ મારી સુંદર એવી ફરકડી જેવી ફરતી ને ચંચળ કે જે કોઇ વસ્તુને તેના સ્થાન વગર બીજે ઠેકાણે પડેલી દેખે કે તરત ઉપાડી લે ને તેને સ્થાને મૂકે. વાંચતાં વાંચતાં એનો વર ચોપડી એમની એમ રાખીને જાય અને વળી કહે કે 'મારી ચોપડીઓને અડવું નહિ' તોપણ સુંદર અડે, સાફસુફ કરે અને પાછી જેમની તેમ મૂકી દે. એકકે વસ્તુ કહિં અસ્થાને રહેવા પામેજ નહિ. એણેજ કહેલું કે, એ નહતી ત્યારે અમુક વખતે ઉઠવા તેને એલાર્મ મૂકવું પડતું. પરંતુ તે આવી ત્યારથી એનેજ કહે કે 'મારે આટલે વાગે ઉઠવું છે' એટલે તેટલા વાગે જાણે ઘડિયાળજ ન હોય! તેમ તે ઉઠાડે. તેણે જતાં જતાં એનાં માબાપને કહેલું કે 'એને ઇંગ્રેજી ભણવા દેજો, પારસી ઇંગ્રેજ ને હિંદુઓનાં સારાં કુટુંબોમાં પરિચય પાડવા દેજો અને પહેરવા ઓઢવા માટે એને જોઈતું હોય તે બધું લાવી આપજો.' સાસુસસરાથી એને મોંએ ના કહેવાયેલું નહિ પણ પછવાડે જરા બબડે.

જમનાં—સાફસુફ અને વ્યવસ્થાથી તો ઘર બહુ સજેલું લાગે છે ચંદાભાભીજી! તમે તો મોટા ને સારા ગૃહસ્થ લોકની વાતો કરો છો પણ હું તમને અમારા ગામડાની સાફસુફ અને કામ કાજની અથવા વ્યવસ્થાની વાત કહું તો તમે છક થઇ જાઓ. ગામડામાં દરેક માણસ—બ્રાહ્મણ, વાણિયા, કણબી કે રબારી ભરવાડ સૌ કોઈ સવારમાં વહેલા ઉઠે. વહેલા ઉઠવાનો તો ગામડામાં રિવાજજ. બ્રાહ્મણાદિકની શું વાત કહું, તમે કદી રબારીવાડામાં દુધ લેવા ગયાં હો તો ત્યાંની સાફસુફ અને ચંદની જેવાં આંગણું જોઈ રળિયાતજ થઇ જાઓ. ઢોર બકર ઘેટાં અને તેનાં બચ્ચાંકચ્ચાંની ધાડ હોવા છતાં પણ રબારીને દરેક વાડો જાણે સુધરેલાઓની ટેનિસગ્રાઉન્ડ ના હોય, એવો સ્વચ્છ ને મનોહર લાગે. એ લોકનાં વાસણકુસણ અને સરસામાન, નાનાં ઘરોમાં એવો વ્યવસ્થિત હોય છે કે કદી શોધવોજ પડે નહિ. આપણાં જર્મન સિલ્વરનાં વાસણો કરતાંએ એમનાં કાંસાનાં તાંસળાં ને થાળીઓ ચડે. પાટીદારના ઘરમાં જઇને જોઈએ તો, કોઠીઓ ઉપર જાણે અનેક ચંદ્રમા ઉગ્યા હોય તેમ કાંસાની થાળીઓ મૂકેલી હોય. તમને ખોટું લાગે તો ભલે, પણ ભાભીજી! અમદાવાદમાં હું અમારા એક ઓળખીતા ગૃહસ્થને ત્યાં ગઇ હતી, ત્યાં તો, મને તાંબાપીતળનું વાસણે, તે શાનું હશે તે ઓળખાતું ન હતું.

સુમન—જમનાંભાભીએ બરોબર કહ્યું. અમારાં બધાં પડોસીઓ ઉજળાં છે, પણ તેમના પાણિયારા ઉપરનાં વાસણ જોયાં હોય તો અલબત તમે કહ્યું તેમ, ધાતુનીએ પિછાન પડે નહિ એવાં!

ચંદ્રા—કેટલાક ગૃહસ્થ લોકને ત્યાં ચાકર પાસે કામ લેવાનું તેથી અને કેટલાક ગરીબ તેથી મોટા તો ખરા પણ ચાકરબાકર રાખે નહિ, ને હાથે કામ કરે એટલે કુંડીઓ લોટા અને બીજાં વાસણ જરા ઝાંખાં હોય. તમે કે સુમનબા કહો છો એવું છેક નહિ.

સુમન—ભાભી! તમે અમસ્તાં એ લોકની વકીલાત ન કરો. ચાકર ન રાખે તો ખેર, પોતાની જાતે મંજાય ધોવાય અને કામકાજ થાય કે નહિ? હું જેવી તમારી મેડીએ આવીને રમતી, તેવીજ મનોરમાભાભીની મેડીએ પણ જતી. તમારી મેડીમાં અને એમની મેડીમાં હું અત્યારે યાદ કરૂં છું તો પણ મને આસમાન જમીનનો ફેરફાર નજરે પડે છે. હું જાઉં ને મનોરમાભાભી વાળતાં હોય તો શરમાઇને સાવરણી દૂર નાંખી દે. એમનાં કપડાં ને મનુભાઇની ચોપડીઓ મેડીમાં આમ તેમ ગમે ત્યાં પડેલાં હોય. ખડિયો પૂર્વમાં તો કલમે પશ્ચિમમાં! અને પાનની રકેબીમાં ભાગ્યેજ ચુનાની કે કાથાની ડાબલીઓ હોય. સુડીનું તો ઠેકાણુ એ નહિ. નાનુભાઈ કદી નીચે દાતણ કાપવા લઇ ગયો હોય કે બચુબહેન પેન્સીલ ઘડવા લઇ ગઈ હોય, કશા કશાનું કંઇ ઠેકાણુંજ નહિ. તમારા કરતાં શરીરે મનોરમાભાભી કંઇ નબળાં હતાં?

ચંદ્ર—એ તો મોટા ઘરનાં બૈરાં છોકરાંને પોતાને હાથે કામ કરતાં શરમ લાગે, તેથી એવી ટેવ પડી ગયેલી. ટેવ પડી તે પછી જાય છે? મનોરમા તો મારા કરતાં વધારે જાજરમાન, પણ એમને તો પોતાનું કપડું ધોતાંએ શરમ આવે. એક વાર હું તેમને ત્યાં ગઇ ત્યારે રૂમાલ ધોતાં હતાં તે નાંખી દઈ

ચોકડી ઉપરથી ઉભાં થઇ ગયાં. જાણે હું તેમનું કેવુંએ અપ-કૃત્ય જોઇ ગઇ હોઉં તેમ છોભાં પડી ગયાં.

જમનાં–અમે તો આ ગમે તેવું ઘરકામ કરતાં હોઇએ અને તમે આવો કે મોટી રાણીશેઠાણી આવે, તોપણ શરમા-ઇએ નહિ. પોતાના ઘરનું કામ કરીએ તેમાં શરમ શાની? વાસીદા વાળી છાણમુતરના ટોપલા માથે લઇ નાખવા જતાંએ અમને તો એવો આનંદ થાય કે–આહા! કેટલો બધો કચરો કાઢયો. ઘર આંગણું અને કોઢિયાં કેવાં સારાં કર્યાં. ઘરમાં આંગણામાં અને આસપાસ બધે કચરો પડયો પડયો સડે, તેની ઉપર માખો બમણે, મચ્છર થાય અને દુર્ગંધ નિકળ્યા કરે, એમાં ગૃહસ્થાઇ કે બધું સ્વચ્છ ચંદની જેવું હોય તેમાં ગૃહસ્થાઈ?

ચંદા–જમનાંબહેન! એ તમારા ગૃહજીવનના ઉંચા સંસ્કારોજ તમને આવાં વચન બોલાવરાવે છે. જેમણે જન્મથી એવું જોયુંજ નથી તેમને આવો વિચારજ આવે નહિ. જેવા ઘરમાં માણસો ઉછરે તેવા તેમના સ્વભાવ અને આચાર વિ-ચાર થાય. આટલા માટેજ ગૃહવ્યવસ્થા સારી હોવાની જરૂર છે. અવ્યવસ્થાથી આપણે હેરાન થઇએ છીએ એટલુંજ નહિ, પણ એવા અવ્યવસ્થિત ઘરમાં ઉછરતાં છોકરાંનો પણ ભવ બગડે છે. છોકરાંના મન ઉપર ઘરમાંથી જે છાપ પડે છે તેની અસર જીવનભર ચાલે છે. ઘર ચલાવવું તે સહેલું નથી. ચલા-વનારનેજ નહિ પરંતુ તેમાંથી નિકળનારી ભવિષ્યનાં પ્રજાને પણ તની સારી માઠી અસરો થાય છે. પશ્ચિમના લોકોએ તેને

જુદી ઘણી વિદ્યાઓનાં મૂળતત્ત્વ જાણવાની વિદ્વાનો જરૂર જણાવે છે. સંપત સંબંધો, રસાયન સબંધી, આરોગ્ય સંબંધી, નીતિ ને રીતરિવાજો સંબંધી, સેવા સંબધાં, બાળઉછેર સંબંધી, અને ઇશ્વર કે ધર્મ સંબંધો જુદી જુદી ઘણી બાબતોના જ્ઞાનની ઘર ચલાવવામાં જરૂર પડે છે.

સુમન–ભાભી! જમનાંભાભીને વ્યવસ્થાની ને સ્વચ્છતાની બાબત તો કહેવી પડે તેમ નથી. એમના ઘરમાં હરેક વસ્તુ સૌ સૌને નક્કી કરેલે ઠેકાણેજ રહે છે. સ્વચ્છતા પણ બહુ સારી હોય છે. ઓરડી સુદ્ધાં કાછડો વાળીને મહીનામાં એકાદ બે વાર પાણીથી ધોઈ નાંખે છે.

જમનાં–વ્યવસ્થાને માટે તો મારે એમની સાથે ઘણીવાર તકરાર થાય છે. દોસ્તદાર આવ્યો હોય તેને માટે દિવાસળીની પેટી લે, અને પછી તેને ઠેકાણે મેલે નહિ. સંધ્યાકાળે આપણે રાંધવાના કે બીજા કામમાં હોઈએ ત્યારે પરાયાને લઈને ઘેર આવે. દિવાનખાનામાં દોડી જઈ દીવો કરવા જઈએ ત્યારે દિવાસળી તેને ઠેકાણે હોય નહિ. પાન કરે ને ચુનાવાળી આંગળી ગાદીતકિયાને ગલેફે ઘસે. આમ તેમ કહિં ખુણેખોચરે દોસ્તદાર પાનની પિચકારી મારે. આવું તેવું કરે તેથી હું ચિઢાઉં, મારે પછી ઓરડી ધોવી પડે કે નહિ? અમે પેલા બીજા માળામાં રહેતાં હતાં ત્યાં ઘરની અવ્યવસ્થા અને ગફલતને લીધે તો એક જણનો બિચારાનો જીવ ગયો હતો.

'તે કેમ? જમનાભાભી!' સુમને કૌતુકથી પૂછયું.

જમનાં–પાંચ છ માણસનું એક સુખી કુટુંબ હતું.

ાડી બે છોકરા બે છોકરીઓ સાસુ ને ભાયડો. ભણેલાંગણેલાં ંશિયાર, પણ એવાં ગડબડિયાં કે ઘરમાં કશાકશાની વ્યવ-ાજ નહિ. હું કોઇ કોઈ વાર તેમને કહું કે આ શું બહેન? ારે સાસુ વહુનું ઉપરાણું લઇ મને જવાબ દે કે, છોકરાં ાઇ ચીજ ઠેકાણે રહેવા દેતાં નથી, વહુ શું કરે બિચારી! ાક વાર ભાયડો માંદો પડયો. દવાદારૂ કરવા માંડયાં પણ ંદવાડ લંબાયો. મા અને વહુ બહુ સારી ચાકરી કરતાં પણ ંદવાડ અને અવ્યવસ્થા ઘરમાં વધી પડયાં. એ વખતે પણ ં કહ્યું હતું કે, મન ધીરૂં રાખી જરા વધારે મહેનત લઈ ાચ્છતા ને વ્યવસ્થા રાખો તો સારૂં, પણ ટેવ પડેલી તે ાય? એકવાર ચોપડવાની ઝેરી દવા બાઇએ દરદીને આપી ધી. દવા પીતાં વાંત સમજ પડી, પણ શું કરે? સાસુ વહુ ાથ ઘસી રોવા લાગ્યાં. દાકતરો બોલાવ્યા, થાય તેટલા ઉપાય ર્યા પણ મંદવાડથી નબળાઈ આવેલી, એટલે આખરે બિચા-ના પ્રાણ ગયા ને કુટુંબ નિરાધાર થઇ પડયું.

ચંદા—જમનાંબહેનને હવે વાત કરતાં અને વાતમાંથી ાર—બોધ લેતાં ને આપતાં આવડયું. અવ્યવસ્થાનાં આવાં ાઠાં પરિણામ આવે છે; માટે જેમ દરેક વસ્તુ તેના સ્થાન પર મૂકવાની વ્યવસ્થા રાખવી; તેમ દરેક કામ પણ ગમે ટલી ઉતાવળ હોય તો પણ બહુ ચોકસાઈથી કરવાનું રાખવું. ાઇ બાબતે ગભરાવું કે ઉતાવળાં થઈ જવું નહિ. ઘીનો ગા-ો ઢળતો હોય તોય ઉતાવળાં છતાં ધીરાં ને જીવ બળતો ાય તોય મન અને બુદ્ધિ એક સરખાં સ્થિર રાખીને તે ઠીક રવો. પાંચશેર દસશેર ઘીનો ગાડવો ઠીક કરવા જતાં સો

સવાસોનું અંબર બગાડી બેસીએ, એમાં શો માલ !

સુમન–બરોબર છે. લગન વિવાહ જેવો પ્રસંગ હોય ત્યારેજ ઘીનો ગાડવો ઢળતો હોય, આડેદહાડે તો નહિજ. એવે પ્રસંગે અલબત સારૂં કિંમતી કપડુંજ પહેરેલું હોય. પેલા ઘીની નુકસાની થતી અટકાવવાને ગાભરાં પડી જઇ–પોતે શું પહેરેલું છે અને શું કરીએ છીએ, તેનું ધ્યાન ન રાખીએ, તો જે નુકસાની અટકાવવા જતાં હોઇએ તેના કરતાં પાંચ દસગણી વધારે નુકસાની થાય, સમજ્યાંને જમનાંભાભી !

જમનાં–હાસ્તો, ઉત વળીયું ને ગાભરૂં માણુસ કઇ કામનું નહિ. પછી ચંદા સામું જોઇ તે બોલી કે, તમારાં સુંદર સખીની વાત આગળ ચલાવો, હવે તો તે હાથેમાથે થયાં છેને ?

ચંદા–નારે, હાથેમાથે શાનાં. હજી તો હમણાંજ પાંચ છ મહીના થયાં એ એના વરની નોકરી ઉપર તેને ગામ ગઈ છે. જમનાંબહેન ! મૂળથી જાજરમાન અને જલદ સ્વભાવની. વળી આવડ સારી ને તેજદાર એટલે કોઇની આંખમાં સમાઈ જાય એવી નહિ. મોટું કુટુંબ અને ગરીબી કે સાહેબી, જેવો વખત હોય તે પ્રમાણે સમજી પોતાનું ગાડું ગડગડાટ ચલાવે એવી બાહોશ. ઘર, સરસામાન અને વાસણકુસણની વ્યવસ્થામાં બહુ હોંશિયાર. દાસી કે ગુલામડીની માફક પોતાને માથે પડયું હોય તેટલું લગારે શરમ વગર કામકાજ કરનારી. વાવ કુવા કે ટાંકાંમાંથી પાણી કાઢવું હોય તો કાઢી લે, દળવું હોય તો દળી ખાંડી લે અને પાછી છુટીને છુટી ને નવરીને નવરી ! જાતે તંદુરસ્ત ને સુઘડ અને સૌને રાખે પણ તેવાંજ.

રાંધવાનું હોય તો રાંધે ને બધું કામ જાતેજ કરી લે, જરાએ પાછી પડે નહિ. એનો વર વિલાયત ગયા પછી ઈંગ્રેજી સમજાય અને વાતચીત કરાય એટલું શીખી ગઈ છે. સારા સારા લોકોનો પરિચય પાડી ઈંગ્રેજીમાં જેને એટિકેટ–વિવેકાચાર કહે છે તે પણ શીખી છે એનો વર વિલાયતથી આવ્યો ત્યારે, અહિં મુંબાઈ એના હિયર જેઠ સાથે લેવા ને મળવા સામી આવી હતી. પેલા બીજે ઠેકાણે ઉતર્યા હતા, પણ એ તો અમારે ત્યાંજ ઉતરી હતી. શું એનાં વખાણ કરૂં જમનાંબહેન! એવી તેજ, બાહોશ, ચતુર અને કામગરી બાઈડી કે આપણે તો એની આગળ બધી બાબતમાં દબાઈજ જઈએ.

'પછી પંદર દિવસ મહાલક્ષ્મી પેલે બંગલે રહ્યાં હતાંને ભાભી!' સુમન બોલી.

ચંદા–હાસ્તો. જમનાંબહેન! મેલ સ્ટિમર આવી ત્યારે અમે સૌ બંદર ઉપર સામાં ગયાં હતાં. એ વખતને માટે તે કેવો ભભકાબંધ પોષાક લાવી હતી તે પહેરી લાધો. હું તો જાણતી પણ ન હતી કે ' સુંદર પ.સે આવો મજેનો પારસી અને હિંદુ બેઉને ખલે એવો પોષાક હશે 'બૂટ સ્ટોકિંગ સાડી અને પોલકું સૌ મજેનાં અપ–ટુ–ડેટ! આવો પોષાક પહેરીને વળી પાછો મજેનો આપણી ફેશનનો ચાંલ્લો કર્યો. જે વેળાએ એ અને એની નણંદ તૈયાર થયાં, તે વેળાએ હું તો છક થઈ ગઈ. મેં તો કહ્યુંએ ખરૂં કે, ' ઓત્ તારી સુંદર!' તેણે જવાબ આપ્યો કે ' બહેન! ફેશનેબલ મુલકમાં રહીને આવતા માણુસની આંખ ખેંચાવી જોઈએને. ' મોટું માટલી જેવું મોં, તેમાં મોટો ચાંદલો કરેલો અને લિ-ગ્રાહ-દર્પણથી ભરેલી તે. તે

વખતે એવી લાગતી હતી કે, બંદર ઉપર આવેલી પારસી ને ઇંગ્રેજ સ્ત્રીઓ તો એના સામુંજ જોયા કરે. એના વરે સ્ટિમ-રમાંથી ઉતરતાં વાંત એની સાથે હાથ મેળાવી બોકી કરી અને જમનાંબહેન ! જરાએ લાજ્યા–શરમાયા વગર હાથમાં હાથ ભેરવી તે ઝીણું ઇંગ્રેજીમાં વાત કરવા ને હસવા લાગી. સૌને મળ્યા ભેટ્યા પછી એડનથી એણે હોટેલવાળા પર તાર કરેલો, તેથી એનો વર હોટેલમાં જવા તૈયાર થયો. એના જેઠે મહાલક્ષ્મી ઉપર એક નાનો બંગલો રહેવા માગી લીધેલો હતો, તેમ છતાં એનું માન્યું નહિ. સુમનબાના ભાઈએ અમારે ત્યાં આવવા કહ્યું તેણે ગણકાર્યું નહિ, ત્યારે મેં કહ્યું કે ' સું-દર ! અલી આ તો કાચુ કપાય છે. તું કંઈક કહેની. ' તેણે કહ્યું, ઠીક છે જોઇશું. ' જમનાબહેન ! જોઇએ શું, સૌ વેરાવા લાગ્યાં ત્યારે એની નણંદ મને સોંપી એના વર સાથે હોટલમાં ગઈ. એના જેઠ દિયર અને અમે સૌ સૌને ઘેર પાછાં ફરી આવ્યાં.

જમનાં–એનો વર ચસકેલો તો ખરોસ્તો ત્યારે.

ત્રણ ચાર વર્ષ વિલાયતમાં રહેલો ને તાજોજ સ્ટિમરમાં-થી ઉતરેલો એટલે જરા એવો તો ખરોજ. એમના ગયા પછી અમે ઘેર આવ્યાં. એનો જેઠ બહુ ચિઢાયો. મનેએ ઠીક લાગ્યું નહિ જમનાંબહેન ! પણ મને એટલી ખાતરી હતી કે સુંદર તેને ઠેકાણે લાવશે.

જમનાં–ત્યારે તમારી સખી ખરી.

ચંદા–અલબત ખરી. ત્રણ વાગે હોટેલની ગાડીમાં એ

ને એનો વર મારે ઘેર આવ્યાં. મને સાક્ષી પુરાવતી ગઇ અને એને એવો ઝાપટયો કે, તે મહાલક્ષ્મી ઉપર રાખેલા બંગલામાં રહેવા કબુલ થયો. તરતજ મેં અમારા માણસને ગાડી કરીને એના દિયરને બોલાવવા મોકલ્યો અને તે આવ્યો એટલે એ બે ધણીધણિયાણી અને એનો દિયર મહાલક્ષ્મી બંગલો જોવા ગયાં. પાછા ફરતાં તે એકલી સાંજે છ વાગે મારે ઘેર આવી, જમનાંબહેન ! શું કહો છો, એણે આખો દહાડો ખાધું ન હતું. મેં કહ્યું કે સુંદર ! ખાઇ લે, ત્યારે તેણે ઉત્તર આપ્યો કે "ખાઈ શું લે. તારે ત્યાં અમે બેઉ જણ વાળુ કરવાનાં છીએ. રાતે મારા દિયર, ઝવેરબહેન અને અમે સૌ બગલે સુવાનાં છીએ. તું જોતો ખરી ચંદા ! કાલે સવારે હું ત્યાં રસોઈ કરવાની છું. ખબડદાર ખાનગીમાં જે કરવું હોય તે કરે પણ જાહેરમાં તો ખરેખરા હિંદુ, તારા ઘરના માણસ જેવા સિધા દોર કરી નાંખું છું કે નહિ તે જોજે. હોટેલમા મારે ને એમને ખુબ વાતો થઇ છે એમની વિલાયતી સફાઈ અને ધુંઈ મેં તમામ ખંખેરી નાંખી છે. આપણે શું એ લોકને નથી ઓળખતાં ? આપણે યુરોપમાંથી શું નવું શીખવાનું છે. હોટેલમાં એક બે મડમો મને જોવા આવી હતી. મે મારી રીતભાત અને છટાથી તેમને ઝાંખીઝખ કરી નાંખી. એ મને ઓળખવા અને સભ્યતા વગેરે દેખાડવા ગયા પણ તે લોકોએજ કહ્યું કે, આવી રૂપાળી આવી ખાનદાન અને વળી સોનાને ઘરેણે ને સોનાને લુગડે શોભીતી હિંદવાણીને જોઇ તથા તેની બોલવાની છટા ને રીતભાત જોઇને મિસ્તર ! અમે તમને લાયક અર્ધાંગ મળવા માટે મુબારકબાદી આપીએ છીએ. પારકાને ઓપિનિયને ચાલનારા

આપણા લોક પારકે મોઢે વખાણ સાંભળી ખુશખુશાલ થઈ જાય છે. તેમ એમના ગયા પછી તારા બનેવી મને સવાસલાં કરવા લાગ્યા. મેં તો તરત ટાણો માર્યો કે, આપણે આર્યો તો દુનિયામાં સૌથી પહેલા સુધરેલા અને દુનિયાના શિક્ષક છીએ. બીજા લોક આપણને શું શીખવાડવાના હતા? એ મડમોને એક વાર અમારે ત્યાં બોલાવવાનો મેં વિચાર રાખ્યો છે." જમનાંબહેન! મેં પૂછયું કે તારા વરને અને એ મડમોને કયાંથી પરિચય? તેણે ઉત્તર આપ્યો કે "અમેરિકાના મિલઓનરની છોકરી છે અને બીજી ઈંગ્લંડના વેપારીની ધણિયાણી છે. તેઓ હિંદુસ્તાન જોવા આવેલી છે. સ્ટિમરમાં તેમની સાથે પરિચય થયેલો તે. તેઓ મુંબાઈમાં થોડું રહેવાની છે. એમનો ગમે તેવો પોષાક હો પરંતુ મારા પોષાકથી અને ઘરેણાંગાંઠાંથી તો એમની આંખો ફાટી ગઇ હતી, મારી બંગડીઓ, મારો હાર મારો ચાંલ્લો અને મારી આપણી દેશી કસબની સાડી તો તેઓ જોયાજ કરતી હતી. સિલ્ક મલમલના સાદા પોષાક અને ઘડિયાળ કે લાંબા અછોડા સિવાય એમના શરીર ઉપર કંઇ ન હતું. હસી હસીને તેઓ વાતો કરતી હતી પણ હું તો એવે ગંભીર અને મરજાદભરે ચહેરે જવાબ આપતી હતી કે, તેઓને છાપજ પડે."

'અલબત, આપણે આપણા માણસને આપણી આવડ, હોંશિયારી અને છટાથી વશ ન કરીએ, તો પછી આપણે શાનાં? તમારાં સુંદર સખીના મતને ત્યાં તો હુંએ મળતી છું.' જમનાંએ કહ્યું 'એ તો ખરાંસ્તો. બંદર ઉપર એમણે આગ્રહ કર્યો હોત અને તેણે માન્યું ન હોત તો એમનું માન

ધું રહેત ? અલબત, સમયને અનુસરીને ગમ ખાઈ જવી. '

ચંદ્રા—બંદર ઉપર ગમ ખાધી તે તો અલબત યોગ્યજ કર્યું. પછી મેં રસોઈ કરવા માંડી અને એ એના વરને તેડવા ગઈ. જમનાંબહેન ! આઠ વાગે તે બેઉ પતિપત્ની અમારે ત્યાં આવ્યાં. એનો વર સુમનબાના ભાઈની સાથે વાત કરવા બેઠો અને એ મારી સાથે રસોઇમાં પેસી ગઇ. અમે રસોઇ કરી રહ્યાં એટલે તેણેજ સોળાભેર દિવાનખાનામાં જઇ એમને જમવા કેઠાડયા. કંઈ કહેવુંજ પડયું નહિ. ચૂપચાપ એનો વર આપણા લોકની રીત પ્રમાણે એમની સામે પાટલા ઉપર આવીને જમવા બેઠો. હું પીરસવા રહી અને એ પંખો લઇ, એમની પાસે હાજીઓ ભણાવતી ગઇ અને એના વરના મનમાં એમ કસાવતી ગઈ કે, આપણા દેશનાં હવા પાણીને યોગ્યજ આપણામાં ખાવું પીવું પહેરવું અને રીતરિવાજ, ઘરડાંએ રાખેલા છે અને તે ઉત્તમ પણ છે. એનો વરે બધું કબુલ કરતો ગયો.

જમનાં—કબુલ કરવા જેવુંજ છે. આપણા દેશની ગરમીમાં મોજા ને પાટલુન તેમજ ગરમ કપડાં ને ડગલાટોટી વગેરે પહેરવું તે બફાઇ મરવા જેવું છે. નીતિરીતિમાં સારાં રહેવું, સ્વચ્છતા જાળવવી અને ઘટતી શોભાથી રહેવું, એટલું બસ છે. મડમનું ગવન પહેર્યે કંઈ વધારે છે ?

ચંદ્રા—નહિસ્તો. આપણો પોશાક અને આપણું ખાનપાન કંઈ જરાએ કમી નથી. આપણાં સારાં ઘરોની રીતભાત અને સ્વચ્છતા વગેરે કંઇ બીજાથી જાય તેવાં નથી. પછી એ ને એનો વર તથા કુટુંબ સૌ મહાલક્ષ્મી ઉપર બંગલે રહ્યાં.

એના વરની ઓળખીતીઓને પણ એક વાર બંગલે બોલાવી આપણી રસોઇ જમાડી અને ખરેખર જમનાંબહેન! તેઓ બહુજ ખુશ થઈ. સુંદરે એ બાઈઓના મનમાં આપણા લોકને માટે જે ખોટો વિચાર હતો તે વાતમાં ને વાતમાં કાઢી નાંખ્યો અને તેમને સ્પષ્ટ જણાવ્યું કે 'તમારા લોક જે અહિં મુસાફરી કરવા આવે છે તે અમારા હિંદનાં સારાં સારાં કુટુંબોનાં સહવાસમાં આવતા નથી. અમારા ધર્મની આડ અને તમારા લોકની તોછડાઇ અથવા અણગમાને લીધે અમે ને તમે એક બીજાને ખરા સ્વરૂપમાં ઓળખી શકતાં નથી, નહિ તો તમે એ મારે માટે કદીએ ખરાબ અભિપ્રાય ઉચ્ચારો નહિ ગામ હોય ત્યાં ઢેડવાડો તો હોય યુરોપ અને અમેરિકામાં ક્યાં એવા લોક નથી કે જેમને અમે અને તમે સૌ ધિક્કારીએ? મડમોએ જમનાંબહેન! અક્ષરે અક્ષર બધું કબુલ કર્યું સુંદરનો તેમણે બહુ ઉપકાર માન્યો.

મુંબઈમાં કામ હતું તે પરવારી એનો વર નોકરી ઉપર ગયો અને દિયર જેઠ તથા નણંદ વગેરે સાથે એ પણ પાછી દેશ ગઈ. એના વરે મહિના પછી તેને આવવાનું કહ્યું પણ તેણે ઉત્તર આપ્યો કે તમે પોતે આવજો એટલે સાથે જઈશું તમે મુંબઇ રહ્યા પણ કુટુંબનાં ઘરડાં ને સગાંને મળ્યા નથી.

'વાહ! તમારી સુંદરબહેનને વાહ! એવાંજ કુટુંબ વત્સલ થવું જોઇએ. આપણે ઘરડાંનું માન રાખીએ, તેમને અનુસરતાં અને ચહાતાં રહીએ, તો પછી એ કેમ આપણને ન ચહાય? હવે તો એ ત્યાં આનંદમાં છેને?' જમનાંએ પૂછ્યું.

ચંદા–હા, ત્યાં આનંદમાં છે અને મોજ કરે છે. મને

કોઇ કોઈવાર આજે આવ્યો છે તેવા લાંબા કાગળ લખી તેના સંસારની બધી હકીકત જણાવે છે. જેવો દેશ, જેવી રીતભાત અને જેમ વર્તવું અને રહેવું જોઇએ, તેમ ત્યાં રહે છે. આજના કાગળમાં લખે છે કે, રસોઇયો દેશમાં ગયો છે તેથી એ ને એની નણંદ બધું ચલાવી લે છે બહાર જિલ્લામાં ફરવા જવું પડે ત્યારે પણ પોતે સાથે જાય છે. મુકામે મુકામે સરસામાન, રાંધવા ખાવાનું ને હિસાબ વગેરે એવી સરસ રીતે રાખે છે ને વ્યવસ્થા કરે છે કે, તેનો વરજ નહિ પરંતુ તેની સાથવાળા યુરોપિયન અમલદારો અને તેમની મડમો પણ તેની હોંશિયારી ચંચળાઇ અને કામકાજની ઝડપથી ખુશખુશ થઈ જાય છે. જમનાંબહેન! માણસે પણ તેમાં ખાસ કરીને આપણે સ્ત્રીજાતિએ તો ઉત્સાહી, આનંદી, અને કામગરાં થવું જોઇએ. ઘર એવી રીતે ચલાવવાની આવડ મેળવવી જોઇએ કે, જેથી ઘરનાં માણસોજ ખુશ થાય એટલુંજ નહિ, પણ આસપાસનાં અને આપણે ત્યાં આવનારાં માણસો પણ ખુશ થાય. પરોણાગત અને અતિથિસત્કાર પણ ગૃહસ્થના ઘરને ઘટે તેવો રાખવો જોઇએ. પોતે પોતાનું સાચવી ખાધું પીધું ને મોજ કરી એમાં શું? આપણા સુખી જીવનનો લાભ આપણાં આપ્તજનોને અને આપણાં સ્નેહીઓને પણ મળવો જોઈએ. સ્ત્રીએ જમાડીને જમવાનું શાસ્ત્રમાં કહ્યું છે, તેનો અર્થ હાલની સ્ત્રીઓ પોતાના પતિને લાગુ પાડી બેઠી છે તેમ નહિ, પણ પરોણાઓને અને કુટુંબનાં સર્વ આશ્રિતોને લાગુ પાડવો જોઇએ. તેનાજ ગૃહસ્થાશ્રમને ધન્ય છે કે જેને ત્યાં અતિથિ પરોણા અને સ્નેહીસગાં પોષાય છે.

સુમન–અરબસ્તાનના ભરવાડો અને આફ્રિકાના જંગલી લોકો પણ પોતાને આંગણે આવેલા પરોણા–અતિથિની તો ખુબ સેવાચાકરી અને બરદાશ લે છે. વાચનમાળામાં અને બીજે ઠેકાણે આપણે નથી વાંચ્યું જમનાંભાભી ! ?

‘આપણા લોકોમાં, અતિથિ–અભ્યાગતને આપણે ક્યારે આદર નથી આપતાં સુમનબા ! ? ’ જમનાંએ જવાબ દીધો.

ચંદા–સેવા ઘણી જાતની છે. આપણને જે યોગ્ય અને આપણા લોકમા ખોટું ન દેખાય એવી હોય, તે બધી સેવાઓ બજાવવાને આપણે તત્પર રહેવું જોઇએ. અતિથિસત્કાર એજ એકલી સેવા નથી. માંદાંની માવજત કરવી, દુઃખીને આશ્વાસન આપવું, ભૂલતાની ભૂલ ભાગવી, અણુસમજુને સમજણ બતાવવી ને અભણને ભણાવવું તથા જ્ઞાન આપવું, એ પણ સેવાઓ છે. પહેલી આપણી તનમનની, પછી આપણા કુટુંબની, તે પછી નાત જાતની ગામની અને દેશની તથા છેવટ પ્રાણી માત્રની સેવા કરવી, એ આપણો ધર્મ છે. હાલ સમાજ સેવાનો ઠેકઠેકાણે ઉપદેશ થાય છે તે જુઓ છોને ? છેલ્લા દુકાળ દરમિયાન મુંબાઈના સ્ત્રી સમાજે, ગામડામાં ફરી ગરીબોની બહુ સારી સેવા બજાવી હતી. જમનાંબાઈ સક્કઇ, નાનીબહેન ગજ્જર, શારદાગૌરી સુમંત મહેતા અને બીજી સન્નારીઓએ છેલ્લાં પાંચ દસ વર્ષ દરમિયાન સ્ત્રીઓને કેટ કેટલી બધી આગળ પાડી છે; અરે ! એક બીજાને મદદ આપતી અને સેવાધર્મ બજાવતી કરી છે. જ્યારે સ્ત્રીઓ જાગ્રત થશે ત્યારેજ પુરૂષ વર્ગ આગળ પડશે. પ્રાણથી, અર્થથી, બુદ્ધિથી અને વાણીથી, કોઈનુંએ કલ્યાણ કરવું, એ આપણે માટે

ઉંચામાં ઉંચું કર્તવ્ય અને માનવધર્મ છે.

'પણ પહેલું ઘરને ભાભીજી ! ? પર પુરૂષની સેવા કરવા કંઈ જવાય ?'

નહિસ્તો, એવું કહે છેએ કોણ ? આધેડ સ્ત્રીઓ જમનાંબ્હેન ! એવું કરે તોપણ શું ખોટું ? પણ નહિ, ભલેને આપણે આપણા રીતરિવાજમાં રહીને કાર્ય કરીએ, પણ એવાં કાર્યની વૃત્તિ તો જાગ્રત કરવી જોઇએ કે નહિ ? ચંદાએ વળી જણાવ્યું કે, આપણા લોકો પણ આગળ એવી લોકસેવાઓ કરતા. પશ્ચિમ તરફની રૂઢિઓ આપણને બંધબેસતી ન આવે તો તે ગ્રહણ ન કરવી, પણ સિદ્ધાંતને તો અનુસરવું. આપણા લોકની જન વ્યવસ્થા એવી છે કે, જ્યાં ઘરમાં રહીને વિવેકથી બધું કરી શકાય છે. હાલ સ્ત્રીઓ યુદ્ધમાં સહાય કરવા જાય છે એમ આગળ આપણી સ્ત્રીઓ પણ જતી. કૈકેયીનો દાખલો જુઓને, રામાયણમાં છે કે નહિ ? એમણે દશરથ રાજાને લડાઇ દરમિયાન કેવી મદદ કરી હતી !

સુમન–ભાભી ! ભાભી ! ભાઇ આવ્યા.

જમનાં ઉભી થઇ અને બારીએ જોઈ બોલી કે, હા, ચંદાભાભીજી ! કેમ આજ જલદી આવ્યા. ચાલો ત્યારે હું જાઉં.

ચંદા–કંઇ કામ હશે. આવજો જમનાંબહેન ! સુમન દાદર ભણી ગઈ.

પ્રકરણ ૨૦ મું.

શરીર સંબંધી જ્ઞાન.

આરામખુરસીમાંથી બેઠાં થઈ સુમનને આવકાર દઈ માણેકે પૂછયું કે ' કેમ બહેન ! '

' રંગીલભાઇ આજે ઓફિસમાં ગયા કે શું ? '

' હા બહેન ! બે દિવસ ઘેર રહ્યા. પછી કેટલા દિવસ રજા લેવાય ? આજે સારૂં છે તેથી ગયા. ત્યાં કંઇ ઝાઝું કામકાજ નહિ કરે અને વહેલા આવતા રહેશે. ' માણેકે જવાબ દીધો.

સુમન–મારાં ભાભી તેમને જોવા આવવાનાં હતાં. ભાઈ ગયા છે, ત્યારે હવે તમે ચાલોની અમારે ઘેર. અહિં એકલાં બેઠાં બેઠાં શું કરો છો ?

માણેક–રોજ રોજ હું તમારે ત્યાં આવું તેના કરતાં આજ તમારાં ભાભીને કહોને કે, કૃપા કરીને અમારૂં ઘર પાવન કરે. જાઓ આજે તેમને અહિં લઇ આવો. તમારાં જમનાંભાભીને પણ તેડતાં આવજો.

' વારૂ ' એમ કહીને સુમન ગઈ એટલે માણેકે આવનારને બેસાડવા માટે ગાદીતકિયા ઠીકઠાક કરી પાન સોપારીની પેટી વગેરે તૈયાર કર્યું. થોડી વારે સુમન, ચંદાગોરી અને જમનાં આવ્યાં. તેમને અચ્છા સુરતી વિવેકથી આવકાર દઈ તથા બેસાડીને પંખા આપ્યા. ' સુમનબા રોજ તમારે ત્યાં આવે છે પણ રંગીલભાઇને શરદી થઈ, એ વાત એમણે મને કરી નહિ. ગઈ કાલે એમના ભાઈ આગળ વાત કરી ત્યારે મેં

જાણ્યું નારૂ હવે તો ઠીક થઇ ગયું છેને ?' ચંદાગૌરીએ જરા બેઠ. પછી રંગીલદાસની તબિયતના સમાચાર પૂછ્યા.

'ઘણુંએ શરીર સંભાળે છે તેમ છતાં, ચંદાભાભીજી ! કોણ જાણે ક્યાંથીએ એમને વારંવાર શરદી થઇ આવે છે. જ્યારે જ્યારે શરદી થાય છે ત્યારે ત્યારે એમને બે ત્રણ દહાડા તાવ આવી ઉધરસના ઠણકા થાય છે. બહુ નાજુક શરીર થઈ ગયું છે. જરા ગરમ મસાલાની ચા પીએ તોપણ ગરમી થઈ જાય અને જરા ઉઘાડા રહે કે પવન ખાય તો શરદી થાય. સંભાળીએ પણ કેટલું ? હુંએ એવી ને એ પણ એવા. ગઇ કાલે રાત એમને જરા વધારે વાર શેક કરવા બેઠી ત્યારે આજ મારી કમ્મર દુઃખે છે. હવે તો ઓસડનોએ કંટાળો આવ્યો છે. વારવાર આમ માંદાં થવાય તેથી જીવને અકારૂં—બહુ કંટાળા ભરેલું લાગે છે.' માણેકે પોતાના તથા ઘરના માણસના અનારોગ્યની ફરિયાદ કરતાં કરતાં કહ્યું.

જમના—માણેકબહેન ! તમને કંટાળો આવે એમાં શું ? સામો મને તમારા મંદવાડથી કંટાળો આવે છે ? એક દહાડો ભાઈ માંદા તો બીજે દહાડે બાઇ માંદાં ! બે માણસનું કુટુંબ તેમાંએ બિચારાં હસતાં રમતાં રહે નહિ, એ તે કેવું ભાગ્ય ?'

માણેક—જમનાંબહેન ! તમારૂં કહેવું ખરૂં છે. મનેએ હવે એમ થાય છે કે, આ તે કેવું કરમ.

સુમન—કરમબરમ શાનું ? તમારી બેદરકારી અને ખાવા પીવાના સવાદ !

ચંદા—સુમનબા ! સુમનબા ! એવું કહેવાય કે ?

માણેક—કેમ ના કહેવાય ? મારાંએ નણંદ છેને ! એ નહિ

કહે તો કોણુ કહેશે? કહો નણદલ! કહો. બીજું શું?

સુમન—રંગીલભાઈ કહેતા હતા કે. તે નહાઈને બેઠા અને તમને બારી બંધ કરવાનું કહ્યું તેમ છતાં તમે કરી નહિ, તેથી પવનનો સપાટો લાગ્યો. પછી સળેખમ અને શરદી થઈ. મને કહેતા હતા તો બા!

'ખરોખર છે, સુમનબા પલંગમાં બેસી એમના ભાઈના માથા ઉપર ઘી ઘસતાં હતાં ત્યારે એમણે કહેલું તે કહે છે. એમાં શું ચંદાભાભીજી!' માણેકે માંટી વાળ્યું.

ચંદા—રંગીલભાઈનું કહેવું તમે સમજ્યાં માણેકબહેન! છાતી અને પીઠ પાણીથી અથવા પસીનાથી ભીનાં હોય તેની ઉપર પવનનો સપાટો લાગે ત્યારે શરદી થાય. એ શરદી બહુ ખોટી. કોઈ વાર એમાંથી ફેફસાં ઉપર સોજો ચઢી જાય તો ન્યુમોનિયા થાય.

માણેક—આપણે કંઈ એવું જાણીએ છીએ? શરીરશાસ્ત્રનું આપણને કંઈ જ્ઞાન છે?

જમનાં—આપણે બૈરાંને ક્યારે વૈદું કરવું છે કે એ બધું જાણીએ?

સુમન—કેમ જમનાંભાભી! એવું બોલો છો? ઘણાં બૈરાં તો બહુ વૈદું જાણે. આપણા દેશમાંજ નહિ પણ તમામ દેશોમાં સ્ત્રીઓ વૈદું ને ઓસડ તો થોડાં ઘણું જાણે. નાનાં મોટાં માણસોના આરોગ્યની સામાન્ય સંભાળ રાખવી અને ઓસડ કરવું, એ તો સ્ત્રીઓનું કામ છે. અમારી વાચનમાળામાં શરીરશાસ્ત્ર, આરોગ્યશાસ્ત્ર અને ઔષધ વગેરે બાબતોના કેટલા બધા પાઠો આવે છે. આગલી વાચનમાળામાં પણ હતા.

માણેક—એવા પાઠ હશે અને વાંચતાં હોઇશું, પણ તેનો કંઈ આપણે વિચાર કરેલો છે ? હાલ સારા પાઠ હશે તોપણ કયી સ્ત્રીને એવુંતેવું આવડે છે ? તમારાં ભાભી તો મોટી વયે સૌ વાંચી વાંચીને સમજ્યાં છે. તમારા ભાઇએ ભણાવ્યાં એટલે જાણીતાં થયાં છે. અમને પાકી બુદ્ધિ થયા પછી કોણે એવી તેવી બાબતો સમજાવી છે. તમારાં ભાભી પાસે આવીને બેસીએ અને વાતચીતમાં તે હાલ જે કંઈ થોડી બાબતો સમજાવે તેજ માત્ર. હાલ પાકી બુદ્ધિનાં થયેલાં એટલે હવે મગજમાં રહે છે ? નાનપણમાં તો કડકડાટ વાંચી જઇએ એટલુંસ્તો.

ચંદા—ખરૂં છે માણેકબહેન ! નાનપણમાં નિશાળમાં વાંચેલું તે કાચી બુદ્ધિમાં વાંચેલું અને તેની તરફ કોઇએ ધ્યાન નહિ ખેંચેલું, એટલે યાદ રહે નહિ. મેં તો બધી ચોપડીઓ મારા ડિયર આગળ ફરી ફરીને વાંચી છે. એમણે ચોપડીઓમાં હોય તેથી વિશેષ એમના જ્ઞાનથી વધારીને પણ સમજાવેલું.

જમનાં—શરીર સંબંધી એવા પાઠો આવે છે ખરા. તમે તે સમજેલાં અને યાદ કરેલા. શરીર અને વૈદાની બાબતો હું તો ઉપર ઉપરથી વાંચી જાઉં છું.

ચંદા—ના એમ કરતાં ના. શરીર અને વૈદું તો પહેલું વાંચવું. શરીર છે તો જિંદગી છે. શરીર નથી તો પછી કશું નથી, માટે શરીર સંબંધી બાબતો તો તમારે ખાસ ધ્યાન રાખીને વાંચવી ને યાદ કરવી.

ચંદા—શરીર અને શરીરની રચના એ તો ઇશ્વરની એક અલૌકિક ચમત્કૃતિ છે. એનો મહિમા અવર્ણનીય છે. આ

શરીર લોહી માંસ હાડકાં અને નાડીઓનું બનેલું છે. હાડકાં કઠણ હોવાથી શરીર એક પિંજરાની-ખોખાની માફક ઉભું રહી શકે છે. માંસ રૂધિર અને ચામડી બધું કાઢી નાખેલું હોય તોપણ હાડકાંનું ચોકઠું ઉભું રહી શકે. શરીરમાં હાડકાં ન હોય તો તે એક માટીના લોંદા જેવું અથવા કણકના લોચા જેવું થઇ, જ્યાં ત્યાં પડયું રહે અને તેનાથી કંઇ હિલચાલ થાય નહિ.

સુમન--કેટલાંક માછલાં અને માંસના લોચા જેવાં પ્રાણી દરિયા વગેરેમાં થાય છે.

ચંદા-તેમને બહુ કઠણ નહિ તોપણ પોચાંએ હાડકાં જેને કુર્ચા કહે છે તે હોય છે. આપણા કાનનાં હાડકાં એ પ્રકારનાં છે. ટેકા કે આધાર વગર કોઇ આકાર ઉભો કે બેઠો રહી શકતો નથી. હાડકાં પ્રાણી માત્રના અમુક આકારના ચોકઠાના આધાર જેવાં છે. હાડકામાં મુખ્ય ચુનો છે. બીજાં તત્વોમાં સરેસ અને કેટલાક ખાર છે. નાના બાળકનાં હાડકાંમાં સરેસ જેવો ભાગ ઘણો ને ચુનો થોડો હોવાને લીધે, તે નરમ હોય છે. જેમ જેમ માણસની ઉમ્મર વધતી જાય તેમ તેમ ચુનો વધતો જાય છે. મોટા માણસનું હાડકું અકસ્માતમાં તરત ભાગી જાય છે. બાળક બિચારૂં પડવા અને પછડાવા છતાં તેનું હાડકું ભાગતું નથી તેનું કારણ એજ કે, તેનાં હાડકાંમાં ચુનો ઓછો હોવાથી એ બરડ હોતાં નથી.

જમનાં-અહો! ઇશ્વરનો આપણે કેટલો બધો મહિમા ગાઈએ! બાળકને એમણે કેવું સંભાળ્યું છે. ચોપડીમાં હાડપિંજરનું ચિત્ર મેં જોયું છે. એવું નઠારૂં-બીક લાગે એવું

દેખાય છે. હાડપિંજર માંસ ને ચામડીથી મઢાઇ શરીર સુંદર લાગે છે.

ચંદા—અલબત, એ હાડપિંજરમાંના ખાલી ભાગ માંસ, ચરબી અને બીજા અવયવોથી પુરાયેલા હોય છે. તે દોરી જેવી નાડીઓ અને પાતળી ચપટી નાડીઓ અને તાંતોથી હાડપિંજર સાથે જોડાયલા રહે છે. હાડકાંને પોષણ આપવાને તેની અંદરે નાડીઓ ગયેલી હોય છે. હાડકાં વિવિધપ્રકારનાં અને જ્યાં જેવાં જોઇએ ત્યાં તેવા ઘાટનાં હોય છે. તેમાં સાંધા આગળ મજેનાં મિજાગરાં પણ ઈશ્વરે મૂકેલાં છે. આંગળીઓનાં, કાંડાનાં, ઢિંચણનાં, ઘુંટીનાં વગેરે. તેમાં અનેક વાળીને બંધ કરી શકાય તેવાં મિજાગરાંવાળા સાંધાઓ છે. હાડપિંજરમાં બે મોટી પેટીઓમાં ઈશ્વરે શરીરને જીવતું પોષાતું ને કામ કરતું રાખવાના સાંચા એટલે અવયવો મૂકેલા છે. કરોડ અને ચોવીસ પાંસળીઓની બનેલી લગભગ લંબચોરસ એક મોટી પેટી તે છાતી, ને તેની બખોલ છે. બીજી સૌથી વધારે ઉપયોગી અને આખા શરીર યંત્રની હેડઓફિસ જેવી મગજના કાર્ય નિમાયક અવયવોની પેટી, તે તુમલાની એટલે મસ્તકના હાડકાની ગોળ નાની પેટી છે. આ ઉપરાંત એક મોટું ચોકઠું તે કમ્મરનું ગોળ અને ભારે હાડકું છે, કે જે બે સાંધાવાળા પગની ઉપર ગોઠવાયેલું રહે છે. તમે હાડપિંજર જોયું છે તો કહો કે આ સિવાય તેમાં બીજું શું છે?

જમનાં—અલબત એજ. બીજાં નાનાં મોટાં હાડકાં તો ઘણાંએ હશે.

ચંદા—માથાની પેટીમાં મગજ અને જ્ઞાનતંતુઓને

ચલાવનારા અવયવોના લેચા પુરેલા છે, આંખના ડોળા મૂકેલા છે, બે બાજુ બે કાન કાઢેલા છે અને આગળ નાક તથા મોની ગોઠવણ છે. નીચેની મોટી પેટીમાં શ્વાસોચ્છ્વાસના ચાર મોટાં -છાણાં જેવા અવયવો જે ફેફસાં કહેવાય છે તે છે. છાતી ને કમ્મરના ગોળ કાઠડા જેવા હાડકાની વચ્ચે પાછળ કરોડ ને આગળ આંતરડાંનો થેલો-પેટ ને પેઢું છે.

બરડાની વચ્ચે કરોડ અને હાથના મૂળનાં કુહાડી જેવાં હાડકાં ને પાછલાં પાંસળાંની તળે ફેફસાંનો એક ભાગ ને કરોડની બીજી બાજુ બીજો ભાગ. તેની નીચે ડાબી જમણી બાજુએ બે મૂત્રપિંડ છે. આગલી છાતીનાં પાંસળાં તળે ડાબી જમણી બાજુએ ફેફસાંનાં આગલાં પડ અને એક બાજુ પિત્તાશય-કલેજું અને સામી ડાબી બાજુએ બરોળનો મેંદા જેવા પદાર્થથી બનેલો અવયવ છે. છાતીનાં પાંસળાંની તરત નીચે મશકના જેવી હોજરીની કોથળી છે અને તેની નીચે નાનાં મોટાં આંતરડાંનાં ગુંછળા છે. પેઢુમાં મૂત્રાશય અને ગર્ભસ્થાનને લગતા અવયવો છે. બીજા ભાગમાં કહિં એવા ઉપયોગી અવયવો નથી, પણ હાથ પગ વગેરે ઠેકાણે માંસના લોચાઓ પેશીઓ અને તે તે સ્થાનનાં કામકાજ કરનારા અવયવો ને નાડીઓ વગેરે છે. આ બધાની ઉપર ત્રણ પડવાળી મજેની ચામડી મઢેલી છે અને જ્યાં જ્યાં શરદી લાગે એવા નાજુક અવયવો વગેરે હોય ત્યાં ત્યાં ગરમી અને શરદીની સમતોલતા રાખવા તથા બહારનાં ગરમી શરદીથી શરીરનું રક્ષણ થવા ચામડી ઉપર વાળ-રૂંવાં વગેરે બનાવેલાં છે.

માણેક-અહોહો! ભાભીજી! તમે તો એક મહેલનું

વર્ણન કરતાં હો તેમ આખા શરીરની બહારની અને મહિંની બધીએ રચનાનું વર્ણન કર્યું. ખરેખર ઇશ્વરની કૃતિ અલૌકિક જ છે.' પણ ભાભીજી ! શરીરરૂપી આ સંચો-એન્જીન પછી ચાલે છે શાને ?

ચંદા-બધા સંચા જેમ બરોબર ગોઠવેલા તેમ માંજી અથવા રંગ રોગાન લગાવી સુશોભિત કરેલા હોય છે તેમ, આ શરીરનો સંચો બધા યંત્રો સાથે તૈયાર હોવા છતાં જીવ-રૂધિર વગર તે ચાલતો નથી. એન્જીનને જેમ વરાળ ઉત્પન્ન કરી ગતિમાન કરવું પડે છે તેમ શરીરને પણ કોલસારૂપી ખોરાક, પાણી ને પવન વગેરે આપી રૂધિર ઉત્પન્ન કરી ગતિમાન રાખવાની ઇશ્વરે કળા કરેલી છે.

જમનાં-ખોરાકનું લોહી થતું હશે ?

ચંદા-અલબત, ગર્ભમાં માતાના લોહીથી બાળકને લોહી મળી તેમાં જીવસંચાર થાય છે અને જન્મ થયા પછી બાળક અને મોટું થયા પછી માણસ-જે ખોરાક લે છે તેનું લોહી બની શરીર જીવતું પોષાતું વધતું અને કામકાજ કરતું ગતિમાન રહે છે. જમનાંબહેન ! આપણે મોઢામાં ખોરાક લઇ તેને ચાવીએ છીએ એટલે મોઢામાંથી અમી છુટી તે ખોરાકને લોંદા જેવો બનાવે છે. મોંમાંથી ગળામાં થઇ અન્નનળ વાટે તે હોજરી-પેટમાં જાય છે. ત્યાં એ ખોરાક ઉપર કેટલીક ક્રિયાઓ થાય છે અને જઠરસ સાથે વલોવાઇ જાડી પાતળી અને ધોળી કાંજી જેવો બની જાય છે. હોજરીને તેના ઉપર જે ક્રિયા કરવાની હોય તે થઇ રહેતાં, એ લોહી જેવો રસ હોજરી આંતરડાંમાં ઠાલવે છે. ત્યાં વળી એક નળીમાંથી

તેમાંના હોજરીએ નહિ મુલાયમ કરેલા કે ગાળેલા પદાર્થોને ગાળનારા પેનક્રિયાટ ને પિત્ત જેવા રસો તેની સાથે ભળે છે. હોજરીમાંથી જે શોષણ થવું જોઇએ તે ત્યાં થઇ ગયેલું હોય છે. બાકીનું આંતરડાંમાં થાય છે એટલે કે, જેમ ઘાણીમાં તલ પીલતાં તેમાંનું તેલ અને ખોળ જુદાં પડે છે તેમ આપણે ખાધેલા ખોરાકનું સત્વ પણ હોજરી અને આંતરડાં ખેંચાઇ જઈ કુચા–મળ છુટો પડીને અપદ્વાર વાટે નીકળી જાય છે. ખોરાકમાંનું એ જે સત્ત્વ શોષાઇ ખેંચાય છે, તેજ લોહી.

ખોરાકમાંથી બનેલું એ લોહી રક્તાશયમાં થઇ ફેફસાંમાં જાય છે. અને ત્યાં આપણે શ્વાસની મારફતે લીધેલા પ્રાણવાયુથી શુદ્ધ થઈ આગાળ પાછળનાં બે પડવાળાં ફેફસાં જે શ્વાસોચ્છ્વાસથી ઇહોળાં થતાં અને સંકોચાતાં રહે છે તેને લીધે નાડીઓમાં હડસેલાઈ શરીરમાં ફરવા નીકળી પડે છે. આ રૂધિરાભિસરણ પાણીના બંબની માફક થાય છે એટલે કે જેમ બંબામાં પાણી ખેંચાઈ આવે છે અને બહાર નળીઓ તરેફ હડસેલાય છે, તેમ ફેફસાં પહોળાં થવાથી ને સંકોચાવાથી લોહી પણ ફેફસાંઓમાં ખેંચાઈ આવે છે અને પાછું ફરવા જાય છે. ફેફસાંમાં જતા આવતા રૂધિરની જુદી જુદી નાડીઓ છે. આપણા શરીર ઉપર જે જરા આશમાની રંગની નાડીઓ દેખાય છે છે તે ફેફસાં તરફ પાછા ફરતા લોહીની હોય છે જ્યારે સ્વચ્છ લોહીની નાડીઓ ઉંડી હોય છે. શરીરમાં ફરવા નીકળેલું લોહી શરીર ઉપરના જુદાજુદા અવયવોને જોઇતી વસ્તુ–ખોરાક પુરો પાડે છે. તેમને પોષણ આપે છે વધારે છે મજબુત બનાવે છે અને ખીલવે છે. ફરતાં ફરતાં શરીરમાંનો

મળ પણ તે પોતાની સાથે ઘસડતું જાય છે. શરીરના કચરાથી મલિન થયેલું લોહી કાળું હોય છે. મૂત્રપિંડમાંથી પસાર થતાં તેનો બધો વિકાર ગળાય છે. વળી કલેજામાં અને બરોળમાં પણ તેની શુદ્ધિ થાય છે. ત્યાંથી તે પાછું ફેફસાંમાં જાય છે. ત્યાં નવા લોહીની તેમાં ભરતી થાય છે, અને પ્રાણવાયુથી શુદ્ધ થઇ વળી પાછું તે શરીરમાં ફરવા જાય છે. એક મિનિટમાં વીસવાર શ્વાસોચ્છ્વાસ થઈ લોહીની ફેફસાંમાં ભરનીકળ થાય છે. એ ક્રિયા નિરંતર ચાલુ રહેવાથી બધા જીવો જીવે છે.

માણેક–ત્યારે એમજ કહોને ભાભીજી ! કે, આપણે સારી રીતે સારો ખોરાક ચાવીને ખાઇએ અને તે બરોબર પચે; વળી ઝાડો પેશાબ નિયમિત થાય અને શ્વાસોચ્છ્વાસ બરોબર ચાલતો રહે તો શરીરનો સંચો કશીએ અલવલ વગર જેમ ને તેમ એની મેળે ચાલ્યાંજ કરે.

ચંદા–અલબત એમજ છે. નિયમિત ખોરાક ખાનારાપિનારા અને સાધારણ રીતે લેવી જોઇએ તેવી સંભાળ લેનારા લોક વરસોનાં વરસો સુધી જેવા ને તેવાજ તંદુરસ્ત રહી શકે છે. માણેકબહેન! જે લોક શરીરનો સંચો બગડે એમ ખાય પીએ, મળમૂત્રને વગર કારણે રોકે શરીરના ગજા ઉપરાંત કામ મહેનત કરે અને આરામ કે ઉંઘ લે નહિ તેમનાં શરીર બગડે છે. પશુ પંખીઓ જે કુદરતના કાયદાને માન આપી ચાલે છે, તે કદીએ માંદાં થતાં નથી.

જમનાં–નહિજ, અલબત નહિજ.

ચંદા–આહારવિહારમાં સંભાળ રાખનાર અને શરીરના

કાયદાને માન આપીને ચાલનાર કદી માંદું પડતું નથી.

માણેક—આપણે કુદરતના કયા કાયદાને તોડીએ છીએ, કે જેથી વારંવાર માંદાં પડીએ છીએ ?

ચંદા—ઘણાએ, શરીરને સારૂં રાખવાને શુદ્ધ લોહીની જરૂર છે અને લોહીની શુદ્ધિ પ્રાણવાયુથી થાય છે. શરીરની જીવનશકિતને તેથી બળ મળે છે. પ્રાણવાયુ હવામાંથી આપણે શ્વાસ મારફતે લઇએ છીએ. હવા સારી હોય તો શરીર સારૂં રહે ને નઠારી હોય તો નબળું પડે. પવન અથવા હવામાં એકલોજ પ્રાણવાયુ નથી પરંતુ તેમાં બીજા પણ કેટલાક અપકારક વાયુઓ ભળેલા હોય છે. ગંદી અને અસ્વચ્છ હવા હોય ત્યારે આપણાથી અકળાઇ જવાય છે. પ્રાણવાયુને લીધે પ્રાણી માત્રજ નહિ પરંતુ વનસ્પતિ વગેરે પણ જીવતાં રહે છે.

સુમન—માણેકભાભી ! પ્રાણી અને વનસ્પતિ તો શું, પણ દીવો અને દેવતા પણ પ્રાણવાયુ વગર ઝગતાં નથી. અગ્નિએ ઓકિસજન ખાઇને ઝગે છે. હવામાં ઓકિસજન ન હોય કે ખુટી ગયો હોય તો પ્રાણી કે વનસ્પતિ તો શું, પરંતુ દેવતા કે દીવો સુદ્ધાં ઝગી શકે નહિ.

ચંદા—માણેકબહેન ! ખોરાક વગર અને પાણી વગર રહેવાય, પણ હવા વગર તો કોઇથી જરાએ રહેવાય નહિ, માટે સારી હવાની જરૂર છે. મોટાં શહેરોમાં સારી હવા નહિ હોવાથી શરીર ખરાબ રહે છે. ગામડાના લોક શુદ્ધ હવાને લીધે તંદુરસ્ત રહે છે. સારા લોક બહારગામ હવા ખાવા જાય છે તે એટલાજ માટે. શરીર બગડવાનું બીજું કારણ અસ્વચ્છ પાણી છે. ગંદુ જંતુવાળું અને અશુદ્ધ પાણી પીવામાં આવે, એ પણ

તંદુરસ્તીને ખલેલ પહોંચાડનાર છે. ત્રીજું કારણ ખોરાક. ખોરાક સારી જાતનો પોષક તત્વોવાળો સારી રીતે રાંધેલો અને પચે તેવો હોવો જોઇએ. ખોરાકમાં તો આપણા લોક જેટલી ભૂલ કરે છે તેટલી બીજું કોઇ પ્રાણી કરતું નથી. આપણે સ્વાદને ખાતર ન પચે એવો, મસાલાઓવાળો અને મિષ્ટ ખોરાક પચે તેના કરતાં ઘણા–ઘણાજ મોટા જથામાંખાઈ જઈએ છીએ. એક ઝીણા વિચારકે કહ્યું છે કે ' માણસ તેને જોઈએ તે કરતાં બમણો ત્રમણો ખોરાક ખાઇ જાય છે. ' આપણામાં એવી કહેવત છે કે ' ખાધજ મારે ને જીવાડે. ' શહેરમાં રહેતા સુખી માણસ ઘણું ખાય છે અને ખાધેલું તેમને કદીએ પચતું નથી. આપણે જેને પચાવ કહીએ છીએ તે વૈદક પચાવ નહિ. શરીરની ગરમી શરદીને સાચવવી અને બહારની ગરમી શરદીની અસર ન થવા દેવી, એ પણ જરૂરનું છે. સુમનબાને રંગીલભાઇએ કહ્યું તે બરોબર છે. એ નહાતા હતા ત્યારે ભીના શરીર ઉપર તેમને જો પવનનો સપાટો ન લાગ્યો હોત, તો તેમને સળેખમ થાત નહિ. ભીના શરીર ઉપર પવન લાગે એટલે તેટલો ભાગ ઠંડો થઇ શરદી થાય. શરદીથી ફેફસાં ઉપર સોજો ચઢે ને તેથી શરીર બગડે. પંખાથી પસીનાવાળા શરીર ઉપર પવન પણ ખાવો નહિ.

જમનાં–એવી ઝીણી ઝીણી બાબતો કંઈ સંભાળાય છે?

ચંદા–અલબત, સંભાળવી જોઇએ. કુદરત તમારા નાનામાં નાના દોષની પણ માફી આપતી નથી. એ તો પોતાના કાયદાને તરત અમલમાં મૂકે છે. આપણે પોતાને હાથે પોતાનાજ શરીરને ઉંઘમાં સહેજ ખણવા જઈએ તોપણ શરીર ઉપર ઉઝરડો પડે છે, શરીર યંત્ર નાજુક અને કુદરતના કાયદા બહુ

કડક હોવાથી, નાની જેવી ભૂલ પણ જોતજોતામાં તેને કસોજ-ખરાબ કરે છે, માટે શરીરની બહુ ખંતથી સંભાળ લેવાની જરૂર છે. જમનાંબહેન ! આ તો આપણી વાતો થઈ. આમાં કંઈ મોટાં મોટાં શાસ્ત્રોના સાર મૂળતત્વ રૂપે પણ તમને દેખાડી કે સમજાવી શકાય નથી; પરંતુ તમને એનો આભાસ આપી તે વધારે સારી રીતે જાણવા વાંચવાની જિજ્ઞાસા ઉત્પન્ન કરવા જેટલુંજ કહેવાય છે. ઇશ્વરની અનંત ખુબીઓમાંની આ શરીર રચના પણ એક અલૌકિક ખુબી છે. તેમાં મોટા વિદ્વાનો મોટા મોટા ગ્રંથ લખીને પણ ઇતિશ્રી કરી શકયા નથી, તો આવી વાતોમાં હું શું સમજાવી ને જણાવી શકું ? છતાં તમારે એટલું તો અવશ્ય યાદ રાખવું કે, આ શરીર એક બહુજ સાચવવા જેવું યંત્ર છે. તેને ખંતથી સંભાળવું એ આપણું પહેલામાં પહેલું અને અત્યંત અગત્યનું કામ છે, શરીર છે તો સૌ છે અને શરીર નથી તો કંઈ નથી.

માણેક–આપણાથી બને તેટલું અલબત સંભાળવું, અને જરા અઠીક લાગ્યું કે તરત તેનો ઉપાય કરવો, જમનાંબહેન ! સૌ ઉપાય કરે કારણ કે અસુખ હોય તેમ છતાં કંઇ શરીરને ઘસડયાં કરાય છે ?

ચંદ્રા–શામાટે ઘસડવું ! જરા પણ અઠીક લાગ્યું કે તરત તેનો ઘરગતું ઉપાય કરવો. ખંત રાખી સારા ઉપચાર આરંભવા. નાનો જેવો રોગ અને દુશ્મન હોય તેની જરાએ ઉપેક્ષા કરવી નહિ. શરીર સંબંધી અને ઓસડ સંબંધી થોડ. જ્ઞાનની જરૂર છે તેનું કારણ એજ કે, કંઇ અસુખ કે અકસ્માત થતાંવાંત ઉપાય લઇ શકાય. ઓષધિના ગુણદોષ થોડાક

જાણવા જોઈએ અને તેની બનાવટો પણ આવડવી જોઈએ. જેમ રાંધતાં આવડવું જોઇએ તેમ દવા બનાવતાં પણ આવડવું જોઇએ.

જમનાં—માણેકબ્હેન ! ચંદાભાભીજી તો આપણને વૈદ થવાનું કહે છે.

ચંદા—ના, આખાં વૈદ થવા ન જતાં, નહિ તો પેલી લાડકી નવીના જેવું ભુંડું કરી બેસશો.

માણેકે હસીને કહ્યુ કે–તમેએ ચંદાભાભીજી ! બહાં ગમતી દેખું ! એ લાડકી નવી વળી કોણ ?

ચંદા—એક મોટા શેઠ હતા, પચાસ પંચાવન વર્ષની ઉમ્મરે ત્રીજી વાર પાંચ દસ હજાર ભરીને એક જરા ભણેલી ગણેલી કન્યા પરણ્યા હતા. શેઠ જુના, જમાનાના પંતુજીની નિશાળે આંક ને બારાખડી ભણેલા હતા અને કાગળ કે ભરતિયું જાતે વાંચવાનો વખત આવ્યો હોય, તો પાંચશેર પરસેવો કાઢી નાંખે એવા વિદ્વાન હતા. પૈસાદાર એટલે એક બે સમાહિક અને પાંચ સાત માસિક રાખતા, પણ તે ટપાલમાંથી આવે એવાં ને એવાંજ અભરાઈએ ચઢતાં. છેવટ ગાંધીને ત્યાં એનો ઉપયોગ થતો. નવી આવી તે પ ચેક ચોપડીઓ ભણેલી હતી એટલે એણે પેલાં દૈનિક સમાહિક અને માસિકનો નવરી પડે ત્યારે ઉપયોગ કરવા માંડયો. સવાર સાંજ શેઠ નવરા હોય અને વાતચીતમાં બેઠા હોય ત્યારે નવી પોતાના વાંચનની ચતુરાઈ તેમને દેખાડે. શેઠ તો નવીના મોં સામું આંખ ફાડીને જોઈજ રહે. તેમને તો એમ થાય કે, આ શી વાત કે મારે આવી સુધરેલી ને ભણેલી બાઈડી ! શેઠે નવી-

ને વધારાનાં ચોપડી ચોપાનિયાં મંગાવવાની છુટ આપી અને એક બે સ્ત્રી સમાજોમાં મેમ્બર અને લાઇફમેમ્બર થવાની પણ રજા આપી. શેઠ લઠાબતા ગયા અને નવી ચિબાવલી ને દોઢ ચતુર બનતી ગઇ. જેમ શેઠ તેને—આ શી વાત માનતા હતા, તેમ શેઠનાં લાડ તેનેએ બિચારીને—આ શી વાત જેવાં લાગતાં હતાં. કાલી કાલી વાતો કરી શેઠને પોતાનું ડહાપણ જણાવે અને દરેક વાતમાં લાડી લાડીને તેમની પાસેથી કામ કઢાવી લે. ભટ ચાકરે નવી તો નહિ, પણ લાડકીનવી એવું તેનું નામ પાડયું. માળાના લોકને કહેવાની જરૂર પડી નહિ. તેમણે પણ એ નામ ઉંચકી લીધું. સૌ શેઠની લાડકીનવી એમ કહેવા લાગ્યા. એક આંખે શેઠને ફુલ પડેલું હતું અને જોગજોગે બીજી આંખ બગડી. નવી પરણેલા અને તેને લાડમાં કાલીઘેલી કરી મૂકેલી, તેવામાં અંધાપાનો ભય આવીને ઉભો રહ્યો. શેઠ ગભરાયા. નવીને કહ્યું નહિ અને પાંચ દસ દિવસ દાક્તરને ત્યાં જઈજઇને દવા નંખાવી આવ્યા. દવાથી છણાવાને લીધે આંખ લાલ થઈ ગઇ. દાકતરે કહ્યું કે, ' શેઠ ! દિવસમાં એકાદવાર ટપકું નંખાવી જાઓ. તેથી કંઈ સારૂં નહિ થાય. હું નાની શીશીમાં દવા આપું તે ઘેર લઈ જાઓ, અને બજારમાં આંખમાં ટીપાં નાંખવાની કાચની રબરવાળી નળી મળે છે તે મંગાવી કોઈ જરા ધીરા હાથનું માણસ હોય, તેની પાસે ત્રણ ત્રણ કલાકે ટીપાં નંખાવતા રહો. '

શેઠ દવા અને નળી લઈને ઘેર આવ્યા. ધીરા ઠરેલા હાથના માણસ પાસે ટપકાં નંખાવવાના વિચારમાં પડયા. માળામાં સૌ શેઠની લાજ કાઢે અને આધેડ–મોટી ઉમ્મરનાં

બૈરાં 'નવીના કામમાં કોણ ડહાપણ કરવા જાય' એવા વિચારે આવે તેમ ન હતું, તેથી શેઠ વિચારમાં પડયા હતા.

આંખ વધારે લાલ થઈ ગયેલી હોવાથી શેઠ દુકાને ગયા ન હતા, એટલે બાર વાગે તેમણે નવીને કહ્યું કે 'નવી ! આપણા માળાનાં પેલાં વખતડોસીને બોલાવી લાવ.' નવીએ પૂછયું કે 'વખતડોસીનું શું કામ છે?' શેઠે ધીરે રહીને કહ્યું કે, 'ધીરી ને ઠરેલ હાથની બાઇડી છે. મારી આંખમાં તેની પાસે દવાનાં ટીપાં મુકાવવાં છે. માળાનાં તમામ છોકરાંને ભરણુ ભરવા અને આંખો આંજવા લોક તેને બોલાવે છે.'

નવી–એનું શું કામ છે? એ અભણ ઘરડીડોકરી ટીપાં નાંખવામાં શું સમજે? તમારી આંખમાં હું ધીરે રહીને ટીપાં મૂકીશ. મને બધું આવડે છે, અને પરિચારિકાએ શું જાણવું જોઇએ તે પણ મેં ચોપાનિયામાં વાંચ્યું છે. આંખમાં ટીપાં નાંખવાની કાચની મજેની નળી આવે છે. મારો હાથ ઠરેલો છે. તમે શું એમ કહો છો કે હું ધીરા સ્વભાવની નથી?

શેઠ–ના, તું ધીરી ને ડાહી છે. પણ છોકરાંને ભરણુ ભરવાથી એ પાવરધી થયેલી છે.

'નહિ, બસ. હુંજ તમારી આંખમાં ટીપાં મૂકીશ. તમે નળી લાવ્યા છો કે નહિ?' નવી લાડથી પગ પછાડવાને આગ્રહ કરવા લાગી. શેઠે આનાકાનીએ છેવટ કબૂલ કર્યું. ખીસામાંથી શીશી ને નળી તેને કાઢી આપ્યાં. શેઠ લાંબા થઈ પલંગમાં ચતાપાટ સુતા અને નવીને કહ્યું કે 'નળી ઉપરની રબરની ટોટી દાબીને શીશીમાં બોળજે ને બોળ્યા પછી દબાણ પોચું કરજે, એટલે ઓસડ મહિં ભરાશે.'

નવી ચિઢાઇને બોલી કે ' જાઓ જાઓ ! કશું સમજો નહિ ને અમસ્તા ડહાપણ શાનું ડહોળો છો ? ટોટી દાબીએ ત્યારે અંદર હવા શી રીતે ભરાય ? મોઢું દાબીને તે ખવાતું હશે કે ? ' શેઠ બિચારા જુઠા પડયા, કારણ કે, નવી ભણેલી અને હમણાં હમણાંમાં તો, પેપરો વાંચીને ખુબ બાહોશ બનેલી હતી. નવીએ પોતાના ડહાપણ પ્રમાણે બે ત્રણ વાર નળી ભરવાનો યત્ન કર્યો પણ કંઈ વળ્યું નહિ. શેઠ પોતે ' કંઇ બોલીશ તો ચિઢાશે ' એવા ભયથી ચુપચાપ તેની સામું જોઇ રહ્યા.

બે ચાર વાર નળી શીશીમાં બોળી બોળીને નવીએ બહાર કાઢી. અધુંક ઓસડ બરબાદ કર્યું ત્યારે ટીપું બે ટીપાં હવા નળીમાં ભરાઇ. નવી ખુશ થઇ અને શેઠને આંખ ખુબ ફાડી રાખવાનું કહ્યું. આંખ આગળ નળી લઈ જઇ રબર ઉપર જરા દબાણ હતું તે કમી કર્યું એટલે હવા ઉંચે ચઢી ગઇ. હવા ઉંચે ચઢતાં ફરીને ટપકું પાડવાનો યત્ન કર્યો પણ ટીપું પડયુંજ નહિ. બે ત્રણવાર યત્ન કરવા છતાં ટપકું પડયું નહિ તેથી નવી ચિઢાઇ અને આંખ ફાડી રાખવાથી શેઠ પોતે પણ ચિઢાયા. પરંતુ લાડકી નવીને શું કહે ? ને શું કરે ?

ચોથીવાર હવાની શીશીમાં નળી બોળી લાડકી નવીએ શેઠ પાસે આંખને ખુબ ફડાવી ચોથીવાર ટીપું પાડવાનો યત્ન કર્યો તોપણ, ટીપું પડયું નહિ. ચિઢાઇને જોરથી ટીપું પાડવાને નળીને તેણે છટકારી. દુર્ભાગ્યે ટીપું તો તેમાંથી પડયું નહિ પણ નળીની અણી આખી ને આખી શેઠના કાળા ડોળા વચ્ચેની કીકીમાં ભોંકાઇ. શેઠે કારમી ચીસ પાડી ને નવીને જન્મા-

રાની ટીપાં પાડવાની ફડાફુટજ નીકળી ગઈ, નવી ઝંખવાણી પડી ગઈ અને શેઠની આંખમાંથી લોહીની ધાર ચાલી રહી. તેમણે ખુબ રીસે ભરાઇ નવીની છાતીમાં એવો ધકકો માર્યો કે, તે જમીન ઉપર તૂટી પડી. માળો ભરાઈ ગયો ને હોહા થઇ રહી. દાક્તર બોલાવી ઉપચાર કર્યો પણ શેઠને અંધાપો આવ્યો તે આવ્યોજ.

'મુઈ રાંડ, તમારી લાડકી નવી! મુરખીએ ગજબ કર્યો! બળ્યું એનું ડહાપણ ને આવડ! અમે તો બા! એવાં ડહાપણ કરવા ન જઇએ.' જમનાંએ દયાથી ઉશ્કેરાયલી લાગણીએ જવાબ દીધો.

સુમન—પણ ભાભી! મને પેલું ન સમજાયું? નળી ઉપરની રબરની ટોટી દાબીને શા માટે હવામાં બોળવી? એમ કર્યાથી તો અલબત્ત નવીએ કહ્યું તેમ હવા ભરાય નહિ.

માણેક—હા ભાભીજી! એ શું?

ચંદા—માણેકબહેન! હવા વગર કોઈ પણ જગા ખાલી નથી, અને તે જગામાં જ્યારે બીજી વસ્તુ ભરાય છે ત્યારે ત્યાંની હવા નીકળી જાય છે. આપણે જ્યારે સાંકડા મોંનો લોટો પાણીથી ભરેલી કુંડીમાં દબાવીને ઉંડો ઘાલીએ છીએ ત્યારે તેમાં ઝટ લઇને પાણી દાખલ થતું નથી, કારણ કે તેમાં જે હવા ભરાયેલી હોય છે તે જેમ જેમ બહાર નીકળતી જાય ને પાણીને જગા ખાલી કરી આપતી જાય, તેમ તેમ પાણી તેમાં દાખલ થાય છે અને નીકળતી હવા ભકભક બોલી પાણીની સપાટી ઉપર પરપોટા આણે છે. બે તરફ મોંવાળી એક નળી ઉપરનું મોં પવન નીકળી જાય નહિ તેમ સખત

બંધ કરી, પાણીમાં બોળીશું તોપણ તેમાં પાણી પેસી શકશે નહિ, કારણ કે, તેમાં હવા ભરાયેલી હોવાથી પાણીને પેસવાની જગા ખાલી હોતી નથી. એ નળીના ઉપલા મોં મારફત જો આપણે તેમાંની હવાને નીકળવા દઇશું તો તરત પાણી ભરાઈ જશે. કુંડીમાંના પાણીની સપાટી જેટલુંજ નહિ પણ આખી નળી હવા રહિત થયેલી હોવાથી બહારના પાણીની સપાટીથી પણ નળીની અંદરનું પાણી ઉંચું ચઢી રહેશે.

સુમનબહેન ! તમને તો તે દિવસે તમારા ભાઇએ હવાના દબાણના પ્રયોગ કરી દેખાડ્યા હતા, કેમ ભૂલી ગયાં ? ટીપાં નાંખવાની નળી ઉપરની રબરની ટોટી દાબી તળેનું મોં પાણીમાં બુડાડ્યા પછી ઉપરની ટોટીને ફુલવા દઈએ એટલે નળીમાંનો વાયુ ટોટીમાં આવે અને પાણીમાંના મોં તરફની જગા ખાલી પડે તેથી પાણી અથવા હવા જે હોય તે નળીમાં ઉંચે ચઢે. નળીને બહાર કાઢીએ અને તેનું નાનું મોં ખુલ્લું હોય તોપણ તળેથી હવાનું દબાણ હોવાને લીધે નળીમાંનું પાણી બહાર નીકળી પડે નહિ. પછી જ્યારે ટપકાં પાડવાં હોય ત્યારે ઉપરની ટોટીને દાબી તેમાંના પવનને નળીમાં ધકેલીએ એટલે તે નીચેના મોં તરફ રહેલા પવનને બહાર કાઢે એ ખુલ્લુંજ છે. તમેએ રડયાં ભણોછો ભણોછો ને પાછાં ભૂલોછો એ શું ?

'મારા ભાઇએ ક્યારે આવા દાખલા આપીને સમજાવ્યું હતું ? આવા લુખા વિષયો તો એમ ને એમ નથી સમજાતા, અને યાદ રહેતા નથી ભાભી !' સુમને શાસ્ત્રીય વિષયો દૃષ્ટાંતથી સારા સમજાય છે, એમ જણાવ્યું. ચંદાગૌરી ઉભાં થઇ

બોલ્યાં કે ' લો ચાલો હવે બહેન ! આજ તો બહુ વાર બેઠાં ! માણેકબહેનને બહુ ખોટી કર્યાં !

માણેકે તેમને પાન અને ઇલાયચી આપતાં ગદ્ગદ વાણીએ કહ્યું કે ' ભાભીજી ! મને ખોટી કર્યાનું કહો છો ? તમારો મોંઘો વખત અમે બરબાદ કરાવીએ છીએ. તમને અમારા મૂર્ખાઇ ભર્યા પ્રશ્નોથી કંટાળો આપીએ છીએ અને તમે આમ કહો તે ઠીક ? ' પાન આપી બહુ વિવેકથી દાદર લગી તે વળાવવા ગઇ. પછી જમનાં તેના તથા ચંદાગૌરી પોતાના ઘર ભણી ગયાં.

પ્રકરણ ૨૧ મું.

ગ્રહણ–ખગોળ.

'તમે તો વજીબા ! છેકજ નાસ્તિક દેખું ! આપણા દેશમાં સૌ ગ્રહણને માને અને તમે આવડાં મોટાં તથા સમજુ થઇને ગ્રહણને માનો નહિ, એ શું ? તમે કહો છો કે, શાસ્ત્રમાં તો કહિંએ આવું ધતિંગ કરવાનું કહ્યું નથી, તે તમને કોણે કહ્યું ? આપણા શાસ્ત્રી બાવાઓ તો તમારા જેવાં ઘરડાંવરડાંને વારંવાર ग्रहणे तु काशी કહીને, શક્તિ હોય તો કાશી, નહિ તો નર્મદા કે ગોદાવરી જઇ ગ્રહણ નહાવાનું કહે છે, તે શું શાસ્ત્ર કે પોથીમાંનાં રિંગણાં ? ગોદાવરીએ વજીડોસી ઉપર ચિઢાઇને ઉભરો કાઢ્યો.

'આપણે હિંદુઓ ગ્રહણને માનીએ છીએ અને બીજા ઘણાએ લોક નથી માનતા. હું તો આ ધતિંગને માનતી નથી. તમારે જે કહેવું હોય તે કહો.'

'ધતિંગને બહાને પણ પુવડોનાં ઘર સાફસુફ થાય છે કે નહિ ? વાસણો મંજાય છે, નવેણો ધોવાય છે અને કપડાં ધોવાય છે. ઘરનો સામાન આઘોપાછો થઇ લિંપાય ધુંપાય છે. ધર્મ કહો, વહેમ કહો કે ધતિંગ કહો, પણ ગ્રહણને નામે ઘણાં ઘરોનો ભંજવાડ નીકળી જાય છે.'

હરકોર શેઠાણી બોલ્યાં કે–વજીબા ! એ તો ખરૂં. ગોદાવરીબહેન કહે છે તેમ, ગ્રહણને બહાને ઘર તો સાફસુફ થાય

ા. આ જુવાન છોકરીઓ ને વહુઓ ગ્રહણ માનતી નથી છ-
ાંએ તેમનાં કપડાં લત્તાં ને ઘરબાર તો લોકલાજને લીધે ઠીક
ાક કરે છે. જુઓને ગઈ રાતે ગ્રહણ ગયું ત્યારે આજ કેવું
ાકઝમાળ થઇ રહ્યું છે.

'તમેએ હરકોરબા એમ કહો છો, હું તો ગ્રહણને
ાનતી નથી.'

'જમાના થયાં આપણા લોક ગ્રહણ વખતે જપ મંત્ર
ગેરે કરે છે, સાધનાઓ સાધે છે અને પુણ્યદાન દે છે તે
ાલી ધતિંગ હોય તો નીલે ? કંઇ થોડું ઘણું સત્ય તો ખરૂં.
હે છે કે, રાહુ નામનો એક દુષ્ટ રાક્ષસ જેનું એકલું માથું જ
હેલું છે તે જ્યારથી દેવલોકે અમૃત પીવા દીધું નહિ, ત્યારથી
.ર રાખી જ્યારે જ્યારે સૂરજ અને ચંદ્રમા એના સપાટામાં
ાવે છે, ત્યારે ત્યારે એમની સાથે લડે છે. ગ્રેણ વખતે ચાંદો
.લ થઈ જાય છે તે આપણે નથી જોયું ? ઢેડાઓ દાન લેવા
ાવે છે તેનું કારણ એજ કે, એ લોકો જ્યારે તેમની લડાઇમાં
ચ્ચે પડે છે ત્યારે ગ્રહણ છુટે છે. બધા લોકો કહે અને
.ને તે ખોટું ? અને વજીબા કહે તે ખરૂં ? હું તો બા ! એવું
ાધરમનું બોલવું માનું નહિ. ગોદાવરીએ ખુલ્લા દિલે પોતાને
હેવાનું હતું તે કહ્યું. હરકોરશેઠાણીની છોકરી તેમની વાત
ાંભળીને બોલી કે, ગોદાવરીકાકી ! પૃથ્વીની છાયા ચંદ્રમા
પર પડવાથી ગ્રહણ થાય, એવું અમે ચોપડીઓમાં વાંચ્યું છે
. માણેકબાબી આવ્યાં, પૂછો તેમને યાદ હશે.'

માણેક—હા, ચોપડીઓમાં વાંચ્યું છે કે, એક બીજાની
ાા પડવાથી સૂરજ ચંદ્રનાં ગ્રહણ થાય છે. પણ મને તો બા !

એ સમજાવતાં આવડે તેમ નથી. બોલાવો ચંદાભાભીજીને, એ તરત ગોદાવરીકાકીને સમજાવશે.

ગોદાવરી–હા, એને બોલાવો. ડાહી છે અને એ જે કહે છે તે તરત આપણે ગળે પણ ઉતરે છે.

હરકોરશેઠાણી બોલ્યાં કે ' જા મોંઘી ! ચંદાવહુને બોલાવી લાવ. આજ તાજેતાજું ગ્રહણ ગયેલું છે એટલે એ વાત સમજીએ. આવી બાબતો જાણવી, એ પણ કથાવાર્ત્તા જેવુંજ ગણાય. '

' અલબત, કોઈ પણ બાબતમાં ખરી વિગત જાણવી અને જ્ઞાન મેળવવું, તે કથાવાર્ત્તા જેવુંજ છે. નવી રૂઢિએ ભણેલા દખણી વિદ્વાનોએ હમણાં એવી કથાઓ કહેવાનો આરંભ કર્યો છે. આપણા જુના વ્યાસ પુરાણીઓ જે ગ્રંથોમાંથી કથા કરે છે, તેમાંથીજ એ લોકો પણ કથા કહે છે. હું તો એકવાર એક દખણી ગ્રેજયુએટની કથામાં ગઇ હતી. જો કે દખણીમાં આપણને એટલું બધું સમજાય નહિ તોપણ મને રસ પડયો હતો. એ લોકો આગળ પાછળની હકીકત સાથે બહુ સારૂં સમજાવે છે. વજીભાઇએ નવી રીતે થતાં પુરાણાદિકનાં વ્યાખ્યાનોનાં વખાણ કર્યાં.

હરિકથા કરનારા દખણી શાસ્ત્રીબુવાઓ કેવી મજેની કથાઓ કરે છે અને રમુજી દૃષ્ટાંતો આપે છે. એ લોકની કહેવાની છટા આપણા લોક કરતાં બહુ સારી હોય છે. હરકોર શેઠાણીએ વધાર્યું.

' લો, આ ચંદાવહુ આવ્યાં ! ગોદાવરીએ ભાવથી તેને પોતાની પાસે બેસાડવા માંડી પણ તે તો વૃદ્ધ વજીબાઈ અને

હરકોરશેઠાણીને પગે લાગ્યા પછીજ શરમાતી શરમાતી કપડાં સંકોરીને તકિયાથી જરા દૂર વૃદ્ધોની સામે મોં રાખી નીચે બેઠી. થોડીવાર કોઇ કંઈ બોલ્યું નહિ, એટલે શેઠાણીએજ કહ્યું કે, 'ચંદાવહુ! તમારાં નણંદ કયાં ગયાં? બે દિવસ થયા મારા ઘર તરફ જણાઈ નથી, સારી છેને? શરમને લીધે ચંદાએ જવાબ આપતાં જરા વાર કરી એટલે મોંઘીએ કહ્યું કે' ભાઇની જોડે આજેજ ઘાટકોપર ઉજાણીએ ગયાં છે. ચંદાભાભી એકલાં હતાં અને જમનાભાભી પણ એકલા છે તે હમણાં આવે છે.'

ગોદાવરી—ચંદાગૌરી! ગઇ કાલે ગ્રહણ ગયું તે તમે પાળ્યું હતુંકે?

'કાકીજી! એવો સવાલ કેમ કર્યો? શા માટે ગ્રહણ ન પાળીએ? જેને ન પાળવું હોય તે ન પાળે. મને તો મારાં સાસુજીની એવી આજ્ઞા છે કે, જેમ આપણે ચાલતાં હોઈએ તેમ ચાલવું, લોકવિરૂદ્ધ ચાલવું નહિ. ગ્રહણ ન પાળીએ તો હરકોરકાકીજી માળામાં રહેવા દે કે? આમ કહીને તે હસી.

'એવો હેડકોરડો ચલાવવાની અમારે શી જરૂર છે? પાળે તેનો ધર્મ, અમારે શું? આ તો એમ કે, ચંદાવહુ! કે, વજીબાને અને ગોદાવરીને ગ્રહણ માટે વાદ થયો છે. વજીબા કહે છે કે, તે વહેમ ને ધતિંગ છે અને ગોદાવરી કહે છે કે, ધર્મની બાબત છે. આમાં ખરૂં શું? તે પૂછવા તમને બોલાવ્યાં છે. તમે કહો છો તે ગોદાવરીને અને અમને સૌને ગમે છે માટે પૂછીએ છીએ. હરકોરશેઠાણીએ મુદ્દાની વાત આગળ કરી.

વજીબાઇ—હું પોતે તેને વહેમ કે ધતિંગ નથી કહેતી

પણ નવાં છોકરાં તેમ કહે છે અને એમાં કંઇક સત્ય હોય એમ મને લાગે છે. વળી વધારે પડતી શ્રદ્ધા અને ધર્મઘેલો- ળિયાપણું બતાવવું એ તો ધતિંગજ કહેવાય ! ધર્મને લગતી બાબતો ને શ્રદ્ધાળુતાને અતિશય કરનારાઓએ વગોવેલી છે, એમ હું કહું છું. સારા ભણેલા ને સમજુ માણસો આપણા જેટલું તોફાન કરતા નથી. આપણે સૌ તે જાણીએ છીએ. ઢેડા- ઓ વચમાં પડે ત્યારે ગ્રહણ છુટે એમ કહેવું, એ બાજના આ- ગળ વધેલા જમાનાને શોભતું નથી. ગ્રહણ શાથી થાય છે, અને કેમ થાય છે, વગેરે બાબતો આપણે જાણવા જેવી છે માટે તે જાણવી. ચંદાવહુ ! બોલ બેટા ! તું ભણેલી ગ્રહણ માટે શું કહે છે ?

ચંદા—માજી ! શાસ્ત્રની રીતે માનવું અને લોકાચારની રીતે ચાલવું, એ બેઉ બાબત જુદી છે. અમે તો એવું માની- એ છીએ કે, ચંદ્ર ઉપર પૃથ્વીની છાયા પડવાથી ગ્રહણ થાય છે. સૂર્યગ્રહણ ચંદ્રની છાયા પડવાથી થાય છે. પુનમે ચંદ્ર- નું ગ્રહણ ને અમાસે સૂર્યનું ગ્રહણ થાય છે.

‘ કોની અને કેમ છાયા પડતી હશે તે સમજાવો ચંદા- વહુ !’ ગોદાવરી બોલ્યાં.

‘ કાકીજી ! આપણાથી કરોડો માઇલને છેટે પડેલા સૂર્ય અને ગ્રહોની વિગત સહેજ સમજાય તેવી નથી, તેમ છતાં તમે જરા ધીરજ રાખીને સાંભળો તો સમજાવું. ’

‘ તને તો અમે ધીરજ અને વિશ્વાસથીજ સાંભળીએ છીએ, બોલ. ’ ગોદાવરીએ શ્રદ્ધા બતાવી.

ચંદા—આપણા માથા ઉપર જે આસમાની ઘુમ્મટ દેખા-

ય છે, તે ખરેખરો ઘુમ્મટ નહિ પણ અનંત કરોડ માઇલની ખાલી જગા છે. આપણી નજર પહોંચે એટલું ખાલી દેખાય છે અને તેની પેલી તરફ ખાલી હોવા છતાં નજર જતી નથી, એટલે આસમાની મર્યાદા જણાય છે. એને આપણે આકાશ કહીએ છીએ. એ આકાશમાં દહાડે સૂરજ ને રાતે અનેક ગ્રહો અને તારાઓ દેખાય છે. આપણે જે સૂર્ય દેખીએ છીએ તેના જેવા અનેક સૂર્ય આકાશમાં અત્યંત છેટે છે. દરેક સૂર્યની આસપાસ ફરનારા ગ્રહોથી તેમનાં જુદાં જુદાં ઝુમખાં એટલે મંડળો બનેલાં છે. આપણે જે સૂર્ય જોઇએ છીએ, તેની માળામાં અથવા મંડળમાં આઠ ગ્રહો છે. તે બધા સૂર્યની આસપાસ ફરે છે. આગળ જયારે દૂર જોવાની દૂરબીનની શોધ થયેલી ન હતી ત્યારે પણ આપણા ઋષિઓએ સૂર્ય તારા ને ગ્રહની ગતિઓ અને સમૂહો શોધી કાઢી તેમને જુદાં જુદાં નામ આપ્યાં હતાં. આપણી સૂર્યમાળાના ગ્રહોનાં નામ ઉપરથીજ આપણા વારનાં નામ પડેલાં છે. જેમકે—રવિ. સોમ, મંગળ, બુધ, ગુરૂ, શુક્ર, અને શનિ.

મોંઘી-ભાભી ! ચંદાબાભી ! સોમ ચંદ્રમા-સૂર્યમાળામાં ગણાતો નથી.

ચંદા—ના બહેન ! ચંદ્ર તો પૃથ્વીનો ઉપગ્રહ છે. એ તો વારની સમજ પાડવા મેં આપણી રીતે ગણાવ્યા. ગોદાવરી કાકી ! વચમાં સૂર્યનારાયણ અને પછી તેની પાછળ ફરનારા ગ્રહો, અનુક્રમે બુધ, શુક્ર, પૃથ્વી, મંગળ, ગુરૂ, શનિ, યુરેનસ અને નેપચ્યુન છે. આ બધા ગ્રહો પોતે પોતાની ધરી ઉપર ગોળ ફરે છે અને ધીરે ધીરે સૂર્યની આસપાસ પણ ફરતા

જાય છે. બુધ કોઇ કોઇવાર સૂર્ય ઉગતા પહેલાં અથવા આથમ્યા પછી જરાવાર દેખાય છે. પણ શુક્ર સૂરજથી છેટે હોવાથી તરત ઓળખાઈ આવે છે. સૌથી મોટો ગ્રહ બૃહસ્પતિ છે. શનિ ચ-ટાપટાવાળો છે. મંગળને બે ચંદ્ર, બૃહસ્પતિને ૭ ચંદ્ર અને શનિને આઠ ચંદ્ર—ઉપગ્રહો છે.

ગોદાવરી—આમાં તો મને કંઇ સમજાતું નથી.

ચંદા–ગોદાવરીકાકી! જાણે એક મોટી દોરી છે અને તેમાં થોડે થોડે છેટે નાના મોટા ગોળા પરોવેલા અથવા બાં-ધેલા હોય, પછી એ દોરી તમે તમારા માથાની આસપાસ જો-રથી ફેરવો, એટલે બધું ચક્રમંડળ માથા પાછળ ફરે, તેમ એ છે. એમાં તમારૂં માંથુ તે સૂર્ય, ને દોરીને થોડે થોડે છેટે બાંધેલા ગોળા તે જાણે ગ્રહો.

ગોદાવરી—બધા ગ્રહો એ પ્રમાણે સૂર્યની આસપાસ ફ-રતા હોય ત્યારે આપણને સૂર્ય ફરતો હોય એવું કેમ દેખાયછે?

આગગાડીમાંથી આપણે જ્યારે બહાર નજર નાંખીએ છીએ ત્યારે ઝાડ દોડતાં દેખાય છે તેમ કાકાજી! પૃથ્વી પોતા-ની ધરી ઉપર પૈડાની માફક ફરે છે અને વળી પૈડું જેમ દે-વળની આસપાસ ફરતું હોય, તેમ પૃથ્વી પોતે સૂર્યની આસ-પાસ ફરતી જાય છે. પૃથ્વી એક રાત ને એક દહાડામાં પોતા-ની ધરીપર એક ફેરો ફરે છે, તેથી રાત્રિદિવસ થાય છે. એક વર્ષ દહાડો તેને સૂર્યની આસપાસ ફરતાં લાગે છે. જેમ પૃથ્વી સૂર્યની આસપાસ ફરે છે, તેમ ચંદ્રમા સત્તાવીશ દિવસમાં પૃથ્વીની આસપાસ ફરે છે. ગ્રહો પોતે પ્રકાશિત નથી પણ સૂર્યના પ્રકાશથી પ્રકાશે છે, તેમ ચંદ્રમા પણ જેમ તડકામાં

ધરેલા દર્પણનું તેજ—ચાંદરણું પડે, તેમ ચંદ્રનું તેજ પૃથ્વીપર પડે છે. હવે ગ્રહણની સમજ પડવાને માટે ટેબલ ઉપર મૂકેલા એક દીવાને સૂરજ કલ્પો અને એક ઘડાને પૃથ્વી કલ્પી તેની સામે રાખો. ઘડાના અર્ધા ભાગ ઉપર અજવાળું પડશે તે દહાડો, અને અંધારાવાળો ભાગ તે રાત જાણવી. ઘડાથી થોડે દૂર એક દર્પણ રાખશો તો તેની ઉપર પડેલા દીવાના તેજનું ચાંદરણું ઘડાના અંધારાવાળા ભાગ ઉપર પડશે. અજવાળિયામાં બીજને દિવસે નખિયા જેવો ચંદ્રમા દેખાય છે, તે તેની ઉપર પડેલા તેટલા સૂર્ય પ્રકાશને લીધે હોય છે. પુનમને દિવસે ચંદ્ર આખો દેખાય છે. તે દહાડે એક સીધી લીટીમાં સૂર્ય પછી પૃથ્વી ને સૂર્યની બરોબર સામે ચંદ્ર હોવાને લીધે તેના આખા અર્ધગોળ ઉપર તેજ પડેલું હોય છે. દીવાની અને દર્પણની વચમાં ઘડો આવી જાય તો દર્પણ ઉપર દીવાનું તેજ પડે નહિ, અને જો થોડી આડ હોય તો ઓછું પડે. દર્પણ અને દીવાની વચ્ચે ઘડો હોવાથી તેનો જે ઓળો—છાયા દર્પણ ઉપર પડે તે ગોદાવરીકાકી ગ્રહણ. તમે એક દહાડો રાતના મારે ઘેર આવજો એટલે સુમનબા તમને ચોખ્ખું ચટ સમજાવી દેશે.

માણેક—ચાલોને આજે સાંજના હુંજ તમારે ઘેર આવી સમજાવીશ. ચંદાભાભીજીએ સમજાવ્યું તે હું તો હવે બરોબર સમજી ગઇ. હવે સૂરજનું ગ્રહણ કેમ થાય છે, તે કહો ચંદાભાભીજી !

ચંદા—અમાસને દિવસે સૂર્ય અને પૃથ્વીની વચ્ચે ચંદ્રમા હોય છે. ચંદ્રની ઉજળી બાજુ સૂર્ય તરફ અને અંધારાવાળી

બાજુ પૃથ્વી તરફ હોય છે એટલે તે દિવસે પૃથ્વી ઉપરના લોકને ચંદ્રમા બિલકુલ દેખાતો નથી. સૂરજનું ગ્રહણ અમાસને દહાડેજ થાય છે. સૂરજ અને પૃથ્વીની વચ્ચે સીધી લીટીમાં ચંદ્રમા આડો આવવાથી આપણને સૂર્યનો તેટલો ભાગ દેખાતો નથી અને આપણે ગ્રહણ થયું એમ કહીએ છીએ. ચંદ્ર નાનો ને પૃથ્વી મોટી હોવાથી ચંદ્રનું આખું ગ્રહણ થાય છે પણ સૂર્ય મોટો ને ચંદ્ર નાનો હોવાથી સૂર્યનું કહીએ આખું ખગ્રાસ ગ્રહણ થતું નથી.

વજીબાઇ—કહો ગોદાવરી ! આવી રીતે સૂરજનો ઓળો પડવાથી ગ્રહણ થાય, તેમાં વળી જપજાપ અને પુણ્યદાન શાં ? એ બધું ધતિંગ ખરૂં કે નહિ ?

ગોદાવરી—મોટા મોટા ગ્રહો ઉપર ઓળા પડે એ પણ આપત્તિનો કાળ તો ખરોને ? એવી આપત્તિને વખતે શું થાય કે શું નહિ. તેની આપણ પામરને શી ખબર ? અને એવે વખતે પુણ્યનું કામ કરીએ એમાં ધતિંગ શાનું ?

માણેક—વજીમા ! ગ્રહણને માનીએ કે ન માનીએ પણ ગોદાવરીકાકીનું કહેવું તો માનવા જેવું છે. એકાદ દહાડો વાદળાં આવે તેથી હવા બગડે છે. કેટલું બધું અસુખ થાય છે, તો પછી સૂર્યનાં કિરણનો અટકાવ થાય તેથી પૃથ્વીને વિંટાયેલા વાતવરણમાં કેટલી અસર થાય ? ખરેખર ગ્રહણની કંઇ તો અસર થતી હશે, અને તેથીજ આપણા લોકોએ જપજાપ ને પુણ્યદાનનું માહાત્મ્ય માન્યું હશે.

ચંદા—વજીમા ! આપણા લોકમાંજ ગ્રહણને માટે આવો વહેમ ને પુણ્યદાન વગેરે છે એમ નથી. સુધરેલા દેશોમાંએ

આગળ ગ્રહણને વખતે લોકો ભોંયરામાં અને ઓરડાઓમાં પેસી જતા હતા. અલબત તમે કહો છો તેમ એમાં મોટા ધતિંગનું કંઇ કામ નથી, તેમ નહાવા ધોવાનું પણ કંઇ મોટું મહાત્મ્ય નથી, માત્ર એટલુંજ કે, ગ્રહણ થાય છે તે જાણવું અને એ બહાને કંઇક પુણ્યદાન થાય તો તે પણ કરવું. કોઈ પણ કામને માટે યોગ્ય સંધિ જોઈએ, એમાંનો આ પણ એક સંધિ ગણીને આપણે તે લોકાચારની રીતે પાળવો. અજ્ઞાન હોય તેને ખરી વાત સમજાવવી.

માણેક–અલબત, વજીમા કહે છે તેમ આપણે ધતિંગ જરા વધારે કરીએ છીએ, કર્તવ્ય ઉપર લક્ષ રાખી લોકાચારને અનુસરવું. કામ બગાડીને લોક રીઝવવા નહિ. ભલે એને સુધારાવાળી કહો.

ગોદાવરી–તને સુધારાવાળી નહિ પણ મડમ કહીએ તો શું ખોટું ?

માણેક–તમને છુટ છે કાકીજી. જોઇએ તે કહેજોને !

ચંદા–ના કાકીજી ! આગળ ઋષિ મુનિઓએ યજ્ઞ કરવાના જુદા જુદા કાળ નક્કી કરવાને માટે, રાત દહાડો આકાશનું અવલોકન કરીને સપ્તર્ષિઓ, નક્ષત્રો અને રાશિઓ વગેરે તારાઓના સમૂહો શોધી કાઢી તેના ઉદય અને અસ્ત નક્કી કર્યા હતા. વરાહમિહિર, આર્યભટ્ટ અને ભાસ્કરાચાર્ય જેવા વિદ્વાનોએ તે પછી ખગોળનું જ્ઞાન ખુબ કેળવ્યું હતું. એ જ્ઞાન મેળવવામાં ગણિતની મદદ પણ બહુ જોઇએ છીએ. કહે છે કે, આપણામાં બાયડીઓ ભણતી નહિ. પણ કાકીજી ! ભાસ્કરાચાર્યની છોકરી ગણિતશાસ્ત્રમાં બહુ પાવરધી હતી અને તેણે

એક કઠણમાં કઠણ ગણિતનો ગ્રંથ લખેલો છે.

વણીબાઈ–બાઈડીઓ ભણવી નહિ એમ કહેનાર કેળવણીના દ્વેષી જાણવા. શંકરાચાર્યની સાથે જ્ઞાનવાદ કરનારી પેલી એક સ્ત્રી થઈ ગઈ છેને ?

ચંદા–હા માજી ! મંડનમિશ્ર નામના વિદ્વાનની સ્ત્રી સરસ્વતી. એ તો સાક્ષાત સરસ્વતીનો અવતાર હતી એમ કહીએ તોપણ ચાલે. ઘણીએ સ્ત્રીઓ આગળ પંડિતા અને કવિઓ થઇ ગયેલી છે.

હરકોર–આવી વાતોમાં અને શાસ્ત્રની કુંચીઓ જાણવામાં પણ રડી ગમત પડે છે. અહોહો ! આકાશનો કંઈ પાર છે અને તેમાં આ જે તેજના ગોળા નિયમિત ઘુમ્યા કરે છે, એ ઈશ્વરની શું ઓછી શાખ પુરે છે ! ચંદાવહુએ કરોડો માઈલનાં છેટાં કહ્યાં તે શું ?

ચંદા–કાકીજી ! આકાશ તો આપણાં મહાતત્ત્વોમાંનું પહેલું મહાતત્ત્વ છે. એની અનંતતા એજ ઇશ્વરનો મહિમા છે. કરોડો મઈલનાં છેટાં તો મેં ઓછાં કહ્યાં. કરોડોને લાખોએ ગુણતાં પણ કેટલાક તારાઓનાં છેટાં નીકળતાં નથી. કૃત્તિકા અને રોહિણી નક્ષત્રમાંના તારા એટલા બધા દૂર છે કે, સારી દૂરબીનથી પણ નાના દેખાય છે. તારા સ્વપ્રકાશવાળા અને ગ્રહો પર પ્રકાશથી ઝળકનારા છે. વળી એમ કહેવાય છે કે, સૂર્યનારાયણ ઘન–નક્કર પદાર્થોનો બનેલો નથી પણ વરાળ કે ધુમાડીનાં વાદળાંનો મોટો સમૂહ હોય તેવો છે.

મોંઘી–અને ચંદ્રમા તપીને ફૂટી ગયેલા મરડિયા જેવો છે, નહિ બાબી ! ?

માણેક—એને કોણે તપાવ્યો હશે ?

ચંદા—દૂરબીનમાંથી જોતાં એવું જણાય છે કે, તેની ઉપર જ્વાળામુખી ઘણા સળગી સળગીને ટાઢા પડી ગયેલા છે, અને પાણી છે નહિ. મંગળ ઉપર પાણીની નહેરો ને વસ્તી હોય એવું લાગે છે.

હરકોર—અહો ! માણસ ખંત રાખે તો કેવી કેવી શોધો કરી શકે છે. આપણાથી દૂર આકાશમાં રહેલા ગ્રહો અને તારા સંબધી પણ લોકોએ કેટલી તજવીજ કરી છે. કાળા માથાનું માનવી ધારે તો શું ન કરે ?

વજીબાઈ—આજનાં ભણેલાં છોકરાં એજ કહે છેને ! યુરોપના લોકોએ ઉદ્યોગથી આ જમાનામાં કેટલું બધું કર્યું ! રેલગાડી શોધી કાઢી, તારથી સપાટાબંધ એક ઠેકાણેથી બીજે ઠેકાણે ખબર મોકલવાની યુક્તિ શોધી કાઢી, દરેક કામકાજ ઝપાટામાં થાય એવા સંચા શોધી કાઢયા, દરિયા ઉપર મોટા રાજમહેલો જેવી આગબોટો ફરતી કરી, પૃથ્વીને ઘર આંગણા જેવી બનાવી દીધી અને અધુરામાં પુરૂં હમણાં વળી હવામાં ઉડવાનાં વિમાન શોધી કાઢી આકાશમાં સહેલ મારવાનો દેવલોકનો માર્ગ પણ મોકળો કરી નાંખ્યો છે. વહેમ અને તરેહ તરેહવારનાં ધતિંગ છોડી દઇ આપણા લોકે હવે આવી શોધો અને ઉદ્યોગો પાછળ લાગવું જોઇએ.

ચંદા—નવું શું શોધીએ ? આપણે તો આપણું જુનું છે તે પણ વિસરતાં જઈએ છીએ. માજી ! આજકાલની વાત જુઓને, ઘંટીઓ ચાલતી બંધ થઈ. તમારા વખતમાં ઘેર ઘેર ઘંટીઓ હતી નહિ વજીમા ! ? અને તમે તેને ઠીક કરી જાણતાં

હતાં. હાલ અમે એમાંનું કંઈ જાણતાં નથી અને જતે દહાડે ઘંટીનાં ખીલા માંકડાં કરી જાણે એવો સુતારે નહિ મળે. દેશ પોતાનાં ઘરગતું કામકાજોમાં પણ કેવો પરાધીન થતો જાય છે! તેજ આપણે જોવાનું ને સમજવાનું છે. નવી નવી વિદ્યાઓ શીખવી, નવી, નવી યુક્તિઓ શોધી કાઢવી અને દુનિયાંની સ્પર્ધામાં રહી મનુષ્યરૂપી જીવનને ઉન્નતોન્નત બનાવવાની હોંશ અને ખંત રાખવી, એનું નામજ સુધારો. ખગોળની પહેલી શોધ આપણે કરી, પણ આપણી પ્રજા તેને આટલી ખીલવવાને ખંતીલી રહી નહિ. આજે યુરોપે કેવાં કેવાં યંત્રોથી ગ્રહો જોવાના માર્ગ ઉઘાડી દીધા છે. વજીમા! તમે દૂરબીન જોયું હોય તો છકજ થઈ જાઓ. આગળ આપણા દેશમાં ઉજ્જન, જેપુર તથા બીજાં બે ત્રણ ઠેકાણે આકાશનું નિરીક્ષણ કરવાની વેધશાળાઓ હતી. એ આપણી વેધશાળાઓ એવા ને એવી રાખી કે જાળવી શકાઇ નહિ અને યુરોપ અમેરિકામાં નવી નવી ને નવાં યંત્રોવાળી વેધશાળાઓ ઠેકઠેકાણે નીકળી, એ એમની ને આપણી વચ્ચેનો તફાવત!

માણેક—હમણાંજ મેં એક પેપરમાં વાંચ્યું હતું કે, આપણા જોશીઓ જે પંચાંગ તૈયાર કરે છે તે યુરોપિયન ગણિત ઉપરથી કરે છે.

ચંદા—હા, એ બાબત આપણા લોક-જોશીઓએ થોડી થોડી હિલચાલ કરવા માંડી છે, પણ હજી તેનું કંઈ પરિણામ આવ્યું નથી. કોઈપણ ચીજ તેની ખરેખરી જરૂર વગર શોધાતી નથી. વહાણવટીઓને વખત વગેરે જાણવાની બહુ જરૂર પડતી હોવાથી યુરોપિયનોએ વખતની ગણતરી ચોકસ

પોરણે કરી છે. આપણે એટલી બધી જરૂર નહિ, એટલે આગળા વિદ્વાનો જે માર્ગ બતાવી ગયા છે તે પ્રમાણે કર્યે જઇએ છીએ.

'ભાભી છે કે મારાં' સુમન દોડી આવી અને તેનો સ્વર સાંભળતાંજ ચંદાગૌરી ઉભી થઇ 'કાકીજી! રજા લઉં છું.'

હરકોર–ચંદાવહુ! આવજે. સુમનબેટા! તું મારી પાસે આવ. તારા ભાઇ આવ્યા છે કે એકલી આવી છે?

'ભાઇ આવ્યા છે, કાકી!' આમ કહી છોકરી પણ તેની ભાભીની પાછળ ગઇ અને સૌ બૈરાં ચંદાગૌરી અને તેના વરનાં વખાણ કરતાં કરતાં વેરાયાં.

પ્રકરણ ૨૨ મું.

ઈતિહાસ.

'ઇતિહાસમાં શીખવાનું શું ? ચંદાભાભીજી ?'

'એમ કેમ જમનાંબહેન ! ઇતિહાસના જેવું શીખવાનું તો બીજા કશામાંએ નથી. આપણા પૂર્વજોનાં ચરિત્ર અને પરાક્રમથી ભરેલો ઈતિહાસ તો કોઈ અપૂર્વ શિક્ષણનો આપનાર છે. તમે આવો પ્રશ્ન કરો તે ઠીક નહિ.'

'મને એમાં ઝાઝી મઝા પડતી નથી. ફલાણી સાલમાં ફલાણું થયું અને અમુક વખતે અમુક રાજા જીત્યો અથવા અમુક રાજા હાર્યો, એવું એવું આવે એમાં શું વાંચવું અને શો સાર લેવો ?' જમનાંએ જવાબ આપ્યો; એટલામાં માણેક આવી તેને સુમને કહ્યું કે 'માણેકભાભી ! તમને ઈતિહાસ વાંચવો અને જાણવો ગમે છે કે ?'

માણેક–કોઈ ગમતની હકીકતવાળી બાબત હોય તો ગમે, નહિ તો નહિ. રાજાઓની વાતોમાં જ્યાં ને ત્યાં મારફાડ અને લડાઈ ઝગડા ! વાંચવા જેવું એમાં વધારે શું ?

સુમન–હાય હાય ! આ તો બેઉ ભાભીઓ એક સરખી! કોઈને ઇતિહાસનો રસ સમજાયેલો હોય એમ લાગતુંજ નથી.

જમનાં–વાત આવે ત્યારે થોડો રસ તો પડે, પણ શીખવાનું શું ? એ મારો પ્રશ્ન છે.

ચંદા–ઈતિહાસમાંથી આપણી પૂર્વે થઈ ગયેલા રાજાઓ

રાણીઓ, મોટા પુરૂષો અને લોકોનાં ચરિત્ર અને તેમનાં સારાં માઠાં ચરિત્રનાં જે પરિણામો આવ્યાં હોય તેનો બોધ લેવો એ શીખવાનું. માણસ એક બીજાના અનુભવ ઉપરથીજ આ જગતના વિષમ માર્ગમાં ગતિ કરી શકે છે. ઇતિહાસમાંથી સારાં ખોટાં ચરિત્રનાં કેવાં પરિણામો આવેલાં છે, તે વાંચી તેનો દાખલો લઈ તે પ્રમાણે આપણે આપણો માર્ગ કાઢવો. રાવણ ઇતિહાસનું પાત્ર છે અને તેનો અહંકાર અને દુષ્ટ કામોનું અનિષ્ટ પરિણામ, આપણને દુષ્ટ કામો કરતાં અટકાવે એવું છે કે નહિ? તેનો વિચાર કરો.

માણેક–અલબત, અભિમાન કરતાં આપણે વારંવાર કહીએ છીએ કે 'અભિમાન તો રાજા રાવણનોએ રહ્યો નથી. રાવણના ચરિત્રમાંથી બોધ લઈને હજારો માણસ અનીતિને રસ્તે જતાં અટકતાં હશે, એમાં તો જરાએ શક નહિ.

ચંદા–એજ પ્રમાણે કૈકેયી અને દશરથ, રામ અને સીતાજી, ભાઈઓમાં ભરત અને લક્ષ્મણ, પેલી તરફ સુલોચના અને મંદોદરી વગેરે પાત્રોમાંથી આપણને સંસારમાં રસ્તો દેખાડનારાં કેવાં કેવાં ચરિત્રો દષ્ટિએ પડે છે. મહાભારત તો તેમાં સર્વ વિદ્યાઓના ધામ જેવું છે. કેવું મઝેનું તેમાં ધર્મરાજાનું નિર્મળ ચરિત્ર છે!

જમનાં–પણ મહાભારત અને રામાયણ એ કંઈ ઇતિહાસ છે?

ચંદા–કેમ નહિ? તમારા ઇતિહાસમાં તેમની કથાઓ વાર્તારૂપે આપેલી છે કે નહિ?

માણેક–એની ઇતિહાસમાં ગણના થાય?

ચંદા—અલબત, સાલવારી લડાઇ ટંટાની બાબતો એજ કંઇ ઇતિહાસ નહિ, માણેકબહેન! ખરો ઇતિહાસ તો એજ કે, જેમાંથી આપણને બોધ લેવા જેવાં ખરાં ચરિત્રો મળી આવે. મહાભારત અને રામાયણની ઇતિહાસમાં ગણના છે, અને એ ઇતિહાસમાં ગણ્યા વગર ચાલે તેમ પણ નથી, કારણ કે, તેમાંની વસ્તુ થોડી કવિતાઇ ઉપમાઓ સિવાય બધી લગભગ ખરી છે. રામચરિત્ર તો ચરિત્ર ગ્રંથોમાંનો તેમજ કાવ્યોમાંનો એક આદિગ્રંથ છે એમ સૌ કબુલ કરે છે.

જમનાં—ઇતિહાસમાં આવતાં પાત્રોનાં ચરિત્રમાંથી તો ત્યારે અલબત આપણને બહુ જાણવાનું મળે. કયાં અકબર અને કયાં ઔરંગઝેબ? રામરાવણના જેવોજ ચરિત્ર વિપર્યયને?

ચંદા—હા, એવોજ. આપણો આર્યલોકનો જુનો ઇતિહાસ બહુ રમણીય છે. દુનિયાની સૌ પ્રજાઓમાં એક આર્ય પ્રજાજ અસલી અને સુધરેલી પ્રજા છે. દુનિયાંએ આર્ય પ્રજાનું અનુકરણ કર્યું છે. યુરોપ વગેરે ખંડોની પ્રજાઓ મુક્તકંઠે કબુલ કરે છે અને કહે છે કે, એશિયાજ મનુષ્ય જાતિની સંસ્કૃતિનું અને ધર્મનું આદિ ધામ છે.

માણેક—આપણે તે, આર્યપ્રજાને ભાભીજી!? ઇતિહાસરૂપે આર્યપ્રજાની જુની હકીકત કહો, એ સાંભળવી ગમશે. એમાંથી ઘણું જાણવાનું અને ઉત્સાહ આપણને મળશે.

ચંદા—જે માણસને સુધારવું અને ઉન્નતાવસ્થાએ આણવું હોય તેને પહેલાં તેની અવનતિ સમજાવવી જોઇએ. આપણા પૂર્વજો કરતાં આપણે કેટલાં બધાં પાછળ પડી ગયાં છીએ, એ

જ્યારે સમજાય ત્યારેજ આપણને તેમના જેવાં થવાનું મન થાય.

જમનાં–સતીઓનાં ચરિત્ર વાંચતાં આપણને એમ થાય છે કે, આપણે જાણે અરૂન્ધતી અને સીતાદેવી જેવાં થઇએ ! 'મારા બાપદાદા આવા હતા અને હું આવો છું' એવું જ્યારે સમજાય ત્યારેજ અલબત, આગળ વધવાનો અને સારા થવાનો માણસને જોસ આવે. કોઈ માણસ કંઇ અયોગ્ય કરતો હોય ત્યારે લોક તેને કહે છે કે, 'ફલાણા આવા તેવા માબાપનો દીકરો તું આમ કરે તે સારૂં ?' આવાં વચનો બીજા કોઇ પણ નીતિના શિક્ષણ કરતાં તેને વધારે અસર કરે છે.

ચંદા–ખરૂં છે જમનાંબહેન ! ઇતિહાસમાંથી આપણે આવોજ બોધ અને ઉત્તેજન લેવાનું છે.

આપણે આર્યો હિંદુસ્તાનના અસલ વતનીઓ નહિ હો, માણેકભાભી !' સુમન બોલી.

'એ બાબત કહો ચંદાભાભીજી !' માણેકે પૂછયું.

ચંદા–યુરોપિયન ઇતિહાસકો કહે છે કે, આર્યો પહેલાં મધ્ય એશિયામાં યુરોપ તરફ રહેતા હતા. મિ. તિલક કહે છે કે આર્યો પ્રથમ ઉત્તર ધ્રુવના પ્રદેશમાં રહેતા હતા અને આપણી જુની માન્યતા એવી છે કે, સરસ્વતીના તીર ઉપર આર્યો અસલથીજ રહેતા હતા અલબત આપણા પ્રાચીન સાહિત્યમાં કહિંએ એવો ઈસારો નથી કે આપણે બહારથી આવ્યા. ગમે તેમ હો, પરંતુ એટલું તો ખરૂંજ છે કે, પંજાબ અફગાનિસ્તાન ઇરાન અને દક્ષિણ સેમિરિયાની વચલો પ્રદેશ અસલ વારે સુધરેલી આર્યપ્રજાથી વસાયેલો હતો. આર્યોનો એક ભાગ પંજાબમાંથી પૂર્વ અને દક્ષિણ તરફ આગળ વધ્યો,

ઉત્તર ઇરાન આગળનો ભાગ દક્ષિણ ઇરાન તરફ પ્રસર્યો અને યુરોપ તરફનો ભાગ પશ્ચિમ તરફ આગળ વધી ગ્રીસ તરફ ગયો. એમાં કેટલાક એશિયામાંના અને કેટલાક ઇરાન થઇ મિસર તરફ ગયેલા આર્યો હશે, એવું કહેવાય છે.

'આપણી વસ્તી કાબુલ અને ઇરાનની પૂર્વ સરહદ તરફ તો હતીને?' માણેકે પૂછયું.

ચંદા–અલબત હતી. ઇરાનીઓનું અને આપણું સાહિત્ય તથા રીતરિવાજ અને ધર્મ લગભગ એક સરખાં છે એટલે બીજા આર્યો કરતાં આપણે ને ઇરાની આર્યો–પારસીઓ બહુ મોડા છુટા પડેલા અને છુટા પડેલા તેમ છતાં એક બીજાના સહવાસમાં તો ઠેઠ અત્યાર લગી રહેતા આવેલા છીએ.

જમનાં–પારસીઓ અને આપણે એટલા બધા નિકટના સંબંધી છીએ?

ચંદા–હા. પારસીઓ અને આપણે, બીજા કહેવાતા આર્યો કરતાં વધારે પાસેના સંબંધી છીએ અને એ સંબંધ ચાલુ રહેલો છે. એ લોકો સૂર્ય અને અગ્નિને માને છે ને આપણે આર્યો પણ અગ્નિ ને સૂર્ય ને માનીએ છીએ. આપણો અને એમનો વેપારી અને રાજદ્વારી સંબંધ પણ ચાલુ રહેલો હતો. પાણિનિ અને પતંજલિ અફગાનિસ્તાનના કિનારા પરના રહેવાસી હતા. અફગાનિસ્તાનમાં શિવાલયનાં ખંડેર હજીએ જોવામાં આવે છે.

માણેક–દાસ્તે. પેગંબર સાહેબે મુસલમાની ધર્મ તો છેક સાતમા સૈકામાં ચલાવ્યો.ને? અરબસ્તાનમાં તો તે વખતે તો મૂર્તિપૂજક લોક હતા.

ચંદા—માણેકબહેન ! તમેએ થોડું થોડું જાણો છો તો ખરાં. અફગાનિસ્તાન અને પંજાબમાંથી આર્યો ગંગા યમુનાના પ્રદેશમાં પૂર્વ અને દક્ષિણ તરફ આગળ વધ્યા અને અયોધ્યા વગેરે સ્થળે જઈ મોટાં રાજ્યો સ્થાપ્યાં. અયોધ્યાના રામચંદ્ર દક્ષિણમાં છેક લંકા લગી સ્વારીએ ગયા હતા. કૌરવપાંડવોની હકીકતથી ભરપુર મહાભારતના વખતમાં આર્યો આખા ઉત્તર હિંદુસ્તાન પર ફરી વળ્યા હતા. હિંદુસ્તાનના અસલ વતનીઓ સંતાલ ગોંડ ને ભિલ્લ વગેરે હતા. તે આર્યોના પ્રસાર સામે અટકાવ નાંખતા. વેદમાં અને તે પછીના સાહિત્યમાં આર્યોના પ્રવાસના બહુ રસિક અને વીરરસથી ભરપુર ઈસારાઓ છે. મારી ધારી નહિ એવો આપણો પ્રાચીન ઈતિહાસ વિવિધ વ્યક્તિઓનાં વિવિધ ચરિત્રોથી ભરેલો છે. એમાંથી આપણને પુષ્કળ નીતિ અને વ્યવહારનું શિક્ષણ મળે છે. પુરાણ સાહિત્ય જો કે તેમાં પાછળથી ઘણા ઘણા સુધારા વધારા થયેલા હશે તોપણ બહુ જાનું છે. તેમાં પણ લોકચરિત્રને કેળવનારાં આખ્યાનો અને ઇતિહાસો પુષ્કળ છે.

આર્યપ્રજાના આવા ચરિત્રાત્મક ઇતિહાસને લીધેજ હિંદુસ્તાનની આર્યપ્રજા નિસરીઓ, ગ્રીકો ને રોમન લોકોના પડી જવા છતાં જેવી ને તેવીજ સ્વચ્ચરિત્રવાન રહી શકી છે. હજારો વર્ષ થયાં અને તરવારથી ફરજ પાડવામાં આવી તો પણ આપણી પ્રજા, પૂર્વજોએ બાણી આપેલા માર્ગમાંથી જરાએ પડી ગઈ કે આઘી પાછી થઈ ગઈ નથી. દુનિયાંની પ્રજાનું શીલ અને ચારિત્ર્ય હજી ઘડાતું અને સુધરતી જતી

સ્થિતિમાં છે, જ્યારે આપણું શીલ અને ચારિત્ર્ય, સહેજ અજ્ઞાનજનક થોડા દોષો સિવાય જેવું ને તેવુંજ ઉચ્ચતર રહેલું છે તે આપણા પુરાણ ઇતિહાસને આભારી છે; માટે ઇતિહાસની વાતો ખરેખરૂં શિક્ષણ આપનારી છે. એના જેવું શિક્ષણ બીજા કોઈ સાહિત્યમાં નથી.

બ્રાહ્મણોએ આર્યપ્રજાને જીવનના મૂળથીજ અત્યુત્તમ ધોરણ ઉપર મૂકેલી છે. એ ધોરણ ઉપર આવતાં બીજી પ્રજાઓને હજી જમાના જોઇશે. મનુષ્યે મનુષ્યતાને શોભે એવી રીતે કેમ ચાલવું, તે જેવું આપણા ઋષિ મુનિઓએ ગોઠવી આપેલું છે, તેવું બીજે કહિં નથી. જનવ્યવસ્થા રાજ્યવ્યવસ્થા, લગ્નાદિકની વ્યવસ્થા, ભૂતદયા તથા પોતાનું તેમજ પરનું હરેક રીતે કલ્યાણ કરી જીવન ગાળવાના જે ધારાઓ નક્કી કરાયેલા છે તે ખરેખર બ્રાહ્મણોની બુદ્ધિમત્તાને ધન્યવાદ અપાવે એવાજ છે.

માણેક—કહે છેને કે, આર્યોએ રાજ્યવિદ્યાને તો કંઇ ઝાઝી ખીલવી ન હતી.

ચંદા—એમ કહેનારાઓને આર્ય સાહિત્યનો અનુભવ નથી, એમ કહેવું જોઇએ. રાજ્યવિદ્યાનાં એકેએક અંગ તેમણે તપાસી અનુભવ લીધેલો છે. પ્રજાતંત્ર રાજ્યને હાલ પશ્ચિમ પસંદ કરે છે. એ તંત્ર આર્યોમાં તો ઇતિહાસ પહેલાંના કાળમાં પણ ચાલુ હતું. વેન રાજાનું ચરિત્ર તેનો આપણને પુરાવો આપે છે. પ્રજાએ વેન રાજાને ગાદી ઉપરથી ઉઠાડી મૂકી મારી નાંખ્યો હતો અને રાજ્ય બ્રાહ્મણોના હાથમાં આવ્યું હતું તેમ છતાં, તેમણે રાજસત્તા કે રાજવૈભવની પરવા કરી

ન હતી. વેન રાજાના બાળક દીકરાને તેમણે ગાદીએ બેસાડી રાજ્યની વ્યવસ્થા કરી હતી. બ્રાહ્મણો 'રાજ્ય કરવું' પસંદ કરતા ન હતા. ભગવદ્ગીતામાં શ્રીકૃષ્ણે અર્જુનને તેના મનમાં ઉત્પન્ન થયેલા બ્રાહ્મણ જેવા ધર્મને પર ધર્મ કહી તેનાથી દૂર રહેવાનું સમજાવ્યું છે. સૌ પ્રજા આગળ પોતપોતાના ધર્મમાં રહેતી એટલે પોતપોતાને વહેંચી અપાયેલી ફરજો બજાવવામાંજ તે ધર્મ અને કર્તવ્ય માનતી હતી. એક મુઠી અનાજ અને તુંબડીમાંજ બ્રાહ્મણો સ્વર્ગીય વૈભવ મળેલો માનતા હતા. એવા નિર્લોભી જીવનને લીધે તેઓ પ્રજાને માટે નિષ્પક્ષપાત ન્યાય અને નીતિનાં ધોરણો બાંધી આપતા.

એક નાના ગામડાથી માંડીને મોટા સામ્રાજ્ય લગી તેમણે એવું મજેનું રાજતંત્ર પ્રજાને ગોઠવી આપ્યું હતું કે, જેથી કોઇ ઠેકાણે અન્યાય, જોરજુલમ કે મારફાડ થતી નહિ. પ્રજા પોતાની મળે પોતાનો કારભાર ચલાવ્યે જતી હતી. પ્રજામાં ચોર કે લુચ્ચા ઠગા લોક હતાજ નહિ. સૌ પ્રમાણિક અને ન્યાયને ધોરણે ચાલતું. સિકંદરનો એલચી આર્યપ્રજાની આ ન્યાયી ને નીતિવાળી રહેણી કરણીથી ચકિત થઇ ગયો હતો. પોતાના ઘરને તાળું દેવાની પણ આર્યોને બહાર જતાં જરૂર પડતી નહિ. નદીઓના તીર ઉપર પિંપળાનાં ઝાડ નીચે મઠુલીઓ બાંધીને રહેતા અને રાત્રિ દિવસ શાસ્ત્રોનું અને પ્રાણી માત્રનું કલ્યાણજ જેઓ વિચાર્યા કરતા હતા તે બ્રાહ્મણોજ તે વખતે બળવાન હતા. નિર્લોભી, નિઃસ્વાર્થી અને સત્યને વળગી રહેનાર માણસ કશાથી કદી ડરતો નથી. તેમ એને બીજી કોઇ સત્તા ડરાવી પણ શકતી નથી. નિઃસ્વાર્થી

માણુસ રાજાઓને અને ગૃહસ્થોને તેમને મોઢે સત્ય હોય તે કહી શકે છે. રાજાઓની સત્તા પણ તેમની સામે ચાલતી નથી. નિઃસ્વાર્થી માણુસનું આત્મબળ સત્તાને નમાવી દે છે.

માણેક–મહાત્મા ગાંધીજીના આત્મબળે કેટલું બધું થાય છે, તે આપણે હાલ જોઈએ છીએ. નિર્લોભ સાદું જીવન લોક કલ્યાણુને માટે સ્વાર્થત્યાગ અને સત્ય વસ્તુનું ઉચ્ચારણ, એ બહુ મોટી વાત છે. લોકનું કલ્યાણ એથીજ થાય છે.

ચંદા–આર્ય પ્રજાના ઇતિહાસમાં જયાં ને ત્યાં લોકકલ્યાણ કરનારાઓનાં ચરિત્રો આપેલાં છે. નારદજી રાત દહાડો વીણા લઈને ત્રણે લોકમાં ફરતા અને દુઃખી લોકનાં દુઃખ જેમ કમી થાય તેમ કરતા. એમનું ફરવું લોકાનુગ્રહ માટેજ થતું.

જમનાં–એ તો જયાં ને ત્યાં લડાઈ કરાવતા કહેવાય છે ને?

ચંદા–ના ના, એ તો એમનો સ્વભાવ કેવો નિખાલસ અને રમુજી હતો તે બતાવવા માટે છે.

માણેક–પ્રાચીન ઇતિહાસમાં પ્રજાને સન્માર્ગદર્શક આવાં ચરિત્રો તો અલબત ઘણાં છે. ઇશ્વરના અવતારો છે, તે પણ લોક સેવાને માટેજ છે.

ચંદા–અલબત, ઇશ્વરના અવતારો પણ લોકકલ્યાણને માટેજ કહેલા છે. ભગવદ્‌ગીતામાં શ્રીકૃષ્ણ ભગવાને કહ્યું છે કે, જયારે જયારે લોકો પોતાના ધર્મથી વેગળા જતા રહે છે ત્યારે ત્યારે તેમને સન્માર્ગ ઉપર મૂકવાને હું જન્મ લઉં છું.

જમનાં–પરમેશ્વર પોતે જયારે એ પ્રમાણે લોકસેવા કરવાને જન્મ લે છે ત્યારે આપણે કેમ લોકસેવા ન બજાવીએ!

માણેક—અલબત, આપણે લોકસેવા બજાવવીજ જોઇએ. સમાજ સેવા કરવી એ તો આપણો મુખ્ય ધર્મ છે. ઇશ્વરથી ઉતર્યા રાજાઓ ઉપર આવીએ તો, રાજાનો પણ એ ધર્મજ છે કે, લોકસેવા કરવી.

ચંદા—હા. લોકો પોતાની સેવા અને વ્યવસ્થા કરવાનેજ તેને નીમે છે. રાજા લોકો વડે છે અને લોકો રાજા વડે છે. લોકના હિતનાં કાર્ય કરવાં, લોકને લોકમાંથી અને બહારથી થતો ઉપદ્રવ અટકાવવો ને તેમને પોતપોતાના ધર્મમાં પ્રવૃત્તમાન રાખવા, એ રાજાનું કામ છે, રાજાઓ તો શું પરંતુ રાજકુટું-બનાં માણસો અને સ્ત્રીઓ પણ લોકારાધન માટે આગળ પો-તાના લાભ અને સ્વાર્થ તજી દેતાં.

માણેક—એનાં કંઈ દૃષ્ટાંત ભાભીજી ! ?

ચંદા—ઘણાંએ, જુઓ રામચંદ્રજીએ પોતાના પ્રાણથી પણ વધારે પ્રિય સીતાજીને ગર્ભવંતાં હતાં તેવે વખતે લોકા-રાધન માટે વનમાં મોકલ્યાં હતાં. રાજાઓ અને પુરૂષોજ નહિ પરંતુ બાળકુંવરીઓ આપણા જેવી હોંશભરી જુવતીઓ પણ, લોકકલ્યાણને માટે પોતાની સઘળી ઉમેદો અને આશા-ઓનો ભોગ આપતાં વાર લગાડતી નહિ. વૃષપર્વા નામે રાક્ષસ રાજને શર્મિષ્ઠા નામે એક કન્યા હતી. આ રાજા તેમજ તેની પ્રજાને કેળવનાર અને ચલાવનાર તથા તેમના દેવશત્રુઓ સા-થે લડત ચલાવવામાં અત્યંત ઉપયોગી શુક્રાચાર્ય નામે એક ગુરૂ હતા. એ ગુરૂને એકની એક દેવયાનિ નામે એક કન્યા હતી. રાજકુંવરી અને ગુરૂકન્યાને બાળપણથી બહેનપણાં હતાં પણ પછી એક પ્રસંગથી તે તૂટયાં. છોકરી નારાજ થવા-થી ગુરૂ તે રાજ્ય છોડી ચાલ્યા જવાને તૈયાર થયા. પોતાને

પોતાની પ્રજાને અને રાજ્યને ગુરૂની ઘણી જરૂર હતી. ગમે તે ભોગે પણ ગુરૂને મનાવી રાખવા એવો રાજાનો ને પ્રજાનો દૃઢ આગ્રહ હતો. ગુરૂની પુત્રી મનાય તો ગુરૂ રહે એમ હતું. ગુરૂકન્યા પૈસાથી વૈભવથી કે પ્રણિપતથી મનાય એવી ન હતી. રાજાએ તેને પૂછયું કે, ' બહેન ! તું કેમ મનાય ? ' તેના ઉત્તરમાં તેણે જણાવ્યું કે, 'તમારી કુંવરી મારી દાસી થઇને જન્મભર સેવામાં રહે તો મનાઉં. '

જમનાં–બ્રહ્માણુની છોકરીએ બા ખરી ! રાજકુંવરીને લુંડી બનાવવા તૈયાર થઇ.

ચંદા–રાજા તેની સરત સાંભળીને ચુપ થઇ ગયો. એનાથી પોતાની કુંવરીને ગુરૂકન્યાની આખો જન્મારો દાસી થઇ રહેવાનું કહેવાયું નહિ.

જમનાં–નહિરતો. ભલેને રાજ્યમાંથી એ ભિખારીઓ ચાલ્યાં જાય !

ચંદા–તે ચાલ્યાં જાય તો રાજ્યની તમામ પ્રજાને મોટો ગેરલાભ થાય એમ હતું. રાજાથી કે લોકોથી કુંવરીને દાસી થઈ રહેવાનું કહેવાયું નહિ. આખરે તે વાત શર્મિષ્ટાના જાણવામાં આવી. લોકસેવા બજાવવાને તે તરત તૈયાર થઈ. પિતા આગળ જઈ તે બોલી કે–પિતાજી ! ગુરૂજી આપણા રાજ્યમાંથી ચાલ્યા જાય તો પ્રજા દુઃખી થાય અને દુશ્મનો ફાવી જાય, માટે હું એવું થવા દઈશ નહિ. આપણા લોકના કલ્યાણને માટે આ જન્મ તો શું પણ સાત જન્મ લગી એમની પુત્રીની દાસી થઇને રહેવાનું હોય, તો તે પણ મને કબુલ મંજુર છે. આપ મને રજા આપો. હું મારી દાસીઓ સાથે તેની દાસી થઈ રહેવાને તત્પર છું. એની લુંડી તરીકે હું એની

સાથે જઈશ અને જન્મભર એનું ભુંડાપણું કરીશ, પણ આપણી પ્રજાને ગેરલાભ થાય એવું થવા દઈશ નહિ. પ્રજાના કલ્યાણમાં આ દેહનો ઉપયોગ નહિ થાય, તો પછી આ ક્ષણભંગુર દેહનું બીજું શું કામ છે?

માણેક—શાબાશ, શર્મિષ્ઠ. શાબાશ! આનું નામ તે લોક સેવા!

સુમન—અરે માણેકબાબી! શર્મિષ્ઠાએ શું અચર્યું! દધિચિ ઋષિએ લોકકલ્યાણાર્થે પોતાનાં હાડકાં આપી જીવનનો ઉત્સર્ગ કર્યો હતો!

જમનાં—ઓતુતારી! સુમનબાએ વળી ખુબ કર્યું. એ શું બાબીજી!!

ચંદ્રા—રાક્ષસોના રાજાની કુંવરી શર્મિષ્ઠાએ પોતાના બાપની પ્રજાને માટે જેમ જન્મભરનું દાસત્વ સ્વીકારી લીધું તેમ દધિચિએ હાડ આપ્યાં તે. દેવલોકના કલ્યાણને માટે ઇન્દ્રને એવું સૂચન થયું હતું કે, જો દધિચિ ઋષિના હાડનું હથિયાર બનાવવામાં આવે તો લોકનો બચાવ થાય. ઇન્દ્રે ઋષિ આગળ જઈ તેમનાં હાડકાંની માગણી કરી અને મોટી ખુશીથી તેમણે તાળવેથી પ્રાણ કાઢી નાંખી પોતાનાં હાડ લોકકલ્યાણને માટે દેવરાજ ઇદ્રને આપી દીધાં.

જમનાં—ઓહો! ઈતિહાસમાં આવાં આવાં ઉમદા ચરિત્રો વાંચવાનાં હોય છે? વાહ! ત્યારે તો હવે હું બહુ ધ્યાનથી અને રસથી ઇતિહાસ વાંચતી રહીશ.

માણેક—આ તો પુરાણનો ઇતિહાસ. તે પછીનો ઇતિહાસ આપણા ભણવામાં આવે છે તેમાં આવાં ચરિત્ર ક્યાં છે?

સુમન–કેમ નહિ? પન્નાનો દાખલો કેવો મજેનો છે!

ચંદા–કુટુંબસેવા, ગામસેવા, રાજસેવા અને પ્રાણીસેવા, વગેરે ઘણી જાતની સેવાઓ છે અને તે બજાવવાને માટે આ મનુષ્યાવતાર આવેલો છે. આગળનાં સચ્ચરિત્રવાળાં સ્ત્રી પુરુષોએ ઉપર જણાવ્યું એવી સેવાઓ કેવા કેવા આત્મભોગે બજાવેલી છે, તે ઇતિહાસ આપણને બતાવે છે. ઇતિહાસમાંથી આપણને ઉત્તેજન લેવા યોગ્ય તેમજ દાખલો લઈ સુધરવા યોગ્ય અનેક ચરિત્રો મળી આવે છે. વળી જુની વાર્તાઓ માણસ માત્રને વાંચવી અને સાંભળવી ગમે તેવી હોય છે. ઇતિહાસની વાતો શૂરવીરોને શૂર ચઢાવે છે, સેવા કરનારને હરેક જાતની સેવા કરવાનું ઉત્તેજન આપે છે અને નવરાશને વખતે ગમત સાથે જ્ઞાન આપે છે. ઇતિહાસ એક આરસી છે, તેમાં અનેક પ્રજાઓનાં ચિત્ર આપણને જોવાનાં મળે છે. જમનાંબહેન! તમને જ્યારે બીજું કંઇ વાંચવાનું ન હોય ત્યારે ઇતિહાસ અને ઇતિહાસની વાતો વાંચવાની હું ખાસ ભલામણ કરૂં છું. ઇતિહાસનાં ચરિત્રો તમારી આંખ સામે તરતાં હશે, તો તમને તેમાંથી નીતિ ને વ્યવહારનું પુષ્કળ શિક્ષણ એની મેળેજ મળતું રહેશે.

પ્રકરણ ૨૩ મું.

આપણો ધર્મ.

માણેક અને જમનાં ગોદાવરીબાઇને લઈ ચંદાગૌરીને ઘેર આવ્યાં. ગોદાવરીને જોઈ ઉભી થઈને ચંદાગૌરી બોલી કે, ' કાકીજી ! આવો, પધારો બેસો. '

જમનાં–આજે અગિયારસ છે અને ગોદાવારીકાકી કંઇ અમસ્તાં અહિં આવ્યાં નથી. માણેકબહેનને અને એમને ' ધર્મ એટલે શું ? ' તેની તકરાર પડી છે. ગોદાવરીકાકી કહે છે કે, ઠાકોરજીની પૂજા કરવી, તેમનાં દર્શન કરવાં, નહાવું ધોવું અને આપણને મળે તેટલું પુણ્યદાન કરવું, તે ધર્મ. માણેકબહેન કહે છે કે–ના, પરમેશ્વરને ભજવો તો ખરો, પણ એટલામાંજ કંઈ બધો ધર્મ સમાઇ જતો નથી. સારી ચાલ ચલગત રાખવી, એ પણ ધર્મ.

ચંદાગૌરી હસીને બોલી કે, બેઉ જણ ખરાં છે, એમાં તકરાર જેવું કંઈ નથી.

ગોદાવરી–ના ચંદાવહુ ! એમ દૂધમાં ને દહિંમાં પગ ન રાખતી. ધર્મ એટલે શું ? તે અમને સમજાવ.

ચંદા–કાકીજી ! હું તમારૂં મન રાખીને વાત કરૂં છું એમ ના જાણતાં, ખરૂંજ કહું છું. આપણું અને સૌ જીવનું સારૂં થાય એમ કરવું, પરમેશ્વરને ઓળખવો, તેને યાદ કરવો અને તેનાથી ડરીને ચાલવું, તે ધર્મ. આ જગતમાં બીજા

કોઇ પ્રાણીને નહિ અને આપણ માણસનેજ માત્ર પરમેશ્વરે બુદ્ધિ આપી છે તે ધર્મ જાણવાને માટે આપી છે. આપણા માણસપણાને ઘટે અને શોભે એવી રીતે ચાલવું, તે માણસાઇ કહેવાય. માણસાઈમાંથી આપણને પડી જતાં જે ધરી રાખે, તે ધર્મ કહેવાય. મનુ ભગવાને ધર્મની આવી વ્યાખ્યા કરેલી છે. માણેકબહેન અને આપનું કહેવું આ પ્રમાણે ખરૂં છે.

ગોદાવરી–માણસાઇમાંથી કેવી રીતે પડી જવાય ?

ચંદા–જુઠું બોલીએ, ચોરી કરીએ, કોઇને ગાળ દઇએ નિર્દય થઇએ, કોઈને નુકસાન કરીએ કે મારીએ, હલકાં ગરીબ કે નાનાં પ્રાણીઓ તરફ અભાવ રાખીએ, અને આપણને જેમ ગમે તેમ ચાલીએ, તો માણસાઈમાંથી પડી જવાય. ઉપર જણાવ્યું તેમ વર્તીએ એને તમે માણસાઇ કહો ખરાં કે ?

ગોદાવરી–નહિસ્તો ! એને માણસાઇ કેમ કહેવાય ? પણ પરમેશ્વરની વાત માણસાઇમાં કયાં આવી ?

ચંદા–કેમ નહિ ? પરમેશ્વરની પિછાન અને ડર હોય તોજ માણસાઈ રહે છે. પરમેશ્વરને માનવો એજ માણસાઈ.

જમના–પરમેશ્વરને ન માને તેને શું ?

ચંદા–પરમેશ્વરને ન માને તે પશુ ! બુદ્ધિવાળું માણસ તો એક રૂપે નહિ તો બીજે રૂપે, અને બીજે નહિ તો ત્રીજે. ગમે તે એકાદ રૂપે પરમેશ્વરને માનેજ. આપણી આગળ પડેલા જગતની અલૌકિકતામાં પરમેશ્વર બધે રહેલો છે. એ કંઇ શરીરવાળો નથી કે ગાયની માફક કાન પકડીને બતાવાય. જગત એજ એનું શરીર અને સ્વરૂપ છે.

માણેક–બધા ધર્મમાં આમ હશે કે આપણા હિંદુ ધર્મ-માં એકલામાં ?

ચંદા–બધા ધર્મમાં પરમેશ્વર મનાયેલો છે. એના વગર જગતમાં કોઇ જગા ખાલી નથી.

ગોદાવરી–પરમેશ્વર વગર તો કશું હોયજ નહિ. એ તો મારો નાથ અભર ભરેલો છે. જેને નૃસિંહાવતારમાં ધખધખતા લોઢાના થાંભલામાંથી તે પ્રકટ થયો હતો કે નહિ ?

જમનાં—આપણો આ ધર્મ ક્યારે ને કોણે નિર્માણ કર્યો હશે ?

ચંદા–ગયા પ્રકરણમાં મેં તમને આર્યપ્રજાની વાત કહી હતી. આર્યપ્રજાએ સિંધુ વગેરે પાંચ નદીઓના પ્રદેશમાં પરાપૂર્વથી સંભળાતા આવેલા ધર્મને ગોઠવ્યો હતો. પરાપૂર્વથી સંભળાતા રહેલા ધર્મનાં સત્યો તે શ્રુતિ અથવા વેદ કહેવાય છે. એ સત્યો કોણે અને ક્યારે બનાવ્યાં તે જણાયલું નથી પણ તે ગોઠવનારાઓ એમ માનતા હતા કે, તે કોઈનાં બનાવેલાં નહિ પણ પરમાત્માની પોતાની પ્રેરણાથી પવિત્ર મનના ઋષિમુનિઓના મુખમાંથી નિકળેલાં છે. વેદ એ કારણે અપૌરુષેય અર્થાત્ ઈશ્વર પ્રણીત મનાય છે.

માણેક–વેદના કેટલાક વિભાગો છેને ?

ચંદા–હા, એક મુખ્ય વેદ ઋગ્વેદ કહેવાય છે. તેની ઉપરથી બીજા ત્રણ વેદ થયેલા છે. અસલ ત્રણ વેદ ઋગ્, યજુ ને સામ. પછી કેટલેક અંતરે ગોઠવાયેલો ચોથો વેદ–અથર્વ-વેદ. વેદના પહેલા એટલે સંહિતા વિભાગમાં જગતમાં દશ્ય-

માન થતાં પરમાત્માનાં અલૌકિક સ્વરૂપોની સ્તુતિઓ છે, બીજા બ્રાહ્મણ વિભાગમાં પરમાત્માને પ્રસન્ન કરવાના યજ્ઞયાગ અને કર્મના વિચાર છે અને તેને કેમ પમાય, તે સંબંધી બહુ ઝીણવટ ભરેલા વિચારો છે.

સુમન—ગોદાવરીકાકી ! વેદ એટલે જ્ઞાનનો ભંડાર અને દુનિયાંમાં એના જેટલું જુનું ધર્મ પુસ્તક બીજું કોઇ કહિં છેજ નહિ. યુરોપના વિદ્વાનોએ એની ઉપર બહુ વિચાર કરેલા છે, એવું એકવાર મારા ભાઇ કહેતા હતા.

ગોદાવરી હસીને બોલ્યાં કે, ' તારો ભાઇજ તારી ભાભીનો ગુરુ હોય એમ લાગે છે.'

માણેક—અલબત. એસ્તો. પતિ એજ સ્ત્રીઓનો ગુરુ.

જમનાં—વેદજ આપણા ધર્મનું પહેલું પુસ્તકને ?

ચંદા—વેદ પ્રથમ અને પછી સ્મૃતિઓ. બહુ પ્રાચીન કાળે થઇ ગયેલા આર્ય ઋષિમુનિઓએ પરમાત્માને પ્રસન્ન કરવા જેમ કર્મ ને યજ્ઞાદિક યોજ્યાં તેમ પરમાત્માને પ્રસન્ન કરવા માટે માણસોએ કેમ વર્તવું તેના નિયમો પણ કર્યા. વેદની રચના થઇ ગયા પછી એ નિયમોને સંભારી સંભારીને એકઠા કરવામાં અને નિબંધ રૂપે ગોઠવવામાં આવ્યા, તે પરથી એ સ્મૃતિ ગ્રંથો કહેવાય છે. સ્મૃતિઓની પહેલી રચના બહુ ટુંકાં ટુંકાં વાકયોની થઇ હતી. મનુ, યાજ્ઞવલ્કય અને બીજા વિદ્વાન ઋષિઓએ તેને શ્લોકબદ્ધ કરી. એવી સ્મૃતિઓ અઢાર છે.

માણેક—એજ આપણા સંસાર વહેવારના કાયદાને ?

ચંદા—હા, કાયદા. અત્યારે પણ આપણે હિંદુઓ એ કાયદાઓથી શાસિત થઇએ છીએ. એમાં માણસે કેવી માણસાઈથી જીવન ગાળવું તે બતાવેલું છે. જેમ લોકો વધતા અને મોટા વિસ્તાર ઉપર પથરાતા ગયા, તેમ તેમાં કેટલાક ફેરફાર થયા. એ નીતિ રીતિને અનુસરતાં ચરિત્રો વગેરેનાં ઉદાહરણોવાળી કથાઓ પણ તે પછી બની. શ્રુતિ અને સ્મૃતિની બાબતોને વધારે ચોખ્ખી અને દાખલા દલીલોવાળી બનાવવા તથા સુબોધક કરવા વિદ્વાનોએ પછી મહાભારત, રામાયણ અને પુરાણો વગેરેની રચના કરી.

ગોદાવરી—તે બધાંએ પુસ્તકોમાં પરમેશ્વરની વાત તો પહેલી રહીને ? કહિં પરમેશ્વરને ના માનવા એવું છે ?

ચંદા—જગત અને ઇશ્વર સંબંધી જુદા જુદા ને ઝીણવટ ભર્યા વિચારો થયા તેમાં પછી કેટલાકે ઈશ્વરને માન્યો નહિ. કપિલ કરીને એક મુનિ થયા તેમણે સાંખ્યદર્શન નામે બહુજ બારીક વિચારવાળું પુસ્તક બનાવ્યું અને ઇશ્વરને ઉડાવી દીધો.

ગોદાવરી—તે કેમ ?

ચંદા—એમણે સંસારના કારણ રૂપે પુરૂષ ને પ્રકૃતિ એ બે વાનાં માન્યાં. પુરૂષ પ્રકૃતિથી જુદો હોવા છતાં પ્રકૃતિ સાથે જોડાય છે અને તેમ થતાં જગતબગત કંઇ રહેતું નથી, એજ મોક્ષ. પરમેશ્વર જેવું કંઇ જગતમાં છેજ નહિ.

ગોદાવરી—એમનું ચાલ્યું કે ?

ચંદા—ના. થોડાજ વખતમાં પતંજલિ નામે મુનિ થયા

તેમણે યોગદર્શન લખી, એના એજ સિદ્ધાંતો ઉપર ઇશ્વર મનાવરાવ્યો. તે પછી કણાદ નામે ઋષિ થયા તેમણે દ્રવ્ય, ગુણ અને કર્મ તથા તેના પ્રકારોમાંથી ઇશ્વર જગત બનાવે છે, એમ બતાવનારૂં વૈશેષિક નામે દર્શન બનાવ્યું. ગૌતમ-મુનિએ ન્યાયદર્શન બનાવી કેવાં પ્રમાણથી તે સિદ્ધ થાય છે તે બતાવ્યું. તે પછી જૈમિનિએ વેદ મન્ત્રોના અમુક પ્રયોગોથી કર્મ કરવાં, એમ કહી કર્મવડે ફળ ઉત્પન્ન થાય છે અને ઇશ્વરને તેની સાથે કંઇ લાગતું વળગતું નથી, એવું બતાવ્યું. એ મીમાંસાદર્શન કહેવાય છે. મીમાંસા પછી બાદરાયણ વ્યાસે ઉત્તરમીમાંસા અથવા વેદાંત દર્શન બનાવી જૈમિનિએ ઇશ્વરને ઉડાવી દીધો હતો તે પાછો કબુલ કરાવરાવ્યો. આ પ્રમાણે બનેલાં છ દર્શનોમાં ઇશ્વર, જીવ અને જગત સંબંધી બહુજ બારીક વિચારો કરેલા છે. છેલ્લા વેદાંત દર્શને તો હદજ વાળી નાંખી છે. આપણે અહિંજ નહિ પરંતુ યુરોપ અને અમેરિકામાં પણ અત્યારે વેદાન્તના વિચારો લોકોને પસંદ પડવા માંડ્યા છે. આ બધા તાત્ત્વિક વિચારો વેદના ત્રીજા વિભાગ ઉપનિષદ્‌માંથી લીધેલા છે.

ગોદાવરી—એકજ પરમાત્મા ઈશ્વર છે ત્યારે આપણે જે ઘણાક દેવોને ભજીએ છીએ તે શું ખોટું ?

ચંદા—ના કાકીજી ! એક પરમાત્માએ ખરો અને દેવે ખરા. પરમાત્મા આ જગતમાં બધે ઠેકાણે વ્યાપી રહેલો છે. જગતમાંની જે જુદી જુદી શક્તિઓને આપણે દેવરૂપે માનીએ છીએ તે એમનીજ વિભૂતિઓ છે. આપણે વ્યવહારમાં નથી બોલતાં કે, એની ઇચ્છા વગર આ જગતમાં એક પાંદડું

એ હાલી શકતું નથી. ' રાજાને માનીએ તેમ તેનાથી અધિકાર પામેલા ને તેના તેજવડે દીપતા દેવો–અધિકારીઓને પણ માનવા જોઇએજ.

માણેક–ચંદાભાભીજી ! હરકોરકાકીના સંગથી ગોદાવરી કાકી પણ હમણાં હડહડતાં વૈષ્ણવ થઇ ગયાં છે. શ્રીકૃષ્ણ પરમાત્મા વગર એ તો બીજા કોઈ દેવને માનતાં નહિ હોય !

ગોદાવરી–ચાલ, એવું ના બોલ. હું તો બધાએ દેવને માનું છું. મને બ્રહ્મા વિષ્ણુ ને મહેશ્વરમાં લગારે ભિન્નભાવ નથી.

ચંદા–નજ હોવો જોઇએ. એ ત્રણ સ્વરૂપ એક પરમાત્માનાંજ છે. પરમાત્માની ઉત્પાદક શક્તિ તે બ્રહ્મા, ઉત્પન્ન થયેલાંનું પાલન કરનારી શક્તિ તે વિષ્ણુ અને ઉત્પન્ન થયેલું જગત જેમાં પાછું મળી જાય છે એવી સંહારક શક્તિ તે શિવ. અગ્નિ, વાયુ, જળ અને સૂર્ય વગેરે જગતમાંની જે જે વસ્તુઓ આપણને પ્રભાવવાળી દેખાય છે તે સૌ પ્રભાવ પરમાત્માનો છે. બધું જગત એનાથી વ્યાપ્ત છે માટે એનાથી કશુંએ ભિન્ન નથી, તે બધે છે આપણે જાહેરમાં કે એકાંતમાં જે કંઈ કરીએ છીએ તે બધું તે જાણે છે; માટે દરેક ઠેકાણે એનાથી ડરીને ચાલવું ને એને વિસરવો નહિ. એણે આપણને બુદ્ધિ આપી છે, તેનો આપણે જ્યારે સદુપયોગ કરીએ છીએ ત્યારે તે પ્રસન્ન થાય છે. એને પ્રસન્ન કરવાને માટે જાહેરમાં કે એકાંતમાં પણ આપણે બુદ્ધિનો સદુપયોગ કરી સારી રીતેજ ચાલવું. આપણું પોતાનું અને સર્વ જીવ માત્રનું કલ્યાણ

થાય એવે આચરણે ચાલવું એ માણસાઈ છે. માણેકબ્હેને પૂજાપાત્રી અને ભજન દર્શન ઉપરાંત સારી ચાલચલગત રાખવાનું કહ્યું તે કાકીજી ! આ પ્રમાણે યોગ્યજ કહ્યું છે.

પોતાની વાત ચંદાગૌરીએ પુરવાર કરી તેથી ફુલાઈને માણેક બોલી કે, ગોદાવરીકાકી ! હું કંઇ તમને કહેતી નથી પણ આપણા લોકને કહું છું, માટે માઠું લગાડતાં નહિ. મંદિરના અલમસ્ત માણસોને ઉપરાઉપરી ઘી સાકરનાં સીધાં ને ઉપર રૂપા મહોરની દખણાઓ આપીએ અને પડોસીનાં બાળક ભૂખે ટળવતાં હોય, કે રસ્તા ઉપર એકાદ સુવાવડી ભિખારણ અર્ધ નગ્નાવસ્થામાં બબ્બે છોકરાંને લઈ ભીખ માગતી હોય તેની તરફ આપણે નજરે કરીએ નહિ અને બહેરાં થઈ સડસડાટ ચાલ્યાં જઈએ' એવાં પુણ્યદાન અને ધર્મ તો કાકીજી ! અમારી ધ્યાનમાં નહિજ આવે, નહિજ. છેલ્લા દુકાળ વખતે મુંબાઇની આગેવાન સ્ત્રીઓએ અમારા જેવીઓની સહાય લઇ ગામે ગામ ફરી જે અન્નદાન ને વસ્ત્રદાન દીધાં હતાં તે અમે તો છપ્પન ભોગ આપ્યા કરતાંએ વધારે માનીએ છીએ.

ગોદાવરી–તેની અમે કયારે ના પાડીએ છીએ. ગરીબ અપંગને આપવું એ તો સારૂંસ્તો. ધર્મમાં આચારવિચાર રાખવાનું અમે કહીએ છીએ.

માણેક—આચારવિચારમાં તમે માણસાઈ ભૂલી ગયાં છો તો ! આચારવિચારમાં તમે નહાવું ધોવું ને આભડછેટ પાળવી એટલુંજ માનો છો. માણસાઇને યોગ્ય દયા, ક્ષમા,

સત્ય, અને પરોપકાર વગેરેને ગણુતાં નથી. ઇશ્વરારાધનમાં એ બધી વાતોને હવે જગા આપો.

જમનાં—ઇશ્વરને રાજી રાખવાને એ બધા ધર્મ પાળવા જોઇએ. માણુસે ઇશ્વર રાજી રહે તે માટે કેમ વર્તવું જોઇએ, તે પણુ શાસ્ત્રોમાં બતાવ્યું હશેને ?

ચંદ્રા—હાસ્તો. ધર્મશાસ્ત્રો તે એજ. માણુસે કેવી રીતે જીવન ગાળવું કે જેથી ચારે અર્થ સરે.

ગોદાવરી—ચાર અર્થ વળી કયા ?

ચંદ્રા—કાકીજી ! મનુષ્ય જીવનને શોભાવનારા ચાર અર્થ-તે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ છે. આ ચાર અર્થ સધાય એટલે બધુંએ સધાયું જાણુવું. પહેલો અર્થ ધર્મ, એટલે માણુસાઈ પ્રાપ્ત કરવા તથા સમજવાની કેળવણી. બીજો અર્થ અર્થ, એટલે પૈસા કમાવા તે, ત્રીજો અર્થ કામ, એટલે સુખાદિક ભોગવવાં ને સંસાર માણુવો તે, અને ચોથો અર્થ મોક્ષ, એટલે સંસારની ઘટમાળમાંથી છુટી ઇશ્વરમાં એકાકાર થઇ જવું તે.

ગોદાવરી—ઓહો ! આમાં તો અલબત બધુંએ આવી જાય.

ચંદ્રા—અલબત, ચાર પુરુષાર્થમાં બધુંએ આવી જાય છે. પરંતુ પ્રજાકીય સારી વ્યવસ્થા વગર પુરુષાર્થ સાધવાનું બનતું નથી, તેથી ધર્મ શાસ્ત્રકારોએ પ્રજાને ચાર વર્ણમાં વહેંચી નાંખી છે. એ વર્ણ વિભાગથી કોઇ ઉંચું નીચું છે એમ સમજવું નહિ.

ગોદાવરી—એમ કેમ ? બ્રાહ્મણ ને શૂદ્ર એ બેમાં તફાવત નહિ, કોઇ ઉંચું નીચું નહિ ?

ચંદા—ના, સૌએ સરખું. ભગવાનના વિરાટ સ્વરૂપ વિષે તમે કંઇ સાંભળ્યું છે કાકીજી ! ?

ગોદાવરી—ત્રણે લોક એમાં આવી જાય છે. મેં વિરાટ સ્વરૂપની છબિ જોઇ છે.

ચંદા—થયું ત્યારે. માથું એ ભગવાનનું અંગ અને પગે ભગવાનનું અંગ. એમાં કોના વગર ચાલે ને કયું ઉંચું અને કયું નીચું ? જેટલી માથાની જરૂર તેટલીજ બલકે તેથી પણ વધારે પગની જરૂર. પગ ન હોય તો માણસમાં ને પથરામાં શો ફેર ?

માણેક—કંઇજ નહિ. માણસે પથરોજ !

ગોદાવરી—ચાર વર્ણની વ્યવસ્થા કહેવા હેને.

ચંદા—ભગવાનના મુખમાંથી બ્રાહ્મણ, હાથમાંથી ક્ષત્રિય, પેટમાંથી વૈશ્ય અને પગમાંથી શૂદ્રો ઉત્પન્ન થયા, એમ શાસ્ત્રોમાં કહ્યું છે. આનો અર્થ એ કે, બ્રાહ્મણ પ્રજાને કેળવીને જ્ઞાન આપે છે, ક્ષત્રિય બાહુબળથી પ્રજાનું રક્ષણ કરે છે, વૈશ્યો ખેતી અને ઉદ્યોગ વગેરેથી ધન કમાઈને પ્રજાને પોષે છે અને શૂદ્રો ત્રણ વર્ણની સેવાનું કામ કરીને પ્રજાની પ્રવૃત્તિને ગતિમાન રાખે છે. આ પ્રમાણે ચાર વર્ણવડે પ્રજાનો બધો વ્યવહાર ચાલે છે અને તેથી બધા પુરૂષાર્થ સહેલથી સધાય છે. લોક વ્યવહાર બરોબર ન ચાલે અને બધાજ ખેતી કે બધાજ એકાદ ધંધો કરવા મંડી પડે તો પછી બી-

જાં કામ થાય નહિ અને વ્યવહારની વ્યવસ્થા ભાગી પડે, આને માટે વર્ણ વ્યવસ્થા કરેલી છે.

ગોદાવરીકાકી ! જેમ ચાર પુરૂષાર્થ અને ચાર વર્ણ છે તેમ મનુષ્ય જીવનના બ્રાહ્મણોએ વળી ચાર આશ્રમ પણ પાડેલા છે. પહેલાં વીસ પચીસ વર્ષ બ્રહ્મચર્યાશ્રમનાં ગણાય છે. આમાં વિદ્યા ભણવાનું કહેલું છે. બ્રાહ્મણ અને ક્ષત્રિય વગેરે વર્ણોના છોકરાઓએ આ પહેલા આશ્રમમાં ગુરૂને ત્યાં જઇ રહેવું અને ખંતથી વિદ્યાભ્યાસ કરી બીજા આશ્રમોને ઉપયોગી થાય એવી વિદ્યાઓ ભણવી. બીજો ગૃહસ્થાશ્રમ. પહેલા આશ્રમમાં સારી રીતે ભણી ગણીને તૈયાર થયેલા જુવાને પરણીને સંસાર માંડવો તે ગૃહસ્થ આશ્રમ. આમાં પ્રમાણિકપણે રળવું ખપવું, સ્ત્રી, છોકરાં, સગાં અને અતિથિ વગેરેનું પોષણ કરવું અને નીતિને મારગે ચાલી સંસાર માણવો.

પછી જ્યારે છોકરાંને ઘેર છોકરાં થાય ત્યારે આધેડ ઉમ્મરે પહોંચેલાં સ્ત્રી પુરૂષે સંસારનો બધો ભાર છોકરાંને માથે નાંખી વનમાં જઇ રહેવું, તે વાનપ્રસ્થાશ્રમ કહેવાય છે. આ આશ્રમમાં સ્ત્રી પુરૂષે સાથે રહી યાત્રાઓ કરવી, સારા સારા સાધુસંતનો ઉપદેશ સાંભળવો અને ધીરે ધીરે સંસારની માયા મમતાનો હેડો ઉતારવા માંડવો.

પછી ચોથો આશ્રમ તે સંન્યાસાશ્રમ કહેવાય છે, તેમાં પતિપત્નીએ સ્ત્રી પુરૂષ એવા ભેદનો અને સંસારની તમામ માયા મમતાનો ત્યાગ કરવો, માત્ર મળે તેટલું થોડું ખાઈ પી રાત્રિદિવસ બ્રહ્મનું ચિંતન કરવું અને હું જ એક બ્રહ્મસ્વ-

રૂપ છું. બ્રહ્મ સિવાય બીજું કંઈ છેજ નહિ, જગત ખોટું છે ને બ્રહ્મ સત્ય છે અને તેજ હું, બીજું કંઇ નહિ, શરીર પણ મારૂં નથી અને હું તે શરીરવાળો નથી, એવું મનમાં ઠસાવી એવાજ બ્રહ્મ મય ભાવે આ દેહ છોડી દેવો તે મોક્ષ.

ગોદાવરી—ચંદાવહુ ! તે તો સડસડાટ અમને મોક્ષ ઉપરજ લાવી મૂકયાં ! આટલામાં બધું આવી ગયું ?

ચંદા—ના કાકીજી ! આટલામાં તે બધું આવી જાય ? આ તો મેં તમને ધર્મ, અને આપણા લોક ધર્મને માટે કેવી પરનાળ બાંધી ગયા છે, તેનો આભાસ માત્ર આપ્યો. ધર્મની બાબત તો ગહન છે. અખા કવિએ કહ્યું છે તેમ કાકીજી ! એનો કંઇ પાર ને છેડો આવે છે, જેમ જેમ બારીક પ્રશ્નો કાઢતાં અને ઉકેલતાં જઇએ, તેમ તેમ જ્ઞાનની રમણીયતામાં લીન થવાતું જાય. એ તો જ્ઞાનાનંદ છે. એનો કોણ પાર પામ્યું છે ?

ગોદાવરી—તારી આ અટપટી બાબતોમાં અમારા ધર્મ સંબંધી તો કંઈ આવ્યું નહિ ?

માણેક હસીને બોલી કે, ભાભીજી ! એમને શ્રીકૃષ્ણના અવતારનું કંઇક કહો. એ વાત આવશે ત્યારે એમને રસ પડશે.

ચંદા—શ્રીકૃષ્ણનો અવતાર માણેકબહેન ! ખરેખર બહુ લોકોપકારક હતો. તમે માનતાં હો કે નહિ, પણ પ્રતાપી પુરૂષોને રૂપેજ પરમેશ્વર વખતો વખત જગતમાં ઉતરી આવે છે. જે અવતારો થયેલા છે તે એવીજ રીતે જુદે જુદે રૂપે

ઇશ્વરાંશના સ્વરૂપમાં થયેલા છે. ઇશ્વર કંઈ આપણા જેવા દેહધારી નથી કે જન્મે મરે. મારામાં ને તમારામાં કીડીમાં ને કુંજરમાં સૌમાં તે રહેલા છે. જ્યારે જગતનું કંઈ હિત કરવાનું હોય ત્યારે તે વધારે કળાએ લોકમાં ઉતરે છે, અર્થાત અમુક દેહધારીમાં ઉતરે છે. શ્રીકૃષ્ણચંદ્રમાં તે પૂર્ણ કળાએ અવતર્યા હતા તેથી બીજા બધા અવતારો કરતાં એ અવતારનો મહિમા મોટો છે.

ગોદાવરી—જો સાંભળ માણેકવહુ ! શ્રી કૃષ્ણપરમાત્માનાં દર્શન જગતના તમામ આધિવ્યાધિને દૂર કરે છે. ગોકુળની ગોપીઓ એમના પર ઘેલી થઇ હતી.

સુમન—અને મિરાંબાઈ કાકી ?

ગોદાવરી–હા બેટા ! ઓહો ! મિરાંબાઈની અને નરસંહ મહેતાની ભક્તિ તો અપૂર્વ !

માણેક–ભક્તિમાં શું ? જ્ઞાન વગર કંઇ મોક્ષ છે ?

ચંદા—ના ના, માણેકબહેન ! એમ ના બોલો. ભક્તિથી પરમાત્મામાં એકતાર થવાય છે. ગોપીઓની, મિરાંબાઇની અને બીજા જે સંતસાધુ વગેરે ભક્ત અને શ્રદ્ધાવાળા ભક્ત હતા એ ભક્તો પણ યોગીઓની માફક પોતામાં ને કૃષ્ણચંદ્રમાં ભિન્નત્વ માનતા નહિ. ભક્તિમાર્ગ સહેલો ને સૌથી બને તેવો છે. કર્મ અને જ્ઞાનમાર્ગ કરતાં એમાં કાંઈ ઓછું નથી. એનાથી પણ ઇશ્વર સાથે સ્નેહ બંધાઇ શકે છે. પેલા બ્રાહ્મણોએ જ્યારે તેમની સ્ત્રીઓને શ્રીકૃષ્ણચંદ્ર પાસે જવા દીધી નહિ ત્યારે, ઘરમાં ને ઘરમાં તેમના દેહ રહ્યા ને પ્રાણ

પ્રાણેશ્વર એવા શ્રીકૃષ્ણચંદ્રને જઇ મળ્યા.

ગોદાવરી પ્રસન્ન થઇ બોલ્યાં કે, ચંદાવહુ! તેં તો ભાગવતે બહુ સારી રીતે વાંચેલું જણાય છે. ભક્તિમાં મનેએ પરમ આનંદ આવે છે. જોને નરસંઇ મહેતાની બીડો ભગવાને ભાગી હતીને? એમને કયારે સંસારના રાગ દ્વેષ હતા. ઘેર બાપના શ્રાદ્ધવી ગોઠવણ કરી ઘી લેવા ગયા, ત્યાંથી ભજન મંડળીમાં ગયા ને બધું ભૂલી ગયા. ભગવાને તેમને ઘેર જઇ બધું કરાવરાવ્યું. છેવટ નાત જમી ઉઠી ત્યારે પોતે ઘેર આવ્યા. નાત મશ્કરી ઠઠ્ઠા કરતી, લોક તેમને તાવી જોતા અને માંડલિક રાજાએ પણ પરીક્ષા લેવાને થાય તેટલું કર્યું હતું. પરંતુ બધામાં ભગવાને તેમનું બિરદ રાખ્યું હતું. પરમહંસ સ્વરૂપને પામ્યા ત્યાં શું? ઢેડને ત્યાંએ ભજન કરવા ગયા હતા. શ્રીકૃષ્ણ ભગવાને જેને રાસલીલા બતાવી હતી તે ભક્તને શું કમીના હોય! એનો તો ઉદ્ધારજ.

ચંદા–કાકીજી! શ્રીકૃષ્ણનું ગોકુળ જીવન ભક્તિનું, દ્વારકાં જીવન સંસારનું અને કુરુક્ષેત્ર ભણીનું જીવન પરમ તત્ત્વજ્ઞાનના બોધનું હતું. દ્વારકાંમાં એમણે જે સંસાર લીલા કરી બતાવી, તે સંસારીઓને દાખલો લેવા જેવી હતી. કુરુક્ષેત્રમાં અર્જુનને વિષાદ થયો ત્યારે એમણે જે કર્તવ્ય બતાવ્યું તે ભગવદ્ગીતા દુનિયાંમાં 'એકજ ધર્મગ્રંથ છે' એમ કહેવાય છે ને ખરેખર હંમેશ કહેવાતુંજ રહેશે.

માણેક–છેવટ જાદવાસ્થળી પણ કરાવરાવીને?

ગોદાવરી–જાદવાસ્થળી શાની? એ તો રામચંદ્રજી જેમ

અયોધ્યાને સ્વર્ગે લઇ ગયા હતા તેમ જાદવકુળને શ્રીકૃષ્ણચંદ્ર પણ સ્વધામ લઈ ગયા.

સુમન–જાદવાસ્થળીમાંથીએ 'વ્યસન કરવું નહિ' એવો બોધ લેવાનો છે. વ્યસની જાદવો દારૂ પીને અંદર અંદર કપાઇ મૂઆ માટે વ્યસન કરવું નહિ.

માણેક—વારૂ ! શું સમજ્યાં કાકીજી ?

ગોદાવરી–વાહ ! એમ કેમ કહેવાય ? ઘણુંએ સમજ્યાં. ચંદાવહુએ ટુંકાણમાં આજ બહુ સારો ધર્મ સમજાવ્યો. તમે જુવંતીઓ હસતી ને ઠઠ્ઠા મશ્કરી કરતી જાઓ, એટલે તમારૂં ધ્યાન રહે નહિ, પણ અમે તો એક ધ્યાનથી ને શ્રદ્ધાથી બધું સાંભળીએ ને સમજીએ. ચંદાવહુએ સમજાવ્યું તે જો સાંભળ તને કહું.

માણેક–તમે કહેશો તે તો હું રજેરજ સાંભળીશ અને મનમાં ઠસાવીશ.

ગોદાવરી–જો સાંભળ ત્યારે. આ જગતમાં જીવવાળું ને જીવ વગરનું જે કાંઇ આપણે જોઇએ છીએ અને અનુભવીએ છીએ, તે બધું રજેરજ તમામ ઇશ્વર ઇશ્વિરમય–બ્રહ્મમય છે. એક અણુ જેટલી જગાએ એના વગર ખાલી નથી. સૌમાં પરમાત્મા વ્યાપી રહેલો છે. અગ્નિ, સુરજ, વરૂણ, માતા વગેરે દેવો એના તેજ અને પ્રભાવથી પ્રભાવવાળાં છે, એટલુંજ નહિ, પરંતુ જેમાં તે વધારે કળાએ અવતરે ઉતરે છે તે એના અવતારો કહેવાય છે.

આપણને એણે બુદ્ધિ આપી છે તેથી આપણે એને ઓ-

રાખવો, એને રાજી રાખવાને મનુષ્યને શોભે એવી રીતભાતે એટલે નીતિએ ચાલવું, એને ભજવો અને એનામાં એક થઇ જઈ આ સંસારથી છુટીએ તેમ કરવું, એ આપણો ધર્મ છે. કહે ચંદ્રાવહુ ! આજ તારૂં કહેવું કે બીજું ?

ચંદ્રા–હા, એજ કાકીજી ! બધા ધર્મોનું આજ રહસ્ય છે. આપણે માણસ છીએ. બુદ્ધિવાળાં છીએ અને વિચારથી આસપાસના સંજોગો સંબંધી અનુમાન વગેરે કરી શકીએ છીએ, માટે આપણું એ કર્તવ્ય અને પરમ ધર્મ છે કે, ઈશ્વર ને પરમાત્માને અને તેના સર્વત્ર વ્યાપી રહેલા સ્વરૂપને માન આપી, ' આપણે કશુંએ કરવાને શકિતમાન નથી, એનીજ શકિતથી આપણે શકિતવાળાં છીએ અને એની આપેલી બુદ્ધિ અને શકિતથી આપણે આપણું અને પ્રાણી માત્રનું કલ્યાણ કરતાં રહી એનાથી ડરી એને રાજી રાખીને જગતમાં ચાલવાનું છે ' એટલી સમજ રાખીએ એટલે બસ છે. એમાં બધો સાર આવી જાય છે.

માણેક–એમ સમજવું સહેલું પણ કરવું કઠણ છે.

ચંદ્રા–અલબત, કરવું કઠણ છે, પણ મનમાં વારંવાર એવી સમજ રાખ્યા કરીએ તો તે ધીરે ધીરે અમલમાં પણ મૂકી શકાય. સંસારની માયા એવી છે કે, જે વારંવાર માણસને આમ તેમ ભમાવી દે, પરંતુ જેઓ નિયમિત સારાં કામ કર્યા કરે છે અને ધર્મમાં મન પરોવી તેની ઉપર વિચાર ચલાવ્યા કરે છે, તેનું મન આખરે શુદ્ધ નિષ્પાપ થઈ કાચ જેવું નિર્મળ થાય છે અને જ્યારે મન કર્મથી ચોખ્ખું થાય છે ત્યારે પરમાત્માના સ્વરૂપનું તેમાં પ્રતિબિંબ પડે છે. ઋષિ

મુનિઓએ અને મોટા સાધુસંતોએ જે કર્મ, ભક્તિ અને જ્ઞાનના માર્ગ નક્કી કરી આપેલા છે તે માર્ગોએ નિયમિત ચાલ્યા કરીએ અને આશ્રમ પ્રમાણે આયુષ્ય ગાળીએ તો, ચોથા આશ્રમમાં જતાં ખરેખરાં મુમુક્ષુ બનાય. આ કંઇ મુશ્કેલ નથી. શ્રદ્ધા, નિયમ, વિશ્વાસ અને હુંપણાના અભિમાનથી રહિત થઇ ચાલીએ તો સંસારની બેડી તોડી શકાય.

ગોદાવરી—અલબત, તોડી શકાય.

માણેક—એ બેડી જ્યારે વખત આવશે ત્યારે તૂટશે. હાલ તો ચાલો કાકીજી! તમારે દર્શનનો અને અમારે અગ્નિહોમ—ચુલો સળગાવવાનો વખત થયો!

ગોદાવરી—હે! ચાલો ત્યારે. ચંદાવહુ! તેં આજ બહુ સારી અને જ્ઞાનની મનન કરવા જેવી વાત અમને સમજાવી.

પછી સૌ ઉઠયાં. તેમને બારણા સુધી વળાવી વિવેકથી 'પધારજો કાકીજી!' એમ કહી ચંદાગૌરી ઘરમાં આવીને કામે વળગી.

પ્રકરણ ૨૫ મું.

રાજ સંબંધી કંઈક.

રોજના કરતાં સહેજ વહેલી અને કંઇક તેજદાર ચહેરે આવેલી જમનાંને જોઇ સુમન બોલી કે, 'જમનાં ભાભી! આજ કેમ વહેલાં પરવાર્યા. આજ તમારો ચહેરો પણ તેજ લાગે છે? કંઇ ગરમાગરમી થઇ લાગે છે?

જમનાં—તમારા ભાઈ જમવા બેઠા એટલામાં તેમનો એક મિત્ર આવ્યો અને 'સ્વરાજ' સંબંધી વાત ઉપાડી તેમાં તેઓ એટલા બધા વાદે ચઢી ગયા કે, હું ઘરકામથી પરવારી. અને એમને કામ પર જવાને મોડું થયું તોપણ માથાઝીકનો પાર આવ્યો નહિ. એ 'સ્વરાજ્ય' સંબંધી શું છે? ચંદા ભાભીજી! જ્યાં ને ત્યાં લોક એની એ વાત ને વિવાદ કરે છે?

સુમન—સ્વરાજમાં તમે કશું નથી સમજતાં ભાભી?

જમનાં—ના, બા. અંગ્રેજ સરકાર રાજ્ય ચલાવે છે. સુખમાં રહીએ છીએ અને આનંદ કરીએ છીએ. એથી વધારે શું સમજવાનું છે?

જરા હસીને ચંદાગૌરી બોલી કે, 'ખરેખર, હજી આપણા લોકને રાજ્ય શું તે સમજવાને અવકાશ છે?

જમનાં પોતાના અજ્ઞાન માટે શરમાઇ બોલી કે, ભાભીજી! હમણાં તો બૈરાંએ એમાં ભાગ લેવા લાગ્યાં છે માટે જરા સમજાવો તો ખરાં કે રાજ્ય એટલે શું?

ચંદા—આ બહુ ગહન અને અટપટો વિષય છે. આપણા લોક હજી એમાં કેળવાયા નથી. એટલે શું સમજાવીએ. આપણા ઉપર કોણ રાજ્ય કરે છે તે જાણો છોને ?

જમનાં—હા, મહારાજા જ્યોર્જ. એ વિલાયતમાં રહે છે અને એમણે મોકલેલો સુબો અહિં અમલ ચલાવે છે.

સુમન—પણ મહારાજા જ્યોર્જ કંઈ જુના જુલમી આપખુદ રાજાઓની માફક રાજ્ય ચલાવતા નથી. ત્યાં તો લોકોના પ્રતિનિધિઓની પાર્લામેંટ નામે એક મોટી સભા છે. તેના સભાસદોની બહુમતિએ જે ઠરાવ થાય તે બહાલ રાખી મહારાજા રાજ અમલ ચલાવે છે. એમાં લોકની સંમતિ રહે છે અને આપણા દેશમાં કોઈ રાજા લોકને પૂછતો નહિ આપમતે રાજ્ય ચલાવતો. આપણે અહિં જે અમલ ચાલે છે તેમાં પણ આપણા પ્રતિનિધિઓનો મત લેવાય છે અને સુધરાઈ ખાતાંમાં તો આપણા લોકજ બધો વહીવટ કરે છે.

જમનાં—પણ રાજની ઉત્પત્તિ વગેરે વિગત ચંદાભાભીને કહેવા દોને ? આપણા અહિંની વાતે તેમાં આવશે.

ચંદા—માણસ કુટુંબવાળો થાય એટલે તેને કુટુંબીઓના યોગક્ષેમ માટે કંઇ વ્યવસ્થા રાખવી પડે કે નહિ ?

જમનાં—રાખવી પડે. કુટુંબનો વડીલ હોય તે વ્યવસ્થા કરે.

ચંદા—ત્યારે ત્યાંથી રાજ્યરૂપી સંસ્થા ઉત્પન્ન થઇ, એમ કહેવાય. એને પૈતૃકી રાજ્ય સંસ્થા કહે છે અને તેજ પહેલવહેલી ઉત્પન્ન થઇ હતી. પછી એકથી વધારે કુટુંબોનો સમૂહ

એકઠો થયો અને ગામ કરીને રહ્યો, એટલે જુદાં જુદાં કુટું-બોના વડાઓએ એકઠા થઈ એકાદ બાહોશ માણસને આખા ગામનું યોગક્ષેમ સોંપ્યું અને ઘણાં ગામ એકઠાં થયાં એટલે ગામગામના મુખીઓએ મળી એક મોટા માણસને પોતાનો વડો ઠરાવી વ્યવસ્થા સોંપી. આ પ્રમાણે રાજ્ય રૂપી સંસ્થા ઉભી થઈ.

જમનાં—એમાં લોક મત ખરોને ?

ચંદા—હાસ્તો. લોકો જેને પસંદ કરી સત્તા આપે તેજ રાજા. લોકને અનુસરીને ચાલે નહિ તો લોક તેને ઉઠાડી મૂકે.

જમનાં હસીને બોલી કે, એવું તો શું થાય ? રાજા તો લોઢાના ચણા ચવરાવે તોય ચાવવા પડે.

સુમન—ના, જમનાંભાભી ! આગળ વેન નામે રાજા પ્રજાના :મતથી ઉલટો ચાલતાં પ્રજાએ તેને ઉખાડી નાંખ્યો હતો. રામચંદ્રજીએ લોકોના મતને માન આપી સીતાજીનો ત્યાગ કર્યો હતો.

જમનાં—પછી પાછળથી કેવા રાજાઓ થયા ?

ચંદા—સત્તા છે તે એવી ચીજ છે. બહુસારી કેળવણી અને ઉંડી ફરજની લાગણી હોય તોજ રાજા સારો, નહિ તો નહિ. જેમ અજ્ઞાન અને રાજ્યનો વિસ્તાર વધ્યો તેમ સત્તા વધી અને લશ્કરી જોરે રાજાઓ સ્વૈરાચારી થઇ ગયા. એમાં-થી લડાયક લોક સમૂહમાં પછી સાધારણ લોક રાજ્ય સત્તા છીનવી લઇ શકયા નહિ અને રાજ્યસત્તા વંશ ઉતાર બની ગઇ. રાજાનો કુંવર હોય તેજ પછી પોતાની આસપાસના સૈ-નિકબળે ગાદીએ બેસવા લાગ્યો. આ રૂઢિ ભોશિયા અને યુરો-

પમાં બધે આજ લગી ચાલુ રહેલી છે.

જમનાં—રાજાઓ પણ સલાહકાર પ્રધાન મંડળ તો રાખતા.

ચંદા—અલબત, એ રીતે થોડો ઘણો લોકનો મત તો લેવોજ પડતો. રાજ્યનો અમલ ચલાવવામાં એમ તો મુસલમાની રાજ્ય દરમિયાન પણ લોકમત લેવાતો. રાજાઓ ગમે તેવા આપખુદ હોય તોપણ લોકમતથી તો ડરતા. આપણા દેશમાં ચાલુ ઝઘડાઓને લીધે રાજ્યવિદ્યા કેળવાઇ નહિ અને યુરોપમાં તે કેળવાતી રહી. ત્રણ પ્રકારે રાજ્યસત્તા વહેંચાઇ. એક રાજાની સ્વૈરસત્તા, બીજી ભાયાતી સત્તા અને ત્રીજી લોકસત્તા. આપણા દેશમાં લોકસત્તાત્મક રાજ્ય બહુ પૂર્વકાળે હતાં. તે પછી સ્વૈરસત્તા અને ભાયાતી સત્તાવાળાં થઇ ગયાં, તે હજી પણ તેવીજ રીતે ચાલે છે. યુરોપમાં રૂશિયા સ્વૈર સત્તાવાળું રાજ્ય હતું તે હમણાં નષ્ટ થઇ ગયું છે. ઇંગ્લંડમાં લોકસત્તાવાળું પણ રાજાનું રાજ્ય છે, અને ફ્રાંસ તથા અમેરિકા વગેરે દેશોમાં હાલ પ્રજા સત્તાત્મક રાજ્યો ચાલે છે. યુરોપની છેલ્લી લડાઇ પછી દુનિયાંની નાની મોટી સૌ પ્રજાઓમાં પોતપોતાનાં પ્રજા સત્તાત્મક રાજ્ય ઉભાં કરવાનો વા વહાયો; અને તેને પરિણામે હાલ આપણે અહિંજ નહિ પણ બધા દેશોમાં રાજકીય ઊહાપોહ જોરથી ચાલુ થઇ રહેલો છે.

જમનાં—આપણું રાજ્ય કેવી રીતે ચાલે છે ?

ચંદા—આપણું એટલે અંગ્રેજ પ્રજાનું રાજ્યબંધારણ, અત્યારે સૌથી સારૂં ગણાય છે. એમાં રાજા હોવા છતાં લોકમતનો પણ મોટો અંશ છે. સાધારણ લોક, જે પ્રમાણે રાજ્ય-

ને કર આપતા હોય તે પ્રમાણે તેમને પોતાનો પ્રતિનિધિ નિમવાનો હક છે. વળી મોટા જમીનદારો—ભાયાતોને કાયમને મતાધિકાર છે. એ બન્ને તરફથી ચુંટાયેલા પ્રતિનિધિઓની સભા પાર્લામેંટ કહેવાય છે. તેના બે ભાગ છે. એક સામાન્ય લોક સભા ને બીજી ભાયાતી—લોર્ડ—અમીર સભા. આમ સૌથી વધારે વજન લોકસભાને મળેલું છે. લોકોની ચુંટણીથી જે મતના વધારે પ્રતિનિધિઓ હોય તેમાંના આગેવાનને રાજા પ્રધાન મંડળ નિમાવાનું સોંપે છે; અને તે પ્રધાન મંડળ પછી લોકસભા પાસે અમલ ચલાવવાના કાયદા કાનુન પસાર કરાવી તે પ્રમાણે રાજાની સંમતિ લઈ રાજ્ય ચલાવે છે. અમલ ચલાવનારૂં પ્રધાન મંડળ પોતાનો પક્ષ કમી થતા જ પ્રધાનવટું છોડી દે છે. આ વખતે જે મત ઘણો હોય તેને બોલાવી રાજા નવું પ્રધાનમંડળ રચાવે છે, અથવા લોક પાસે નવેસર ચુંટણી કરાવરાવે છે. આ પ્રધાનમંડળ રાજાની સંમતિ લઇ આપણા દેશનો સુબો નિમે છે. પાર્લામેંટે હમણાંજ હિંદુસ્તાનમાં રાજ્ય અમલ ચલાવવાનો એક કાયદો બાંધી લોકમાંથી ચુંટણી કરાવી પ્રતિનિધિઓની સભા આપી છે, તેનો મત લઇ લઇને ઇંગ્લાંડની સરકારે નિમેલો સુબો અહિંનું રાજ્ય ચલાવે છે. આ બધી વ્યવસ્થા દરેક કામને માટે બાંધેલા કાયદાઓને અનુસરીને ચલાવવામાં આવે છે. નવા કાયદામાં પાર્લામેંટે આપણને ઘણી સત્તા આપી છે અને દસ વર્ષના અનુભવ પછી તેમાં પણ વધારો કરી આપવાનું ઠરાવ્યું છે, તેમ છતાં, ઉતાવળે તે હક મેળવવાને આપણા લોક હાલ તકરારો ચલાવી રહ્યા છે. કાયદાના બંધારણ સર રાજ્ય

ચાલવાં જોઈએ, એ વાત તેમ છતાં સૌ કોઈ કબુલ રાખે છે. રાજસત્તા એવી ચીજ છે કે જે કોઈને પણ મગરૂર ઉદ્ધત બનાવ્યા વગર રહેતી નથી અને તેનો મદ વારંવાર જુદી જુદી રીતે નોકરોમાં ઉછળ્યાજ કરે છે. રાજાની, ભાયાતી અને લોકની ત્રણેની સત્તામાં એક નવી સત્તા નોકરશાહી ઉત્પન્ન થઇ છે. નોકરશાહીએ રૂશિયાની ખરાબી કરવામાં બાકી રાખી નથી. આ સત્તામદ સામે લોકોની દરેક ઠેકાણે ફરિયાદ હોય જ અને અલબત, ધીરેધીરે પણ આખરે દરેક ઠેકાણે લોકની ફરિયાદ સંભળાઇ તેમાં સુધારો થાય છે. આપણે અહિં પણ ધીરજનું કામ છે અને અલબત, રાજ્યમાં સુધારા ને ફેરફાર એકદમ ઘડાઈ આવતા નથી, એ દરેક માણસે ધ્યાનમાં રાખવું છે. જેમ ઠંડા મગજના ડાહ્યા નેતાઓ અને પ્રધાનો હોય તેમ વધારે સારૂં પરિણામ આવે છે.

સમાપ્ત.